# શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં

# વિશ્વીય જૈનિજમ કોર્સ

## ખંડ-૨




શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં
સર્વે જીવો મોક્ષે જાઓ
વિશ્વ મંગલ
જૈનિજમ કોર્સ

લેખિકા : સા. મણિપ્રભા શ્રી

# WELCOME to the world of JAINISM

## શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં

ત્રિવર્ષીય **જૈનિજમ** કોર્ષ

દિવ્ય આશીર્વાદ દાતા : પ.પૂ.રાષ્ટ્રસંત શિરોમણી ગચ્છાધિપતિ આચાર્યદેવેશ

**શ્રીમદ્વિજય હેમેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

### લેખિકા : સા.મણિપ્રભાશ્રી

જેમાં આનંદ છે, પણ સંક્લેશ નહીં... જેમાં મસ્તી છે, પણ પરાધીનતા નથી... જેમાં પ્રસન્નતા છે, પણ પાપ નથી... જેમાં સુખ છે, પણ લાચારી નથી... જેમાં તાજગી છે પણ ગુલામી નથી...

આજની શિક્ષા પ્રણાલીએ વિદ્યાર્થીઓની શિક્ષાનો મહલ તો ઘણો મોટો, ઉંચો અને ભવ્ય બનાવ્યો, પણ એનામાં સંસ્કારની નિસરણીનો અભાવ છે. નિસરણી વગર મહલની ઉપરનો માળ નકામો છે. આ નિસરણી બનાવવાનો એકમાત્ર આધાર છે જૈનિજમ કોર્સ... આવાં કેટલાં નાના-નાના ગામડાઓ છે કે જ્યાં કોઈ સાધુ-સાધ્વીજી ભગવંતો પહોંચી શકતા નથી અથવા ચાતુર્માસ નથી થતા. ભારતભરના આવા નાના-મોટા બધાં જ ગામડાઓમાં આનો પ્રચાર કરીને ઘર-ઘરમાં ઘટ-ઘટમાં સમ્યક્ત્વનો દિપક જલાવીને મોક્ષાભિમુખ કરીને, અનંત-આનંદનો સાચો માર્ગ-દર્શન કરાવીએ...

## સફળતાની ચાવી જૈનિજમ પાસે છે...

જૈનિજમની દરેક પુસ્તકમાં ટોટલ પાંચ વિભાગ છે.

શું તમે તમારા જીવનને પરમાત્માએ બતાવેલ માર્ગાનુસાર શુદ્ધ ક્રિયા દ્વારા ઉન્નતિ કરવા માંગો છો...???

તો જુઓ પ્રથમ વિભાગ **ક્રિયા શુદ્ધિ**

શું તમે તમારા જીવનને સ્વર્ગ જેવું સુંદર બનાવીને મૈત્રી સરોવરમાં તરવા માંગો છો...???

તો તમારા જીવનમાં ઉતારો દ્વિતીય વિભાગ **સુખી પરિવારની ચાવી**

શું તમે ગણધર રચિત સૂત્ર-અર્થ દ્વારા આપના કર્મમળને ધોઈને પ્રભુભક્તિ થી આત્મ શુદ્ધિ કરવા માંગો છો...???

તો કંઠસ્થ કરો તૃતીય વિભાગ **સૂત્ર-અર્થ અને કાવ્ય વિભાગ**

શું તમે મહાપુરુષોના પદ્ચિન્હોં પર ચાલીને મહાપુરુષની જેમ અમર બનવા માંગો છો...???

તો વાંચો ચોથો વિભાગ **આદર્શ જીવન ચરિત્ર**

શું તમે જીવ-વિચાર, નવ તત્ત્વ, કર્મગ્રંથાદિ તત્ત્વોને વાતો-વાતોમાં શીખવા માંગો છો...???

તો શીખો... પાંચમો વિભાગ **તત્ત્વજ્ઞાન**

ભ- ૧૬૮૫/A

॥ શ્રી મોહનખેડા તીર્થ મણ્ડન આદિનાથાય નમઃ ॥

॥ શ્રી રાજેન્દ્ર-ધનચન્દ્ર-ભૂપેન્દ્ર-યતીન્દ્ર-વિદ્યાચન્દ્ર સૂરિ ગુરુભ્યો નમઃ ॥

# શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં

## ત્રિવર્ષીય **જૈનિજમ કોર્સ** ખંડ ૨

— આશીર્વાદ દાતા —

પ.પૂ. રાષ્ટ્રસંત શિરોમણિ ગચ્છાધિપતિ વર્તમાનાચાર્ય દેવેશ

**શ્રીમદ્વિજય હેમેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

સ્વ. મહત્તરિકા પૂ.સા. **શ્રી લલિતશ્રીજી મ.સા.**

સ્વ. પ્રવર્તિની પૂ.સા. **શ્રી મુક્તિશ્રીજી મ.સા.**

પૂ. વાત્સલ્ય વારિધિ સેવાભાવી સા. **શ્રી સંઘવણશ્રીજી મ.સા.**

— લેખિકા —

**સા. મણિપ્રભાશ્રીજી**

— પ્રોત્સાહક —

**કુમારપાલ વી. શાહ**

પ્રકાશક —

**શ્રી આદિનાથ રાજેન્દ્ર જૈન શ્વે. પેઢી**

શ્રી મોહનખેડા તીર્થ, રાજગઢ (ધાર) મ.પ્ર.

પુસ્તકના સર્વાધિકાર લેખક તથા પ્રકાશકને આધીન છે.

प्रकाशन वर्ष : सं. २०६७

દ્વિતીય આવૃત્તિ : ૩૦૦૦ નકલ

મૂલ્ય : ૬૦/- રૂા.

પ્રકાશક : શ્રી મોહનખેડા તીર્થ


**આધાર ગ્રન્થ**

- શ્રાદ્ધ વિધિ
- ધર્મ સંગ્રહ
- આહાર શુદ્ધિ ગ્રંથ
- ડાયનીંગ ટેબલ
- ગણધર રચિત આવશ્યક સૂત્ર
- કલ્પસૂત્ર બાલાવબોધ
- શ્રીપાલરાસ
- બૃહત્સંગ્રહણી
- લોક-પ્રકાશ
- નવતત્ત્વ
- કર્મગ્રંથ

**ચિત્ર નિમ્ન પુસ્તકોમાંથી સાભાર લેવાયેલા છે.**

- બાલપોથી
- બે પ્રતિક્રમણ સૂત્ર આલ્બમ
- કલ્પસૂત્ર
- પાપ કી મજા નરક કી સજા


**આ પુસ્તકનો સર્વાધિકાર લેખક તથા પ્રકાશકને આધીન છે.**



— મુખ્ય કાર્યાલય —

**શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં સમિતિ**

૨૦/૨૧ સાઈબાબા શોપીંગ સેન્ટર,
કે.કે. માર્ગ, નવજીવન પોસ્ટ ઑફિસની સામે, મુંબઈ સેન્ટ્રલ,
મુંબઈ-૮ (મહારાષ્ટ્ર) ફોન : ૦૨૨-૬૫૫૦૦૩૮૭



**મુદ્રક : જૈનમ ગ્રાફિક્સ**

સી-૨૦૮/૨૧૦, પહેલા માળે, બી.જી. ટાવર્સ, દિલ્લી દરવાજા બહાર, શાહીબાગ રોડ, અમદાવાદ.
ફોન : ૦૭૯-૨૫૬૩૦૧૩૩ ફેક્સ : ૦૭૯-૨૫૬૨૭૪૬૯ મો.: ૯૮૨૫૮ ૫૧૭૩૦, ૯૪૨૬૪ ૨૬૫૧૦

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥



# તવ ચરણં  શરણં મમ

જેની કૃપા, કરૂણા, આશિષ, વરદાન તથા વાત્સલ્ય ધારા આ કોર્સ પર સતત વરસી રહી છે. જેના પુણ્ય પ્રભાવથી આ કોર્સ પ્રભાવિત છે, એવા વિશ્વ મંગલના મૂલાધાર પ્રાણેશ્વર, હૃદયેશ્વર, સર્વેશ્વર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના ચરણોમાં.....

જેની ક્ષાયિક પ્રીતિ ભક્તિએ આ કોર્સને પ્રભુથી અભેદ બનાવ્યો છે, એવા સિદ્ધગિરિ મંડન ઋષભદેવ ભગવાનના ચરણોમાં....

આ કોર્સને વાંચીને નિર્મલ આરાધના કરીને આવવાવાળા ભવમાં મહાવિદેહ ક્ષેત્રમાં જેની પાસે જઈને ચારિત્ર ગ્રહણ કરીને મોક્ષને પ્રાપ્ત કરવો છે, એવા મોક્ષ દાતારી સીમંધર સ્વામીના ચરણોમાં...

જેની અનંત લબ્ધિથી આ કોર્સ મોક્ષદાયી લબ્ધિ સમ્પન્ન બન્યો છે એવા પરમ શ્રદ્ધેય સમર્પણના સાગર ગૌતમ સ્વામીના ચરણોમાં....

જે સમવસરણમાં પ્રભુ મુખ કમલમાં બિરાજિત છે, જે જિનવાણીના રૂપમાં પ્રકાશિત બને છે, જે સર્વ અક્ષર, સર્વ વર્ણ તથા સ્વર માલાની ભગવતી માતા છે, જે આ કોર્સના પ્રત્યેક અક્ષરને સમ્યગ્જ્ઞાનમાં પરિવર્તિત કરી રહી છે એવી તીર્થેશ્વરી સિદ્ધેશ્વરી માતાના ચરણ કમલોમાં...

શતાબ્દિ વર્ષમાં જેની અપાર કૃપાથી જેના સાનિધ્યમાં આ કોર્સની રચનાના સુંદર મનોરથ ઉત્પન્ન થયા તથા જેના અવિરત આશિષથી આ કોર્સનું નિર્માણ થયું. જે જન-જનની આસ્થાના કેન્દ્ર છે, જે આ કોર્સને વિશ્વ વ્યાપી બનાવી રહ્યાં છે. જે પૂ. ધનચન્દ્રસૂરિ, પૂ. ભૂપેન્દ્રસૂરિ, પૂ. યતીન્દ્રસૂરિ, પૂ. વિદ્યાચન્દ્રસૂરિ આદિ પરિવારથી શોભિત છે એવા સમર્પિત પરિવારના તાત વિશ્વ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય પૂ. દાદા ગુરુદેવ રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના ચરણ કમલોમાં....

જેની કૃપાવારિએ સતત મને આ કોર્સ માટે પ્રોત્સાહિત કર્યા એવા વર્તમાન આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય હેમેન્દ્ર સૂરીશ્વરજી મ.સા., પૂ. ગુરુણીજી વિદ્યાશ્રીજી મ.સા., પૂ. પ્રવર્તિની માનશ્રીજી મ.સા., પૂ. મહત્તરિકા લલિતશ્રીજી મ.સા., પૂ. પ્રવર્તિની મુક્તિશ્રીજી મ.સા., સેવાભાવી ગુરુમૈય્યા સંઘવણશ્રીજી મ.સા.ના ચરણ કમલોમાં...

આ કોર્સના પ્રત્યેક ખંડ, પ્રત્યેક ચેપ્ટર, પ્રત્યેક અક્ષર આપના, આપશ્રીના ચરણોમાં...

## સાદર સમર્પણમ્...


સા. મણિપ્રભાશ્રી
૫/૪/૨૦૧૦, સોમવાર
ભીનમાલ

# અનુક્રમણિકા

**જૈન ઇતિહાસ - II**


| | |
|---|---|
| મારુ સર્વસ્વ મારા પ્રભુ | ૧ |
| ભાઈ હોય તો આવો | ૧ |
| પ્રભુભક્તિની હોડ | ૪ |
| બાપથી બેટો સવાયો | ૫ |
| મંત્રીશ્વર પેથડશાહ | ૭ |
| ભકિતથી મળ્યું તીર્થંકર પદ | ૧૦ |
| સમ્રાટ સિદ્ધરાજ અને દંડનાયક સાજન | ૧૦ |
| ભીલડી ભાવથી ભજે ભગવાન! | ૧૨ |
| પ્રભુ ભક્ત જગડ | ૧૨ |
| આરસ કે વારસ | ૧૩ |
| ભીમા કુંડલિયા | ૧૪ |
| સતી સુલસા | ૧૭ |
| બાહડ મંત્રી | ૧૯ |
| સંપ્રતિ મહારાજા | ૨૧ |
| **તત્ત્વજ્ઞાન - II** | |
| ચૌદ રાજલોક | ૨૩ |
| અધોલોક | ૨૩ |
| નરકમાં કોણ જાય છે? | ૨૪ |
| પરમાધામી દેવ | ૨૫ |
| પ્રથમ નરક પૃથ્વી | ૨૮ |
| મેરૂ પર્વત | ૨૯ |
| જ્યોતિષ ચક્ર | ૩૧ |
| ઉર્ધ્વલોક | ૩૨ |
| દેવલોક સંબંધી વિશેષ વિચારણા | ૩૬ |
| કયા જીવ કયાં દેવલોક સુધી જઈ શકે છે? | ૩૬ |
| દેવ મરીને ક્યાં સુધી જઈ શકે છે? | ૩૭ |
| **જૈનાચાર** | |
| ધર્મ ક્રિયા કેવી રીતે કરવી ? | ૪૧ |
| પ્રત્યેક ક્રિયાના પ્રણિધાન | ૪૧ |
| સામાયિક | ૪૪ |
| સામાયિકના ઉપકરણ | ૪૫ |
| સામાયિકથી લાભ | ૪૮ |
| સામાયિક લેવાના હેતુ | ૪૮ |
| સામાયિક પારવાના હેતુ | ૫૦ |

| | | |
|---|---|---|
| સામાયિક મંડલ | ................................ | ૫૧ |
| સીમંધર સ્વામીની પાસે અમારે જવું છે | ................................ | ૫૫ |
| પ્રભુના વિહારનું રોમાંચક દૃશ્ય | ................................ | ૫૯ |
| સમવસરણ રચના | ................................ | ૬૧ |
| શ્રી સીમંધર સ્વામી ભક્તિ ગીત | ................................ | ૬૩ |
| **Art of Living - III** | | |
| પ્રેમની મજા જિંદગીમાં સજા | ................................ | ૬૫ |
| જહેર બન્યું અમૃત | ................................ | ૭૬ |
| **સૂત્ર તથા અર્થ વિભાગ - II** | | |
| મને વાંચીને જ આગળ વધો | ................................ | ૯૯ |
| પુક્ખરવર દી વડ્ઢે સૂત્ર (શ્રુતસ્તવ) | ................................ | ૧૦૦ |
| સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર | ................................ | ૧૦૧ |
| વેયાવચ્ચગરાણં સૂત્ર | ................................ | ૧૦૨ |
| ભગવાનહં સૂત્ર | ................................ | ૧૦૨ |
| સવ્વસ્સવિ સૂત્ર | ................................ | ૧૦૨ |
| દેવસિયં આલોઉં સૂત્ર | ................................ | ૧૦૩ |
| નાણંમિ સૂત્ર | ................................ | ૧૦૪ |
| વાંદણા (બૃહદ્ ગુરુવન્દન) સૂત્ર | ................................ | ૧૦૫ |
| સાત લાખ સૂત્ર | ................................ | ૧૦૭ |
| પહેલે પ્રાણાતિપાત (૧૮ પાપસ્થાનક) સૂત્ર | ................................ | ૧૦૮ |
| મુદ્રાઓની વિશેષ સમજ તથા ઉપયોગ | ................................ | ૧૧૦ |
| મુંહપત્તિ પડિલેહણ કરવાની મુદ્રા | ................................ | ૧૧૧ |
| **જૈન ઈતિહાસ - III** | | |
| નેમિનાથ પ્રભુનું ચરિત્ર | ................................ | ૧૧૫ |
| કામ વિજેતા સ્થૂલિભદ્ર | ................................ | ૧૧૯ |
| રૂપસેન અને સુનંદા | ................................ | ૧૩૦ |
| **તત્વજ્ઞાન - III** | | |
| તિર્ચ્છાલોક - જમ્બૂદ્વીપ | ................................ | ૧૩૯ |
| જમ્બૂદ્વીપના મુખ્ય પદાર્થ | ................................ | ૧૪૩ |
| મહાવિદેહ ક્ષેત્ર | ................................ | ૧૪૮ |
| જમ્બુદ્વીપના ૬૩૫ શાશ્વત જિન ચૈત્ય | ................................ | ૧૫૨ |
| ક્યારે શું કહેવું ? | ................................ | ૧૫૭ |
| શાસ્ત્રાનુસારે અંગુલના ત્રણ પ્રકાર | ................................ | ૧૫૮ |
| **ઓપનબુક પરીક્ષા** | | |
| પ્રશ્ન પત્ર | ................................ | ૧૫૯ |
| ઉત્તર પત્ર | ................................ | ૧૬૪ |




સંપ્રતિ મહારાજાનો પૂર્વ ભવ

# જૈન ઈતિહાસ

મને વાંચીને તમે પણ મારા માર્ગ ઉપર ચાલજો



આરસ અથવા વારસ



સંપ્રતિ મહારાજાએ માતાની પ્રેરણાથી
જિનાલય નિર્માણ કરાવ્યું

# ક્ષાયિક પ્રીતિ ભક્તિ અને વિશ્વમંગલનું અણમોલ નજરાણું - પદ્મનંદી



સવારે ઉઠતાંજ જેના મુખમાંથી સર્વે જીવો મોક્ષે જાઓ એ શબ્દ નીકળે છે તે છે પદ્મનંદી. પ્રભુભક્તિ જેમના જીવનમાં નાનપણથી જ છે. પ્રભુની પ્રીત થી જીવન પણ પ્રભુના ચરણોમાં સમર્પિત કરવા હેતુ દીક્ષા લેવાની ભાવના થઈ ગઈ હતી, પરંતુ સંજોગ એવા બન્યા કે માતા-પિતાની વૃદ્ધાવસ્થા અને સેવાના કારણે સંયમમાર્ગ પર આગળ ન વધી શક્યા. માટે આજીવન બ્રહ્મચર્યનું વ્રત લઈ પોતાનું જીવન પ્રભુ ભક્તિમાં સમર્પિત કરી દીધું. ૧૫ વર્ષની ઉંમર થી પ્રતિદિન ૬ કલાક પ્રભુની સાથે પસાર કરવા લાગ્યા. પ્રભુ પ્રીતમાં, પ્રભુના અભિષેકમાં તેમને આનંદની અનુભૂતિ થવા લાગી. પૂર્વભવના કલ્યાણકોની સાધના આ ભવમાં ઉદય આવી હોય તેમ પ્રભુની અભિષેક ધારા વિશ્વમંગલમાં રૂપાંતર થવા લાગી. પદ્મનંદીના આ અભિષેક બાહ્ય ન હોઈ ચૌદ રાજલોકના જીવો ને મોક્ષમાં લઈ જવાની એક વિશિષ્ટ પ્રક્રિયા રૂપ બની ગઈ. આનું પ્રમાણ છે એમના સ્તવન.

એમની દિનચર્યા ઉપર નજર કરીએ તો સવારનો નાસ્તો માત્ર પાંચ મિનીટમાં, પછી સવારે ૮ થી બપોરે ૨ સુધી પ્રભુના અભિષેકની સાથે ક્યારેક પ્રભુના પંચકલ્યાણકની ભાવધારા ચાલે છે, તો ક્યારેક ગુણોને નમસ્કારની ભાવધારા, ક્યારેક ક્ષપકશ્રેણી, વીતરાગતા, કેવળજ્ઞાનના આનંદ-વેદનના ભાવોમાં, તો ક્યારે સર્વે જીવો મોક્ષે જાઓની વિશ્વમંગલધારામાં તલ્લીન બની જાય છે. બપોરે ચા-નાસ્તો પાંચ મિનીટમાં પતાવીને પ્રભુના સ્તવન બનાવે છે અથવા પ્રભુની પ્રીતિ પ્યાસી આત્માઓ એમની પાસે પ્રભુ મહિમાને સાંભળવા આવે તો એમની સાથે પ્રભુના સ્વરુપ દર્શનમાં ઓત-પ્રોત બની જાય છે.

સાંજે ભોજન ૧૫-૨૦ મિનીટમાં પૂર્ણ કરી ૬ થી ૮.૩૦ સુધી પ્રભુ ભક્તિમાં લીન બની જાય છે. આ પ્રકારે દિવસમાં પ્રભુ પ્રત્યે અહોભાવ ધારા થી વિશ્વમંગલ ધારા ચાલે છે. જ્યારે સુવે છે ત્યારે પ્રભુના પ્રીતની સંવેદનામાં યોગ નિદ્રામાં લીન બની જાય છે. આવા શરીર સંબંધી અને વ્યવહાર સંબંધી સારા કાર્ય ઝડપથી પૂરા કરી તેમની ભક્તિમાં સદા અપ્રમત્ત બની જાય છે.

પ્રેમ, ઉદારતા, કારુણ્ય આવા ગુણો જેમના રોમ-રોમમાં ઠાંસી-ઠાંસીને ભરેલા છે. જ્યારે પાલિતાણા જાય ત્યારે ડોળી કર્યા પછી બીજો કોઈ ડોળી વાળો આવે તો તેને એમના ચંપલ પકડવા માટે આપીને તેને પણ સાથે લઈ જાય છે. આવેલ વ્યક્તિને ક્યારે નિરાશ નહીં કરવો, દરેક વ્યક્તિને સંતોષ આપવો એમના જીવનનો મૂળ મંત્ર છે.

- સા.મણિપ્રભાશ્રી

# મારા સર્વસ્વ મારા પ્રભુ

પરમાત્મા માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરવામાં જેણે કંઈ પણ કમી ન રાખી, એવા મહાપુરૂષોના જીવન સંબંધિત થોડાક દૃષ્ટાંત અહીં આપવામાં આવ્યા છે. આ દૃષ્ટાંતોને જો સ્થિરતા પૂર્વક વાંચશો તો મહાપુરૂષોના હૃદયનો અવાજ સંભળાઈ દેશે.

"હે મારા સર્વસ્વ મારા પ્રિય પ્રભુ ! આ વિશાળ સચરાચર સૃષ્ટિમાં કેટલી અદ્‌ભુત વસ્તુઓ, સંપત્તિ, સમૃદ્ધિ ભરેલી છે. છતાં પણ અખિલ વિશ્વમાં આ હૃદયે પ્રભુ આપની પસંદગી કરી છે. આપ મને બહુ જ પ્રિય છો. હું આપને બહું જ પ્રેમ કરું છું અને આપને પ્રેમ કરવામાં હું અવર્ણનીય આનંદ અને પરમ શાંતિનો અનુભવ કરું છું. મારા જીવનમાં મારી એક ક્ષણ પણ શાસનના કામમાં આવી જાય તો હું એને મારું પરમ સૌભાગ્ય માનીશ."

"હે પ્રભુ ! આપની સેવા, એ જ મારું અહોભાગ્ય છે, એ જ મારું અતિશય પુણ્ય છે."

આ મહાપુરૂષોની ભાવના જાણી હવે આપણે અમે પણ એના માર્ગ પર ચાલી આપણું જીવન ઉજ્જવળ બનાવીએ.

## ભાઈ હોય તો આવો...

એક પિતાના ચાર પુત્રોમાંથી બે નાના પુત્રોના નામ તો આખી દુનિયા જાણે છે. પરંતુ મોટા પુત્રના નામથી તો લગભગ બધા જ અપરિચિત છે. એમાંથી મોટા પુત્રનું નામ લુણિગ, બીજો માલદેવ, ત્રીજો વસ્તુપાલ અને ચોથો તેજપાલ હતો. થોડાં જ દિવસો બાદ પોતાના ચારે પુત્રોને છોડી પિતા શેઠ આસરાજ સ્વર્ગ સિધાવ્યા. એમની વિદાઈ થતાં જ લક્ષ્મીએ પણ ઘરથી વિદાઈ લીધી. લુણિગ બિમારીના લપેટમાં આવી ગયો અને તેનું શરીર તાવથી તપવા લાગ્યું. રોગ શય્યા પર પડેલા લુણિગની સેવામાં ત્રણે ભાઈ રાત-દિવસ હાજર રહેતા. જંગલમાંથી જડીબુટ્ટી અને ઔષધિ લાવી એનો કાઢો બનાવી ભાઈને પીવડાવતા, પરંતુ બધા ઉપાય નિષ્ફળ ગયા. દિન-પ્રતિદિન એનું શરીર ક્ષીણ થતું ગયું. એક દિવસ એની નાડી ધીમી પડવા લાગી. જીવન દીપ બૂઝાવા લાગ્યો, તે જ સમયે અચાનક એની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા.

ભાઈની આંખોમાં આંસુ જોઈ વસ્તુપાલે પૂછ્યું - મોટાભાઈ ! શું થયું ? આપની આંખોમાં આંસુ ? (લુણિગ મૌન રહ્યો) "શું મોતથી ડર લાગી રહ્યો છે ?"

**લુણિગ :-** ના.

**વસ્તુપાલ :-** તો પછી આ આંસુ શા માટે ?

**લુણિગ :-** ભાઈ ! વર્ષોથી મારા મનમાં રહેલી ભાવનાને હું સફળ ન બનાવી શક્યો અને ભવિષ્યમાં પણ નહીં બનાવી શકું.

**વસ્તુપાલ :-** ભાઈ ! કેવી ભાવના ?

લુણિગ :- "આજીવિકાના માટે જિંદગીના કેટલાંય વર્ષો સુધી હું ગામો-ગામ ભટકતો રહ્યો છું. હું જ્યાં પણ ગયો ત્યાંના જિનમંદિરમાં જઈ દર્શન - વંદન - પૂજન દ્વારા મેં અખૂટ પુણ્યનું ઉપાર્જન કર્યું છે. વર્તમાન જીવનમાં આ પાપોદયની વચ્ચે પણ પુણ્યબંધના નિમિત્ત દઈ કેટલા બધા મંદિર બંધાવા વાળા નામી-અનામી આત્માઓના ભારની નીચે હું દબાયેલો છું. આનાથી મારા મનમાં એક એવી ભાવના પેદા થઈ કે, હું પણ એક આવું જિનમંદિર બનાવું. જેનાથી અનેક આત્માઓ ઉત્કૃષ્ટ પુણ્યોપાર્જન કરી એમના ભવિષ્યને ઉજ્જવળ બનાવે. ટૂંકમાં, અનેક આત્માઓ મારા પુણ્યબંધમાં સહાયક બન્યા છે તો અનેક આત્માઓના પુણ્યબંધમાં હું કેમ સહાયક ન બનું ? પરંતુ આર્થિક સ્થિતિ ક્યારેય સુધરી જ નહીં. એટલે આ ભાવના મારા મનમાં જ રહી ગઈ. આ સમયે મારી આંખોમાં આ આંસુ ન તો મોતના ડરના છે અને ન તો કોઈ દુઃખના. મારા શુભ ભાવોને હું સફળ ન બનાવી શક્યો અને ભવિષ્યમાં પણ સફળ નહીં બનાવી શકું. આ દુઃખના જ છે આ આંસૂ" કહેતા કહેતા લુણિગ જોરથી રડી પડ્યો. એના શબ્દો આંખોમાંથી અશ્રુ બની વહેવા લાગ્યા.

લુણિગના રડવાનું કારણ જાણી તેના ભાઈઓની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. થોડા જ સમયમાં સ્વસ્થ થઈ તેમણે તેમના આંસૂ લૂછી દીધા. વસ્તુપાળ ભાઈની મનોદશા જાણી ગયા. આંખોમાં આંસુ, રૂંધાયેલો સ્વર, ધીમી પડેલી નાડી અને તૂટેલા શ્વાસ જોઈ વસ્તુપાળે નજીકમાં રહેલા પાણીના ઘડામાંથી થોડું પાણી તેની હથેળીમાં લઈ લુણિગની સમક્ષ પ્રતિજ્ઞા પૂર્વક કહ્યું કે - "ભાઈ ! આજે ભલે આપણા દિવસ સારા નથી. આર્થિક સ્થિતિ સારી નથી. પરંતુ દેવ-ગુરૂ પર વિશ્વાસ રાખી આપના સમક્ષ હાથમાં પાણી લઈ હું આપને વચન આપુ છું કે આપના નામથી આપનો ભાઈ આબુની ધરતી પર ભવ્ય જિનાલય બનાવીને જ રહેશે. મારે ભલે મજૂર બનીને માથા પર માટીના તગારા કેમ ન ઉપાડવા પડે ? જે પણ કરવું પડશે તે કરીશ, પણ આપની મનોકામના પૂરી કરીને જ રહીશ." શતપત્ર કમળની જેમ લુણિગના નેત્ર પુલકિત થઈ ગયા. લુણિગે કહ્યું - "ભાઈ ! તારી ભાવનાની હાર્દિક અનુમોદના કરું છું."

"અરિહંતે સરણં પવજ્જામિ" આ બોલતાં જ લુણિગે પ્રાણ છોડી દીધા. ભાઈ રડવા લાગ્યા. લુણિગના વગર તેમને ઘર સૂનુ-સૂનુ લાગવા માંડ્યુ. અંતિમ સંસ્કારની વિધિ પતાવી બધા ઘરે આવી ગયા. ભાઈને આપેલું વચન કેવી રીતે જલ્દીથી જલ્દી પૂરું કરવું એની યોજના બધાના મનમાં બનવા લાગી.

પ્રભુના મંદિર નિર્માણની ભાવના ક્ષણ-ક્ષણ અશુભ કર્મોની નિર્જરા અને પુણ્યનો બંધ કરાવે છે. આ મંદિર - મૂર્તિ નિર્માણની ભાવનાએ એમના ભાગ્ય જ પલટી નાખ્યા. દેખતાં દેખતાં નિર્ધન ગણાતાં વસ્તુપાલ - તેજપાલ ધોળકા નરેશના મંત્રીશ્વર પદ પર બિરાજમાન થયા. લક્ષ્મીજી પણ એમની કૃપા વરસાવવા લાગ્યા. એક દિવસ વસ્તુપાલ ધન દાટવા માટે ખાડો ખોદી રહ્યા હતા, ત્યારે એમાંથી નવું ધન પ્રાપ્ત થયું. આગળ જઈ ફરીથી બીજી વાર ખાડો ખોદ્યો તો પુનઃ એક સોનાનો ઘડો પ્રાપ્ત થયો. થોડા આગળ જઈ, ત્રીજી વાર ફરીથી ખાડો ખોદ્યો તો ફરીથી ધન પ્રાપ્ત થયું.

આ રીતે ધન દાટવા માટે વારંવાર ખાડો ખોદતા જોઈ અનુપમાએ કહ્યું - અગર આમ જ ધનને નીચે દાટશો તો આપણને નીચે દુર્ગતિમાં જવું પડશે અને જો ધનને ઉપર લગાવવામાં આવે તો આપણને પણ ઉપર સદ્ગતિમાં જગ્યા મળશે. વસ્તુપાલે કહ્યું, ભાભી ! હું આપનું તાત્પર્ય સમજ્યો નહીં. આપ શું કહેવા માંગો છો ? ધનને ઉપર ક્યાં લગાડવામાં આવે ? અનુપમાએ કહ્યું - યાદ કરો તમારા ભાઈને આપેલી પ્રતિજ્ઞાને. એટલે કે આ ધનથી આબુ પર વિશાળ મંદિર બનાવવામાં આવે.

અનુપમાની વાત સાંભળી વસ્તુપાળ - તેજપાળે આબુ પર મંદિર બનાવવાનું કાર્ય શરૂ કરાવ્યું. તે સમયે અત્યાધિક ઠંડી હોવાથી કારીગરોના હાથ એકદમ ઠંડા થઈ જતા હતા. એટલે વસ્તુપાલે સગડીઓની વ્યવસ્થા કરી. શિલ્પકાર શોભનરાજે તેના ૧૫૦૦ કારીગરોને કામ પર લગાડ્યા. પ્રત્યેક કારીગરની પાછળ એક આદમી સેવા કરવા માટે અને એક આદમી દીપક પકડી ઊભો રહે, એવી વ્યવસ્થા કરવામાં આવી. ત્રણ વર્ષ સુધી રાત-દિવસ સતત કામ ચાલ્યુ. જોતજોતામાં મંદિરનું કાર્ય પૂર્ણ થઈ ગયું. વસ્તુપાલ-તેજપાલે મંદિરનું કાર્ય જોઈ કારીગરોને કહ્યું - "મંદિરમાં જે નકશીકામ કરી છે એમાં જેટલું સંગમરમરનું ચૂર્ણ નિકળશે તેટલા વજના જેટલી ચાંદી તોલીને આપવામાં આવશે." આ ઘોષણા થતા જ જોરદાર હથોડીઓનો અવાજ ગુંજવા લાગ્યો. ટૂંક સમયમાં કાર્ય પૂર્ણ થઈ ગયું. બંને ભાઈઓએ ઘોષણાનુસાર કારીગરોને ચૂર્ણના વજન જેટલી ચાંદી ઈનામમાં આપી.

પુનઃ નિરીક્ષણ કરવા પર બંને ભાઈઓએ વિચાર્યું એમાંથી હજી પણ નિકળી શકે છે. એટલે એમણે ફરીથી કારીગરોને કહ્યું - "હવે આ નકશીકામ માંથી જેટલું ચૂર્ણ નીકળશે તેટલા વજનનું સોનું તોલીને આપવામાં આવશે." કારીગરોએ નકશીકામ મને હજી બારીક કરવાનું કાર્ય શરૂ કર્યું.

કાર્ય પૂર્ણ થયા બાદ ઘોષણાનુસાર ઈનામ આપવામાં આવ્યું તથા પુનઃ ઘોષણા કરી - "હવે આ નકશીકામ જેટલું ચૂર્ણ નીકળશે તેટલા વજનના મોતી તોલીને આપવામાં આવશે." કારીગર પુનઃ લગન અને મહેનતથી કાર્યમાં લાગી ગયા.

કાર્ય પૂર્ણ થવા પર બંને ભાઈઓએ ઘોષણાનુસાર ઈનામ આપ્યું તથા ફરી કહ્યું - "આનાથી પણ બારીક નકશીકામ કરશો તો જેટલું ચૂર્ણ નીકાળશો તેના અનુસાર આપને રત્ન તોલીને આપવામાં આવશે."

ત્યારે કારીગરોએ કહ્યું - "શેઠજી અગર આપ હવે રત્ન તો શું રત્નની માળા પણ આપી દો તો પણ અમે આ નકશીકામ માંથી કંઈ નહીં નિકાળી શકીએ." આ રીતે તે સમયમાં કુલ ૧૨ કરોડ ૫૩ લાખ સોના મોહર વ્યય કરી વસ્તુપાલ - તેજપાલે અતિ ઉલ્લાસની સાથે ભવ્ય મંદિરનું નિર્માણ કરાવ્યું. મોટા ભાઈની સ્મૃતિમાં મંદિરનું નામ રાખવામાં આવ્યું 'લુણિગ વસહી'. આજે સાત સો વર્ષ વીતી ગયા બાદ પણ તે જિનાલય મજબૂતાઈથી ઊભુ છે. જેની શિલ્પ કલાકૃતિની ભવ્યતાની મિસાલ દુનિયામાં નહીં મળે. એની આગળ તો અજંતા-ઈલોરા અને કોણાર્કની શિલ્પ કલાકૃતિઓને

પણ લજ્જિત થવું પડે છે. મંત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલે એમના જીવનમાં કુલ ૫૦૦૦ જિનાલયોના નિર્માણ કરાવ્યા અને સવા લાખ જિનબિંબ ભરાવ્યા.

એક ભાઈ તે હતો જેણે મૃત્યુની શય્યા પર પડેલા હોવા છતાં પોતાની અંતિમ ઈચ્છાના રૂપમાં જિન મંદિર બનાવવાની ભાવના પ્રગટ કરી અને એક ભાઈ તે હતો જેણે પોતાના ભાઈની ઈચ્છા પૂર્ણ કરવા માટે પોતાના દિવસરાત એક કરી દીધા. બંને ભાઈઓની શુભ ભાવના જોઈ મન કહી ઉઠે છે કે - "ભાઈ હોય તો આવો."

## પ્રભુ ભક્તિની હોડ

મહામાત્ય વસ્તુપાલ અને તેજપાલની બંધુ-જોડીએ પોતાની ધર્મપત્ની લલિતાદેવી તથા અનુપમાદેવીની સાથે સાત લાખ યાત્રિકો સહિત ગિરનારજીનો છઃરી પાલિત સંઘ કાઢ્યો. થોડા દિવસોમાં શ્રીસંઘ આબાલબ્રહ્મચારી દેવાધિદેવ શ્રી નેમિનાથ પ્રભુના ચરણારવિંદમાં પહોંચી ગયો.

પ્રવેશના દિવસે મહાદેવી અનુપમાના શરીર પર કુલ બત્રીસ લાખ સોના મહોરોના આભૂષણ શોભિત થઈ રહ્યા હતા. જિનપૂજા કરતા-કરતા અનુપમાના હૃદયમાં પ્રભુના પ્રત્યે એવી ભાવના આવી કે હું મારા સર્વ અલંકાર પ્રભુના ચરણોમાં ચઢાવી દઉં. એણે એકસાથે સર્વ અલંકાર ઉતારી જળથી શુદ્ધ કરી પ્રભુના ચરણોમાં રાખી દીધા. તે જ સમયે એક કરોડ પુષ્પોથી પરમાત્માની પૂજા કરીને બહાર નીકળેલા તેજપાલે અનુપમાની ભક્તિથી ખુશ થઈ બત્રીસ લાખ સોનામહોર ખર્ચી અનુપમાને સર્વ આભૂષણ નવા બનાવી દેવાનું વચન આપ્યું. થોડા જ સમયમાં સર્વ અલંકાર તેમણે બનાવી દીધા. એકદમ નિરાલંકાર બનેલી અનુપમાદેવી પુનઃ સાલંકાર બની શોભિત થવા લાગી.

ગિરનારની યાત્રા પૂર્ણ કરી બધા યુગાદિદેવ શ્રી આદિનાથના દર્શન કરવા શત્રુંજયની તરફ ચાલ્યા. ચાલતા - ચાલતા એક દિવસ બધા પાલિતાણા નગરમાં આવી પહોંચ્યા. સવારે ગિરિરાજ પર ચઢ્યા. ત્યાં નાહી-ધોઈ પૂજન સામગ્રી લઈ બધા રંગમંડપમાં આવી પહોંચ્યા. જેમ જેમ પૂજાનો સમય નજીક આવતો ગયો, મહાદેવી અનુપમા તેમના હૃદય પર કાબૂ ન રાખી શકી. "હે પ્રભુ ! હે નાથ ! એ તો બતાવ, તારાથી અધિક દુનિયામાં બીજું કોણ છે ? મારા વ્હાલા પ્રભુ ! તું જ મારા માટે સર્વસ્વ છે. મારું જે કંઈ છે એ તારું જ છે." અનુપમા બોલતી ગઈ અને ગળાનો હાર, કાનની બુટ્ટી, બંગડી, કંગન, કડા, કુંડલ, વીંટીઓ અને સોનાનું કટિસૂત્ર વગેરે અલંકાર ઉતારી ક્ષણભરમાં તો બત્રીસ લાખ સોના મહોરોના નવા ઘરેણા પણ પ્રભુ ચરણોમાં સમર્પિત કરી દીધા.

દેવરાણીનાં ભક્તિભાવ જોઈ જેઠાણી લલિતાદેવીનું હૃદય પણ દ્રવી ઉઠ્યું. તે પણ ઘરેણા ઉતારવા લાગી. જોતજોતામાં જ તેણે પણ બત્રીસ લાખના આભૂષણ પ્રભુના ચરણોમાં સમર્પિત કરી દીધા. દેરાણી-જેઠાણીની આ આભૂષણ પૂજા જોઈ રહી હતી... ઘરની દાસી. એનું નામ હતું શોભના.

શોભનાનું શરીર પણ એક લાખ સોના મહોરના મૂલ્યવાળા ઘરેણાથી શોભિત હતું. પ્રભુ ભક્તિની આ અદ્ભુત છટા જોઈ તેનું હૃદય પણ પીગળી ગયું અને તે બોલી - 'અરે શેઠાણીજી ! જો આપને ઘરેણાની નથી પડી તો મારે પણ નથી જોઈતા આ ઘરેણા.' એવું કહેતા તેણે પણ તેના બધા આભૂષણ પ્રભુના ચરણોમાં સમર્પિત કરી દીધા.

મંદિરના એક ખૂણામાં ઊભા રહી આ ભક્તિને જોઈ રહ્યા હતા ધાઈદેવ શ્રાવક જે દેવગિરિથી યાત્રા કરવા આવ્યા હતા. અલંકારપૂજાની આ સ્પર્ધા જોઈ તેમનાથી પણ રહેવાયું નહીં. એમની પાસે હીરા, મોતી, માણેક, પરવાળા તથા સોનાના ફૂલ વગેરે જે કંઈ પણ હતું તેનાથી પ્રભુની આંગી રચી અને નવ લાખ ચંપાના ફૂલોથી પ્રભુની પુષ્પપૂજા કરી.

વાહ ! અનુપમા ! વાહ ! શાબાશ ! ધન્ય છે તને ! તું ઘરેણા ઉતારી પણ શકે છે અને બીજાના ઉતરાવી પણ શકે છે. વાહ ! લલિતાદેવી ! વાહ ! દેરાણીના કદમો પર ચાલી તે પણ કમાલ કરી દીધું ! અને દાસી શોભના ! તારા હૃદયને પણ નમસ્કાર છે ! તારું આ સમર્પણ ક્યારેય ભૂલાશે નહીં.

ઓ મહામાત્ય વસ્તુપાલ અને તેજપાલ ! આપ પણ ધન્ય છો ! પ્રિયતમાઓએ લાખોના ઘરેણાં ન્યોછાવર કરી દીધા છતાં પણ તેમને ન વઢ્યા, ન ફટકાર્યા, ન ધમકાવ્યા ! અરે, ઉપરથી આનંદિત થઈ પ્રભુ ભક્તિની અનુમોદના કરી. જો દિલમાં પ્રભુ ન વસ્યા હોય તો આવી ઉદારતા આવે ક્યાંથી ? વંદન છે આપની ઉદારતાને ! નમન છે આપના ભક્તિભર્યા હૃદયને !

અનુપમા, લલિતા અને શોભનાએ જેટલી કિંમતના અલંકાર ભગવાનને ચઢાવ્યા, તેનાથી અધિક કિંમતના ઘરેણાં વસ્તુપાલ મંત્રીએ બધાને ફરીથી બનાવી આપ્યા.

## બાપથી બેટો સવાયો

પરમાત્મા મહાવીર સ્વામીના પરમ ભક્ત મગધ સમ્રાટ શ્રેણિક હતા. તે પરમાત્માની અનેકગણી ઉપસ્થિતિમાં જેટલી અમારી પ્રવર્તન ન કરાવી શક્યા એનાથી પણ અનેકગણી વધારે અમારી પ્રવર્તન પરમાત્માની સર્વથા અનુપસ્થિતિમાં અઢાર-અઢાર દેશોમાં કરાવવાનો સફળ પુરૂષાર્થ કરવા વાળા એવા કુમારપાળ રાજા હતા તેમના એક માત્ર પુત્ર હતા - નૃપદેવસિંહ.

ફળના આધાર પર જે રીતે બીજનું નિર્માણ કરવામાં આવે છે, તે જ રીતે પિતાના સંસ્કાર જોઈ પુત્રના સંસ્કારોનો નિર્ણય કરવામાં આવે છે. આ વાત નૃપદેવસિંહના જીવનથી પ્રત્યક્ષ ઝલકાય છે. પિતાની જેમ નૃપદેવસિંહ પણ જીવદયાના વિષયમાં કટ્ટર હતા. એમના પિતાની પ્રભુભક્તિ ગજબની હતી. તો એમની પ્રભુભક્તિમાં પણ કોઈ કમી ન હતી. બધા લોકો નૃપદેવસિંહને જિનશાસન પ્રભાવકની નજરથી જોતા હતા.

પરંતુ કર્મને કંઈ બીજુ જ મંજૂર હતું. નાની ઉંમરમાં એમની કાયા રોગગ્રસ્ત બની ગઈ. સારામાં સારો વૈદ્ય પણ ઈલાજ ન કરી શક્યો. એમની અસ્વસ્થતાના કારણે એમના પિતા અને પ્રજાજન ચિંતિત રહેતા હતા. 'સમ્યક્ પુરૂષાર્થ કરવો અને પછી જે કંઈ પરિણામ આવે તેને સહર્ષ સ્વીકારી લેવું.' પરમાત્માના આ વચન નૃપદેવસિંહએ માનો કે આત્મસાત્ કરી લીધા હોય, એના કારણે એમને એમના શરીરની વિશેષ ચિંતા રહેતી ન હતી. પરંતુ એક દિવસ પરિસ્થિતિ અત્યંત નાજુક બની ગઈ. મૃત્યુની શય્યા પર સૂતેલા નૃપદેવસિંહ એના જીવનની અંતિમ ઘડી ગણવા લાગ્યો. પિતા કુમારપાળ પરિસ્થિતિની ગંભીરતાને સમજી ગયા. એમણે એમના પુત્રની સમાધિને ટકાવવા અને અંતિમ નિર્યામણા કરવા માટે તરત તેમના ગુરૂ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યને રાજમહેલમાં બોલાવ્યા. આચાર્યશ્રી પણ નૃપદેવસિંહની અંતિમ અવસ્થા જાણી તરત આવી ગયા. એમને આવતા જોઈ નૃપદેવસિંહ પોતાની શય્યા પર બેઠા અને વિનયપૂર્વક ગુરૂ ભગવંતને ભાવથી વંદન કર્યા. આચાર્યશ્રીએ પણ એમના મસ્તક પર હાથ રાખી ધર્મલાભનો આશીર્વાદ આપ્યો. નૃપદેવને જોતાં જ આચાર્યશ્રી જાણી ગયા કે હવે થોડા જ સમયમાં આમનો જીવનદીપ બુઝવા વાળો છે. એટલે ગુરૂદેવે પ્રેમપૂર્વક એના માથા પર હાથ ફેરવી કહ્યું -

**આચાર્યશ્રી :-** "નૃપદેવસિંહ સાવધાન તો છો ને ? મન સ્થિર તો છે ને ?"

નૃપદેવસિંહે પ્રસન્નતાપૂર્વક કહ્યું - "જી હાં ગુરૂદેવ, પૂર્ણ રૂપથી સાવધાન છું અને મન પણ અરિહંતમાં લીન છે."

**આચાર્યશ્રી :-** "નૃપદેવ ! વર્ષોથી આ ધરતીને દુર્લભ એવા જીવમિત્ર તથા પ્રભુભક્ત મહારાજા કુમારપાળ તને પિતાના રૂપમાં મળ્યા છે. એટલું મોટું સૌભાગ્ય તને પ્રાપ્ત થયું છે આ વાતનો આનંદ તારા હૃદયમાં મહસૂસ કરતો રહેજે."

આચાર્યશ્રીની વાત સાંભળતાં જ નૃપદેવસિંહ ચૌધાર આંસુએ રડવા લાગ્યા.

નૃપદેવસિંહને આ રીતે રડતા જોઈ આચાર્યશ્રીએ આશ્ચર્યચકિત થઈ કહ્યું - "નૃપદેવસિંહ શું વાત છે ? ક્ષત્રિય હોવા છતાં તું રડે છે ? શું તને મૃત્યુથી ડર લાગે છે ? આ શું ? દેવ-ગુરૂની નિરંતર ઉપાસના કરવાવાળા, જીવદયાના પાલક, શ્રી નમસ્કાર મહામંત્રનું ધ્યાન કરવાવાળા, શ્રી શત્રુંજય તીર્થને હૃદયમાં વસાવવા વાળા એવા વીર નૃપદેવસિંહની આંખોમાં મૃત્યુના સમયે આંસુ હોવા જોઈએ કે આનંદ ?"

**નૃપદેવસિંહે કહ્યું** - "હે ગુરૂદેવ ! આ આંસુ દુઃખ યા વેદનાના નથી, કે નથી મૃત્યુની ડરના."

**આચાર્યશ્રી :-** "તો પછી શું વાત છે નૃપદેવ ?"

**નૃપદેવસિંહ :-** "ગુરૂદેવ ! મારા પિતાજીએ રાજગાદી તો જરૂર પ્રાપ્ત કરી પરંતુ તે કંજૂસ બની ગયા. એમણે મંદિર તો બહુ બનાવ્યા પણ કાં તો લાકડાના કાં તો પત્થરના. મારા મનમાં સતત એક જ

ભાવના હતી કે હું પણ મોટો બની મારા પિતાની જેમ મંદિરનું નિર્માણ કરાવીશ પરંતુ લાકડા કે પથ્થરના નહીં પણ સ્વર્ણના મંદિર બનાવીશ. સ્વર્ણ મંદિર બનાવી, સુંદર રત્નોની પ્રતિમા ભરાવી અને પછી આપના પુનિત હસ્તોથી એની પ્રતિષ્ઠા કરાવીશ અને આપના સુસાનિધ્યમાં વિશાળ છ:રી પાલિત સંઘ નિકાળી અંતમાં આપનાં જ ચરણોમાં ચારિત્ર ગ્રહણ કરી પોતાના ભવભ્રમણને મિટાવીશ. પણ ગુરૂદેવ દુર્ભાગ્યથી આજ મારા જીવની સમાપ્તિ થઈ રહી છે, હું મારી ભાવનાને યથાર્થનું રૂપ નહીં આપી શકું. મને મારા બધા મનોરથ ધૂળમાં મળતા નજર આવી રહ્યા છે. આ આંસુ તે જ દુ:ખના છે.'' આટલું કહી નૃપદેવસિંહ રડવા લાગ્યા.

એમના અદ્ભુત અજોડ, મનોરથ સાંભળી પૂજ્યશ્રીની આંખોમાં પણ અનુમોદનાર્થ તથા હર્ષના પ્રતીક રૂપ આંસુ નીકળી પડ્યા. અંતમાં ગુરૂદેવે સુકૃત અનુમોદના, દુષ્કૃતની ગર્હા, ક્ષમાપના તથા વ્રતાચાર કરાવી અપૂર્વ નિર્યામણા કરાવી. પોતાના બંને હાથ જોડી 'પૂજ્યશ્રીને અંતશ: વંદના' આ પ્રકારે બોલી નૃપદેવની આત્મા પરલોક પ્રયાણ કરી ગઈ. સાચે જ, નૃપદેવના મનોરથો સાંભળી એક વાર તો કહેવાનું મન થઈ જાય છે કે 'બાપથી બેટો સવાયો.'

## મંત્રીશ્વર પેથડશાહ

૧. માંડવગઢના મહામંત્રી પેથડશાહ જેમનું નામ ઈતિહાસના પાના પર સ્વર્ણાક્ષરમાં લખાયેલું છે. જો આપણે એમના જીવન પર દૃષ્ટિપાત કરીએ તો ખબર પડશે કે મંત્રીપદ પર આસીન થવા પૂર્વ દરિદ્રાવસ્થાના કેટલાંય દુ:ખદ અનુભવોમાંથી એમને પસાર થવું પડ્યું.

એક વાર માલવા દેશના મુખ્ય નગરમાં પ્રવેશ કરતાં જ સર્પને માર્ગ કાપતા જોઈ પેથડશાહ ત્યાં જ ઊભા રહ્યા. તે સમયે ત્યાં એક વિદ્વાન શુકન શાસ્ત્રી આવી પહોંચ્યા. એમણે પેથડને પૂછ્યું, "આપ અહીં કેમ ઊભા છો ?'' ત્યારે તેણે માર્ગ કાપેલા સર્પને બતાડ્યો. શુકન વિદ્વાને સર્પની તરફ દૃષ્ટિ કરી જોયું તો એના મસ્તિષ્ક પર કાળી દેવી (ચિડિયા) બેઠેલી દેખાઈ. તે તત્કાળ બોલ્યા "જો આપ અટક્યા વગર ચાલ્યા હોત તો આપ માલવાના રાજા બની જાત. હવે આ શુકનને માન આપી આ જ સમયે પ્રવેશ કરો, એનાથી આપ મહા ધનવાન બની જશો.'' સ્વયંને પ્રાપ્ત થયેલા શુકનનું ફળ જાણી પેથડે તત્કાળ નગરમાં પ્રવેશ કર્યો. ત્યાં ધોઘા રાણાના મંત્રીના ઘરે સેવક બની રહ્યા. રાજાએ પેથડની ચતુરાઈ જોઈ તેમને મંત્રી બનાવ્યા અને ધીરે ધીરે પેથડશાહ મહા ધનવાન બની ગયા. મંત્રીપદ પર આસીન હોવા છતાં પણ પેથડશાહની પ્રભુભક્તિ આકાશની ઊંચાઈને સ્પર્શ કરી રહી હતી. પ્રભુભક્તિ કરવા જ્યારે પેથડશાહ બેસી જતા હતા ત્યારે તેમને તેમના મંત્રીપદની કોઈ ચિંતા સતાવતી ન હતી.

એક દિવસ પ્રભુભક્તિમાં બેઠેલા પેથડશાહ પ્રભુની પુષ્પ દ્વારા અંગરચના કરી રહ્યા હતા. તે જ સમયે રાજાનો એક વ્યક્તિ રાજાની આજ્ઞાથી પેથડશાહ મંત્રીને બોલાવવા આવ્યો. ત્યારે મંદિરના દ્વાર પર ઊભેલા પેથડશાહના સેવકે તેને બહાર જ ઊભો રાખી દીધો ત્યારે રાજાના સેવકે કહ્યું -

**રાજાનો સેવક :** "હું મંત્રીશ્વર માટે રાજાનો સંદેશ લાવ્યો છું."
**પેથડશાહનો સેવક :-** "પરંતુ આપ હમણા મંત્રીશ્વરને નહીં મળી શકો."
**રાજાનો સેવક :-** "પણ રાજા સ્વયં એમને બોલાવી રહ્યા છે."
**પેથડશાહનો સેવક :-** "પરંતુ મંત્રીશ્વર હમણા દેવાધિદેવની ભક્તિ કરી રહ્યા છે."

આ પ્રકારનો જવાબ સાંભળી રાજાના સેવકે ગુસ્સામાં આવી બધી વાતો રાજાને કહી. રાજા આવેશમાં આવી સ્વયં પેથડશાહને બોલાવવા મંદિરમાં પહોંચી ગયા. પેથડશાહના સેવકે રાજાને પણ ત્યાં જ ઊભા રાખ્યા ત્યારે રાજાએ કહ્યું - "હું પેથડની ભક્તિમાં કોઈ પ્રકારની અંતરાય નહીં કરું એવું વચન આપું છું." આ સાંભળી સેવકે રાજાને મંદિરમાં જવાની અનુમતિ આપી.

રાજાએ મંદિરમાં જઈ જે દૃશ્ય જોયું તે જોઈ તે સ્તબ્ધ રહી ગયા. એમની પાછળ બેઠેલો સેવક એમને હાથમાં અલગ અલગ વર્ણના અને જાતિના પુષ્પ આપી રહ્યો હતો અને તે પુષ્પોથી અલગ અલગ અંગરચના બનાવી પેથડશાહ લીનતાપૂર્વક ભક્તિ કરી રહ્યા હતા. આવું જોઈ રાજાએ પાછળ બેઠેલા સેવકને ઉઠાડી સ્વયં તે જગ્યા પર બેસી પેથડશાહને પુષ્પ આપવા લાગ્યા. પેથડશાહ ભક્તિમાં એટલા લીન હતા કે પાછળ કોણ આવી બેઠું છે તે પણ તેમને ખબર ન પડી. પરંતુ અંગરચનામાં અચાનક અલગ અલગ વર્ણના પુષ્પોનો બદલતો ક્રમ આવતો જોઈ પેથડશાહનું ધ્યાન ભંગ થયું અને જ્યારે તે પાછળ ફરી પોતાના સેવકને કંઈ કહેવા જાય ત્યાં તો અચાનક રાજાને પાછળ બેઠેલા જોઈ પેથડશાહ અસમંજસમાં પડી ગયા. રાજાએ કહ્યું - હું આપની પ્રભુભક્તિથી ખૂબ ખુશ છું અને પીઠ થપથપાવતા કહ્યું કે, 'ધન્ય છે ! આપની પ્રભુભક્તિની તલ્લીનતાને !'

આ રીતે પ્રભુભક્તિમાં તલ્લીન રહેવાવાળા પેથડશાહના જીવનમાં એક વાર ભારે ધર્મસંકટ આવ્યું. ખંભાતના એક શ્રેષ્ઠીએ હિંદુસ્તાનના બધા બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરેલા વ્રતધારીઓને પોતાના તરફથી એક-એક રત્ન કાંબળી ભેટ આપી. એક દિવસ શ્રેષ્ઠીની આજ્ઞાનુસાર એક સેવક રત્ન કાંબળી પેથડશાહને ભેટ આપવા આવ્યો ત્યારે -
**પેથડશાહ :-** "મને કાંબળી કેમ ?"
**સેવક :-** "અમારા શેઠની વિશેષ સૂચનાથી..."
**પેથડશાહ :-** "પણ મેં તો બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું નથી."
**સેવક :-** "ભલે આપે વ્રતનો અંગીકાર કર્યો નથી પરંતુ અમારા શેઠની વિશેષ સૂચના છે કે આપને કાંબળી ભેટ આપવામાં આવે."
**પેથડશાહ :-** "મારાથી આ કાંબળી નહીં સ્વીકારવામાં આવે."

તે સમય કાંબળી સ્વીકાર કરવાની મનાઈ પેથડશાહની ધર્મપત્નીને ખટકવા લાગી. તે પેથડશાહની પાસે આવી અને કહ્યું -

**પેથડશાહની ધર્મપત્ની :-** "સાધર્મિકની તરફથી મળેલી ભેટ રૂપી નજરાણાને ઈન્કાર કરવાથી તીર્થંકર ભગવંતની આશાતનાનો દોષ લાગે છે. એ વાતનો આપને ખ્યાલ તો છે ને ?"

**પેથડશાહ :-** "હાં !"

**પેથડશાહની ધર્મપત્ની :-** "તો પછી આપ તે કાંબળીનો સ્વીકાર કેમ નથી કરી રહ્યા છો?"

પેથડશાહ :- "એનું કારણ એ છે કે આપણે હજી સુધી બ્રહ્મચર્ય વ્રત અંગીકાર નથી કર્યું."

**પેથડશાહની ધર્મપત્ની :-** "તો હવે સ્વીકાર કરી લઈએ."

પત્નીના શબ્દો સાંભળી પેથડશાહ તે જ સમયે પોતાની પત્નીને લઈ ઉપાશ્રયમાં બિરાજિત આચાર્ય ભગવંતની પાસે પહોંચી ગયા. ૩૨ વર્ષની ભરયુવાનીમાં આજીવન બ્રહ્મચર્ય વ્રતનો અંગીકાર કરી લીધો. ધન્ય છે શાસનના શાનરૂપ આ યુગલને !

૩. મંત્રીશ્વર પેથડશાહને દેવગિરિમાં જિનાલય બનાવવા માટે જગ્યાની આવશ્યકતા હતી. પરંતુ જૈન ધર્મનો દ્વેષી રાજા બિલ્કુલ તૈયાર ન હતો. પેથડશાહે બુદ્ધિથી કામ લઈ રાજ્યમંત્રી હેમડના નામથી દાનશાળા શરૂ કરી. જેમાં પ્રતિદિન હજારો યાચકોને પાંચ પકવાન ખવડાવવામાં આવતા હતા. લોકોમાં હેમડમંત્રીની વાહ-વાહ થવા લાગી. નિરંતર ત્રણ વર્ષથી ચાલતી આ દાનશાળાના વિશે જયારે હેમડને ખબર પડી, ત્યારે એનું નામ કોણ રોશન કરી રહ્યું છે ? તે જાણવાની જિજ્ઞાસાથી સ્વયં ત્યાં ભોજન કરવા બેસી ગયા અને ત્યાં સંચાલકોને પૂછ્યું - આ દાનશાળા કોણ ચલાવે છે ? જવાબ મળ્યો, મંત્રીશ્વર હેમડ. આશ્ચર્યની સાથે હેમડ બોલ્યો - 'અરે ! હું સ્વયં જ હેમડ છું. મેં તો કોઈ દાનશાળા નથી ખોલી.' સંચાલકે હેમડને પેથડશાહથી મેળાવ્યા. પેથડશાહે અહીં - તહીંની વાત કરી હેમડને કહ્યું કે - 'જો આપને મારા પર પ્રેમ હોય તો દેવગિરિમાં કોઈ શુભ સ્થાન પર જિનાલય બનાવવા માટે મને જગ્યા આપો.'

હેમડે રાજાને પ્રસન્ન કરી પેથડશાહને જગ્યા અપાવી. પાયો ખોદતાં જ જમીનમાંથી મીઠું પાણી નીકળ્યું. બ્રાહ્મણોએ જઈ રાજાના કાન ભર્યા કે આખું નગર ખારું પાણી પીએ છે અને મંદિરના પાયા માટે જયાં ખોદકામ કરવામાં આવ્યું છે, તે સ્થાન પર મીઠું જળ નીકળ્યું છે. એટલે ત્યાં મંદિર ન બનાવીને બાવડી બનાવવામાં આવે.

પેથડશાહને આ વાતની ખબર પડતાં જ રાતોરાત તેમણે સાંઢણિયો દોડાવી અને મીઠાની ગુણી લાવી મંદિરના ખાડામાં નખાવી દીધા. સવારે રાજા પાણીની પરીક્ષા કરવા આવ્યા. એક પ્યાલામાં પાણી ભરી રાજાને આપવામાં આવ્યું. પહેલો ઘૂંટ લેતાં જ રાજા થૂ-થૂ કરવા લાગ્યા. બ્રાહ્મણ ત્યાંથી ભાગી ગયા. કરોડો રૂપિયાના વ્યયથી પેથડશાહે ત્યાં સુવિશાળ જિનાલય બનાવ્યું.

( કાળક્રમથી થોડું જીર્ણ, મુસ્લિમોના આક્રમણનો શિકાર બનેલું અને જૈનો દ્વારા જ ઉપેક્ષિત બનેલ તે મંદિર આજે પણ દેવગિરિ (દૌલતાબાદ - ઔરંગાબાદ) માં ખંડેરના રૂપમાં વિદ્યમાન છે. ભારત સરકારે એને હિંદમાતા મંદિર ઘોષિત કરી કેન્દ્રસ્થાનમાં હિંદમાતાનું પૂતળું સ્થાપિત કર્યું છે. મંદિરનું રંગમંડપ એટલું વિશાળ છે કે ત્રણ હજાર લોકો એકસાથે બેસી ચૈત્યવંદન કરી શકે છે. એક-એક સ્તંભ પર જિનબિંબોની કોતરણી પણ દેખાય છે.)

એની સાથે જ પેથડશાહે છપ્પન ઘડી પ્રમાણ સુવર્ણ દેવદ્રવ્યમાં આપી ઈન્દ્રમાળા પહેરી અને ગિરનાર તીર્થને દિગંબરોના કબ્જામાં જતા જતા બચાવી લીધો. સિધ્ધગિરિ પર શ્રી ઋષભદેવ પ્રભુના ચૈત્યને એકવીસ ઘડી સુવર્ણથી મઢી સુવર્ણમય બનાવ્યું, આ રીતે ઘણું બધું દ્રવ્ય ધર્મકાર્યમાં લગાડ્યું.

## ભક્તિથી મળ્યું તીર્થંકર પદ

એ રાવણને જુઓ. મંદોદરીનો સ્વામી, સીતાનો કામી, છતાં પણ પરમાત્મા જિનેશ્વરદેવનો અનુરાગી. એક દિવસ મંદોદરી વગેરે પોતાની ૧૬ હજાર રાણીઓની સાથે અષ્ટાપદ પર્વત પર ચઢ્યો. ભરત ચક્રવર્તી દ્વારા સ્થાપિત કરાયેલા ૨૪ તીર્થંકરોના જિન-બિંબોની સમક્ષ ભક્તિ કરવા માટે મંદોદરીએ પગમાં ઘુંઘરું બાંધ્યા અને રાવણ હાથમાં વીણા લઈ ગીત-સંગીતના સૂરમાં ઝૂમવા લાગ્યા.

પ્રભુભક્તિમાં રાવણ એટલો મગ્ન થઈ ગયો કે વીણા પર ફરતી આંગળીઓનો પણ ખ્યાલ ન રહ્યો. એકાએક વીણાનો તાર તૂટ્યો અને રાવણ ચોંકી ઉઠ્યો. જો સંગીત અટકી ગયુ, તો મંદોદરીનું નૃત્ય બગડી જશે, એના ભાવ પડી જશે, રંગમાં ભંગ થઈ જશે. એણે તે જ ક્ષણે પોતાની જાંઘ ચીરી નસ ખેંચી હતી. લઘુલાઘવી કળાના બળથી તે નસ વીણામાં જોડી દીધી. તાલ, સુર અને સંગીત યથાવત્ ચાલુ જ રહ્યા. આ બધું કાર્ય એટલું ઝડપથી થયું કે નૃત્ય કરતી મંદોદરીને ખ્યાલ પણ ન આવ્યો કે ક્યારે વીણાનો તાર તૂટ્યો અને ક્યારે જોડાયો ? આ ઉત્કૃષ્ટ ભક્તિના પ્રભાવથી રાવણે તે જ ક્ષણે તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું અને બહાર ઊભા નાગરાજ ધરણેન્દ્રને પણ આશ્ચર્યમાં નાખી દીધા. કાળ રૂપી ગંગાનું ઘણું પાણી વહી જશે અને ભવ પરંપરાની છાંટ જોવા મળશે. ત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં એક દિવસ એવો આવશે કે રાક્ષસકુળ શિરતાજ રાવણ તીર્થંકર બનશે અને સીતાજી તેમની ગણધર બનશે.

## સમ્રાટ સિધ્ધરાજ અને દંડનાયક સાજન

જીર્ણોદ્ધારના ઈતિહાસમાં અંકિત થયેલા સાજનમંત્રી, પાટણનરેશ સિધ્ધરાજે જેને દંડનાયકના રૂપમાં નિયુક્ત કર્યા હતા. એકવાર તેમને કર વસૂલ કરવા સૌરાષ્ટ્રની ભૂમિ પર મોકલવામાં આવ્યા.

ત્યાં તે એક દિવસ ગિરનાર તીર્થની યાત્રા કરવા ગયા. વિજળી પડવાથી તૂટેલા લાકડાના જિનમંદિરને જોઈ તેમનું દિલ દ્રવિત થઈ ઊઠ્યું. તુરંત જ જીર્ણોદ્ધારનું કાર્ય શરૂ કરાવી દીધું અને ત્રણ વર્ષથી વસૂલ કરેલી કરની રકમ જીર્ણોદ્ધારમાં લગાડી દીધી. કોઈ ઈર્ષ્યાએ સમ્રાટ સિદ્ધરાજની પાસે જઈ ચાડી ખાધી. ક્રોધિત સિદ્ધરાજ તરત જ સૌરાષ્ટ્રની તરફ રવાના થયા. વચ્ચે સોમનાથ મહાદેવના દર્શન કરી તે ગિરનારની તળેટીમાં સ્થિત વંથલી ગામમાં પહોંચ્યા. મંત્રી સાજન તેમનું સ્વાગત કરવા સામા આવ્યા, પરંતુ રાજાએ મુખ ફેરવી લીધું. સાજને મંત્રી સમજી ગયા કે જરૂર દાળમાં કંઈ કાળુ છે. રાજ્યની રકમ જીર્ણોદ્ધારમાં વ્યય કરવામાં આવી છે. આ વાતથી મહારાજનું મન ખિન્ન થઈ ગયું છે. ખૈર, કંઈ વાંધો નહીં, એનો પણ કોઈ માર્ગ નીકળી આવશે.

મંત્રી સાજને વંથલીના આગેવાન શેઠને બધી વાત કહી. શેઠે કુલ સાડા બાર કરોડ સોના મહોર સાજનને આપી.

બીજા દિવસે સિધ્ધરાજ જયસિંહ ગિરનારની યાત્રા કરવા પધાર્યા. ગગનચુંબી, વિરાટ, દૂધથી સફેદ શિખરોને જોઈ સિધ્ધરાજના મુખેથી શબ્દ નીકળી પડ્યા - "ધન્ય છે એની માતાને જેણે આવા મંદિરનું નિર્માણ કરાવ્યું." પાછળ ઉભા સાજન મંત્રી પણ તરત બોલ્યા - "ધન્ય છે માતા મિનળદેવીને જેણે સિધ્ધરાજ જેવા પુત્રરત્નને જન્મ આપ્યો." આ વચન સાંભળી સિધ્ધરાજે જ્યારે પાછળ ફરી જોયું ત્યાં જ સાજન દંડનાયકે સાડા બાર કરોડના સોના મહોરથી ભરેલો થાળ બતાવી કહ્યું - "મહારાજ! જોઈ લો આ સોના મહોરો અને જોઈ લો આ જિનાલય. બંનેમાંથી જે પસંદ હોય તે રાખી લો. આપનું ધન મેં જીર્ણોદ્ધારમાં લગાવી દીધું છે. એનાથી આપની કીર્તિને ચાર ચાંદ લાગી ગયા છે. છતાં પણ જો આપને આ પુણ્ય ન જોઈએ અને આ ધન જ જોઈએ તો સંઘના આગેવાનોએ રકમ પણ જમા કરીને રાખી છે. આપને જે જોઈએ છે, તે લઈ લો." સિધ્ધરાજ પીગળી ગયો અને બોલી ઉઠ્યો - "ધન્ય છે મારા દંડનાયક સાજન ! તને ધન્ય છે ! આવા જીર્ણોદ્ધારનો લાભ આપી તેં મારું જીવન ધન્ય બનાવ્યું છે. સાજન ! પુણ્યબંધ કરાવવાવાળા આ પ્રસાદને હું સ્વીકારું છું. મને આ ધન નથી જોઈતું."

એક સાથે બધાએ મળી જયઘોષણા કરી - "બોલો, આબાલ બ્રહ્મચારી ભગવાન નેમિનાથની જય" ખુશ થઈ સિધ્ધરાજે મંદિરના નિભાવ હેતુ ૧૨ ગામ ભેટ આપ્યા. સાજન મંત્રીએ ૧૨ યોજનની (૧૨૦ કિ.મી.ની) વિશાળ ધ્વજા બનાવી એનો એક છેડો ગિરનારના શિખર પર બાંધ્યો. અને બીજો છેડો સિદ્ધાચલ તીર્થમાં દાદાના શિખર પર બાંધ્યો.

આગેવાન શ્રેષ્ઠીએ સાડા બાર કરોડ સોના મહોરો ફરીથી ઘરે ન લઈ જઈ તે ધનથી વંથલી ગામમાં બીજા ચાર નવા જિનાલયોનું નિર્માણ કરાવ્યું.

## ભીલડી ભાવથી ભજે ભગવાન !

એક જંગલમાં ભીલ-ભીલડી રહેતા હતા. એક દિવસ જંગલમાં એક જૈન મુનિનું આગમન થયું. મુનિરાજે તે બંનેને જિનપૂજાની મહિમા સમજાવી. ભીલડીનું હૃદય ભક્તિથી ભરાઈ ગયું. તે જંગલમાં સ્થિત જિનાલયમાં નિત્ય ઋષભદેવની પૂજા કરવા લાગી. ભીલે એને ટોકી - 'અરે પગલી, ! આ તો વાણિયાઓના ભગવાન છે. આપણે એને કેમ પૂજીએ ? થોડી સમજદાર બન અને આ પૂજા-વૂજા બંધ કર.' ભીલડી ન માની અને આ રીતે થોડા વર્ષો બાદ ભીલડી મરીને નજીકના નગરમાં રાજપુત્રીના રૂપમાં જન્મી અને યુવાવસ્થામાં આવી. તે એક વાર મહેલના ઝરૂખામાં બેઠી હતી. એણે રસ્તા પરથી પસાર થતા ભીલને જોયો અને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. ગયા જન્મના પતિને બોલાવી ઉપદેશ આપ્યો. પૂર્વભવનું સ્વરૂપ સમજાવ્યું અને ભીલનું પણ આત્મકલ્યાણ કર્યું.

## પ્રભુ ભક્ત જગડ

જગડ મહુઆના હંસરાજ ધરુનો પુત્ર હતો. એકવાર તે સિધ્ધાચલ તીર્થની યાત્રા કરવા ગયો હતો. દાદાના દરબારમાં સમ્રાટ કુમારપાળ મહારાજાના સંઘની તીર્થમાળાનો ચઢાવો બોલાઈ રહ્યો હતો.

ચાર લાખ... આઠ લાખ... બાર લાખ... ધીરે ધીરે ચઢાવો આગળ વધ્યો. ચૌદ લાખ... સોળ લાખ... વીસ લાખ... એટલામાં જગડે બધાને આશ્ચર્યચકિત કરી હાઈજંપ લગાડતા કહ્યું 'સવા કરોડ'. આ સાંભળતા જ બધા હલી ગયા. બધા એકીટસે મેલા કપડાં પહેરેલા જગડને જોતા રહ્યા. કુમારપાળ મહારાજે મંત્રીઓને ઈશારો કર્યો અને શોધખોળ કરવાનું કહ્યું. એટલામાં જગડ સ્વયં આગળ આવ્યા અને પોતાના ઉતરીય વસ્ત્રના છેડા પર બાંધેલો સવા કરોડ રૂપિયાનો માણિક્ય નીકાળી કુમારપાળ મહારાજાના હાથમાં અર્પણ કર્યો. તેજોમય માણિક્ય જોતા જ કુમારપાળે પૂછ્યું - 'આવી અદ્‌ભુત ચીજ ક્યાંથી લાવ્યા છો ?'

"મહારાજ ! મારા પિતાએ સમુદ્રયાત્રા કરી વિદેશોમાં ધંધો કર્યો હતો, ધન કમાયુ અને ફરી પાછા આવ્યા. વિદેશ જવાથી જે વિરાધના થઈ, એનાથી એમનું અંતઃકરણ વ્યથિત થઈ ઉઠ્યું. કમાયેલા ધનથી તેમણે સવા-સવા કરોડના પાંચ માણિક્ય ખરીદ્યા અને મૃત્યુના સમયે મને સોંપતા કહ્યું - 'બેટા ! સવા કરોડનો એક માણિક્ય શત્રુંજય તીર્થાધિરાજ દાદા ઋષભદેવને ચઢાવજે, એક માણિક્ય અબાલ બ્રહ્મચારી ગિરનારમંડણ શ્રી નેમિનાથ ભગવાનને ચઢાવજે, એક માણિક્ય દેવપટ્ટન ચંદ્રપ્રભાસ પાટણમાં ચંદ્રપ્રભસ્વામીને ચઢાવજે અને બચેલા બે રત્નો તારા જીવન નિર્વાહના કામમાં લેજે. મહારાજ ! પિતાજીની આજ્ઞાનુસાર ત્રણેય સ્થાનો પર ત્રણ માણિક્ય ચઢાવી દીધા છે. મારા સ્વયં માટે જે બે રત્ન બચ્યા છે, એમાંથી એક સંઘમાળાના ચઢાવા માટે આપને અર્પણ કરું છું.'

જગડની ઉદારતા જોઈ બધાના મસ્તક ઝુકી ગયા. રાજા કુમારપાળનો સંઘ ત્યાંથી પ્રસ્થાન કરી જ્યારે ગિરનાર પહોંચ્યો ત્યારે ત્યાં પણ તીર્થમાળાનો ચઢાવો લઈ જગડે સવા કરોડનો બીજો માણિક્ય પણ અર્પણ કરી દીધો. શાબાશ જગડ ! ધન્ય છે આપની માતાને અને ધન્ય છે આપના પિતાને !

## આરસ કે વારસ

વિમલમંત્રી અને શ્રીદેવી આ દંપતિએ આબુ પર જિનાલયનું નિર્માણ કાર્યની શરૂઆત કરાવી, પરંતુ મંદિર દિવસમાં જેટલું તૈયાર થતું, તેટલુ રાત્રે ફરીથી પડી જતું. વિમલમંત્રીએ અઠ્ઠમતપ કરીને અંબિકા દેવીને પ્રત્યક્ષ કર્યા અને વિઘ્નના નિવારણ હેતુ દેવીથી પ્રાર્થના કરી.

**દેવી** - "વિમલ ! તારા નસીબમાં 'આરસ કે વારસ' એટલે કે 'પ્રભુ મંદિર કે પુત્ર' બન્નેમાંથી એક જ છે. જો મંદિર જોઈએ છે તો પુત્ર નહીં મળે." દેવીની વાત સાંભળીને વિમલશાહ વિચારમાં પડી ગયા. તેમને દેવીને કહ્યું, "માઁ ! આ વિષય માટે મારે મારી પત્ની શ્રીદેવીને પૂછવું પડશે. હું એને પૂછીને જવાબ આપીશ."

**દેવી** - "આવતી ભાદરવા સુદી ચૌદસને દિવસે અડાજન ગામમાં મારા ધામમાં તમે બન્ને દંપતિ આવી જજો અને ઠીક મધ્યરાત્રીમાં ૭ શ્રીફળ ચઢાવી જે ઈચ્છા હોય તે માંગી લેજો. હું તમને વરદાન આપીશ. તમારી મનોકામના પૂરી થશે."

વિમલશાહે ઘરે આવીને બધી વાત શ્રીદેવીને કહી. બન્ને દંપતિએ સમજી વિચારીને નિર્ણય લીધો અને ભાદરવા સુદ ચૌદસના દિવસે ઠીક સાંજે પાંચ વાગે અડાજન કુળદેવીના ધામ પર પહોંચી ગયા. મધ્યરાત્રી થવાને હજી સમય હતો એટલે બન્ને એક વૃક્ષની નીચે સમય વિતાવવા માટે બેસી ગયા. એ વૃક્ષની પાસે એક કૂવો હતો. બન્નેને તરસ લાગી હતી ત્યારે વિમલશાહ પોતાની પાસેનો લોટો લઈને, કૂવામાં ઉતરવા લાગ્યા. તેટલામાં અવાજ આવ્યો "ઊભા રહો ! પાણીના પૈસા આપીને પછી પાણી લેજો."

આ સાંભળીને વિમલશાહ ચોંકી ગયા. પાછળ વળીને જોયું તો એક માણસ ઊભો હતો. તેણે કહ્યું - "મારા દાદાએ આ પરબ બંધાવી છે. જુઓ આ તકતી ઉપર શું લખ્યું છે. પાણીના પૈસા આપીને પાણી લો."

**વિમલશાહ** - "અરે ભાઈ ! પાણીના પણ શું પૈસા લાગે છે ?"

**માણસ** - "મારા બાપ-દાદાની બાવડી છે. એટલે હવે આના ઉપર મારી માલિકી છે. જો આમાંથી તમને પાણી લેવું છે તો પૈસા તો આપવા જ પડશે."

છેલ્લે વિમલશાહે પૈસા આપીને પાણી લીધું. આ ઘટનાથી તેમનું મન અશાંત થઈ ગયું. વિચાર કરવા લાગ્યા કે "આવું પણ થતું હશે કે ? કોઈ પુણ્યશાળીએ સુકૃત કરવા માટે આ કૂવો બનાવ્યો હશે

અને તેમના વારિસ આના બદલે પૈસા લે છે. આવા કપૂત પણ હોય છે કે ?" દૂર ઉભેલી શ્રીદેવીએ પણ આ દૃશ્ય જોયું. જેવા વિમલશાહ પાસે આવ્યા, શ્રીદેવીએ કહ્યું - "ના, ના આવા સંતાન કરતા તો સંતાન ના હોય એ જ સારુ છે. સંતાન જો કપૂત હશે, તો અમારા કર્યા પર પાણી ફેરવી દેશે. ક્યાંય આપણી સંતાન પણ આબુ મંદિરની બહાર બેસીને દર્શનાર્થીઓ પાસેથી પૈસા લઈને કહેશે કે હું તેમની સંતાન છું તો ? ના એવા સંતાન અમને નથી જોઈતા." આ પ્રકારે બંનેએ નિશ્ચય કર્યો કે, "દેવીની પાસે સંતાન થાય નહીં તે જ વરદાન માંગવું."

મધ્યરાત્રીમાં બે મિનિટ બાકી હતી અને બંને દેવીની મૂર્તિની સન્મુખ જઈ બેસી ગયા. ઠીક મધ્યરાત્રીમાં ૭ શ્રીફળ ચઢાવી માઁને ચુંદડી ઓઢાડી.

માઁએ સાક્ષાત્ પ્રગટ થઈ શ્રીદેવીને કહ્યું - "માંગ બેટી, શું જોઈએ છે ?"

શ્રીદેવીએ ધીમા સ્વરથી કહ્યું - "માઁ એ જ વરદાન જોઈએ છે કે અમને સંતાન ન થાય."

દેવીએ વિમલશાહની સામે જોયું.

વિમલશાહે કહ્યું - "માઁ ! અમે વરદાન માંગીએ છે કે અમને વાંઝણા રાખજો. અમને વારસ નહીં આરસ જોઈએ છે." બંનેની ભાવના સાંભળી માઁએ કહ્યું - "તથાસ્તુ"

આ દંપતિના સત્ત્વનું ગાન કરતુ તે જિનાલય 'વિમલ વસહી' ના નામથી આબુની ધરતી પર આજે પણ શોભિત છે.

## ભીમા કુંડલિયા

બાહડ મંત્રી પાટણથી સિધ્ધાચલનો સંઘ લઈને આવ્યા હતા. સંઘમાં આવવાવાળા બધા યાત્રિકોએ શત્રુંજયની યાત્રા કરી. બધાને આ સમાચાર મળ્યા કે બાહડ મંત્રી શત્રુંજય પર આદિનાથ દાદાનું મંદિર પાષાણ ( પત્થર ) થી બનાવશે અને એમાં લાખોનો ખર્ચ કરશે.

આ પ્રસંગ પર કેટલાય શ્રેષ્ઠીઓએ વિચાર કર્યો કે આ પુણ્યના કામમાં અમે પણ કંઈક ભાગ લઈએ. આ વિચાર કરી કેટલાય શ્રેષ્ઠીઓએ બાહડ મંત્રીની પાસે આવી વિનંતી કરી કે "આપ ગિરિરાજ પર ભવ્ય જિન મંદિરનું નવનિર્માણ કરવા માટે સંપન્ન છો પરંતુ આ પુણ્યના કામમાં અમને પણ ભાગીદાર બનાવો. અમને ફૂલ નહીં તો ફૂલની પાંખડીનો લાભ આપો, એવા અમારા ભાવ છે. અમને ખબર છે કે આપ અમારી વિનંતી સ્વીકાર કરશો અને અમને પણ આ પુણ્યનો લાભ લેવાની આજ્ઞા આપશો."

મહામંત્રીએ આ વિનંતીનો સહર્ષ સ્વીકાર કર્યો. બીજા દિવસે જ શત્રુંજયની તળેટી પર વિશાળ સભા મળી. એમાં સ્વયં મહામંત્રીએ ઘોષણા કરી - "જે કોઈ પણ ભાઈ-બહેન શત્રુંજય પર બની રહેલા ભવ્ય જિન મંદિરના નવનિર્માણ કાર્યમાં પોતાના ધનનો સદ્વ્યય કરવા માંગે છે તે પ્રેમથી

સ્વયંના ધનનું દાન આપી શકે છે. બધા પોત-પોતાના દાનની રકમ મુનીમજી પાસે લખાવી દો."

ઘોષણા પૂરી થતા જ દાતાર પોતાના ધનની રકમ લખાવવા લાગ્યા. કોઈ બે લાખ, કોઈ એક લાખ, કોઈ પચાસ હજાર. દાતારોની દાનભાવના અને જિનભક્તિને જોઈ મહામંત્રીનું દિલ ખુશ થઈ ગયું, એટલામાં એમની નજર સભાની એક બાજુ ઊભેલા વ્યક્તિ પર પડી. જે આ ભીડમાં અંદર આવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો પણ એના મેલા કપડાં જોઈ કોઈ એને અંદર આવવા દેતુ ન હતું. બાહડ મંત્રીએ જોયું કે આ આગંતુકનું દિલ પણ દાન દેવાની ભાવનાથી ઉછળી રહ્યું છે. એટલે મહામંત્રીએ એક સેવકને મોકલી તેને પોતાની પાસે બોલાવ્યો, એણે આવી પ્રણામ કર્યા.

**મંત્રીએ પૂછ્યું** - "પુણ્યશાળી ! તારું નામ શું છે ? અને ક્યાં રહે છે ?"

**ભીમા :-** "મારું નામ ભીમા કુંડલિયા છે. અહીંજ પાસેના ગામમાં રહું છું."

મંત્રી પૂરી પૂછપરછ કરે છે - "શું ધંધો કરે છે ?"

**ભીમા :-** "મહામંત્રીજી, પુણ્યહીન છું. અશુભ કર્મના બંધન હજી તૂટ્યા નથી. મહેનત મજૂરી કરું છું. ઘરે એક ગાય પાળી રાખી છે તેનાથી અમારું (પતિ-પત્ની બંનેનું) જીવન નિર્વાહ થાય છે."

**મંત્રી :-** "અહીંયા કેમ આવ્યા છો ?"

**ભીમા :-** "બજારમાં ઘી વેચતા-વેચતા ખબર પડી કે ગુજરાતના મહામંત્રી વિશાળ સંઘ લઈ અહીં પધાર્યા છે. આ સાંભળી મને પણ યાત્રા કરવાના ભાવ આવ્યા. યાત્રા કરીને આવ્યા બાદ ખબર પડી કે ગિરિરાજ પર ભવ્ય જિનમંદિરનું નવનિર્માણ કરાવી રહ્યા છો. એનાથી મને પણ ભાવના થઈ કે હું પણ....."

ભીમા આગળ કંઈ ન બોલી શક્યા. બાહડ મંત્રીએ પ્રેમથી કહ્યું - "ભીમાજી ! દાન દેવામાં શરમાવા જેવી કોઈ વાત નથી. તમારે જેટલું દાન કરવું હોય એટલું પ્રેમથી કરો."

**ભીમા :-** "મંત્રીશ્વર, મારી પાસે એક રૂપિયો અને સાત પૈસા હતા. એમાં એક રૂપિયાના પુષ્પ ખરીદી ભગવાન આદિનાથને ચઢાવ્યા, હવે મારી પાસે માત્ર સાત પૈસા વધ્યા છે. આટલી નાની રકમ અગર આપ સ્વીકાર કરશો તો હું સ્વયંને ભાગ્યશાળી સમજીશ." આટલું કહેતા જ ભીમાની આંખોમાં આંસૂ આવી ગયા. બાહડની આંખો પણ ભીમાની ભાવના જોઈ ભીની થઈ ગઈ તથા પ્રેમથી એના સાત પૈસા સ્વીકાર કરી લીધા અને મુનીમજીને કહ્યું -

"મુનીમજી, દાતારોની નામાવલીમાં બધાથી પહેલા ભીમા કુંડલિયાનું નામ લખો." મહામંત્રીની આ ઘોષણા સાંભળી સભામાં ઘોર સન્નાટો છવાઈ ગયો. બધા વિચારવા લાગ્યા કે "આ ભીમાએ કેટલું દાન લખાવ્યું હશે જેનાથી એનું નામ દાનની નામાવલીમાં બધાથી પહેલુ છે."

ત્યારે ભીમાએ આપેલા સાત પૈસાને હાથમાં બતાડી મહામંત્રીએ કહ્યું - "સભાજનો, ભીમાની

આ સંપૂર્ણ સંપત્તિ છે. પોતાની સંપૂર્ણ કમાણી આ દાનમાં આપી રહ્યો છે. આપણે બધા પણ દાન કરીએ છીએ પણ કેવું ? લાખ હોય તો પાંચ - દસ હજારનું, પણ આ ભીમા પોતાની પાસે કંઈ પણ રાખ્યા વગર, કાલની કોઈ ચિંતા કર્યા વગર, દાદાના ચરણોમાં પોતાની મહામૂલ્યવાન સંપૂર્ણ સંપત્તિ આપી રહ્યો છે. મારી બુદ્ધિથી તો ભીમાનું દાન આપણા બધાથી અનુપમ અને અદ્વિતીય છે." ભીમા કુંડલિયાની પ્રભુ ભક્તિ અને મંત્રીશ્વરની ઉદારતાથી બધા ગદ્-ગદ્ થઈ ઉઠ્યા.

"ધન્ય છે ભીમાને ! ધન્ય છે ! ધન્ય છે ! મહામંત્રીશ્વરને !" આવા પ્રચંડ હર્ષની સાથે સભા સમાપ્ત થઈ. ભીમા પણ પોતાનાં ગામમાં ગયો અને હસતા-હસતા ઘરમાં પ્રવેશ કર્યો. ઘરમાં પ્રવેશ કરતાં જ એની પત્નીએ પૂછ્યું - "અહો શું વાત છે ? આજે બહુ જ ખુશ દેખાઈ રહ્યા છો ?"

**ભીમા :-** "પ્રિયે, મારી ખુશીનું કારણ તને કેવી રીતે કહું ? આજ તો મારું જીવન ધન્ય બની ગયું."

**પત્ની :-** "આવું શું થઈ ગયું ? મને પણ તો કહો." ભીમાએ હર્ષિત મનથી બધું જ કહી દીધુ, વાત પૂરી થતા પહેલા જ પત્ની ગુસ્સામાં બોલી - "એક તો પૂરી કમાણી આજે દાનમાં આપી દીધી અને કહો છો, ધન્ય બની ગયા, કેવી રીતે ? આપને ઘરનો વિચાર પણ ન આવ્યો, સાંજે શું ખાશું ?"

પછી ગુસ્સામાં જ ગાળો આપતી આપતી ગાય દોહવા જતી રહી. તે સમયે ગાયનો ખૂંટો ઢીલો હોવાથી નીકળી ગયો. તે ફરીથી ખીલાને જેવો જમીનમાં દાટવા લાગી, તેમ જ ખૂંટો કોઈ વાસણથી ટકરાયો હોય એવું એને પ્રતીત થયું. એણે જમીન ખોદી તો અંદરથી એને સોનામહોરોથી ભરેલો કળશ મળ્યો. કળશ જોતા જ એનો ગુસ્સો ઠંડો થઈ ગયો અને કળશ લઈ તે ભીમાની પાસે ગઈ તથા ભીમાને બધી વાતો કહી.

સોનામહોરોથી ભરેલો કળશ જોઈ ભીમાએ કહ્યું - "જુઓ ! દાદાનો કેવો ચમત્કાર, ક્યાં સાત પૈસા અને ક્યાં મહોરોથી ભરેલો સોનાનો કળશ."

એની પત્ની પણ બહુ ખુશ થઈ બોલી - "આ મોહરોથી આપણી ગરીબી દૂર થઈ જશે."

એના પર ભીમાએ કહ્યું - "નહીં, જે ચીજ આપણી નથી, તેને લેવાની મારી પ્રતિજ્ઞાને શું તું જાણતી નથી. આ સોનામહોરો આપણી નથી." એની પત્નીએ કહ્યું - "શું કરશું આ સોનામહોરોનું ?"

ભીમાએ ઉત્તરમાં કહ્યું - "જઈને મહામંત્રીને આપી દઈશ, મહામંત્રીને આનું જે કરવું હશે તે કરશે."

બીજા દિવસે સુવર્ણ કળશ લઈ ભીમા બાહડ મંત્રીની પાસે આવ્યા. એણે સોનામહોરોની સાથે સુવર્ણ કળશ પણ એમના ચરણોમાં મૂકી દીધો અને એની સાથે જે થયું તે બધું કહી દીધું. બાહડ મંત્રી ભીમાની નિઃસ્પૃહતા અને વ્રતપાલનની દૃઢતાને જોઈ અહોભાવથી સ્તબ્ધ રહી ગયા. એમણે કહ્યું - "ધન્ય છે ભીમાજી ! ધન્ય છે ! આપના વ્રતપાલનની દૃઢતાને ! સાચેજ આપ મહાશ્રાવક છો. આ સોનામહોરો ઉપર આપનો જ અધિકાર છે, આપને આ મહોરો આપના ઘરેથી મળી છે, આપના પુણ્યોદયથી મળી છે, એટલે આના માલિક આપ છો. આપ આને પ્રેમથી પાછા લઈ જાઓ." પરંતુ

ભીમા સોનામહોરો લેવાથી ઈન્કાર કરી રહ્યા હતા. મહામંત્રીએ પુનઃ એને સમજાવ્યો છતાં પણ ભીમા માનવા જ તૈયાર ન હતો. એકાએક ત્યાં કપર્દી યક્ષ પ્રગટ થયા.

યક્ષદેવે કહ્યું - "ભીમા ! આ ધન તને તારા પુણ્યથી મળ્યું છે. તારા અશુભ કર્મ હવે ખત્મ થઈ ગયા છે. આ ધન હું તને પ્રેમથી આપુ છું. તું લઈ લે." આટલું કહી કપર્દી યક્ષ અદશ્ય થઈ ગયા. ભીમા પણ વધારે ના ન કરી શક્યો. મહામંત્રીના આતિથ્યને સ્વીકાર કરી આખરે ભીમા સોનામહોરોથી ભરેલો કળશ લઈ પોતાને ઘરે ગયો. ઘરે આવી યક્ષની બધી વાતો પત્નીને કહી ત્યારે પત્નીએ ખુશ થઈ કહ્યું - "હે સ્વામી, શ્રી આદિનાથ ભગવાનનો પ્રભાવ અચિંત્ય છે. એમાં કોઈ શંકા નથી. સાથે જ આપની વ્રત દઢતાનું આ ફળ છે."

## સતી સુલસા

પ્રભુ મહાવીરના શાસનકાળમાં રાજગૃહી નગરીમાં પ્રભુના પરમ ભક્ત શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા. એમના રાજ્યમાં નાગ નામનો સારથી હતો. એને શ્રેષ્ઠ શીલાદિ ગુણોથી સુશોભિત અને પ્રભુ વીરના પ્રતિ અત્યંત શ્રદ્ધાવાન એવી સુલસા નામની પત્ની હતી.

એકવાર શ્રી મહાવીર પ્રભુ ચંપાનગરીમાં પધાર્યા. તે જ નગરીથી અંબડ પરિવ્રાજક રાજગૃહી નગરીમાં જઈ રહ્યો હતો. એણે પ્રભુ મહાવીરને વંદન કરી વિનંતી કરી કે, "હે પ્રભુ, હું આજે રાજગૃહી જઈ રહ્યો છું. જો આપને ત્યાં કોઈ કાર્ય હોય તો ફરમાવો." ત્યારે ભગવાને કહ્યું - "ત્યાં રહેવા વાળી સુલસા શ્રાવિકાને ધર્મલાભ કહેજો." પરિવ્રાજક ત્યાંથી નીકળી રાજગૃહી નગરીમાં આવ્યો. ત્યાં તપાસ કરવા પર એને ખબર પડી કે આ સુલસા નાગ સારથીની પત્ની છે. ત્યારે એના આશ્ચર્યનો પાર ન રહ્યો. એણે વિચાર્યું કે પરમાત્માએ શ્રેણિક રાજા, અભયકુમાર વગેરે કોઈને યાદ ન કરી એક સામાન્ય સારથીની સ્ત્રીને ધર્મલાભ કહેવડાવ્યા છે. એટલે તે સાચેમાં દઢધર્મી હશે. પરંતુ એક વાર તો મારે એની પરીક્ષા કરવી જ જોઈએ.

આ રીતે વિચારી તે પહેલા દિવસે રાજગૃહી નગરીની પૂર્વ દિશાના દરવાજા પર પોતાના તપના બળથી બ્રહ્માનું રૂપ લઈ બેસી ગયા. આ જોઈ નગરના બધા લોકો બ્રહ્માના દર્શન હેતુ ત્યાં જવા લાગ્યા. માત્ર એક સુલસા શ્રાવિકા જ ન આવી. આ જોઈ તેણે બીજા દિવસે બીજા દરવાજા પર મહાદેવનું રૂપ ધારણ કર્યું. સાક્ષાત્ મહાદેવજીને નગરીમાં આવેલા જોઈ લોકોના ટોળેટોળા એમના દર્શનાર્થે જવા લાગ્યા. પણ સુલસાનું સમ્યક્ત્વ દઢ હતું. એટલે તે મહાદેવના દર્શન કરવા ન ગઈ. અંબડે ત્રીજા દિવસે ફરી ત્રીજા દરવાજા પર વિષ્ણુનું રૂપ ધારણ કર્યું. ફરી લોકાના ટોળેટોળા ત્યાં ઉમટવા લાગ્યા પણ તેમના દર્શન માટે પણ ન જવાવાળી એકમાત્ર સુલસા જ હતી. આ જોઈ અંબડે હિંમત હાર્યા વગર પોતાની અંતિમ ચાલ ચાલી. એણે વિચાર્યું કે બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ વગેરે તો અન્ય ધર્મના દેવ છે. એટલે સુલસા તેમના દર્શન કરવા ન આવી. જો હું તીર્થંકરનું રૂપ બનાવીશ તો

સુલસા અવશ્ય દર્શન કરવા આવશે. ચોથા દિવસે ચોથા દરવાજા પર સમવસરણની રચના કરી અંબડ પચ્ચીસમો તીર્થંકર બની દેશના આપવા લાગ્યો. અંબડને પૂરો વિશ્વાસ હતો કે તીર્થંકરનું નામ સાંભળી સુલસા જરૂર આવશે પરંતુ બીજા બધા લોકો આવ્યા પણ સુલસા ન આવી. આ તરફ સુલસાની સખીએ સુલસાને કહ્યું - સુલસા, આજે તો ચાલ તારા ભગવાન આવ્યા છે. ત્યારે સુલસાએ દૃઢતાપૂર્વક કહ્યું - "સખી, આ થઈ જ ન શકે કે મારા પ્રભુ પધારે અને મારા હૃદયમાં સ્પંદના ન થાય. મારા સાડા ત્રણ કરોડ રોમ રાજી પ્રફુલ્લિત ન થાય. એટલે આ મારા ભગવાન હોઈ જ ન શકે."

સખીએ કહ્યું - "આ તારા મહાવીર નહીં પણ પચ્ચીસમા તીર્થંકર છે." સુલસાએ કહ્યું - "મારા પ્રભુવીરે કીધું છે કે આ અવસર્પિણીમાં ૨૪ તીર્થંકર જ થાય છે. એટલે આ કોઈ બહુરૂપિયો છે અને લોકોને ઠગવાની કોશિશ કરી રહ્યો છે, મારું આ મસ્તક સાચા તીર્થંકર મહાવીર સ્વામીના વગર કોઈની સામે નહીં નમે."

ધન્ય છે સુલસાને ! ધન્ય છે એના દૃઢ સમ્યક્ત્વને ! તે અંબડની બધી પરીક્ષાઓમાં ખરી ઉતરી. અંબડ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરેના રૂપ બનાવીને પણ એને ડગાવી ન શક્યો. એટલું જ નહીં, એણે ૨૫ મા તીર્થંકરનું પણ રૂપ બનાવ્યું. હાથ જોડવા અથવા પગ પડવા તો દૂર પણ સુલસા એકવાર એને જોવા પણ ન આવી. આનાથી સુલસાએ જિનવાણી પર પોતાની અખૂટ શ્રદ્ધાનો પરિચય આપ્યો. આ બધા ચમત્કાર સુલસાની શ્રદ્ધાને હલાવી ન શક્યા.

અંતમાં અંબડ શ્રાવકને પણ હાર માનવી પડી. સુલસાના સમ્યક્ત્વ આગળ તેને મસ્તક નમાવવું પડ્યું. હવે એને ખબર પડી કે આખરે પરમાત્માએ સુલસાને જ ધર્મલાભ કેમ આપ્યા ? બીજા દિવસે અંબડ શ્રાવકનું વેશ ધારણ કરી સુલસાના ઘરે આવ્યો. ત્યાં જઈ તેણે કહ્યું, "હે ભદ્રે, સાચેમાં આપના સત્ત્વને, આપના સમ્યક્ત્વને ધન્યવાદ છે. કદાચ આપના અખંડ, અડગ સમ્યક્ત્વને જોઈને જ પરમાત્માએ મારા દ્વારા આપના માટે ધર્મલાભ કહેવડાવ્યો છે." આ સાંભળતા જ સુલસાના ચહેરા પર ચાંદ ખીલી ગયો. એના સાડા ત્રણ કરોડ રોમ રાજી, પ્રફુલ્લિત થઈ ઉઠ્યા. એને એવું લાગી રહ્યું હતું કે જાણે એને જગતની બધી ખુશી, બધી સંપત્તિ અને બધુ સુખ પ્રાપ્ત થઈ ગયું હોય. એની ખુશી એના આંખોથી હર્ષના આંસુના રૂપમાં વહેવા લાગી. હર્ષ અતિરેકમાં એણે કહ્યું - "શું, મારા પ્રભુએ મારા માટે ધર્મલાભ મોકલ્યો છે ? પ્રભુ, આપે મને ! આ અભાગણને યાદ કરી ? મુજ પુણ્યહીનને આપે સ્મરણમાં રાખી મારું જીવન ધન્ય બનાવી દીધુ છે." આટલું કહી જે દિશામાં પ્રભુ વિચરી રહ્યા હતા તે દિશામાં સાત પગલા આગળ વધી પરમાત્માની સ્તુતિ કરતા કહ્યું - "મોહરાજાના બળનું મર્દન કરી દેવામાં ધીર, પાપરૂપી કીચડને સ્વચ્છ કરવામાં નિર્મળ જળ સમાન, કર્મ રૂપી ધૂળને હરવામાં હવા સમાન એવા હે વીર પ્રભુ ! આપ સદા જયવંત રહો ! હે પ્રભુ ! આપની જય હો ! વિજયહો ! જય જયકાર હો !" અંબડ તો સુલસાના આનંદને જોતો જ રહી ગયો. માત્ર પરમાત્માના એક ધર્મલાભ અને આટલી સંવેદના, એની અનુમોદના કરી તે સ્વસ્થાન પહોંચી ગયો.

કહેવાય છે કે આપણે સતત જેનું ચિંતન કરીએ છીએ આપણે એમના જેવા જ થઈ જઈએ છીએ. એના અનુસાર સુલસાના રગ-રગમાં પરમાત્મા વસેલા હતા. એટલે એણે પણ તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું. આયુષ્ય પૂર્ણ કરી તે દેવલોકમાં ગઈ. ત્યાંથી આ જ ભરત ક્ષેત્રમાં આગળની ચોવીશીમાં નિર્મમ નામના પંદરમાં તીર્થંકર બની મોક્ષ પદ પ્રાપ્ત કરશે.

## બાહડ મંત્રી

બાહડ મંત્રીના પિતા શ્રી ઉદયન મંત્રી હતા. એમના જીવનના અંતિમ સમયમાં તે બહુ જ દુઃખી હતા. એમના દુઃખનું કારણ હતું કે એમણે શત્રુંજય ગિરિરાજના જીર્ણ મંદિરનું જીર્ણોદ્ધાર કરવાનો નિર્ણય કર્યો હતો પરંતુ મૃત્યુનું પૈગામ જલ્દી આવવાથી જીર્ણોદ્ધાર ન કરાવી શક્યા. પિતાને આ રીતે દુઃખી જોઈ બાહડે એનું કારણ પૂછ્યું. પિતાજીની અંતર જિજ્ઞાસા જોઈ બાહડે એના પિતાજીને વચન આપ્યું કે તે અવશ્ય જીર્ણોદ્ધાર કરાવશે જ. "મારો પુત્ર બાહડ શત્રુંજય ગિરિરાજ પર અવશ્ય જીર્ણોદ્ધાર કરાવશે." એવી આશાને લઈ તેમણે શાંતિથી સમાધિ-મરણ પ્રાપ્ત કર્યું.

પિતાજીની અંતિમ ઈચ્છાને પૂર્ણ કરવા માટે બાહડે શત્રુંજયના જીર્ણ મંદિરને નવું પાષાણમય બનાવવાનો નિશ્ચય કર્યો અને જ્યાં સુધી મંદિરનો પાયો ન નાંખવામાં આવે ત્યાં સુધી બ્રહ્મચર્યનું પાલન, પ્રતિદિન એકાસણા, ભૂમિ શયન અને મુખવાસનો ત્યાગ એવા અભિગ્રહ લીધા. બાહડ મંત્રીએ સંઘની સાથે શત્રુંજય તીર્થ જવાનો વિચાર કર્યો. બીજા દિવસે જ પાટણમાં ઘોષણા કરવામાં આવી કે "બાહડ મંત્રી શત્રુંજય સંઘ લઈને જાય છે, જેને આવવાની ઈચ્છા હોય તે આવી શકે છે, પરંતુ તેમણે ૬ નિયમોનું પાલન કરવું પડશે. (૧) બ્રહ્મચર્યનું પાલન (૨) ભૂમિ શયન (૩) એકાસણા (૪) સમકિતધારી બની રહેવું (૫) સચિત્ત વસ્તુનો ત્યાગ (૬) પદ યાત્રા. બધા યાત્રાળુઓ માટે ભોજન વગેરેની વ્યવસ્થા બાહડ મંત્રી કરશે."

આ ઘોષણાને સાંભળી ધર્મપ્રેમી લોકો આનંદવિભોર થઈ ગયા અને હજારો નર-નારીઓ શત્રુંજય તીર્થ યાત્રામાં જોડાયા. શુભ મુહૂર્તમાં મંગલ પ્રયાણ થયું. બધા જ ગામમાં યાત્રિકોનું સ્વાગત થયું અને બધા જ ગામોથી બીજા યાત્રિકો પણ જોડાયા. બધા જ ગામોમાં મહામંત્રી ઉદાર મનથી દાન દેતા અને જિન મંદિરોનાં અહોભાવથી પૂજા ભક્તિ કરતા. આ યાત્રાનો ઉદ્દેશ્ય તો બધા લોકો જાણતા જ હતા કે પિતા ઉદયન મંત્રીની અંતિમ ઈચ્છાને પૂર્ણ કરવા હેતુ બાહડ મંત્રી ગિરિરાજ પર નવું ભવ્ય મંદિર બનાવવા માટે સંઘ સહિત જઈ રહ્યા છે.

સંઘ ગિરિરાજની પવિત્ર છાયામાં પહોંચી ગયો. સંઘસહિત મહામંત્રી શત્રુંજય પર્વત પર ચઢ્યા. હજારો યાત્રિકો બુલંદ અવાજથી આદિનાથ દાદાની જયનાદ કરવા લાગ્યા. બધા લોકો ભાવપૂર્વક દર્શન - પૂજન - ચૈત્યવંદન વગેરે કરી ધન્ય બન્યા. મહામંત્રી બાહડ શિલ્પકારોને પાટણથી પોતાની

સાથે લાવ્યા હતા. ત્યાં જ મહામંત્રીએ ચારેબાજુ મંદિરનું નિરીક્ષણ કરી, વિચાર-વિમર્શ કરી જીર્ણોદ્ધારનું કાર્ય શરૂ કરાવ્યું. શત્રુંજય પર્વત પર મંદિર બે વર્ષમાં તૈયાર થયું. બાહડ મંત્રીને સમાચાર મળ્યા કે મંદિર બની ગયું ત્યારે મંત્રીએ સમાચાર દેવાવાળા કર્મચારીને સુવર્ણ મુદ્રા ભેટમાં આપી.

બીજા દિવસે જ સમાચાર આવ્યા કે જોરદાર પવનના કારણે મંદિરનો ઘણોખરો ભાગ તૂટી ગયો. બાહડ મંત્રી જલ્દી ગિરિરાજ પર ચઢ્યા. શિલ્પકાર નિરાશ થઈ મંદિરના તૂટેલા પથ્થરોને જોઈ રહ્યા હતા. મંત્રીશ્વરે પૂછ્યું - "આ કેવી રીતે થયું ?"

**મુખ્ય શિલ્પકાર :-** "આ પહાડ ઊંચો છે. પહાડના મંદિરોમાં ભમતી (પ્રદક્ષિણા) ન બનાવવી જોઈએ અને અમે બનાવી. એમાં હવા ભરાઈ જવાના કારણે મંદિર તૂટી ગયું."

**બાહડ મંત્રી :-** "કંઈ વાંધો નહીં, ફરીથી પ્રદક્ષિણા વગરનું મંદિર બનાવો."

**શિલ્પકાર :-** "પણ મંત્રીશ્વર પ્રદક્ષિણા વગર મંદિર કેવી રીતે બનશે ?"

**બાહડ મંત્રી :-** "કેમ ? શું તકલીફ છે ?"

**શિલ્પકાર :-** "બહુ મોટી તકલીફ છે, મંત્રીશ્વર ! પ્રદક્ષિણા વગરનું મંદિર બનાવવા વાળોનો વંશ નિર્વંશ હોય છે. એમના વંશની વૃદ્ધિ થતી નથી."

મહામંત્રીએ હસતા હસતા કહ્યું - "બસ, આ જ તકલીફ છે ? એમાં ચિંતા કરવાની શું વાત છે ? આપ દુઃખી કેમ થાઓ છો ? ભવ્ય મંદિર બનવું જ જોઈએ. હું નિર્વંશ રહુ મને એની કોઈ ચિંતા નથી. કોને ખબર સંતાન સંસ્કારી હશે કે કુસંસ્કારી ? અને કોને ખબર છે કે મારી સંતાન મારી કીર્તિને ઉજ્જવળ બનાવશે જ ? સંતાન ખરાબ હશે તો મારી કીર્તિને ધૂળમાં મેળવી દેશે. એટલે હું નિર્વંશ રહીશ તો પણ ચાલશે. આ મંદિર જ મારા માટે બધુ છે. ફરીથી શરૂ કરો. જેમ થાય તેમ મંદિર જલ્દી પૂરૂં કરો." મહામંત્રીની નિષ્કામ ભક્તિની વાત ગુજરાત અને સૌરાષ્ટ્રના ઘર-ઘરમાં થવા લાગી. બાહડ મંત્રીએ મંદિરનું કામ પૂર્ણ કરાવ્યું. આદિનાથ દાદાની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવવા માટે મહામંત્રીએ સ્વયં આરાધ્ય ગુરૂદેવ શ્રી હેમચંદ્રાચાર્યને પ્રેમપૂર્વક વિનંતી કરી. વિક્રમ સંવત ૧૨૧૧ ના શુભ દિને આચાર્ય દેવે બહુ જ ધૂમધામથી પ્રતિષ્ઠા કરી. આ મહોત્સવમાં જોડાવા માટે ભારતથી હજારો ભાવિક આત્માઓ આવી. બધાએ બાહડ મંત્રીની જિનભક્તિ, પિતૃભક્તિ અને દાનવીરતાની દિલ ખોલીને પ્રશંસા કરી. બધાના મુખેથી એક જ વાત નીકળી રહી હતી 'ધન્ય પિતા, ધન્ય પુત્ર !' આ પ્રમાણે બાહડ મંત્રી દ્વારા શત્રુંજયનો તેરમો જીર્ણોદ્ધાર થયો.

# સંપ્રતિ મહારાજા

અશોક સમ્રાટના પૌત્ર અને રાજા કુણાલના પુત્ર સમ્રાટ સંપ્રતિ જગતના સર્વકાલીન મહાન રાજાઓમાં ગૌરવમય સ્થાને પ્રાપ્ત છે. સંપ્રતિ મહારાજા પોતાના દાદા સમ્રાટ અશોકની જેમ પ્રજાવત્સલ, શાંતિપ્રિય અને અહિંસાના અનુરાગી તેમજ પ્રતાપી સમ્રાટ હતા. એકવાર સંપ્રતિ મહારાજા પોતાના મહેલના ઝરૂખામાં બેઠા હતા. રાજમાર્ગ પર જઈ રહેલા આચાર્ય સુહસ્તિ સુરિજીને દેખતાં જ સંપ્રતિ મહારાજાને એવો અનુભવ થયો કે માનો એ સાધુ પુરુષથી વર્ષોથી પરિચિત છે. ધીરે - ધીરે પૂર્વ જન્મનું સ્મરણ સંપ્રતિ મહારાજાના ચિત્તમાં ઉભરવા લાગ્યું. મહેલથી નીચે ઊતરીને આચાર્યશ્રીને પાસે જઈને ચરણોમાં નતમસ્તક થયા અને એમણે ગુરુ મહારાજને મહેલમાં પધારવા માટે નિવેદન કર્યું.

મહેલમાં પધાર્યા પછી સંપ્રતિ મહારાજાએ પૂછ્યું. "ગુરુદેવ મને ઓળખ્યો ?" જ્ઞાની આચાર્ય સુહસ્તિસૂરિએ કહ્યું, "હાં, વત્સ ! તને ઓળખ્યો, તું પૂર્વજન્મમાં મારો શિષ્ય હતો." આ સાંભળીને સંપ્રતિએ કહ્યું, "ગુરુદેવ આપની કૃપાથી જ હું રાજા બન્યો છું. હું તો કૌશંબીનો એક ભિખારી હતો. જ્યારે એકવાર કૌશંબી નગરીમાં ભીષણ દુષ્કાળ પડ્યો હતો, ત્યારે પણ શ્રાવકગણ સાધુઓની ઉત્સાહ સહિત વૈયાવચ્ચ કરતા હતા. એ સમયે મને રોટલીનો ટુકડો પણ મળતો ન હતો. મેં સાધુઓની પાસે ભિક્ષા માંગી, ત્યારે આપે બતાવ્યું કે જો હું દિક્ષા લઉં, તો આપ મને ભોજન આપી શકો છો. ખાવા માટે મેં દીક્ષા લીધી અને દીક્ષા લઈને દબાઈને ભોજન કર્યું. રાત્રે મારા પેટમાં પીડા થઈ અને એ વધતી ગઈ ત્યારે બધા શ્રાવક મારી સેવામાં લાગી ગયા. આ જોઈને હું વિચારવા લાગ્યો કે કાલે જે મારી સામું પણ જોતાં નહોતા તે શ્રેષ્ઠી આજે મારા પગ દબાવી રહ્યા છે. ધન્ય છે આ સાધુ વેશને. મારી પીડા વધતી ગઈ ત્યારે આપે મારી સમતા અને સમાધિ ટકાવવા માટે મને નવકાર મંત્ર સંભળાવ્યો. ગુરુદેવ આપની કૃપાથી મારૂં સમાધિમરણ થયું અને મેં આ રાજકુટુંબમાં જન્મ લીધો. આ રાજ્ય હું આપને સમર્પિત કરું છું. એનો સ્વીકાર કરી આપ મને ઋણમુક્ત કરો."

અપરિગ્રહધારી વિરક્ત મુનિ ભલા રાજ્યનું શું કરે ? આચાર્યશ્રીએ એને જૈન ધર્મનો ઉપદેશ આપ્યો. સંપ્રતિ મહારાજા ધર્મના સાચા આરાધક અને મહાન પ્રભાવક બન્યા. ભારતની સીમાથી પણ દૂર જૈન ધર્મનો પ્રચાર કર્યો. ગુરૂદેવના પૂર્વજન્મના અને આ જન્મના ઉપકારોને સંપ્રતિ મહારાજાને શિરોધાર્ય કર્યા.

સંપ્રતિ મહારાજાએ કેટલીક વ્યક્તિઓને સાધુના આચાર શીખવાડીને સાધુનો વેશ પહેરાવીને અનાર્ય દેશમાં પણ મોકલ્યા. એમના દ્વારા અનાર્ય લોકોને પણ સાધુના આચારોથી અવગત કરાવ્યા અને એના પછી ત્યાં પણ સાચા સાધુઓનો વિહાર કરાવ્યો.

એકવાર યુદ્ધમાં વિજયી બનીને સંપ્રતિ મહારાજા પોતાની રાજધાની ઉજ્જૈનીમાં પાછા આવ્યા. ચારેબાજુ હર્ષોલ્લાસનું વાતાવરણ હતું, પરંતુ સંપ્રતિ મહારાજાની માતા કંચનમાલાના ચહેરા ઉપર

ઘોર વિષાદ તેમજ નિરાશાના વાદળ છવાયેલા હતા. સંપ્રતિ મહારાજાએ માતાની પાસે આવીને પ્રણામ કરીને વ્યથાનું કારણ પૂછ્યું - "હે માતા ! આજે મારા વિજયથી આખું નગર હર્ષોલ્લાસમાં ડૂબેલું છે, ત્યારે આપ કેમ શોકમગ્ન લાગી રહ્યા છો ? પુત્ર જ્યારે કમાણી કરીને ઘરે આવે છે, ત્યારે માતા હર્ષિત થાય છે. હું તો ભરતના ત્રણ ખંડો ઉપર વિજયી થઈને પાછો આવ્યો છું, તોય આપને હર્ષ કેમ નથી ?" સંપ્રતિ મહારાજા માનતા હતા કે મને જોઈને સંપૂર્ણ જગત ભલેને ખુશ થાય છે, પરંતુ મારી માતા જ ખુશ ન હોય તો અન્ય બધાનો હર્ષ મારા માટે નિરર્થક છે. કેવી માતૃભક્તિ છે ?


આ માતા પરમ શ્રદ્ધાળુ શ્રાવિકા હતી, માટે દુનિયાથી નિરાળી હતી. દુનિયા પુત્રના શરીરને જુએ છે, જ્યારે શ્રાવિકા એમની આત્માને દેખે છે. વિવેકી માતાએ કહ્યું, "હે પુત્ર ! રાજ્ય તો તારી આત્માને નરકમાં લઈ જવાવાળું છે. તારા જન્મ-મરણના દુઃખોમાં વૃદ્ધિ કરવા વાળું છું. હું જો તારી સાચી જનેતા હોઉં, તો એવા રાજ્યની કમાણીથી મને હર્ષ કેવી રીતે થઈ શકે છે ? મને હર્ષ ત્યારે થશે, જ્યારે તું જે પૃથ્વીને જીતી આવ્યો છે તે સમગ્ર પૃથ્વીને જિનાલયોથી સુશોભિત કરીશ. તારી સંપત્તિથી ગામે-ગામમાં જિનમંદિર ઊભા કરી દઈશ." કેવી હશે આ રાજમાતા ! બાળપણથી જ એમણે પોતાના પુત્રને કેવા સંસ્કાર આપ્યા હશે ? એ પવિત્ર સંસ્કારોનું સિંચન કરવાવાળા સુપુત્ર માતાને શોકમગ્ન રહેવા દેશે શું ? એમની ઈચ્છાઓનું અનાદર કરશે શું ? ક્યારેય નહીં.

સંપ્રતિ મહારાજાએ માતાના મુંખેથી નીકળેલા વચનોને શિરોધાર્ય કર્યા અને ત્યાં જ સંકલ્પ કરી લીધો. "આખી પૃથ્વીને જિનમંદિરોથી મંડિત કરી દેવાનો." જ્યોતિષિઓને બોલાવ્યા અને પોતાનું આયુષ્ય પૂછ્યું. ઉત્તર મળ્યો - 'રાજન્, આપનું આયુષ્ય તો હજુ ૧૦૦ વર્ષ બાકી છે.' "૧૦૦ વર્ષના દિવસ કેટલા ?" "રાજન્ ! ૩૬ હજાર." પછી રોજ એક મંદિર બાંધવાનો સંકલ્પ કરીને સંપ્રતિ મહારાજાએ પૃથ્વીને મંદિરોથી મંડિત કરવાનું કાર્ય પ્રારંભ કરી દીધું. પ્રતિદિન એક જિનાલયના ખનન મુહૂર્ત થયાના સમાચાર સાંભળ્યા પછી જ માતાને પ્રણામ કરીને ભોજન કરતા હતા. માતા પણ હર્ષિત થઈને સદૈવ પુત્રના કપાળ ઉપર તિલક કરીને મંગળ કરતી હતી.

આ પ્રમાણે સંપ્રતિ મહારાજાએ ૩૬૦૦૦ નવા જિનાલય બંધાવ્યા અને ૮૯ હજાર જિન મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. અર્થાત્ કુલ મળીને સવા લાખ જિન મંદિર બનાવડાવ્યા અને સવા કરોડ પ્રતિમાઓ ભરાવી. આ સિવાય પોતાના રાજ્યમાં કોઈ જીવ ભૂખ્યો કે દુઃખી ન રહે, એના માટે ૭૦૦ દાનશાળાઓ શરૂ કરાવી.

**આધ્યાત્મિક પ્રતિજ્ઞા પત્ર**

સિદ્ધશીલા આ મારો દેશ છે. અરિહંત ભગવાન મારા દેવ છે. પાંચ મહાવ્રતના પાલક સાધુ-સાધ્વીજી મારા ગુરુ છે. અરિહંત દેવની આજ્ઞારૂપ મારો ધર્મ છે. હું મારા માતા-પિતા, વડીલ, વિદ્યાગુરુના પ્રત્યે હંમેશા વિનયવાન રહીશ. નિત્ય ઉપાશ્રય તથા પાઠશાળા જઈશ. મારા રગરગમાં જૈનત્વની ખુમારી સદા રાખીશ. સર્વ જીવોના પ્રત્યે મૈત્રીભાવ રાખીશ. "સંસાર છોડવા જેવો છે, સંયમ લેવા જેવો છે, મોક્ષ પ્રાપ્ત કરવા જેવો છે" આ મારો મુદ્રાલેખ છે. હું મારા ધર્મને બહુજ ચાહું છું. એની સમૃદ્ધ તેમજ વૈવિધ્યપૂર્ણ જાયદાદનો મને ગર્વ છે. હું જિનશાસનને વફાદાર રહીશ.


૧૪ રાજલોક
सिद्ध
सिद्धशिला
अनुत्तर
ग्रैवेयक
देव
लोक
किल्विषिक
लोकांतिक
ऊर्ध्वलोक
१२
देव
किल्विषिक
लोक
किल्विषिक
चर-स्थिर ज्योतिष्क
द्वीप समुद्र
व्यंतर
भवनपति
नरक १
अधोलोक
नरक २
नरक ३
नरक ४
नरक ५
नरक ६
नरक ७
त्रसनाडी


મેરુ પર્વત અને જ્યોતિષ ચક્ર
અભિષેક શિલા
પાંડુક વન
૩૬૦૦૦ યોજન
ત્રીજો કાંડ
બીજી મેખલા
સોમનસ વન
ઉર્ધ્વલોક
૬૨,૫૦૦ યોજન
૯૦૦ યો. શનિ ગ્રહ
૮૯૭ યો. મંગલ ગ્રહ
૮૯૪ યો. ગુરુ ગ્રહ
૮૯૧ યો. શુક્ર ગ્રહ
૮૮૮ યો: બુધ ગ્રહ
૮૮૪ યો. નક્ષત્ર
૮૮૦ યો. ચન્દ્ર
૮૦૦ યો. સૂર્ય
૭૯૦ યો. તારા
તિર્છાલોક
બીજો કાંડ
નંદન વન
પ્રથમ મેખલા
૫૦૦ યોજન
ભદ્રશાલ વન
ભૂમિ સ્થાનમાં ૧૦,૦૦૦ યોજન
૧૦૦૦ યોજન
પ્રથમ કાંડ
અધોલોક


तत्त्वज्ञान



# કપાતી ગાયો કરે પોકાર
# બંધ કરો આ અત્યાચાર

ગાય, જેને ગૌમાતા પણ કહેવાય છે, આ ગૌમાતા જે આપણને દૂધ જેવું ઉત્તમ રસાયણ આપી આપણાં શરીરને પુષ્ટ બનાવવામાં સહાયક થાય છે. તે જ જ્યારે વૃદ્ધ થઈ જાય અથવા દૂધ આપવાનું બંધ કરી દે ત્યારે આપણને બોજ રૂપી થવા લાગે છે અથવા થોડાં રૂપિયાના બદલે આજનો માનવી તેને કસાઈના હવાલે કરી દે છે અથવા બજારમાં છોડી દે છે, ત્યારે ગાય લોકોની માર ખાય છે અથવા કસાઈ પકડીને લઈ જાય છે. જ્યાં તેને ક્રુરતાથી મારી દેવાય છે. શું આવો વ્યવહાર આપણે આપણી માઁ સાથે કરી શકીએ ?

ઘરડી ગાયની ચામડી કઠોર બની જવાથી તેને સોફ્ટ બનાવવા માટે એને સાંકળથી બાંધી એવી જગ્યાએ ઉભી કરી દે છે જ્યાંથી એના શરીર ઉપર સતત ગરમ પાણીનો જોરદાર ફુવારા ચાલુ રહે છે. આની સાથે-સાથે ૪-૫ લોકો હંટર થી એને જોર-જોરથી પીટે છે. જેનાથી એનું શરીર ગરમપાણી અને હંટરના મારથી સૂજીને ફૂલી જાય છે. આવી ભયાનક પીડા થી છૂટવા માટે તે બિચારી બહુજ તડપે છે પણ કસાઈયોના હાથમાં ગયા પછી આજ સુધી કોણ બચ્યું છે.

સતત ૮-૧૦ કલાકની મારથી બિચારીનું શરીર સૂજીને ફૂલી જાય છે અને આવી અસહ્ય પીડા થી તે લગભગ બેહોશ થઈ જાય છે. પણ આટલાથી છુટકારો ક્યાં ??? આના પછી કસાઈ તેને કરંટ આપે છે. ત્યારે તે તડપી-તડપીને પોતાના પ્રાણ ત્યજી દે છે. પછી એના શરીર ઉપરથી ચામડી ઉતારી દેવાય છે. જેનાથી બનતું પર્સ, બૂટ, બેલ્ટ, કોટ આદિ વસ્તુઓ પહેરીને આપણે ફરીએ છીએ અને શાન થી પોતાને જૈન કહીએ છીએ. શું તમે જૈન કહેવાને લાયક છો ???




જરા વિચારો ? ચામડા થી બનતી વસ્તુઓનો ઉપયોગ કરીને આપણે જ ગૌમાતાની આટલી ક્રૂરતા પૂર્વક બેરહમીથી કરી ગઈ હત્યાના જવાબદાર નથી ?





### ત્રસ નાડી




### અધોલોક

તિર્ચ્છાલોકની નીચે અધોલોકમાં સાત નરક છે. આ સાતે નરક પૃથ્વી ઉલ્ટા છત્ર (A) ના આકાર વાળી છે. આ નરક પૃથ્વીઓની નીચે અનુક્રમથી ૨૦,૦૦૦ યોજન સુધી ઘનોદધિ (ઘાટું પાણી) (B) પછી અસંખ્ય યોજન સુધી ઘનવાત (ઘાટું પવન) (C), એના બાદ અસંખ્ય યોજન સુધી તનવાત (પાતળો પવન) (D), બાદમાં અસંખ્ય યોજન સુધી આકાશ (E) રહેલો છે. આ રીતે પ્રથમ નરક પૃથ્વીથી સાતમી નરક પૃથ્વી સુધી સમજવું.

આ નરકોમાં સંખ્યાતા અને અસંખ્યાતા યોજન વાળા નરકાવાસ હોય છે. તે કુલ નરકાવાસ ૮૪ લાખ છે. આ નરકાવાસમાં નારકી જીવોના ઉત્પન્ન થવાના ગોખલા હોય છે. આ જ એમની યોનિ છે. પાપી જીવ નરકમાં જાય છે. ત્યાં ઉત્પન્ન થતા જ અંતર્મુહૂર્ત (૪૮ મિનિટ) માં શરીર ગોખલાથી પણ મોટું થવાથી નીચે પડવા લાગે છે. એટલામાં તરત જ પરમાધામી ત્યાં આવી પૂર્વકૃત કર્મ અનુસાર એમને દુઃખ આપવા લાગે છે. જેમ કે મધ પીવાવાળાને ગરમ સીસુ પીવડાવે છે. પરસ્ત્રી લંપટીને અગ્નિમય લોખંડની પુતળીની સાથે આલિંગન કરાવે છે, ભાલાથી વીંધે છે, તેલમાં તળે છે, ભઠ્ઠીમાં સેકે છે, ઘાણીમાં પીલે છે, કરવતથી કાપે છે, પક્ષી, સિંહ આદિના રૂપ બનાવી પીડા આપે છે, લોહીની નદીમાં ડૂબાડે છે, તલવારના જેવા પાંદડાઓ વાળા વન અને ગરમ રેતીમાં દોડાવે છે, વજ્રમય કુંભીમાં જ્યારે એમને તપાવે છે ત્યારે તે પીડાથી ૫૦૦ યોજન સુધી ઉછળે છે. ઉછળીને જ્યારે નીચે પડે છે ત્યારે આકાશમાં પક્ષી અને નીચે સિંહ-ચિત્તો વગેરે મુખ ફાડી ખાવા દોડે છે. આ રીતે અતિ ભયંકર વેદના થાય છે.

વિશેષમાં -

**પ્રથમ ત્રણ નરકમાં** - ક્ષેત્રકૃત, હથિયારથી પરસ્પર લડાઈ અને પરમાધામી કૃત એમ ત્રણ પ્રકારની વેદના થાય છે.

**ચોથી - પાંચમી નરકમાં** - ક્ષેત્રકૃત તથા પરસ્પર હથિયારથી લડાઈ થાય છે.

**છઠ્ઠી-સાતમી નરકમાં** - ક્ષેત્રકૃત તથા પરસ્પર હથિયાર વગર લડે છે અને એકબીજાના શરીરમાં પ્રવેશ કરી ભયંકર પીડા કરે છે.

નીચેની નરકોમાં પરમાધામી ન હોવા છતા પણ ક્ષેત્રકૃત વેદના એટલી ભયંકર હોય છે કે તે વેદના પરમાધામી કૃત વેદનાથી પણ વધારે હોય છે.

**સાતે નરકમાં ક્ષેત્ર (સ્થાનિક) વેદનાના ૧૦ પ્રકાર**

**૧) શીત વેદના** :- હિમાલય પર્વત પર બરફ પડતો હોય-અને ઠંડી હવા ચાલી રહી હોય તેનાથી પણ અનંતગણી ઠંડી નારકી જીવ સહન કરે છે.

**૨) ઉષ્ણ વેદના** :-ચારે બાજુ અગ્નિની જ્વાળાઓ હોય અને ઉપર સૂર્ય ભયંકર તપી રહ્યો હોય એનાથી પણ અધિક તાપ.

**૩) ભૂખની વેદના** :- દુનિયાભરની બધી વસ્તુ ખાઈ જાઈએ તો પણ ભૂખ નથી મટતી.

**૪) તૃષાવેદના** :- બધા નદી-તળાવ-સમુદ્રનું પાણી પી લઈએ તો પણ શાંત ન થાય એવી તૃષા લાગે છે.

**૫) ખાજની વેદના** :- ચાકૂથી ખણીએ તો પણ ખંજવાળ નથી મટતી.

**૬) પરાધીનતા** :- હમેશા પરાધીન જ રહે છે.

**૭) તાવ** :- હમેશા શરીર ખૂબ ગરમ રહે છે.

**૮) દાહ** :- અંદરથી બહુ જ બળે છે.

**૯) ભય** :- પરમાધામી અને અન્ય નારકોનો સતત ભય રહે છે.

**૧૦) શોક** :- ભયના કારણે સતત શોક રહે છે.

દીવાલ આદિના સ્પર્શ માત્રથી પણ એમના શરીરના ટુકડા ટુકડા થઈ જાય છે. નરકની જમીન માંસ, ખૂન, શ્લેષ્મ, વિષ્ટાથી ભરપૂર હોય છે. નરકમાં રંગ-બિભત્સ, ગંધ - સડેલા મૃત કલેવર સમાન, રસ - કડવું અને સ્પર્શ વીંછીની સમાન હોય છે. નિર્વસ્ત્ર અને પાંખ છેદવા પર જેવી પક્ષીની આકૃતિ થાય છે તેવી અત્યંત બિભત્સ આકૃતિ વાળા નારકીના જીવ હોય છે.

## નરકમાં કોણ જાય છે ?

અતિ ક્રૂર, સિંહાદિ, સર્પ, પક્ષી, જળચર નરકમાંથી આવે છે અને ફરી નરકમાં જ જાય છે.

ધનની લાલસા, તીવ્ર ક્રોધ, શીલ નહીં પાળવા પર, રાત્રિ ભોજન કરવા પર, શરાબ, માંસ, હોટલ વગેરેનું ખાવા પર અને બીજાને સંકટ વગેરેમાં નાખવા પર જીવ નરકમાં જાય છે તથા પાપ, મહા મિથ્યાત્વ અને આર્ત્ત-રૌદ્ર ધ્યાનને કારણે જીવ નરકમાં જઈ એવી તીવ્ર વેદનાને સહન કરે છે. ત્યાં એને બચાવવા અને સહાય કરવા માટે કોઈ નથી હોતુ. ત્યાં માતા-પિતા યા સગા-સંબંધી પણ નથી હોતા. સહાનુભૂતિ આપવાવાળું પણ કોઈ નથી હોતુ.

# પરમાધામી દેવ

પરમ અધાર્મિક હોવાથી એમને પરમાધામી કહેવાય છે. આ જીવ ભવ્ય હોય છે. આ પરમાધામી પોતાના પૂર્વભવમાં ક્રૂર કર્મી, સંકિલષ્ટ, અધ્યવસાયી, પાપ કર્મમાં જ આનંદનો અનુભવ કરવા વાળા છે. પંચાગ્નિરૂપ મિથ્યા કષ્ટ ક્રિયાવાળા અજ્ઞાનતપ કરવાથી એમને આવો અવતાર મળે છે. નારકી જીવોને દુઃખ દેવામાં, એમના પર પ્રહાર કરવામાં તથા દુઃખથી એમને રડતા જોઈ પરમાધામી અત્યંત ખુશ થાય છે. આનંદના અતિરેકમાં તાળીઓ વગાડી અટ્ટહાસ કરે છે કેમ કે નારકી જીવોને દુઃખ દેવામાં એમને જે આનંદ આવે છે તે આનંદ તેમને દેવલોકના નાટકાદિ જોવામાં પણ નથી આવતો. નારકી જીવોના દુઃખમાં આનંદ માનવાના કારણે મહાકર્મ બાંધી આ પરમાધામી દેવ મરી અંડગોલિક જલ મનુષ્યના રૂપમાં ઉત્પન્ન થાય છે.

આ અંડગોલિક મનુષ્ય વજ્રઋષભનારાચ સંઘયણ વાળા મહાપરાક્રમી, માંસ-મદિરા અને સ્ત્રીઓના મહાલોલુપી હોય છે. એમના શરીરમાં એક ગોળી હોય છે જેના પ્રભાવથી જળમાં રહેલા નાના-મોટા જીવ-જંતુ એમની પાસે નથી આવતા. રત્નના વ્યાપારી સમુદ્રની ગહેરાઈથી રત્ન વગેરે લાવવા માટે જળમાં રહેતા જીવોથી પોતાની રક્ષા માટે એવી અંડગોલિયાઁ પ્રાપ્ત કરવાની ચાહમાં એને પકડવાનો પ્રયાસ કરે છે.

આ અંડગોલિક મનુષ્ય અત્યંત શક્તિશાળી હોવાથી સાધારણ મનુષ્યને પકડીને જ કાચો ખાઈ જાય છે. એમને પકડવા માટે રત્નના વ્યાપારી એક વજ્રમય ઘટ્ટી બનાવે છે જે યંત્રથી ચાલે છે. આ ઘટ્ટીમાં એક વાર ફસાયા પછી આ અંડગોલિક બચી નથી શકતા. આ ઘટ્ટીના બે પટ્ટ હોય છે, વ્યાપારી આ વજ્રની ઘટ્ટીના બંને પટ્ટ ખોલી તેને એક જગ્યા પર રાખી દે છે અને જ્યાં આ અંડગોલિક રહે છે તે સ્થાનથી લઈ ઘટ્ટી સુધી શરાબ માંસ આદિ ભોગ સામગ્રી બિછાવી દે છે. ઘટ્ટીની અંદર પણ ખૂબ અધિક માંસ શરાબ રાખી દે છે.

આ અંડગોલિક માંસ તથા શરાબને જોઈ આનંદ મગ્ન થઈ એને ખાતા-ખાતા થોડા દિવસમાં ઘટ્ટીમાં ઘુસી જાય છે ત્યારે તે વ્યાપારી બટન દબાવી ઘટ્ટીના પટ્ટના દરવાજા બંધ કરી દે છે અને ઘટ્ટી શરૂ કરી દે છે. અંડગોલિક એમાં પીસવા લાગે છે. એની પીડાનો કોઈ પાર નથી રહેતો, પીડાથી તે ચિલ્લાવા લાગે છે. એમની ચીસથી પૂરું વાતાવરણ ગૂંજવા લાગે છે. એમના હાડકાઓ મજબૂત હોવાથી જલ્દી તૂટતા નથી. પરિણામતઃ એને છ મહિના સુધી પીસવામાં આવે છે. છ મહિના સુધી પીસવાથી અંતમાં એના શરીરનું ચૂરણ થાય છે.

મહાઘોરાતિઘોર નારકીય યાતનાઓ ભોગવતા ભોગવતા અંડગોલિક અતિ રૌદ્ર ધ્યાનમાં મરી નરકમાં ઉત્પન્ન થાય છે. "જેવી કરણી તેવી ભરણી" કહેવત અનુસાર બીજાને દુઃખ દેવાના કારણે સ્વયંને દુઃખ ભોગવવું પડે છે.

## સાત નારકીના નામ - ગોત્ર - કારણ અને આયુ :-

| નરક | નામ | ગોત્ર | કારણ | આયુ | શરીરની ઊંચાઈ |
|---|---|---|---|---|---|
| ૧ | ધમ્મા | રત્નપ્રભા | રત્નમય | ૧ સાગ. | ૭$^{3/4}$ ધનુ. ૬ આંગળ |
| ૨ | વંશા | શર્કરાપ્રભા | કંકરમય | ૩ સાગ. | ૧૫$^{1/2}$ ધનુ ૧૨ આંગળ |
| ૩ | શૈલા | વાલુકાપ્રભા | રેતીમય | ૭ સાગ. | ૨૧$^{1/4}$ ધનુ |
| ૪ | અંજના | પંકપ્રભા | કાદવમય | ૧૦ સાગ. | ૬૨$^{1/2}$ ધનુ |
| ૫ | રીષ્ટા | ધૂમપ્રભા | ધૂમાડા જેવી | ૧૭ સાગ. | ૧૨૫ ધનુ |
| ૬ | મઘા | તમસ્પ્રભા | અંધકારમય | ૨૨ સાગ. | ૨૫૦ ધનુ |
| ૭ | માધવતી | તમસ્તમપ્રભા | અતિઅંધકારમય | ૩૩ સાગ. | ૫૦૦ ધનુ. |

## કેટલા નરકમાંથી આવવાવાળા જીવ શું બની શકે છે ?

પહેલી નરકથી આવેલો જીવ ચક્રવર્તી બની શકે છે.

બે નરકથી આવેલો જીવ વાસુદેવ બની શકે છે.

ત્રણ નરકથી આવેલો જીવ અરિહંત બની શકે છે.

ચાર નરકથી આવેલો જીવ કેવલી બની શકે છે.

પાંચ નરકથી આવેલો જીવ સાધુ બની શકે છે.

છ નરકથી આવેલો જીવ શ્રાવક બની શકે છે.

સાત નરકથી આવેલો જીવ સમ્યક્ત્વી બની શકે છે.

## કયા જીવ ક્યાં સુધી જાય છે ?

| | | | |
|---|---|---|---|
| સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય | - ૧ નરક સુધી | નોળિયો, ઉંદર વગેરે | - ૨ નરક સુધી |
| પક્ષી | - ૩ નરક સુધી | સિંહ | - ૪ નરક સુધી |
| સર્પ | - ૫ નરક સુધી | સ્ત્રી | - ૬ નરક સુધી |
| પુરુષ અને મત્સ્ય | - ૭ નરક સુધી | | |

## તીર્થંકર પ્રભુના જન્મ સમયે કઈ નરકમાં કેટલો પ્રકાશ ફેલાય છે ?

| | | | |
|---|---|---|---|
| પહેલી નરકમાં | - તેજસ્વી સૂર્ય સમાન | બીજી નરકમાં | - આચ્છાદિત સૂર્ય સમાન |
| ત્રીજી નરકમાં | - તેજસ્વી ચંદ્ર સમાન | ચોથી નરકમાં | - આચ્છાદિત ચંદ્ર સમાન |
| પાંચમી નરકમાં | - ગ્રહ સમાન | છઠ્ઠી નરકમાં | - નક્ષત્ર સમાન |
| સાતમી નરકમાં | - તારા સમાન | | |

નોંધ :- ૧) નરકમાં અવધિ અથવા વિભંગ જ્ઞાન હોય છે.


૨) નારકી જીવોનો વૈક્રિય શરીર હોય છે.


૩) આસક્તિ પૂર્વક કરેલા કાર્યો માટે અધિક કષ્ટ સહન કરવાનું સ્થાન નરક છે.

૪) વર્તમાનમાં છેવટ્ઠું સંઘયણ હોવાના કારણે બીજી નરક સુધી જ જઈ શકાય છે.

૫) નરકમાંથી નીકળી જીવ પંચેન્દ્રિય તિર્યંચ અથવા મનુષ્ય જ બને છે.

૬) સાતમી નરકથી નીકળેલા જીવ પંચેન્દ્રિય તિર્યંચ જ બને છે.



## પ્રથમ નરક પૃથ્વી

પ્રથમ નરક પૃથ્વી ૧ લાખ ૮૦ હજાર યોજન ઊંચી છે. આ નરકમાં ૧૩ પ્રતર (માળા) છે તથા વચ્ચે વચ્ચે ભવનપતિ, પરમાધામી, તિર્યંકજૃમ્ભક દેવ, ઉપરના ભાગમાં વ્યંતર, વાણ વ્યંતર આદિ દેવોના ભવન છે. પ્રથમ નરકની સપાટી પર અસંખ્ય દ્વીપ - સમુદ્ર છે.

ચિત્રમાં બતાવ્યા અનુસાર ૧ લાખ ૮૦ હજાર (A) માંથી ઉપર અને નીચે ૧૦૦૦ - ૧૦૦૦ યોજન (B) છોડી વચ્ચે ૧ લાખ ૭૮ હજાર યોજનમાં ૧૩ નરક પ્રતર છે. આ ૧૩ નરક પ્રતરના ૧૨ આંતરા હોય છે. (C) એમાંથી નીચે ઉપરના ૧-૧ આંતરાને છોડી ૧૦ આંતરામાં ૧૦ ભવનપતિ દેવોના રમણીય અને વિશાળ ભવન અને ૧૫ પરમાધામી દેવોના સ્થાન છે. (D)

૧ લાખ ૮૦ હજારમાંથી ઉપર જે ૧૦૦૦ યોજન છોડ્યા હતા એમાંથી ઉપર-નીચે ૧૦૦-૧૦૦ યોજન છોડી (E) વચ્ચેના ૮૦૦ યોજનમાં ૮ વ્યંતર દેવોના આવાસ સ્થાન છે. (F)


ઉપરના ૧૦૦ યોજનમાં ઉપર નીચે ૧૦-૧૦ યોજન છોડી (G) વચ્ચેના ૮૦ યોજનમાં ૮ વાણવ્યંતર દેવોના સુંદર સ્થાન છે. (H)

આ બધા ભવન બહારથી ગોળ અંદરથી ચોરસ અને નીચેથી કમળની કર્ણિકા જેવા સુંદર છે. આ ભવન જંબૂદ્વીપ, મહાવિદેહ અને ભરતક્ષેત્ર જેટલા મોટા છે. ભૂત, પિશાચ, રાક્ષસ આદિ વ્યંતર દેવ છે. આ બધા સુખી દેવ છે. અત્યંત કેલીપ્રિય છે. શાસન દેવી-દેવતા પણ વ્યંતર નિકાયના જ દેવ છે.

આપઘાત આદિ અકૃત્રિમ મૃત્યુ પામવાવાળા કોઈ જીવ અકામ નિર્જરા દ્વારા અલ્પ આયુષ્ય તથા જઘન્ય અવધિજ્ઞાન વાળા વ્યંતર દેવ ભવમાં ઉત્પન્ન થાય છે. ત્યાંથી ફરવા નીકળેલા ભૂત, પિશાચ આદિ દેવ ફરતા - ફરતા ત્યાં આવી જાય છે અને અવધિજ્ઞાનથી પૂર્વભવનું ક્ષેત્ર જોઈ પૂર્વભવનું વેર યાદ આવવાથી અહીંના લોકોને હેરાન કરે છે. આ દેવો આગળ આગળ ૨૫-૨૫ યોજન જોતા જોતા અહીં સુધી આવી તો જાય છે પરંતુ ફરી પોતાના સ્થાન સુધી, જે એમના અવધિજ્ઞાનના ક્ષેત્રની અપેક્ષાથી દૂર હોવાના કારણે ત્યાં જઈ શકતા નથી અને અહીં જ વૃક્ષ આદિમાં અથવા મનુષ્યના શરીરમાં પ્રવેશ કરી જિંદગી પૂરી કરે છે. સ્વયં પણ દુ:ખી થાય છે અને બીજાને પણ દુ:ખી કરે છે.

ભવનપતિ તથા પરમાધામી દેવના આવાસ સ્થાન સમભૂતલાથી હજાર યોજન નીચે હોવાના કારણે અધોલોક વાસી દેવ કહેવાય છે. વ્યંતર - વાણવ્યંતર ઉપરના ૯૦૦ યોજનમાં હોવાથી તિર્ચ્છાલોકવાસી દેવ કહેવાય છે.

# મેરુ પર્વત અને જ્યોતિષ ચક્ર



# મેરૂ પર્વત

રત્નપ્રભા નરકની સપાટી પર અસંખ્ય દ્વીપ-સમુદ્ર છે. એમાં બધાની વચ્ચે ૧ લાખ યો. વિસ્તૃત જંબુદ્વીપ છે. આ દ્વીપની વચ્ચોવચ ૧ લાખ યો. ઊંચાઈ વાળો ગોળ મેરૂ પર્વત છે. જે સમભૂતલાથી ૧૦૦૦ યો. નીચે છે અને ૯૯૦૦૦ યોજન સમભૂતલાથી ઉપર છે. અને ૧૦૦ યો. અધોલોકમાં અને ૯૦૦ યો. તિર્ચ્છાલોકમાં છે તથા ૯૯,૦૦૦ યો. માંથી ૯૦૦ યો. તિર્ચ્છાલોક છે. બાકી ઉર્ધ્વલોક છે. આ પ્રમાણે મેરૂ પર્વત ત્રણે લોકમાં રહેલો છે. આ જમીન પર ૧૦,૦૦૦ યો. વિસ્તાર વાળો છે. પછી ઘટતા ઘટતા અંતમાં ૧૦૦૦ યો. પહોળો છે.

**મેરૂપર્વતના ૪ વનખંડ અને ૩ કાંડ :-**

૧) જમીનની તળેટી પર ભદ્રશાળ વન છે. અહીં સુધી પ્રથમ કાંડ છે.
૨) જમીનથી ૫૦૦ યો. ઉપર નંદનવન.
૩) નંદનવનથી ૬૨,૫૦૦ યો. ઉપર સોમનસ વન છે. અહીં સુધી દ્વિતીય કાંડ છે.
૪) સોમનસ વનથી ૩૬,૦૦૦ યો. ઉપર પાંડુક વન છે. આ તૃતીય કાંડ છે.

**પ્રથમ કાંડ** - માટી, પત્થર, કંકર અને હીરાથી બનેલો છે.
**દ્વિતીય કાંડ** - સ્ફટિકરત્ન, અંકરત્ન, ચાંદી અને સોનાથી બનેલો છે.
**તૃતીય કાંડ** - લાલ સોનાનો બનેલો છે.

એક લાખ યોજનના મેરૂ પર્વત પર બધાથી ઉપર જ્યાં પાંડુકવન છે તેની વચ્ચે ૪૦ યો. ની વૈડર્યરત્નમય ટેકરીની જેવી ચૂલિકા છે તથા આ જ વનની ૪ દિશામાં ૪ શાશ્વત જિન પ્રાસાદની બહાર મોટી મોટી સ્ફટિક રત્નમય ચાર શિલા છે જે ૫૦૦ યો. લાંબી, ૨૫૦ યો. પહોળી અને ૪ યો. ઊંચી છે. જેના પર પ્રભુનો જન્માભિષેક થાય છે.


### શિલાના નામ, દિશા તથા સિંહાસન અને પ્રભુનો જન્માભિષેક

**પૂર્વ દિશામાં પાંડુકંબલા નામક શિલા :-** આના પર બે સિંહાસન છે. પૂર્વ મહાવિદેહની ૧૬ વિજયોમાં જન્મેલા તીર્થંકરોનો અભિષેક આ શિલા પર થાય છે.

**પશ્ચિમ દિશામાં રક્તકંબલા નામક શિલા :-** આના પર પણ બે સિંહાસન છે. પશ્ચિમ મહાવિદેહની ૧૬ વિજયોમાં જન્મેલા તીર્થંકરોનો અભિષેક આ શિલા પર થાય છે.

**ઉત્તર દિશામાં અતિરક્તકંબલા નામક શિલા :-** આના પર એક સિંહાસન છે. ઐરાવત ક્ષેત્રમાં જન્મેલા તીર્થંકર પરમાત્માનો અભિષેક આ શિલા પર થાય છે.

**દક્ષિણ દિશામાં અતિપાંડુકંબલા નામક શિલા :-** આના પર પણ એક સિંહાસન છે. ભરત ક્ષેત્રમાં જન્મેલા તીર્થંકર પરમાત્માનો અભિષેક આ શિલા પર થાય છે.




## જ્યોતિષ ચક્ર

મેરૂપર્વતના મૂળ ભાગમાં ૮ રૂચક પ્રદેશ છે. આ ૧૪ રાજલોકનો મધ્ય ભાગ છે. એને સમભૂતલા કહેવાય છે. અહીંથી ૭૯૦ યોજન ઉપર જવા પર તારા મંડલ, ૮૦૦ યોજન પર સૂર્ય, ૮૮૦ યોજન પર ચંદ્ર, ૮૮૪ યોજન પર ૨૮ નક્ષત્ર છે, ૮૮૮ યોજન પર બુધ નામક ગ્રહ છે, ૮૯૧ યોજન પર શુક્ર ગ્રહ છે, ૮૯૪ યોજન પર ગુરૂ ગ્રહ છે, ૮૯૭ યોજન પર મંગળ ગ્રહ છે અને ૯૦૦ યોજન પર શનિ ગ્રહ છે.

આ પ્રમાણે ૭૯૦ થી ૯૦૦ યોજન સુધીના કુલ ૧૧૦ યોજનમાં સંપૂર્ણ જ્યોતિષ ચક્ર રહેલો છે. આ જ્યોતિષ ચક્ર (ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા) અસંખ્ય દ્વીપ, સમુદ્ર બધામાં છે. એમાંથી અઢી-દ્વીપ સમુદ્ર રૂપ જે મનુષ્ય ક્ષેત્ર છે, તેમાં રહેલો જ્યોતિષ ચક્ર મેરૂપર્વતથી ૧૧૨૧ યો. દૂર રહી મેરૂપર્વતની નિરંતર પ્રદક્ષિણા લગાવે છે. એટલે આ ૫ ચર જ્યોતિષ કહેવાય છે અને અઢી દ્વીપની બહાર જે જ્યોતિષ ચક્ર છે તે પોતાના સ્થાન પર સ્થિર રહેવાને કારણે તે ૫ અચર જ્યોતિષ કહેવાય છે.

આપણને બહારથી જે સૂર્ય ચંદ્ર આદિ દેખાય છે તે બધા જ્યોતિષ દેવોના વિમાન છે. આ વિમાન અડધી મોસંબીના આકારવાળા, સ્ફટિક રત્નમય અતિરમણીય અને મોટા છે. છતાં પણ દૂર હોવાના કારણે નાના દેખાય છે.

સૂર્યની નીચે કેતુ ગ્રહ અને ચંદ્રથી ચાર આંગળ નીચે રાહુ ગ્રહ ચાલે છે. આ રાહુ ગ્રહ બે પ્રકારના છે. એક પર્વ રાહુ, બીજો નિત્ય રાહુ.

પર્વ રાહુ પૂર્ણિમા અથવા અમાવસ્યાના દિવસે અચાનક ચંદ્ર અથવા સૂર્યને ગ્રસિત કરે છે. અર્થાત્ એનું વિમાન એકદમ કાળું હોવાથી તથા ચંદ્ર અને સૂર્યની આડમાં આવી જવાથી ચંદ્ર અને સૂર્યનું ગ્રહણ થયું એમ કહેવાય છે. સૂર્યગ્રહણ અમાવસના અને ચંદ્રગ્રહણ પૂનમના દિવસે થાય છે. જઘન્યથી સૂર્ય-ચંદ્ર ગ્રહણ ૬ મહિનાથી થાય છે. ઉત્કૃષ્ટથી ચંદ્રગ્રહણ ૪૨ વર્ષમાં અને સૂર્યગ્રહણ ૪૮ વર્ષમાં થાય છે. એક ચંદ્રના પરિવારમાં ૬૬,૯૭૫ કરોડ તારા હોય છે.

નિત્ય રાહુનો વિમાન પણ કાળો છે. કૃષ્ણ પક્ષમાં નિત્ય રાહુનો વિમાન ચંદ્રના વિમાનના સમકક્ષમાં થોડો થોડો આવ-જા કરે છે. અમાવસના દીવસે બરાબર ચંદ્રના પૂરા વિમાનની નીચે આવી જવાથી ચંદ્રનો પૂરો વિમાન ઢંકાઈ જાય છે. પછી શુક્લપક્ષમાં ગતિની તરતમતાના કારણે ચંદ્રનો વિમાન દેખાઈ આવે છે. પૂનમના દિવસે નિત્ય રાહુનો વિમાન સંપૂર્ણ દૂર થઈ જવાથી પૂર્ણ ચંદ્ર દેખાઈ આવે છે.

વાસ્તવમાં સૂર્યથી ચંદ્રનો વિમાન મોટો હોય છે. છતાં પણ ચંદ્રનો વિમાન અધિક ઊંચાઈ પર હોવાથી નાનું દેખાય છે. ક્રમશઃ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા ગતિમાં વધારે અને ઋદ્ધિમાં ઓછા છે. એક સૂર્ય અથવા ચંદ્રને જંબૂદ્વીપનો ચક્કર લગાવવામાં ૬૦ મુહૂર્ત (૨ દિવસ) લાગે છે. લવણ સમુદ્ર,ધાતકી ખંડ આદિના સૂર્ય ચંદ્ર પણ ૬૦ મુહૂર્તમાં સંપૂર્ણ માંડલા ફરવાથી એમની ગતિ ક્રમશઃ તીવ્ર - તીવ્ર સમજવી.

## ઊર્ધ્વલોક

દેવોના ચાર નિકાય (પ્રકાર) હોય છે :-

(૧) ભવનપતિ નિકાય (૨) વ્યંતર નિકાય
(૩) જ્યોતિષ નિકાય (૪) વૈમાનિક નિકાય

એમાંથી વૈમાનિક નિકાયના દેવ ઉર્ધ્વલોક વિમાનમાં રહે છે. ઉર્ધ્વલોકમાં ૧૨ દેવલોક, ૩ કિલ્બિષિક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર અને સિધ્ધશીલા છે.

**૧૨ દેવલોકના નામ :-**

૧) સૌધર્મ ૨) ઈશાન ૩) સનત્કુમાર ૪) માહેન્દ્ર ૫) બ્રહ્મલોક ૬) લાંતક ૭) મહાશુક્ર ૮) સહસ્રાર ૯) આનત ૧૦) પ્રાણત ૧૧) આરણ ૧૨) અચ્યુત

**આ દેવલોકનો આધાર :-**

પહેલા બે દેવલોક - ઘનોદધિ (ગાઢા પાણી) ની ઉપર છે.


એના પછીના ત્રણ દેવલોક (૩, ૪, ૫) - ઘનવાત (ગાઢા પવન) ની ઉપર છે.
એના પછીના ત્રણ દેવલોક (૬, ૭, ૮) - ઘનોદધિ અને ઘનવાત પર છે.
એના પછીના બધા દેવલોક (૯, ૧૦, ૧૧, ૧૨) - આકાશમાં અદ્ધર છે.

**કલ્પોપપન્ન :-** જે દેવલોકમાં કલ્પ અર્થાત્ આચારની મર્યાદા, સ્વામી-સેવક આદિ ભાવ છે, તે કલ્પોપપન્ન કહેવાય છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને ૧૨ વૈમાનિક દેવલોક સુધી કલ્પની મર્યાદા હોવાથી આ બધા દેવલોક કલ્પોપપન્ન છે. શેષ દેવલોક કલ્પાતીત કહેવાય છે.

કલ્પની મર્યાદાના આધાર પર કલ્પના દશ પ્રકાર છે.

(૧) **ઈન્દ્ર** - દેવલોકના સ્વામી
(૨) **સામાનિક** - સ્વામી નહીં હોવા પર પણ ઈન્દ્ર જેવી ઋદ્ધિવાળા દેવ
(૩) **ત્રાયસ્ત્રિંશત્** - ગુરૂ સ્થાનિક દેવ
(૪) **પારિષદ્ય** - ઈન્દ્રસભાના સભાસદ
(૫) **આત્મરક્ષક** - અંગરક્ષક દેવ
(૬) **લોકપાલ** - કોટવાલની સમાન ચોરથી
રક્ષા કરવાવાળા દેવ
(૭) **અનીકાધિપતિ** - સેનાપતિ દેવ
(૮) **પ્રકીર્ણક** - પ્રજા જેવા દેવ
(૯) **આભિયોગિક** - નોકર જેવા દેવ
(૧૦) **કિલ્બિષિક** - ચંડાલ જેવા દેવ

આમાંથી વ્યંતર અને જ્યોતિષ દેવમાં લોકપાલ અને ત્રાયસ્ત્રિંશત્ જાતિના દેવ નથી હોતા.




**૧૪ રાજલોકના ચિત્રાનુસાર :-**

આમાં નીચેના લોકાંતથી ઉપર તરફના ૯ માં રાજમાં ૧-૨ દેવલોક આમને-સામને છે તથા તેમની નીચે પ્રથમ કિલ્બિષિક છે. ૧૦ માં રાજમાં ૩-૪ દેવલોક આમને-સામને છે તથા ત્રીજા દેવલોકની નીચે બીજો કિલ્બિષિક છે. એની ઉપર ૧૧ માં રાજમાં ૫-૬ દેવલોક તથા ૧૨ માં રાજલોકમાં ૭-૮ દેવલોક ઉપર-નીચે છે તથા છઠ્ઠા દેવલોકની નીચે ત્રીજો કિલ્બિષિક છે, અને પાંચમાં દેવલોકની પાસે ૯ લોકાંતિક દેવોના

સ્થાન છે. આઠમાં દેવલોક પછી ૧૩ માં રાજમાં ૯-૧૦ તથા ૧૧-૧૨ દેવલોક આમને-સામને છે. એની ઉપર ૧૪ માં રાજમાં ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર તથા સિધ્ધશીલા છે.

૯ ગ્રૈવેયક તથા ૫ અનુત્તરમાં કલ્પની મર્યાદા ન હોવાથી તથા બધા દેવ ઈન્દ્ર જેવા હોવાથી આ અહમિંદ્ર દેવ કહેવાય છે. આ દેવ કલ્પાતીત છે. આ દેવ પરમાત્માના સમવસરણ આદિમાં પણ નથી જતા. પૂરી જિંદગી શય્યા પર પડ્યા - પડ્યા સુખ ભોગવે છે. અહીંનું સુખ અદ્‌ભુત હોય છે. કાયા અથવા વચનનો કોઈ વિશેષ વ્યાપાર અહીં નથી થતો.

**દેવોની ઉત્પત્તિ :-**

દેવતાઓનો ઉપપાત જન્મ થાય છે. પ્રત્યેક વિમાનમાં અલગ અલગ પ્રકારના દેવોની ઉપપાત શય્યા હોય છે. જે પ્રકારના દેવની આયુ અને ગતિ બાંધી હોય તેવા હલકાં અને ઉચ્ચ જાતિના દેવવાળી શય્યામાં જીવ ઉત્પન્ન થાય છે. અંતર્મુહૂર્ત (૪૮ મિનિટથી ઓછો સમય) માં આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન આ છ પર્યાપ્તિને પૂર્ણ કરી ૧૬ વર્ષના યુવાનના સમાન શરીરવાળો બની જાય છે. તે સમયે દેવલોકમાં એમનો જન્મોત્સવ મનાવવામાં આવે છે. બધા દેવ જય-જય નંદા, જય-જય ભદ્દા કહી વધામણી આપે છે. જન્મના સમયે જેવો સુરૂપવાન શરીર હોય છે તેવો મરણાંત સમય સુધી રહે છે. બાલ - વૃદ્ધાદિ અવસ્થાઓ ત્યાં નથી હોતી. હંમેશા જવાની હોય છે, માત્ર મરણના ૬ મહિના પહેલા એમના ગળાની ફૂલની માળા કરમાઈ જાય છે. જેથી મરણ નજીક જાણી આ દેવ અતિશય વિલાપ કરે છે. આ વિલાપ અતિ ભયંકર હોય છે.

બધા દેવ અવધિજ્ઞાની હોય છે. કલ્પાતીત સિવાયના બધા દેવલોકમાં પાંચ સભા હોય છે.

૧) **ઉપપાત સભા** :- અહીં દેવદુષ્યથી ઢાંકેલી એક શય્યા હોય છે જેમાં દેવ ઉત્પન્ન થાય છે.

૨) **અભિષેક સભા** :- જન્મ બાદ આ સભામાં સુગંધિત જળથી સ્નાન કરે છે.

૩) **અલંકાર સભા** :- સ્નાન કરી આ સભામાં વસ્ત્રાલંકારાદિને ધારણ કરે છે.

૪) **વ્યવસાય સભા** :- સજ્જ થઈ આ સભામાં આવી અહીં રહેલી ધાર્મિક અને પોતાના કર્તવ્યોને બતાડતી પુસ્તકનું વાંચન કરે છે. જો કોઈ ઈન્દ્ર ઉત્પત્તિ સમયમાં મિથ્યાત્વી હોય તો પણ આ પુસ્તકોને વાંચતા સમય એમને અવશ્ય સમ્યગ્ દર્શન થઈ જાય છે. પુસ્તકો સોનાની અને રત્નોના અક્ષરવાળી તથા શાશ્વત હોય છે.

૫) **સુધર્મ સભા** :- આ સભામાં સિદ્ધાયતનમાં ભગવાનની પૂજા કરાય છે.

આ પ્રકારે વિમાનના માલિક દેવ જન્મતા જ પોતાના આચારાદિની જાણકારી પ્રાપ્ત કરે છે. દેવોને કેશ, હાડકા, માંસ, નખ, રોમ, લોહી, ચરબી, ચામડી, મૂત્ર અને વિષ્ટા નથી હોતા. અર્થાત્

તેમનું શરીર અશુચિ પદાર્થોથી ન બની વિશિષ્ટ હોય છે. કેશાદિ ન હોવા છતાં પણ એમની કાયા અતિ સુંદર લાગે છે. ઉત્તર વૈક્રિય શરીર બનાવતા સમયે શૌકથી કેશાદિ પણ બનાવે છે. એમનું શરીર વૈક્રિય (ઉત્તમ) પુદ્ગલોથી બનેલું છે. વિશિષ્ટ પ્રકારની ક્રિયા કરવામાં સમર્થ હોવાથી એમનું શરીર વૈક્રિય કહેવાય છે. આ શરીર અત્યંત નિર્મળ કાંતિમય સુગંધિત શ્વાસોશ્વાસ વાળુ, મેલ, પરસેવાથી રહિત, આંખોના પલકારાથી રહિત અને જમીનથી ૪ આંગળ ઊંચુ રહે છે. દેવતાઓને કવળ આહાર હોતો નથી. માત્ર ખાવાની ઈચ્છા કરવાથી જે વસ્તુ ખાવાની ઈચ્છા થઈ હોય તે પુદ્ગલોથી તેમનું પેટ ભરાઈ જાય છે અને તે વસ્તુનો એક ઓડકાર પણ આવી જાય છે. આ કારણે તેમને નવકારશી જેવું પચ્ચક્ખાણ પણ ભવ-સ્વભાવથી નથી થતું.

દેવલોકમાં રાત-દિવસ હોતા નથી. છતાં પણ વિમાનો અને દેવોના શરીરના અતિતેજના કારણે હંમેશા સૂર્યથી પણ અધિક પ્રકાશ રહે છે. દેવલોકમાં વિકલેન્દ્રિયની ઉત્પત્તિ નથી થતી તથા ધૂળ આદિ પણ નથી ઉડતી, એટલે શાશ્વત પદાર્થ હંમેશા કાંતિવાળા જ રહે છે, બગડતા નથી.

## દેવલોકમાં દેવીઓની ઉત્પત્તિ અને ભોગ

દેવીઓની ઉત્પત્તિ માત્ર બે દેવલોક સુધી જ છે. આ દેવીઓ બે પ્રકારની છે.

૧) **પરિગૃહીતા** - દેવની પરિણીતા ૨) **અપરિગૃહીતા** - વેશ્યા જેવી દેવી

અપરિગૃહીતા દેવીઓને દેવ ૮ માં દેવલોક સુધી લઈ જઈ શકે છે. ૮ માં દેવલોકની ઉપર દેવીઓનું ગમનાગમન થતું નથી.

**દેવોમાં ભોગ :-**

૧-૨ દેવલોક સુધી દેવ મનુષ્યની જેમ કાયાથી દેવીની સાથે ભોગ ભોગવે છે.

૩-૪ દેવલોકના દેવ, દેવીના સ્પર્શથી તૃપ્ત થઈ જાય છે.

૫-૬ દેવલોકના દેવ, દેવીના રૂપને જોઈ તૃપ્ત બની જાય છે.

૭-૮ દેવલોકના દેવ, દેવીના શબ્દ સાંભળી તૃપ્ત બની જાય છે.

૯-૧૦-૧૧-૧૨ દેવલોકના દેવ મનમાં દેવીની કલ્પનાથી જ તૃપ્ત થઈ જાય છે.

એનાથી ઉપર ગ્રૈવેયક તથા અનુત્તરના દેવોને ભોગનો વિચાર પણ નથી આવતો. ઉપર - ઉપરના દેવલોકમાં ઋદ્ધિ અને આયુષ્ય અધિક-અધિક હોવા પર છતા સ્વાભાવિક રૂપથી વાસના અને ભોગનું પ્રમાણ ઓછું - ઓછુ થઈ જાય છે. વાસ્તવમાં ભોગ-વિલાસનો ત્યાગ કરવાથી જ સાચા સુખનો અનુભવ થઈ શકે છે.

ઈશાન દેવલોક સુધીના દેવોનું શરીર ૭ હાથ ઊંચું હોય છે. પછી ઘટતા - ઘટતા અનુત્તર દેવોનું શરીર માત્ર ૧ હાથ જ હોય છે.

ઉપરના દેવલોકમાં જેટલા સાગરોપમનું આયુષ્ય હોય છે તેટલા હજાર વર્ષમાં દેવોને એક વાર ખાવાની ઈચ્છા થાય છે અને એટલા જ પખવાડિયામાં એક વાર શ્વાસોશ્વાસ લે છે. જેમ અનુત્તર વાસી દેવોનું આયુષ્ય ૩૩ સાગરોપમનું છે તો આ દેવાને ૩૩ હજાર વર્ષમાં એક વાર ખાવાની ઈચ્છા અને ૩૩ પખવાડિયામાં એક વાર શ્વાસ લે છે અને પાસો પલટે છે.

દેવલોકમાં આટલુ બધુ હોવા છતાં પણ શાંતિ નથી. દેવોમાં લોભ કષાય વધારે હોય છે. નીચેના દેવલોકમાં દેવીઓના અપહરણના કારણે તથા વિમાનો માટે વારંવાર ઝગડા થતા રહે છે. માનસિક સંક્લેશ ખૂબ થાય છે. ક્યારેક - ક્યારેક ઈન્દ્રોની વચ્ચે લડાઈ થઈ જાય છે. ઈન્દ્ર સમર્થ હોવાથી યદ્ધનું સ્વરૂપ બહુ જ વિકરાળ બની જાય છે. તે સમયે સામાનિક દેવ યુદ્ધની શાંતિ માટે તીર્થંકર પરમાત્માની દાઢાનું અભિષેક કરી ન્હવણ જળ ઈન્દ્રાદિ પર છાંટે છે. એનાથી કષાયોની ઉપશાંતિ અને યુદ્ધ બંધ થાય છે. તીર્થંકર પ્રભુના નિર્વાણ બાદ એમનું અગ્નિ સંસ્કાર કર્યા પછી પ્રભુની ચાર દાઢાઓમાંથી ઉપરની બે દાઢા સૌધર્મેન્દ્ર અને ઈશાનેન્દ્ર લે છે અને નીચેની બે ચમરેન્દ્ર અને બલીન્દ્ર લે છે.

## દેવલોક સંબંધી વિશેષ વિચારણા

આપણે જોયું કે ઉપર - ઉપરના દેવ નિર્વિકારી હોવાથી વધારે સુખી છે. ગ્રૈવેયક અને અનુત્તર વાસી દેવ તો બિલકુલ કુતૂહલ આદિથી રહિત હોવાથી ઉત્તર વૈક્રિય શરીરાદિ પણ નથી બનાવતા અને પોતાની શક્તિનો કોઈ ઉપયોગ નથી કરતા. એટલા અનાસક્ત હોય છે. માત્ર શય્યામાં સૂતા સૂતા આત્માનું ચિંતન-મનન સતત કરતા રહે છે, એમાં ક્યારે શંકા હોય તો મનથી જ ત્યાં રહી વિચરતા પ્રભુને પ્રશ્ન કરે છે અને ભગવાન દ્રવ્ય મનથી એમને જવાબ આપે છે. આ જીવ અત્યંત સુખી હોય છે. ત્યાં મોતીઓના ઝુમર હોય છે. એક મોતીથી બીજા મોતીના ટકરાવવાથી અતિ અદ્ભુત સંગીત પેદા થાય છે.

આ જીવ (ગ્રૈવેયક, અનુત્તર વાસી) કોઈ જીવની હિંસા તથા જૂઠ આદિ પાપ ક્યારે નથી કરતા, આટલુ બધુ હોવા છતાં પણ ભવ - સ્વભાવથી આમને કોઈ પ્રકારના પચ્ચક્ખાણ ન હોવાથી એમનું સુખ સર્વવિરતિધર સાધુભગવંતની અપેક્ષાથી બહુ ઓછું છે. અવિરતિ વાળા પૌદ્ગલિક સુખની અપેક્ષા વિરતિ વાળું આધ્યાત્મિક સુખ અધિક હોય છે. એનાથી પણ વીતરાગનું સુખ અનંતગુણા છે. એટલે સુખી બનવાનું ઉપાય દેવલોક ન હોઈ સંયમ જ છે.

## ક્યો જીવ ક્યા દેવલોક સુધી જઈ શકે છે ?

| | | |
|---|---|---|
| તાપસ | - | જ્યોતિષ ચક્ર સુધી |
| ચરક / પરિવ્રાજક | - | બ્રહ્મ દેવલોક સુધી (પાંચમાં) |

| | | |
|---|---|---|
| પંચેન્દ્રિય તિર્યંચ | - | ૮ માં દેવલોક સુધી |
| શ્રાવક | - | ૧૨ માં દેવલોક સુધી |
| કટ્ટર ક્રિયાપાલક મિથ્યાદષ્ટિ સાધુ | - | ગ્રૈવેયક સુધી |
| અપ્રમત્ત સાધુ ભગવંત | - | અનુત્તર સુધી જાય છે. |

## દેવ મરી ક્યાં સુધી જાય છે ?

| | | |
|---|---|---|
| બીજા દેવલોક સુધીના દેવ | - | પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં |
| આઠમા દેવલોક સુધીના દેવ | - | પંચેન્દ્રિય તિર્યંચ બની શકે છે. |
| નવમા તથા એની ઉપરના દેવ | - | માત્ર મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. |

❋ હવે ભરત ક્ષેત્રમાં છેવટ્ઠુ સંઘયણ હોવાના કારણે માત્ર ચાર દેવલોક સુધી જ જાય છે.

❋ વિશેષમાં કોઈપણ સમ્યગ્ દષ્ટિ દેવ ગર્ભજ મનુષ્યમાં જ આવે છે અને સમ્યક્ત્વની પ્રાપ્તિ બાદ મનુષ્ય વૈમાનિક દેવનું જ આયુષ્ય બાંધે છે. જો કોઈ મનુષ્યનું આયુષ્ય પહેલા નરકનુ બંધ થઈ ગયું હોય અને પછી ક્ષાયિક સમ્યક્ત્વ થઈ જાય તો નરકમાં પણ જાય છે. આયુષ્ય પહેલા ન બાંધ્યુ હોય તો અવશ્ય વૈમાનિકમાં જાય છે.

**સ. : દેવ મનુષ્યલોકમાં કેમ નથી આવતા ?**

જ. : દેવલોકમાં દિવ્ય પ્રેમ અને ભોગોમાં આસક્ત હોવાને કારણે અને મનુષ્ય લોકની દુર્ગંધ ૪૦૦-૫૦૦ યોજન સુધી ઉપર ઉછળવાના કારણે મનુષ્યલોકમાં દેવ કારણ વગર નથી આવતા.

**સ. : દેવ મનુષ્યલોકમાં ક્યારે આવે છે ?**

જ. : તીર્થંકરોના પુણ્યથી આકર્ષિત દેવ પ્રભુના ૫ કલ્યાણકોમાં, ઋષિ મહાત્માઓના તપના પ્રભાવથી, જન્માંતરનો સ્નેહ અથવા દ્વેષના કારણે દેવ અહીં આવે છે. દેવલોકના સુખથી પણ દેવોને ધર્મનું આકર્ષણ અધિક હોય છે. એટલે જે શુદ્ધ ધર્મ કરે છે તેમને દેવ અવશ્ય સહાય કરે છે.

### વિમાનોની સંખ્યા તથા જિન ભવન અને જિન પ્રતિમાની સંખ્યા

પ્રથમ દેવલોકમાં ૩૨ લાખ વિમાન અને ૧૩ પ્રતર છે. શ્રેણિબદ્ધ વિમાન ગોળ, ત્રિકોણ અને ચોરસ છે અને કેટલાય વિમાન વિખરેલા પુષ્પની સમાન સ્વસ્તિક આદિ આકારવાળા છે. એજ રીતે અન્ય દેવલોકમાં પણ વિમાનોની સ્થિતિ સમજવી જોઈએ. સકલ તીર્થ અનુસાર સંખ્યાની ગણતરી :-

| | | | |
|---|---|---|---|
| ૧લા દેવલોકમાં વિમાન | - ૩૨ લાખ | મંદિર | - ૩૨ લાખ |
| ૨જા દેવલોકમાં વિમાન | - ૨૮ લાખ | મંદિર | - ૨૮ લાખ |
| ૩જા દેવલોકમાં વિમાન | - ૧૨ લાખ | મંદિર | - ૧૨ લાખ |
| ૪થા દેવલોકમાં વિમાન | - ૮ લાખ | મંદિર | - ૮ લાખ |
| ૫મા દેવલોકમાં વિમાન | - ૪ લાખ | મંદિર | - ૪ લાખ |
| ૬ઠ્ઠા દેવલોકમાં વિમાન | - ૫૦ હજાર | મંદિર | - ૫૦ હજાર |
| ૭માં દેવલોકમાં વિમાન | - ૪૦ હજાર | મંદિર | - ૪૦ હજાર |
| ૮માં દેવલોકમાં વિમાન | - ૬ હજાર | મંદિર | - ૬ હજાર |
| ૯-૧૦માં દેવલોકમાં વિમાન | - ૪૦૦ | મંદિર | - ૪૦૦ |
| ૧૧-૧૨માં દેવલોકમાં વિમાન | - ૩૦૦ | મંદિર | - ૩૦૦ |
| **કુલ વિમાનોની સંખ્યા** | **- ૮૪,૯૬,૭૦૦** | **કુલ ચૈત્ય** | **- ૮૪,૯૬,૭૦૦** |

**ઉર્ધ્વલોકના ચૈત્યમાં પ્રતિમાજીની સંખ્યા :-**

આ બધા મંદિર ૧૦૦ યોજન લાંબા ૫૦ યોજન પહોળા અને ૭૨ યોજન ઊંચા છે. પ્રત્યેક ચૈત્યની વચ્ચે મણિમય પીઠિકા છે.

એની ચારેય દિશામાં ૨૭-૨૭ જિનબિંબ હોવાથી ૨૭ X ૪ = ૧૦૮

અને ૩ દરવાજામાં ૧-૧ ચૌમુખજી હોવાથી ૩ X ૪ = ૧૨

**કુલ = ૧૨૦ જિનબિંબ છે.**

૧૨ દેવલોકમાં પ્રત્યેક વિમાનમાં ૫-૫ સભા છે અને પ્રત્યેક સભાના ૩ દરવાજા છે. પ્રત્યેક દરવાજામાં ચૌમુખજી છે. એટલે ૫ X ૪ X ૩ = ૬૦ સભાના જિનબિંબ થયા.

૧૨૦ + ૬૦ = ૧૮૦ પ્રતિમાજી પ્રત્યેક વિમાનમાં હોવાથી

૧૨ દેવલોકના કુલ ચૈત્ય :- ૮૪,૯૬,૭૦૦ X ૧૮૦ = ૧,૫૨,૯૪,૦૬,૦૦૦ પ્રતિમાજી છે.


૯ ગ્રૈવેયકના ૩૧૮ વિમાનમાં = ૩૧૮ ચૈત્ય

૫ અનુત્તરના ૫ વિમાનમાં = ૫ ચૈત્ય

**કુલ = ૩૨૩ ચૈત્ય**

આ વિમાનમાં ૫ સભા ન હોવાથી ચૈત્યોની ૧૨૦ પ્રતિમાજી છે.

એટલે ૩૨૩ X ૧૨૦ = ૩૮,૭૬૦



સકલ તીર્થ
વંદું કર જોડ
સિદ્ધ અનંત
નમું નિશદિસ
વૈમાનિક દેવલોક મેં
કુલ જિમન્દિર ૮૪,૯૭,૦૨૩
કુલ જિનબિંબ ૧,૫૨,૯૪,૪૪,૭૬૦
પાંચ ચૈત્ય
અનુત્તર
નવગ્રૈવેયકે
ત્રણસો અઢાર (૩૧૮)
(૧૧-૧૨ માં ૩૦૦)
(૯-૧૦ માં ૪૦૦)
૮મું સ્વર્ગ ૬૦૦૦
૭મું સ્વર્ગ ૪૦૦૦૦
૬ઠ્ઠુ સ્વર્ગ ૫૦૦૦૦
૫મું સ્વર્ગ ૪ લાખ
ત્રીજે ૧૨ લાખ
ચોથે ૮ લાખ
પહલે સ્વર્ગે લાખ ૩૨
બીજે ૨૮ લાખ
જ્યોતિષિ
અસંખ્ય
મન્દિર
બિંબ
વ્યંતર-અસંખ્ય મન્દિર બિંબ
ભવનપતિ માં
૭,૭૨ લાખ
મન્દિર
૧૩૮૯ ક્રોડ
૬૦ લાખ બિંબ

| | | |
|---|---|---|
| ૧૨ દેવલોકમાં | = ૮૪,૯૬,૭૦૦ ચૈત્ય | ૧,૫૨,૯૪,૦૬,૦૦૦ પ્રતિમાજી |
| એની ઉપર | = -+ ૩૨૩ ચૈત્ય | + ૩૮,૭૬૦ પ્રતિમાજી |
| **ઉર્ધ્વલોકમાં કુલ** | **= ૮૪,૯૭,૦૨૩ ચૈત્ય** | **૧,૫૨,૯૪,૪૪,૭૬૦ પ્રતિમાજી** થયા. |

**અધોલોકમાં જિનબિંબ -** અધોલોકમાં માત્ર ભવનપતિમાં પ્રત્યેક ભવનમાં જિનભવન છે. આ બધા ભવન સભાવાળા હોવાથી ૧૮૦ પ્રતિમાજી પ્રત્યેક ચૈત્યમાં છે.

ભવન તથા જિનભવનની સંખ્યા :-

૭,૭૨,૦૦,૦૦૦ X ૧૮૦ = ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ પ્રતિમાજી

**તિર્ચ્છાલોકમાં જિનબિંબ -** વ્યંતર અને જ્યોતિષ નિકાયમાં અસંખ્યાત જિનભવન હોવાથી તેની સંખ્યા નથી ગણી શકતા. એટલે દ્વીપમાં રહેલા શાશ્વત ચૈત્ય અને પ્રતિમાજીની ગણતરી કરાય છે. (જે તિર્ચ્છાલોકના વિસ્તાર પૂર્વક અભ્યાસમાં સમજી શકાશે.)

૩૨૫૯ ચૈત્ય તથા ૩,૯૧,૩૨૦ પ્રતિમાજી તિર્ચ્છાલોકમાં છે. સકલ તીર્થમાં આ બધી ગણતરી આપવામાં આવી છે.


## ત્રણ લોકમાં ચૈત્ય તથા પ્રતિમાજી

| | | ચૈત્ય | જિનબિંબ |
|---|---|---|---|
| ઉર્ધ્વલોક | - | ૮૪,૯૭,૦૨૩ | ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ |
| અધોલોક | - | + ૭,૭૨,૦૦,૦૦૦ | + ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ |
| તિર્ચ્છાલોક | - | + ૩૨૫૯ | + ૩,૯૧,૩૨૦ |
| કુલ | - | **૮,૫૭,૦૦,૨૮૨** | **૧૫,૪૨,૫૮,૩૬,૦૮૦** |

આ બધા શાશ્વત ચૈત્યોમાં ઋષભ ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન નામ વાળી પ્રતિમાજી છે. આ શાશ્વત મંદિર અને પ્રતિમાજી પૃથ્વીકાયના બનેલા છે. પુદ્ગલ હોવાથી પૂરણ-ગરણ તો ચાલુ જ છે. છતાં પણ જેમ પુદ્ગલ જાય છે તેમ જ ગૃહિત હોવાના કારણે પ્રતિમાજી વગેરેનો આકાર શાશ્વત રહે છે. તથાપિ પૃથ્વીકાયના જીવ તો બદલાતા જ રહે છે.

### સ્તુતિ

મુઝ રોમે-રોમે નાથ, તારા નામનો રણકાર હો,
મુજ શ્વાસે-શ્વાસે નાથ, તારા સ્મરણનો ધબકાર હો,
પ્રગટ-પ્રભાવી નામ તારૂં, કરે કરમ નિકંદના,
ત્રણલોકના સવિ તીર્થને, કરૂં ભાવથી હું વંદના.


જૈ
ના
ચા
ર
પ્રણિધાન, સામાયિક
સીમંધર સ્વામીની પાસે
અમારે જવું છે...



# પ્રભુના જન્મ કલ્યાણકથી બદલાઈ સૃષ્ટિ

પ્રભુના જન્મ થવાથી સર્વ શુભ ગ્રહ, રાશિ પોતાના ઉચ્ચ સ્થાનો પર આવી જાય છે. પ્રભુનો જન્મ સકલ સૃષ્ટિને પ્રભાવિત કરે છે. પ્રભુના જન્મથી પૃથ્વીમાં દૂધ-ઘી-ઈક્ષુરસ આદિની વૃદ્ધિ થાય છે. સર્વ વનસ્પિતઓમાં રહેલી ઔષધિઓ પોત-પોતાના પ્રભાવમાં અતિશય વૃદ્ધિને પ્રાપ્ત થાય છે. રત્ન, સોનુ, રૂપા ધાતુઓની ખાણોમાં આ વસ્તુઓની અત્યાધિક ઉત્પત્તિ થાય છે. સમુદ્રમાં ભરતી આવે છે. પાણી અત્યંત સ્વાદિષ્ટ તથા શીતળ બની જાય છે. પૃથ્વીમાં રહેલા નિધાન ઉપર આવે છે.

પ્રભુની પ્રભાવિકતાની અસર પ્રકૃતિની સાથે-સાથે પ્રાણી જગત પર થાય છે. પ્રભુના જન્મથી લોકોના મન પરસ્પર પ્રીતિવાળા બને છે. શુભ તથા સાત્વિક વિચાર તથા મંત્રોના સાધકોને સિદ્ધિઓ સુલભ બને છે. તેમના મુખમાંથી અસત્ય વચન નીકળતું નથી. જીવ અત્યંત ભદ્રિક તથા સરળ પરિણામવાળા બને છે. લોકોના મનોવાંછિત પૂર્ણ થતાં જ સુખ અને શાંતિ પ્રાપ્ત કરે છે. એવુ પ્રતીત થાય છે કે પરમાત્માના જન્મ કલ્યાણકથી જાણે કે સર્વ જીવોના હૃદયમાં પ્રભુની પ્રીતિનો જન્મ થાય છે.

પ્રભુના જન્મ સમયે મેરુગિરિ પર ૬૪ ઈન્દ્ર પ્રભુનો અભિષેક કરે છે તથા પ્રભુને પ્રાર્થના કરે છે કે "હે અનંત ઉપકારી અર્હમ્ પ્રભુ આપના પ્રદેશ-પ્રદેશથી વહેતી આપની અનંત કરૂણા, અપાર વાત્સલ્ય તથા અસીમ કૃપાના પ્રભાવથી ચૌદ રાજલોકના સર્વજીવોની ચેતનામાં મોક્ષ પ્રાપ્તિને અનુકૂળ ગુણોની પ્રાપ્તિ થાય, જગતના સર્વ જીવ પરસ્પર એક-બીજાને વીતરાગ સ્વરૂપ બનવામાં સહાયક બને, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ રૂપ પંચભૂત જગતમાં જીવોના આત્મવિકાસમાં અનુકૂળ બને."

તે સમય સકલ બ્રહ્માંડની સર્વ શિવ શક્તિઓ પ્રભુની અભિષેક ધારામાં અભેદ બને છે. જેથી પૂરા ચૌદ રાજલોકમાં વિશેષ મંગલ થાય છે.

# ધર્મ ક્રિયા કેવી રીતે કરવી ?

યોગ વિંશિકામાં મોક્ષને મેળવવા માટે ધર્મક્રિયામાં પ્રણિધાન વગેરે હેતુપૂર્વક ધર્મક્રિયા કરવાના વિધાન બતાવવામાં આવ્યા છે. તેનું સામાન્ય સ્વરૂપ આ પ્રમાણે છે -

**૧. પ્રણિધાન :** કોઈ પણ કાર્ય કરતા પહેલા તેનું લક્ષ્ય નક્કી કરવું પ્રણિધાન છે. દર્શન, પૂજા વગેરે કાર્ય કરતાં પહેલા તેના પ્રણિધાનને નિશ્ચિત કરવું. પ્રણિધાન વિના ક્રિયામાં સ્થિરતા આવતી નથી. બધી ધર્મક્રિયાઓમાં પ્રણિધાન (લક્ષ્ય) તો મોક્ષ જ છે. છતાં જેમ એક એક પગથિયું ચઢીને જ મંજીલ હાંસિલ કરી શકાય છે. તેમ અહિંસા, મૈત્રી વગેરે નાની-નાની સિદ્ધિનું બળ પ્રાપ્ત કરીને જ પૂર્ણ સિદ્ધિને પ્રાપ્ત કરી શકીએ છીએ. માટે પહેલા મૈત્રી, ક્ષમા, નમ્રતા આદિ ગુણોનું લક્ષ્ય બનાવવું.

**૨. પ્રવૃત્તિ :** લક્ષ્ય પ્રાપ્તિ માટે એના ઉપાયમાં પ્રવૃત્તિ કરવી. તેમાં વિધિ જયણાનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. પ્રત્યેક ધર્મક્રિયાનું લક્ષ્ય હિંસા વગેરે પાપોથી નિવૃત્તિ કે રાગદ્વેષથી નિવૃત્તિ હોય છે, પરંતુ આ લક્ષ્ય પ્રાપ્તિ માટે જે ધર્મ કરવામાં આવે છે તેમાં વિધિ અથવા શાસ્ત્રકારોએ જે પ્રમાણે તે ક્રિયા કરવાની કહી છે તે પ્રમાણે તેની જાણકારી પ્રાપ્ત કરીને વિધિ પૂર્વક ક્રિયા કરવી જોઈએ અને તેમાં જયણાનો ખ્યાલ રાખવો અત્યંત જરૂરી હોય છે.

**૩. વિઘ્ન જય :** ધર્મ કરતાં જો વિઘ્ન આવે તો ઉચિત ઉપાય કરીને પણ ધર્મક્રિયાને અસ્ખલિત રાખવી.

**૪. સિદ્ધિ :** વિઘ્ન આવે તો પણ જે અડગ રહે છે તેને ધર્મ આત્મસાત્ બને છે. આ ધર્મની સિદ્ધિ છે.

**૫. વિનિયોગ :** ધર્મને આત્મસાત્ કરીને પછી બીજાને તેનો ઉપદેશ દઈને ધર્મમાં જોડવા.

આ પ્રમાણે પ્રણિધાન વગેરે પાંચના ઉપયોગપૂર્વક કરેલો ધર્મ અલ્પ સમયમાં મોક્ષ આપે છે.

## પ્રત્યેક ક્રિયાનું પ્રણિધાન (સંકલ્પ)

પ્રણિધાન એટલે ક્રિયા કરતાં પહેલા કરવા યોગ્ય સંકલ્પ જે નિમ્ન પ્રકારે થઈ શકે છે. હંમેશા સંકલ્પપૂર્વક ક્રિયા કરવી.

**મંદિર જવાનું પ્રણિધાન :** હે પ્રભુ ! હું ૮૪ લાખ યોનિમાં ભટકી ભટકીને આવ્યો છું. પરંતુ ક્યાંય પણ મને વીતરાગ પ્રભુના દર્શન થયા નહીં. આ જન્મમાં મારું કેવું અહોભાગ્ય છે કે મને ત્રણલોકના નાથ દેવાધિદેવ ના દર્શન મળી રહ્યા છે. માટે હે પ્રભુ ! હું તમારૂં દર્શન શુદ્ધ ચિત્ત અને એકાગ્રતાપૂર્વક કરીશ. "શ્રી તીર્થંકર ગણધર પ્રસાદાત્ મમ એષ યોગઃ ફલતુ" અર્થાત્ તીર્થંકર પ્રભુ અને ગણધર ભગવંતની કૃપાથી મારો આ (મંદિર જવારૂપી) યોગ સફળ થાઓ. આવી ધારણા કરીને પ્રભુ દર્શન કરવા.

**વ્યાખ્યાન સાંભળવાનું પ્રણિધાન :** સર્વજ્ઞ હોવાથી જેમનું જ્ઞાન અધુરૂં નથી તથા વીતરાગ હોવાથી જે જૂઠું બોલતા નથી, આ બે કારણોથી પ્રભુની વાણી એકદમ સત્ય છે. પ્રભુએ મારી આત્માના હિત માટે, મને દુઃખોમાંથી બચાવવા માટે અત્યંત કરૂણા અને તારવાની બુદ્ધિથી દેશના આપી છે. મને પૂર્ણ શ્રદ્ધા છે કે પ્રભુની વાણીનું શ્રવણ કરીને તેના અનુસાર આત્માના હિત-અહિતનો બોધ પ્રાપ્ત કરીશ. "શ્રી તીર્થંકર ગણધર પ્રસાદાત્ મમ એષ યોગઃ ફલતુ." આવી ધારણા કરીને વ્યાખ્યાન શ્રવણ કરો.

**ઘરના કામ કરતાં પહેલા જયણાનું પ્રણિધાન :** ઘરના કામ કરવામાં સતત પાપપ્રવૃત્તિ કરવી પડે છે. હે પ્રભુ ! આ કાર્યમાં જેટલી થઈ શકે તેટલી જયણા કરવાની પૂરી તકેદારી રાખીશ. જરૂરીયાતથી વધારે પાણી, અગ્નિ વગેરેનો ઉપયોગ નહીં કરૂં. મનમાં સતત જીવદયાનો વિચાર રાખીને શાકભાજી વગેરે સુધારીશ. ધાન વગેરે છાણીને ઉપયોગમાં લઈશ. કોઈપણ વસ્તુમાં જીવ ઉત્પન્ન થવા પહેલાં જ તેનો ઉપયોગ કરીશ. જાળા વગેરે ન બંધાય તેનું ધ્યાન રાખીશ. ઘરને સાફ રાખીશ. જયણાના પાલનથી જ મારો શ્રાવકધર્મ સાર્થક બનશે. આ પ્રકારની ભાવનાથી શ્રાવિકા ઘરના કામ કરવા છતાં પણ જયણા ધર્મનું પાલન કરી શકે છે.

**વેપાર (ધંધો) કરતાં પહેલા નીતિમત્તાનું પ્રણિધાન :** હે પ્રભુ ! મને નીતિપૂર્વક કમાણી કરવાની સદ્બુદ્ધિ આપો. હું વેપારના ચક્કરમાં આપણો નૈતિકધર્મ નહીં છોડું. ૧૫ કર્માદાનરહિત તથા પૂજા-પાઠ, રાત્રિભોજન ત્યાગ, પ્રતિક્રમણ વગેરે વ્યવસ્થિત થઈ શકે એવો નીતિપૂર્વક વેપાર કરીશ. આ પ્રમાણે નીતિને મનમાં રાખી વેપાર કરવાથી શ્રાવક પૈસા કમાઈને પણ માત્ર અલ્પકર્મ બંધ જ કરે છે. પૈસા પરલોકમાં સાથે આવવાના નથી, પરંતુ પૈસા માટે કરવામાં આવેલું પાપ તો અવશ્ય સાથે આવશે. નીતિથી કમાયેલું ધન ધર્મકાર્યમાં ઉપયોગ કરવાથી વિશેષ લાભદાયક બને છે. માટે હું નીતિને જ વેપારમાં મહત્વ આપીશ.

**સામાયિકની પહેલા પ્રણિધાન :** પ્રભુએ કેવા સુંદર અનુષ્ઠાન બતાવ્યા છે. હું છઃકાયના જીવોને અભયદાન આપીને પાપોનો ત્યાગ કરવાની અપૂર્વ સાધના કરવા જઈ રહ્યો છું. મારૂં કેવું સદ્ભાગ્ય છે કે ૪૮ મિનિટ સુધી સાધુના જીવનનો આસ્વાદ કરીશ, સતત અશુભ કર્મોની નિર્જરા થશે. હું આ સામાયિકમાં ૩૨ દોષોના ત્યાગપૂર્વક જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરવાનો સંકલ્પ કરૂં છું. સામાયિકમાં વાતો, નિંદા, વિકથા નહીં કરૂં તથા તેનાથી મને સમભાવની પ્રાપ્તિ થાઓ. "શ્રી તીર્થંકર ગણધર પ્રસાદાત્ મમ એષ યોગઃ ફલતુ" સામાયિક પહેલાં અવશ્ય આ ધારણા કરવી.

**પ્રતિક્રમણ કરવા પહેલાં કરવાનું પ્રણિધાન :** પાપના કારણે જીવોને દુર્ગતિમાં જવું પડે છે તો પ્રતિક્રમણ અને પશ્ચાતાપથી હું કરેલા પાપને કેમ ન ખપાવું ? પ્રભુએ વગર ભોગવી પાપને ખત્મ કરવાનો કેટલો સુંદર ઉપાય બતાવ્યો છે. આ પાપને ખતમ કરવા માટે મનની ચંચલતાને છોડીને એકાગ્રતાપૂર્વક પૂરી વિધિના ઉપયોગથી પ્રતિક્રમણ કરીશ. પૂરા દિવસભરમાં કરેલા હિંસા વગેરે પાપોને હું યાદ કરીને પ્રતિક્રમણમાં યથાસ્થાન પશ્ચાતાપપૂર્વક એમનું મિચ્છામિ દુક્કડમ્ આપીશ. "શ્રી તીર્થંકર ગણધર પ્રસાદાત્ મમ એષ યોગઃ ફલતુ."

**આલોચનાનું પ્રણિધાન :** આલોચનાથી કર્મરૂપી શલ્ય દૂર થઈ જાય છે. આ શલ્યને દૂર કરવામાં અહંકાર તથા માયાશલ્ય નહીં રાખું, જે પણ છે જેવું પણ છે, હું સ્પષ્ટ રૂપે તથા પશ્ચાતાપ પૂર્ણહૃદયથી પાપનો સ્વીકાર કરીને ગુરૂદેવને પાપનું નિવેદન કરીશ. ગુરૂદેવની કરૂણા અને કૃપા ને સતત નજરો સમક્ષ રાખીશ. "શ્રી તીર્થંકર ગણધર પ્રસાદાત્ મમ એષ યોગઃ ફલતુ".

**પૌષધનું પ્રણિધાન :** પૌષધ, સાધુજીવનનો આસ્વાદ લેવાની ઉત્તમ પ્રક્રિયા છે. પૌષધમાં હું અપ્રમત્ત રૂપથી ક્રિયા અને સ્વાધ્યાય કરીશ. પરંતુ આ અમૂલ્ય સમયને વાતોમાં અથવા ઊંઘમાં વ્યર્થ નહીં કરીશ. "શ્રી તીર્થંકર ગણધર પ્રસાદાત્ મમ એષ યોગઃ ફલતુ".

**જાપના પૂર્વે પ્રણિધાન :** અરિહંત પ્રભુના નામની રટનાથી જીભ અને મનને પવિત્ર બનાવવાનું છે. પ્રભુના નામથી ઉત્તમ વસ્તુ આ દુનિયામાં શું છે ? જેના માટે મનને જાપ છોડીને બહાર જવું પડે ? માટે હું એકાગ્રતાપૂર્વક જાપ કરીશ. "શ્રી તીર્થંકર ગણધર પ્રસાદાત્ મમ એષ યોગઃ ફલતુ".

**ગોચરી વહોરાવતા સમયનું પ્રણિધાન :** આજ મારા અપૂર્વ પુણ્યોદયથી ગુરૂભગવંત મારા આંગણે પધાર્યા છે તો અત્યંત ભક્તિપૂર્વક તેમનું સ્વાગત કરૂં. નિર્દોષ ગોચરી વહોરાવાથી હું કૃતાર્થ બનું. આ ગુરૂદેવને વહોરાવાથી મારી આત્મા ભવોદધિથી પાર થઈ જશે. "શ્રી તીર્થંકર ગણધર પ્રસાદાત્ મમ એષ યોગઃ ફલતુ".

**દેરાસર બંધાવવાનું પ્રણિધાન :** ઘર બંધાવીને તો મેં ઘણા પાપો કર્યા છે. પરંતુ આજે મને પરમાત્માનું દેરાસર બનાવવાનો સુયોગ મળ્યો છે તો હું આના નિર્માણમાં પોતાના ઘરથી પણ વધારે ધ્યાન રાખીશ અને ગાળેલા પાણીનો ઉપયોગ વગેરે જયણા રાખીશ. દેવાધિદેવના દેરાસરથી કેટલા ભવ્ય જીવ તરી જશે; એનો મારે પૂરે પૂરો લાભ ઉઠાવવો છે. બાહ્ય મંદિરમાં પ્રતિષ્ઠાની સાથે મારા મનમંદિરમાં પણ પ્રભુની પ્રતિષ્ઠા કરીશ. "શ્રી તીર્થંકર ગણધર પ્રસાદાત્ મમ એષ યોગઃ ફલતુ".

# સામાયિક

**સામાયિક એટલે શું ?** ૪૮ મિનિટ સુધી મન, વચન અને કાયાને સમભાવમાં રાખવું. આનાથી સમતાની પ્રાપ્તિ થાય છે અને અનંત કર્મોનો નાશ થાય છે.

**સામાયિકના કેટલા પ્રકાર છે ?** સામાયિકના ચાર પ્રકાર છે.

**૧. શ્રુત સામાયિક** - ઈરિયાવહિયં કરીને જ્યાં સુધી વ્યાખ્યાન વગેરેમાં જિનવાણીનું શ્રવણ કરીએ છીએ તે શ્રુત સામાયિક છે.

**૨. સમકિત સામાયિક** - સુદેવ-સુગુરૂ-સુધર્મ ઉપર શ્રદ્ધા રાખવી. આ સમકિત સામાયિક છે. સમ્યક્ત્વ સામાયિક લઈને જીવ પરલોકથી આવી શકે છે.

**૩. દેશવિરતિ સામાયિક** - વર્તમાનમાં શ્રાવક જે 'કરેમિ ભંતે'ના ઉચ્ચાર પૂર્વક ૪૮ મિનિટનું સામાયિક કરે છે તે દેશવિરતિ સામાયિક છે. વ્રતધારી શ્રાવક બનવું તે દેશવિરતિ સામાયિક છે. (આ ચેપ્ટરમાં મુખ્યત્વે આ સામાયિકની વિચારણા કરવામાં આવી છે.)

**૪. સર્વવિરતિ સામાયિક** - ચારિત્ર ગ્રહણ કરવું તે સર્વવિરતિ સામાયિક છે.

**સામાયિક કોણ કરી શકે ?** પ્રભુએ બતાવ્યું છે કે ૮ વર્ષ પહેલા જીવને સામાયિકનું પરિણામ પ્રાપ્ત થતું નથી. માટે આઠ વર્ષના બાળકથી લઈને જીવનના અંત સમય સુધી બધા વ્યક્તિ સામાયિક કરી શકે છે. આઠ વર્ષ પહેલા પણ સંસ્કાર હેતુ બાળકને સામાયિક કરી શકાય.

**સામાયિક ક્યાં બેસીને કરવી જોઈએ ?** બની શકે ત્યાં સુધી સામાયિક પૌષધશાળામાં કરવી જોઈએ અને જો ઘરમાં કરવી હોય તો એકાંત સ્થાનમાં બેસીને કરવી જોઈએ. બધા જ ઘરોમાં આરાધના કરવા માટે અલગ રૂમ હોવો જોઈએ.

**સામાયિક ક્યારે કરવી ?** ચોવીશ કલાકમાં જ્યારે તમારૂં ચિત્ત શાંત, પ્રશાંત, વિક્ષેપ રહિત હોય ત્યારે સામાયિક કરી શકાય.

**એક સાથે કેટલી સામાયિક કરવી ?** આની કોઈ સીમા નથી. પૂરા દિવસમાં જેટલી વધારે સામાયિક કરો તેટલો વધારે લાભ થાય છે. એક સાથે વગર પાર્યે ત્રણ સામાયિક કરી શકીએ. પછી ચોથી સામાયિક લેવી હોય તો સામાયિક પારીને ફરીથી લેવી જોઈએ. એક સાથે ત્રણ, છ અથવા દશ સામાયિક "અહન્નં ભંતે" દેશાવગાસિકના પચ્ચક્ખાણથી ઉચ્ચરી શકાય.

**સામાયિક કેવી કરવી ?** બધા ઉપકરણોને સાથે લઈને, મન-વચન-કાયાના ૩૨ દોષોને ટાળીને આત્માને સમભાવમાં રાખીને સામાયિક કરવી.

**સામાયિક કેટલા સમયની હોય છે ?** કરેમિભંતેમાં 'જાવ નિયમં' શબ્દ દ્વારા સામાયિકમાં ૪૮ મિનિટમાં રહેવાની મર્યાદા બતાવી છે. સામાયિક લેતાં જ સમય જોઈ લેવો જોઈએ અને ૪૮ મિનિટનો પૂરો ઉપયોગ રાખવો જોઈએ. ઉપયોગ નહીં રાખવાથી 'સ્મૃતિ ભંગ' નામનો અતિચાર લાગે છે.

સામાયિક લીધા પછી તરત જ ઘડિયાળ જોવી આવશ્યક છે. માની લો કે રોજ પ્રતિક્રમણમાં સામાયિક આવી જાય છે તો પણ ઘડિયાળ જોવી એટલા માટે જરૂરી છે કે અચાનક કોઈ કારણસર બોલાવે તો જેણે ઘડિયાળ જોઈ છે તે સામાયિક પૂરું થાય ત્યારે પારી શકે છે, નહીંતર અંદાજથી પારવાથી દોષ લાગે છે અને અંદાજથી સામાયિક પારવાથી સામાયિકના સમયથી વધારે સમય થઈ ગયો હોય તો પણ દોષ લાગે છે.

પ્ર. **નિત્ય સામાયિકના નિયમવાળાને રેલગાડી વગેરેમાં શું કરવું જોઈએ ?**

ઉ. ગાડી વગેરેમાં સામાયિક તો ન થઈ શકે, પરંતુ ચાલતી ગાડીમાં ત્રણ નવકાર ગણીને ૪૮ મિનિટ ધર્મઆરાધના કરવાથી નિયમની સાપેક્ષતા રહી શકે છે.

પ્ર. **સ્થાપનાચાર્યજી સ્થાપિત કર્યા પછી સામાયિક લઈને બીજી જગ્યાએ જઈ શકીએ ? અગર જવું હોય તો શું કરવું ?**

ઉ. સામાન્ય રીતે સામાયિકમાં ક્યાંય આવવું-જવું નહીં જોઈએ, તો પણ વિશેષ લાભકારી વ્યાખ્યાન, વાચના વગેરે માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું પડે તો સ્થાપનાચાર્યજીનું ઉત્થાપન કરીને, જ્યાં જવું હોય ત્યાં લઈ જવું. ત્યાં ગુરૂભગવંતના સ્થાપનાચાર્યજી હોય તો સ્થાપના કરવાની જરૂર નથી, જો ન હોય તો ફરીથી નવકાર, પંચિંદિય થી સ્થાપના કરીને ઈરિયાવહિયં કરવી.

## સામાયિકના ઉપકરણ

ચરવળો, કટાસણું, મુંહપત્તિ, સ્થાપનાચાર્યજી, ઘડી, શુદ્ધવસ્ત્ર, નવકારવાળી, સાપડો (ઠવણી) પુસ્તક.

**૧. ચરવળો -** આ સામાયિકમાં પૂંજવા, ચાલવા, ઉઠવામાં કામ આવે છે. તેના વગર સામાયિક લઈ શકાતી નથી. કેમ કે કોઈ જીવ તમારી પાસે આવી જાય તો તેને દૂર કેવી રીતે કરશો ? હાથથી પકડશો તો તેને દુઃખ થશે અથવા ક્યારેક મરી પણ શકે છે. સામાયિકમાં કોઈ પુસ્તક વગેરે વસ્તુ લેતાં-મૂકતાં વખતે પૂંજીને લઈ અથવા રાખી શકાય છે. કટાસણું પાથર્વા પહેલાં આંખોથી જમીનને દેખવી અને ચરવળાથી પૂંજવી જોઈએ. સામાયિકમાં ઉઠવું-બેસવું હોય તો શરીરને પૂંજીને ઉઠવું અને ચાલવું હોય તો જમીનને પૂંજતાં-પૂંજતાં ચાલવું જોઈએ.

**માપ -** ૨૪ દંડકો અને ૮ કર્મોથી મુક્ત થવા માટે કુલ ૩૨ આંગલાંનો ચરવળો હોય છે. અમા ૨૪ આંગલીની દાંડી અને ૮ આંગલીની દશી હોય છે. ચરવળાની ઉપર દોરી હોવી જરૂરી છે. જેથી

તેને નીચે ન રાખીને ઉપર ટંગાવી શકીએ. ચરવળો શ્રાવકની નિશાની છે.

**૨. કટાસણું** - એને બેટકો પણ કહે છે. આ સામાયિકમાં બેસવા માટે કામ આવે છે. ઉનની ગરમાશથી જીવ-જંતુની સુરક્ષા થાય છે. સાથે પૃથ્વીમાં રહેલ ગુરૂત્વાકર્ષણથી શરીરની ઉર્જાને જમીન ખેંચી ન લે, માટે શરીર અને પૃથ્વીની વચ્ચે કટાસણું બિછાવવાથી શરીરની ઉર્જા નષ્ટ થતી નથી. કટાસણા ઉપર નામ લખવાથી જ્ઞાનની આશાતના થાય છે. બની શકે ત્યાં સુધી કટાસણું સફેદ રાખવું જેથી જયણા થઈ શકે અને તેની કિનારી સીવેલી નહીં હોવી જોઈએ. તથા તેના ઉપર કોઈપણ પ્રકારનું દોરાવર્ક પણ નહીં કરાવવું જોઈએ.

**માપ** - સુખપૂર્વક બેસી શકીએ તેટલું.

**૩. મુંહપત્તિ** - ભાષાસમિતિનું પાલન કરવા માટે તે ઉપયોગી બને છે. સામાયિકમાં સંસાર સંબંધી વાતો તો કરી જ ન શકીએ પરંતુ જે પણ સ્વાધ્યાય વગેરે કરીએ છીએ, એ સમયે મુખમાંથી નીકળતા વાયુ આદિથી સચિત્ત વાયુ તેમજ સાંપાતિક (ઉડી રહેલા) જીવોની રક્ષા માટે તેનો ઉપયોગ જરૂરી છે. એનો એક ફાયદો એ પણ છે કે મુંહપત્તિ સામે આવવાથી આપણને ક્રોધ આવે તો પણ આપણે ગાળો વગેરે ખરાબ શબ્દો બોલી નથી શકતા માટે જ્યારે પણ તમને ક્રોધ આવે, ઝઘડવાની ઈચ્છા થઈ હોય ત્યારે મુખની સામે હાથ રાખી લો, ક્રોધ જતો રહેશે.

- મુંહપત્તિમાં એક તરફ કિનારી હોય છે એટલે કે એક મનુષ્ય ગતિથી જ મોક્ષમાં જઈ શકાય છે.
- મુંહપત્તિને વાળવાથી અઢી વળ આવે છે એટલે કે અઢિદ્વીપથી જ મોક્ષમાં જઈ શકાય છે.
- ત્રણ પડ દર્શન, જ્ઞાન, ચારિત્રનું પ્રતિક છે.
- એના ઉપર ચિત્રકામ કે દોરાકામ કરવાથી દોષ લાગે છે.

**માપ** - પોતાની એક વેંત અને ચાર આંગળ એટલે કે ચારે બાજુ ૧૬-૧૬ આંગલી હોવી જોઈએ. ૧૬ કષાયોને નાશ કરવા માટે ૧૬ આંગલીની મુંહપત્તિ હોવી જોઈએ.

**૪. સ્થાપનાચાર્યજી** - એના બે પ્રકાર છે. એક તો જે સાધુ-સાધ્વી ભગવંત પાસે હોય છે. તેને યાવત્કથિત કહે છે. તેમના સામે સામાયિક કરવા માટે સ્થાપના કરવાની જરૂર હોતી નથી. બીજી, સાપડા (ઠવણી) ઉપર પુસ્તકની સ્થાપના કરવામાં આવે છે. તેમાં જ્ઞાન-દર્શન અને ચારિત્રના કોઈપણ સાધનથી સ્થાપના કરી શકાય, પરંતુ વર્તમાન સમયમાં નવકાર, પંચિંદિયવાળી પુસ્તકથી જ સ્થાપના કરવાની સમાચારી છે. તેને ઇત્વર કથિત સ્થાપનાચાર્યજી કહે છે. સ્થાપનાચાર્યજીમાં સુધર્માસ્વામિજીની પરંપરા હોવાથી તેમની સ્થાપના હોય છે.

**માપ** - તેનું કોઈ નિશ્ચિત માપ નથી. સ્થાપનાચાર્યજીનું પડિલેહણ ૧૩ બોલથી કરવું જોઈએ.

**સ્થાપનાચાર્યજીના પડિલેહણના ૧૩ બોલ** - (૧) શુદ્ધ સ્વરૂપના ધારક ગુરૂ (૨) જ્ઞાનમય

(૩) દર્શનમય (૪) ચારિત્રમય (૫) શુદ્ધ શ્રદ્ધામય (૬) શુદ્ધ પ્રરુપણામય (૭) શુદ્ધ સ્પર્શનામય (૮) પંચાચાર પાળે (૯) પળાવે (૧૦) અનુમોદે (૧૧) મનગુપ્તિ (૧૨) વચન ગુપ્તિ (૧૩) કાય ગુપ્તિ એ ગુપ્તા.

સ્થાપનાચાર્યજી આ બોલોથી પડિલેહણ કરવા. એની ઠવણી, મુંહપત્તિ વગેરે મુંહપત્તિના પ્રથમ ૨૫ બોલથી પડિલેહણ કરવા.

**સામાયિક કરતાં પહેલા કરવા યોગ્ય ભાવના** - પ્રભુએ કહ્યું છે કે સામાયિકમાં શ્રાવક પણ સાધુ જેવો ગણાય છે. તેમ સાચો સાધુ તો હું ક્યારે બનીશ ? પરંતુ ૪૮ મિનિટની સામાયિકમાં સાધુ જીવનનો આસ્વાદ લઉં. જીવ જ્યાં સુધી સામાયિકમાં રહે છે ત્યાં સુધી સતત અશુભ કર્મોનો નાશ કરે છે, માટે હું આ સામાયિકના અવસરને સાર્થક બનાવું. એવા શુભભાવથી આત્માને વાસિત કરવી, જેનાથી પાપ કરવાની ઈચ્છાનો ત્યાગ થઈ જાય.

ઘરમાં પૂરો દિવસ છઃ કાય જીવોના કૂટામાં પાપનો બંધ કરે છે તો ઓછામાં ઓછું જ્યારે સામાયિક કરીએ છીએ ત્યારે આ પાપોથી બચવાનો અવસર મળે છે. આ પ્રમાણે મનમાં શુદ્ધ ભાવ લઈને આનંદની સાથે સામાયિક કરવા માટે કટિબદ્ધ બનવું.

**સામાયિકનું રહસ્ય** - સામાયિકનું રહસ્ય કરેમિ ભંતે માં છે. આ કરેમિ ભંતે ને દ્વાદશાંગી નો સાર કહેવાય છે. તેના મુખ્ય બે ભાગ છે : (૧) "સાવજ્જં જોગં પચ્ચક્ખામિ" એનાથી આપણે વિરતિમાં આવીએ છીએ. પાપથી અટકવાનું આ પચ્ચક્ખાણ છે. મન-વચન-કાયાથી પોતે પાપ કરવાનું નહીં અને બીજાની પાસે કરાવવાનું નહીં. આ પ્રમાણે આ પચ્ચક્ખાણ છ કોટીની શુદ્ધતા વાળો કહેવાય છે. એમાં ભૂતકાળમાં કરેલા પાપોનો પશ્ચાતાપ, વર્તમાનમાં પાપથી અટકવું તેમજ ભવિષ્યમાં પાપ નહીં કરવાની પ્રતિજ્ઞા છે. કેમ કે જ્યાં સુધી આત્મા પાપથી નથી અટકતી ત્યાં સુધી તેનામાં સમભાવ આવી શકતો નથી. સમભાવની વિશેષ પ્રાપ્તિ માટે બીજો પ્રકાર છે. (૨) "જાવ નિયમં પજ્જુવાસામિ" સામાયિકમાં રત્નત્રયીની આરાધના કરવાનું વિધાન છે. માટે કરેમિભંતે રૂપ સામાયિકનું પચ્ચક્ખાણ લીધા પછી પાપનો વ્યાપાર કરવો ઉચિત નથી.

આપણી બહેનો સામાયિકમાં કાચું પાણી, અગ્નિ, લીલી વનસ્પતિ કે સચિત માટી વગેરેનો સ્પર્શ કરતી નથી પણ તેમને એ પણ ખબર હોવી જોઈએ કે જેમ સામાયિકમાં કાચા પાણી વગેરેનો સ્પર્શ ન કરાય તેવી રીતે સંસારની વાતો, નિંદા, સંક્લેશ, પૈસા, મોબાઈલ, સેલવાળી ઘડિયાળ, ટોર્ચ વગેરેનો સ્પર્શ સાવદ્ય હોવાથી કરી શકાય નહીં. સામાયિકમાં ૩૨ દોષોનો ત્યાગ કરાય છે. જે આ પ્રમાણે છે.

**મનના દશ દોષ** - (૧) શત્રુને દેખીને દ્વેષ-ક્રોધ કરવો (૨) અવિવેક વાળો વિચાર કરવો અથવા સાંસારિક વાતોનો વિચાર કરવો. (૩) શુભભાવોનો વિચાર ન કરવો (૪) મનમાં કંટાળો લાવવો (૫) યશની ઈચ્છા કરવી (૬) વિનય ન કરવો (૭) ભયભીત બનવું (૮) ધંધાની ચિંતા કરવી

(૯) સામાયિકના ફળમાં શંકા કરવી (૧૦) પ્રભાવના વગેરેની ઈચ્છાથી ક્રિયા કરવી

**વચનના દશ દોષ** - (૧) મોબાઈલ અથવા ફોનથી વાત કરવી અથવા કરાવવી. ઘરના કોઈ કામનો આદેશ આપવો. (૨) ખોટી વાતોમાં હામી ભરવી (૩) જીવ વિરાધના વગેરે જેમાં હોય તેવા પાપકર્મ કરવા. (૪) ઝઘડો અથવા ક્લેશ કરવો (૫) ગૃહસ્થોનું મીઠા શબ્દોથી સ્વાગત કરવું (૬) ગાળ દેવી (૭) બાળકને રમાડવું (૮) વિક્રિયા કરવી (૯) ફોગટમાં બડ-બડ કરવું (૧૦) હંસી-મજાક કરવો.

**કાયાના ૧૨ દોષ** - (૧) વારે વારે એક સ્થાનથી બીજે સ્થાન વગર કારણે અને વગર પૂંજે જવું. (૨) ચારે બાજુ જોવું (૩) પાપકર્મ કરવું (૪) આળસ મરોડવી (૫) અભિનય (હાવ ભાવ) પૂર્વક બેસવું (૬) દિવાર વગેરેનો સહારો લેવો (૭) શરીરનો મેલ નિકાળવો (૮) ખુજલી ખણવી (૯) પગ ઉપર પગ ચઢાવીને બેસવું (૧૦) કામવાસના થી અંગ ખુલ્લા રાખવા (૧૧) જંતુ કીટાણુથી ભયભીત થઈને સંપૂર્ણ અંગ ઢાંકવું (૧૨) ઊંઘ કરવી. આ બત્તીશ દોષ રહિત શુદ્ધ સામાયિક કરવી જોઈએ.

## સામાયિકના લાભ

ભગવાને બતાવ્યું છે - એક સામાયિક કરવાથી જીવ ૯૨, ૫૯, ૨૫, ૯૨૫ પલ્યોપમ એટલે કે અસંખ્ય વર્ષોનું દેવલોકનું આયુષ્યનો બંધ કરે છે. એટલે કે સામાયિકના પ્રત્યેક સેકંડમાં જીવ ૩ લાખ પલ્યોપમ જેટલું દેવભવનું આયુષ્ય બાંધી શકે છે. બીજી વાત - શ્રેણિક મહારાજાએ ભગવાનને નરક નિવારણનો ઉપાય પૂછ્યો. એમાંથી એક ઉપાય હતો, જો પુણિયા શ્રાવકની એક સામાયિક ખરીદાય તો નરક ટાળી શકાય છે. શ્રેણિક મહારાજા પુણિયા શ્રાવકના ઘરે પહોંચ્યા અને સામાયિક આપવાનું કહ્યું. પુણિયા શ્રાવકે કહ્યું કે "હે રાજન્ ! હું સામાયિક કરવાનું જાણું છું, પરંતુ વેચવાનું નહીં. ચાલો; આપણે પ્રભુને જ આના વિષે પૂછી લઈએ." પ્રભુ પાસે પહોંચ્યા અને એક સામાયિકનું મૂલ્ય પૂછ્યું. પ્રભુએ કહ્યું "જો એક વ્યક્તિ રોજ સોનાની એક લાખ હાંડી દાનમાં આપે અને બીજો વ્યક્તિ માત્ર એક સામાયિક જ કરે, તો એ બેમાંથી સામાયિક કરવાવાળાને જ વધારે લાભ મળે છે." એટલે કે એક લાખ સોનાની હાંડી દાન દેવાથી પણ એક સામાયિકનું ફળ વધારે છે. માટે વધારેમાં વધારે સામાયિક કરવી જોઈએ.

## સામાયિક લેવાના હેતુ

**પ્રથમ ગુરૂ સ્થાપના :** ક્રિયાની સફળતા ગુરૂની નિશ્રામાં હોવાથી સ્થાપના કરવામાં આવે છે. ગુરૂની સાનિધ્યતાનું ભાન સાધકને વિરાધનાથી બચાવવામાં સમર્થ બને છે. જેમ શેઠની ઉપસ્થિતિ હોવા

માત્રથી નોકર કામચોરી વગેરે નથી કરતો. આ પ્રમાણે ગુરૂનું સાનિધ્ય હોવા માત્રથી અપ્રમત્ત ક્રિયા થાય છે.

**ગુરૂવંદન :** વિનય માટે કરવામાં આવે છે.

એક **ખમાસમણા** દઈને, **ઈચ્છા... સામાયિક લેવાની મુંહપત્તિ પડિલેહું ?**

પ્રત્યેક આદેશના પહેલા ખમાસમણા વિનય માટે આપવામાં આવે છે. ક્રિયામાં જયણાની મુખ્યતા હોવાથી મુંહપત્તિનું પડિલેહણ કરવામાં આવે છે.

ઈચ્છં ગુરૂના આદેશને સ્વીકારવા માટે પ્રત્યેક આદેશ પછી ઈચ્છં કહેવામાં આવે છે.

**એક ખમાસમણા, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક સંદિસાહું ?**

ગુરૂ પાસે સામાયિક કરવાની આજ્ઞા આ સૂત્રમાં માંગવામાં આવે છે.

ગુરૂ કહે **સંદિસાવેહ** એટલે કે આજ્ઞા છે.

ઈચ્છં આપની આજ્ઞા સ્વીકારૂં છું.

**એક ખમાસમણા: ઈચ્છા. સામાયિક ઠાઉં ?**

આ આદેશથી સામાયિકમાં સ્થિર રહેવાની આજ્ઞા મંગાય છે.

ગુરૂ કહે - **ઠાવેહ** એટલે કે સ્થિર રહેવાની આજ્ઞા છે.

ઈચ્છં, હું સામાયિકમાં સ્થિર રહેવાની આજ્ઞા સ્વીકારું છું.

હાથ જોડીને **નવકાર :** સામાયિક દંડક ઉચ્ચારતાં પહેલા મંગલ માટે એક નવકાર ગણાય છે.

**ઈચ્છકારી... ઉચ્ચરાવોજી :** ગુરૂની પાસે સામાયિક દંડક ઉચ્ચરાવાની પ્રાર્થના છે.

**કરેમિ ભંતે :** જો ગુરૂ હોય તો કરેમિ ભંતે એમનાથી ઉચ્ચરવો. એમના અભાવમાં વિનય હેતુ પૌષધધારી અથવા પોતાના પહેલા જેમણે સામાયિક લઈ લીધી હોય તો એમનાથી ઉચ્ચરવી જોઈએ. અને કોઈ ન હોય તો પોતે ઉચ્ચરે.

**ખમાસમણા પૂર્વક ઈરિયાવહિયં સૂત્ર :** ખમાસમણ વિનય માટે છે. ઈરિયાવહિયં સૂત્રમાં રસ્તામાં જે કોઈ જીવ વિરાધના થઈ હોય તો તેમને મિચ્છામિ દુક્કડં આપવામાં આવે છે. કેમ કે જયાં સુધી બધા જીવ પાસે ક્ષમા નથી માંગીએ ત્યાં સુધી સામાયિકમાં સ્થિરતા નથી આવતી. આ સૂત્ર દ્વારા ગુરૂની સમક્ષ આપણે પાપોની આલોચના કરી ત્યારે ગુરૂએ એક લોગસ્સનું પ્રાયશ્ચિત આપ્યું.

**તસ્સ ઉત્તરી :** એમાં કાઉસ્સગ્ગ કરવાના ચાર હેતુ બતાવ્યા છે.

**અન્નત્થ :** એમાં કાઉસ્સગ્ગમાં થોડી છૂટ રાખી છે.

કાઉસ્સગ્ગ : ઈરિયાવહિયંમાં ૨૫ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ હોય છે. લોગસ્સ સૂત્રના પ્રત્યેક પદનું પ્રમાણ એક શ્વાસોશ્વાસ ગણ્યો છે. એટલે કે 'ચંદેસુ નિમ્મલયરા' સુધી ૨૫ શ્વાસોશ્વાસ થાય છે. જેમને લોગસ્સ ન આવડે તે ૪ નવકાર ગણે.

પ્રાયશ્ચિતમાં ગુરૂભગવંત તપ આપે છે. ૧૨ પ્રકારના તપમાં કાઉસ્સગ્ગ પણ એક તપ છે. માટે અહીં જેટલા કાઉસ્સગ્ગ કહ્યા છે તેટલા જ કરવા. વધારે ઓછા કરો તો અવિધિ છે.

**પ્રગટ લોગસ્સ :** એમાં ૨૪ તીર્થંકર ભગવાનના નામ સ્તુતિરૂપે હોવાથી મંગલમય છે. કાઉસ્સગ્ગ દ્વારા પ્રાયશ્ચિત કરવાથી થયેલા આનંદની અભિવ્યક્તિ માટે ૨૪ તીર્થંકરોનું નામ સ્મરણરૂપ લોગસ્સ બોલવામાં આવે છે. (નોંધ : બધી ક્રિયાના પ્રારંભમાં ઈરિયાવહિયં કરવી જોઈએ. એ અપેક્ષાથી ચાર થોયમાં ઈરિયાવહિયં પહેલા આવે છે. તો આ હેતુ પૂર્વમાં સમજી લેવો. ત્રિસ્તુતિક મત અનુસાર આવશ્યક ચૂર્ણિ, યોગશાસ્ત્ર, શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ આદિના આધારથી 'કરેમિ ભંતે' ઉચ્ચર્યા પછી ઈરિયાવહિયંનું વિધાન છે.)

**ખમાસમણા, ઈચ્છા. બેસણે સંદિસાહું ?** એમાં એક આસન પર સ્થિર રહેવાનો આદેશ માંગવામાં આવ્યો છે. એનાથી એ સિદ્ધ થાય છે કે સામાયિક ઉભા-ઉભા લેવી જોઈએ. જો ઉભા હોય તો બસવાનો આદેશ લઈ શકે છે.

**ખમાસમણા, ઈચ્છા. બેસણે ઠાઉં ?** એનાથી એક આસનમાં સ્થિર બનવાની ઈચ્છા છે.

**ખમાસમણા, ઈચ્છા. સજ્ઝાય સંદિસાહું ?** સામાયિકમાં મુખ્યતયા સ્વાધ્યાય કરવાનું હોય છે કારણકે સામાયિક આત્મ-રમણતાના હેતુથી લેવાય છે તેથી સજ્ઝાયનો આદેશ માંગીએ છીએ. પછી ભલે તે સ્વાધ્યાય કરે, માળા ગણે, કાઉસ્સગ્ગ કરે કે પ્રતિક્રમણ કરે બધું સજ્ઝાય (સ્વાધ્યાય) રૂપ જ છે.

**ખમાસમણા, ઈચ્છા. સજ્ઝાય કરું ?** એનાથી સજ્ઝાય કરવાની વાતમાં દઢતા આવે છે. એના પછી ત્રણ નવકાર સ્વાધ્યાયના પ્રતિકરૂપ ગણાય છે.

એના પછી બીજી અને ત્રીજી સામાયિક વગર પાર્યે લઈ શકાય છે. એમાં 'સજ્ઝાય કરું ? ને બદલે 'સજ્ઝાયમાં છું' એમ કહીને એક નવકાર સજ્ઝાયના રૂપે ગણાય છે.'

## સામાયિક પારવાના હેતુ

**સૌ પ્રથમ ખમાસમણા** - વિનય પૂર્વક આદેશ લેવા માટે.

**ઈરિયાવહિયં** - યદ્યપિ સામાયિક પાપ વ્યાપારના ત્યાગની પ્રક્રિયા છે. માટે તેમાં આરાધના જ કરાય છે, તો પણ પ્રમાદવશ મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિ થઈ જવાની સંભાવનાથી આ ઈરિયાવહિયં કરાય છે.

**ખમાસમણા ઈચ્છા. મુંહપત્તિ પડિલેહણ કરૂં ?** મુંહપત્તિ પડિલેહણ જયણા માટે છે. (આ આદેશમાં સામાયિક પારવા મુંહપત્તિ પડિલેહણ કરું ? એવું બોલવું નહીં, કારણ કે મુંહપત્તિ પડિલેહણ કરતાં કરતાં ફરીથી સામાયિક લેવાનો ભાવ આવી જાય તો પારવાને બદલે સામાયિક લઈ પણ શકાય છે.

**ખમાસમણા, ઈચ્છા. સામાયિક પારું ?** આનાથી સામાયિક પારવાનો આદેશ મંગાય છે.

અહીં ગુરૂ કહે છે. **'પુનરવિ કાયવ્વં'** એટલે કે સામાયિક ફરીથી લેવા જેવી છે. (આ સાંભળીને કોઈની અનુકૂળતા હોય અને ભાવ આવી જાય તો તરત સામાયિક સંદિસાહું વગેરે આદેશ લઈને સામાયિક લઈ શકાય છે.)

અહીં શ્રાવક કહે છે. **'યથાશક્તિ'** હું શક્તિ મુજબ સામાયિક કરવાની ભાવના રાખું છું.

**ખમાસમણા. ઈચ્છા. સામાયિક પાર્યું ?** આમાં શ્રાવક કહે છે કે હું સામાયિક પારું છું.

ગુરૂ કહે છે. **'આયારો ન મુત્તવ્વો'** એટલે કે જો આપ સામાયિક પારી રહ્યા છો તો કમ સે કમ શ્રાવકના આચાર છોડતા નહીં.

શ્રાવક કહે છે **'તહત્તિ'** એટલે કે આપની આજ્ઞા શિરોધાર્ય છે. પછી કટાસણા ઉપર હાથ રાખીને ઝૂકીને મંગલ માટે નવકાર ગણવો.

**સામાઈય વય જુત્તો** - આ સૂત્રમાં સામાયિકના લાભ બતાવવામાં આવ્યા છે. જેમ કે જીવ જયાં સુધી સામાયિક કરે છે ત્યાં સુધી અશુભ કર્મોનો નાશ કરે છે. અને તે સાધુ જેવો હોય છે. માટે વધારામાં વધારે સામાયિક કરવી જોઈએ. આ ઉપદેશ સામાયિક પારતી વખતે આપણને મળે છે. એનાથી આપણને વારંવાર સામાયિક કરવાની ઈચ્છા થાય છે.

**દશ મનના :** કોઈપણ ધાર્મિક અનુષ્ઠાન પછી અવિધિના મિચ્છામિ દુક્કડમ્ દેવા જરૂરી છે. જેનાથી જાણતા - અજાણતા કોઈ દોષ લાગ્યો હોય તો તે દૂર થાય છે.

**ઉત્થાપન મુદ્રામાં નવકાર :** સ્થાપિત કરવામાં આવેલા સ્થાપનાચાર્યજીની નવકાર દ્વારા ઉત્થાપન કરવામાં આવે છે.

## સામાયિક મંડળ

આજે દરેક ગામ, શહેર અને પ્રત્યેક એરીયામાં સામાયિક મંડળ દેખવામાં આવે છે. પરંતુ સૌથી પહેલો પ્રશ્ન ઉઠે છે :

**સામાયિક મંડળ એટલે શું ?** સામાયિક મંડળ એટલે સમૂહમાં સામાયિક કરવું. ઘરના વાતાવરણમાં મન ચલ-વિચલ વધારે બને છે. ઉપાશ્રયમાં સામાયિક વધારે લાભદાયી બને છે. એકલો વ્યક્તિ સામાયિક લઈને જે આરાધના કરી શકે છે, તેનાથી કેટલાય ગણો ફાયદો સમૂહમાં સામાયિક લેવાથી સંભવિત છે.

**સામાયિક મંડળના લાભ -**

૧. સમૂહમાં કોઈ વિશેષ જ્ઞાની નવો અભ્યાસ કરાવે છે.

૨. એકબીજાને જોઈને વિશેષ ભાવ જાગૃત થાય છે.

૩. પ્રોત્સાહન મળે છે.

૪. સામૂહિક સામાયિકના વિશેષ લાભ પણ થાય છે. પરંતુ એક સાથે સામાયિક ઉચ્ચરવાથી જ સમૂહનું વિશિષ્ટ લાભ મળે છે.

ગુરૂ ભગવંતથી સાંભળ્યું છે કે :-

એક વ્યક્તિ સામાયિક ઉચ્ચરે તો ૧ સામાયિકનો લાભ મળે છે.

બે વ્યક્તિ સાથે સામાયિક ઉચ્ચરે તો ૧૧ સામાયિકનો લાભ મળે છે.

ત્રણ વ્યક્તિ સાથે સામાયિક ઉચ્ચરે તો ૧૧૧ સામાયિકનો લાભ મળે છે.

ચાર વ્યક્તિ સાથે સામાયિક ઉચ્ચરે તો ૧૧૧૧ સામાયિકનો લાભ મળે છે.

પાંચ વ્યક્તિ સાથે સામાયિક ઉચ્ચરે તો ૧૧૧૧૧ સામાયિકનો લાભ મળે છે.

આ પ્રમાણે જેટલા વ્યક્તિ હોય તેટલા એકડા પાસે પાસે રાખવાથી જે સંખ્યા બને છે તેટલા સામાયિકનો લાભ મળે છે. આનાથી સમૂહ સામાયિકનો અર્થ સ્પષ્ટ ખ્યાલ આવે છે.

આજકાલ સ્વૈચ્છિક રીતે અલગ અલગ સામાયિક ઉચ્ચરવું, મન ફાવે ત્યારે આવવું, સામાયિકમાં વાતો કરવી, એકબીજાને ધર્મનું નિમિત્ત ન આપીને અધર્મનું નિમિત્ત આપવું, તથા ફાઈન (દંડ)ના ઝઘડા, પ્રભાવના વગેરે વિષયમાં ઝઘડો કરવો વગેરેથી સામાયિકના દૂષણ વધી જાય છે. આ દોષોને કારણે સામાયિક મંડળ ગુણને બદલે દોષકારક બની આત્મા માટે અહિતકર સિદ્ધ થઈ રહ્યું છે. માત્ર સામાયિક થઈ જાય છે. પરંતુ વાસ્તવમાં સમતા પ્રાપ્ત થતી નથી.

માટે પ્રત્યેક મંડળમાં સામાયિકનો ઉદ્દેશ બનાવવો જોઈએ. સામાયિકની પ્રતિજ્ઞા છે કે ૪૮ મિનિટ સુધી સાવદ્ય પાપ વેપારના ત્યાગ કરવો જેમકે એકાસણાનું પચ્ચક્ખાણ લીધા પછી વ્યક્તિ નાશ્તો નથી કરતો. એજ પ્રમાણે પાપ વ્યાપારનો ત્યાગ કરવા રૂપ 'કરેમિ ભંતે' ઉચ્ચર્યા પછી સંસારસંબંધી વાતો, વિચાર કે પૈસાના વિષયમાં, વ્યવસ્થાના નામે સંક્લેશ કરવો સર્વથા અનુચિત છે. મુખ્યત્વે સામાયિક મંડળના પ્રતિનિધિને આ વિવેક રાખવો બહુ જરૂરી છે.

**સામાયિક મંડળનો ઉદ્દેશ :**

સામાયિક મંડળની સ્થાપનાનું લક્ષ્ય છે, સમૂહમાં રત્નત્રયીની સુંદર આરાધના કરવી. સામાયિક મંડળમાં રહેવાથી ઘરમાં જેને સામાયિક કરતાં ન આવડતી હોય તે પણ સમૂહમાં ઉલ્લાસથી જોડાઈ જાય છે. તેમજ સમૂહમાં નવી નવી વાતો શીખવાનો ઉલ્લાસ જાગૃત થાય છે.

પ્રત્યેક ગામમાં બે સામાયિક મંડળ હોવા જોઈએ. એક ૧૫ થી ૪૫ વર્ષની ઉંમરની સ્ત્રિયોં માટે. આ વર્ગમાં "જૈનિજમ કોર્સનું" ભણતર કરાવો તથા તેના એક-એક ચેપ્ટર પૂરા થાય પછી તેની પરીક્ષા લેવામાં આવે. આ મંડળમાં બધાની અનુકૂળતા અનુસાર અઠવાડિયામાં કોઈપણ એક દિવસ સામાયિક માટે નિર્ધારિત કરવો. તેમજ બધાને અનુકૂળતા હોય તો સવારે ૧૦ થી ૧૧ વાગ્યાનો

સમય રાખો. જેથી બપોરે શ્રાવકના ઘરે આવવાનો સમય, કામવાળી તથા મહેમાનોને આવવા-જવાને કારણ કોઈને ક્લાસ ચૂકવાનો અવસર જ ન આવે. જો ક્યારેક સવારે ૧૦-૧૧ વાગે કંઈ કામ આવી જાય તો પોતે જ પોતાનું કામ આગળ પાછળ કરી લેવું જોઈએ. નિર્ધારીત વારના દિવસે જો તિથિ હોય અને મોટાઓનું મંડળ હોય તો વહુઓનું મંડળ એક દિવસ આગળ અથવા પાછળ પહેલાંથી જ નક્કી કરી દેવુ જોઈએ. જેથી ઘરમાં સાસુ-વહુ બંને સાથે ન નિકળી શકતા હોય તો તેમને સુવિધા રહે. જો વ્યાખ્યાનનો યોગ હોય તો સામાયિકમાં વ્યાખ્યાન વાણી શ્રવણ કરી શકાય.

૪૫ વર્ષથી વધારે ઉંમરવાળાઓ માટે સામાયિક મંડળ તિથિના દિવસે રાખવો. તેમને ધીરે-ધીરે ક્રમશઃ એક એક વિષય મુખજબાન કરાવવો જોઈએ. આ મંડળમાં મૌખિક પરીક્ષા રાખી શકાય.

જ્યાં સામાયિક મંડળ ન હોય ત્યાં આ પુસ્તકમાં આપેલી પદ્ધતિથી નવું સામાયિક મંડળ સ્થાપિત કરવું. રત્નત્રયીની આરાધના સામાયિકમાં થાય છે. માટે એનુ 'રત્નત્રયી આરાધના મંડળ' નામ આપવો તથા તેમાં નીચે પ્રમાણે લખેલા નિયમ તથા ગતિવિધિયો કરવી.

**સામાયિક મંડળના નિયમ -**

(૧) નિર્ધારીત દિવસમાં નક્કી કરેલા સમયથી પાંચ મિનિટ પહેલા બધા આવી જાય જેમ ૧૦-૩૦ વાગ્યાનો સમય હોય તો ૧૦-૨૫ સુધી અને ૨-૩૦ વાગ્યાનો સમય હોય તો ૨-૨૫ સુધી બધી શ્રાવિકાઓ આવી જાય.

(૨) ત્યારપછી પહેલા હાજરી ભરવામાં આવે તેથી સામાયિકમાં કોઈ વિક્ષેપતા ન થાય.

(૩) હાજરીના તરત પછી સમૂહમાં વિધિપૂર્વક સામાયિક ઉચ્ચરવું.

(૪) સામાયિકમાં પૂર્ણ મૌન રહેવું.

(૫) વિચાર-વિમર્શ માટે સામાયિકની પહેલા અથવા સામાયિક પછીનો સમય રાખવો.

(૬) જે વ્યક્તિએ સામૂહિક 'કરેમિ ભંતે' ન ઉચ્ચર્યું હોય પરંતુ પછી આવીને સામાયિક લીધી હોય તેમના માટે ૧ રૂા. દંડ રાખવો.

(૭) દંડના પૈસા મંડળમાં રાખવામાં આવેલી સ્પર્ધાના ઈનામ માટે અથવા સાતક્ષેત્રમાં જ ઉપયોગ કરવો. તેમજ દંડ ભરવાવાળા કોઈપણ પ્રકારની ચર્ચા વગર ઉત્સાહથી દંડ ભરવો. જેમ મંદિરમાં ભગવાનના ભંડારમાં પૈસા પૂરો છો તેની જેમ જ આ પૈસા સાતક્ષેત્રમાં જાય તો લાભદાયક જ છે. માટે દંડના વિષયને લઈને કોઈપણ પ્રકારની ચર્ચા ન કરવી.

(૮) જે ગેરહાજર હોય તેને ૫ રૂા. દંડ રાખવો.

(૯) એમ.સી. અને બહારગામ જવા માટે છૂટ રહેશે પરંતુ તેના માટે છુટ્ટીપત્રક કોઈની સાથે અથવા એમ.સી.માંથી ઉઠ્યા પછી પોતે અવશ્ય લઈ જવાનું રહેશે. નહીંતર દંડ ભરવો અનિવાર્ય રહેશે.

(૧૦) મંડળમાં પ્રવેશ ફીસ ૫૧ રૂપિયા રાખવી. પ્રતિવર્ષ ૫૧ રૂા. ભરવા. કોઈ કારણસર સળંગ ૩ (ત્રણ) મહિના ન આવી શક્યા હોય તો ફરીથી ૫૧ રૂા. ભરીને પ્રવેશ પ્રાપ્ત કરવો. ત્રણ મહિના સુધી ન આવે તેનું નામ કાઢી નાખવું.

(૧૧) પ્રભાવના સામાયિક પાર્યા પછી જ કરવી. જેથી સામાયિકમાં પૈસાનો સ્પર્શ ન થાય.

❖ સામાયિક ચેપ્ટરમાં બતાવવામાં આવેલી બધી વાતોનો સામાયિકમાં પૂરો ઉપયોગ રાખવો.

**સામાયિકની ગતિવિધિઓ -**

બધાનો ઉત્સાહ બની રહે, કોઈનું મન ન દુઃખે, શાસનની શોભા વધે, એવા મૈત્રીભાવપૂર્વક સમભાવવર્ધક સામાયિક થાય... એવો લક્ષ્ય હોવો જરૂરી છે.

(૧) સામાયિક મૌનપૂર્વક જ થાય, ગાથા આપી કે લઈ શકાય છે અથવા પુસ્તકનું વાંચન તેમજ તત્ત્વજ્ઞાન સમજી શકાય છે. ભણવા સિવાય વિષયાંતરવાળી વાતો ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું.

(૨) પ્રાર્થના - સામાયિકમાં સર્વપ્રથમ નવકાર સુંદર રાગમાં બોલવી. પછી આ બુકમાં પેજ નં. ૨૩ માં 'સીમંધર સ્વામીની પાસે અમને જાવું છે'... આ સ્તવન આપ્યું છે. તે પ્રભુની પ્રાર્થનાના રૂપમાં બોલવો. પછી ગુરૂ મ.સા.ની એક સ્તુતિ બોલવી. પછી સમૂહમાં બધા મળીને સામાયિકના પ્રણિધાન બોલવા.

(૩) ત્યારપછી કોર્સનો યથોચિત વાંચન કરવો. બધા કાવ્યવિભાગમાંથી સ્તવન વગેરેનો રાગ બેસાડવો. જેને સૂત્રનો અર્થ અથવા તત્ત્વજ્ઞાન આવડતું હોય તે બધાને ભણાવે.

(૪) દરેક અઠવાડિયામાં હોમવર્ક (ગૃહકાર્ય) આપવો. જેથી પછીની સામાયિક સુધી બધું કરીને લાવે.

(૫) ક્યારેક બધા મળીને પ્રભુજીનું મંદિર અથવા ઉપાશ્રયની શુદ્ધિ કરવી.

(૬) ક્યારેક મંદિરજીમાં સ્નાત્રપૂજા-નૃત્ય આદિ કરવો.

(૭) ક્યારેક ચાતુર્માસ નિયમાવલી ભરાવવી, તેના ઈનામ કાઢવા. ક્યારેક નજીકના તીર્થોની યાત્રા કરાવવી.

(૮) સામાયિક પારતી વખતે મારા આ સામાયિકના પુણ્યથી બધા જીવ સુખી થાય અને મારી આત્માની મુક્તિ થાય એવી ભાવના કરવી.

# સીમંધર સ્વામીની પાસે અમને જાવું છે

વિશ્વમાં જીવમાત્ર સતત સુખની ઈચ્છા કરે છે. પુરૂષાર્થ પણ સુખ માટે જ કરે છે, તો પણ કર્માધીન તેમજ મોહાધીન જીવને પરિણામમાં દુઃખ મળે છે. છેવટે આવું કેમ થાય છે? આનુ મૂળકારણ એક જ છે કે **"અત્યાર સુધી જીવ પરમાત્માની સમીપ નથી જઈ શક્યો."**

જે આત્માઓ જન્મ લે છે તે બધાની મૃત્યુ નિશ્ચિત છે. પ્રભુની કૃપાથી આ ભવમાં તો આપણને જૈન ધર્મ મળી ગયો છે. જો આપણે આ ધર્મનું તેમજ પ્રભુનો સહારો લઈ લઈએ તો આ એક ભવમાં અનંત ભવોના દુઃખોથી મુક્તિ મેળવી શકીએ.

આપણી આત્મા શરીરમાં બિરાજમાન છે. આત્મા શેઠ છે તેમજ શરીર તેના રહેવાનો બંગલો છે. પરંતુ આત્માનો આ બંગલો નાશવંત છે અને આત્મા શાશ્વત છે. એટલે કે આયુષ્ય પૂર્ણ થયા પછી શરીર અહીં રહી જશે અને આત્મા પરલોક પ્રયાણ કરી લે છે.

ભાડાનું મકાન ખાલી કરતાં પહેલાં જ વ્યક્તિ પોતાના રહેવા માટે અન્ય સુરક્ષિત ઘરની વ્યવસ્થા કરી લે છે. તેમજ જે નથી કરતા તે દુઃખી થાય છે. આ પ્રમાણે આ શરીરરૂપી ઘર પણ નાશવંત હોવાથી છોડવું પડશે, તો તમે વિચાર્યું પરલોકમાં ક્યાં જવું છે ? કયું શરીર મેળવવું છે ? એની કોઈ યોજના બનાવી ? પહેલા વિચારો ! તમારે પરભવમાં ક્યાં જવું છે ? તેનું લક્ષ્ય બનાવીને, તેની યોજના બનાવો. તમારી સામે ચાર ગતિ છે જેમાં...

**નરક** - આ પાપ ભોગવવાનું સ્થાન છે. અહીં જીવ આર્તધ્યાનથી વિશેષ કર્મબંધ કરે છે અને અહીં ધર્મ કરવાનો કોઈ અવસર જ નથી હોતો.

**તિર્યંચ ગતિ** - આ પણ પાપ ભોગવવાનું જ સ્થાન છે. મહાન શુભ યોગ હોય તો સમવસરણમાં પ્રભુથી અથવા અન્ય કોઈ નિમિત્તથી દેશવિરતિ મેળવી શકે છે. પરંતુ આવી તક તિર્યંચગતિમાં બહું જ ઓછી મળે છે.

આ બે ગતિની જોડી છે. એક વાર જીવ નરકમાં જાય તો ત્યાંથી તિર્યંચ, પછી ફરી પાપ બાંધીને નરક, ત્યાંથી તિર્યંચ, ત્યાંથી ફરીથી નરક, આ ચક્કરમાંથી બહાર નીકળવું મુશ્કેલ છે. કેમ કે બંને પાપ ભોગવવા તેમજ પાપ બાંધવાની જગ્યા હોવાથી પાપી જીવ આ ગતિઓમાં ભટકતો રહે છે.

**દેવગતિ** - આ ગતિમાં જીવ અવિરતિના ઉદયથી વિશેષ ધર્મારાધના કે કર્મ નિર્જરા કરી શકતો નથી. અઢળક-વૈભવ, સુંદર વાવડીઓમાં જળ-ક્રીડા, બાગ-બગીચા તેમજ રત્નોમાં આસક્તિના કારણે વધારે દેવ મરીને પૃથ્વી, જલ તેમજ વનસ્પતિરૂપ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. એકેન્દ્રિયની કાયસ્થિતિ અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણીની હોવાથી ત્યાંથી નીકળવું બહું જ મુશ્કેલ હોય છે. માત્ર

શાસનના અનુરાગી દેવ જ શાસનસેવાથી અથવા વિમાનના મંદિરમાં પ્રભુભક્તિથી અલ્પનિર્જરા કરી ફરીથી મનુષ્ય ગતિમાં જન્મ લઈ ઉત્તમ ચારિત્ર પ્રાપ્ત કરે છે.

**મનુષ્યગતિ** - આ પુણ્ય-પાપ ઉપાર્જન કરવા તેમજ વિપુલ કર્મ નિર્જરા કરવા તથા મોક્ષમાં જવાનું ઉત્તમ સ્થાન છે. આ મનુષ્યગતિમાં વ્યક્તિને પોતપોતાના કર્મ અનુસાર ભોગ સામગ્રી તેમજ ધર્મસામગ્રી બધુ જ સુલભ છે. ભોગ સામગ્રીનો ઉપયોગ નરક-તિર્યંચ ગતિમાં લઈ જાય છે અને ધર્મસામગ્રીના ઉપયોગથી જીવ મોક્ષને લાયક બને છે. તેથી શ્રેષ્ઠ તો મનુષ્ય ગતિ જ છે.

હવે આપણે જોવાનું છે કે મનુષ્યગતિમાં એવું કયું સ્થાન છે કે જ્યાં જવાથી આપણે શાશ્વત સુખને મેળવી શકીએ ? તો આનો જવાબ છે મહાવિદેહ ક્ષેત્રમાં. જ્યાં સીમંધર સ્વામી ભગવાન વિચરી રહ્યા છે તે શ્રેષ્ઠ સ્થાન છે. જે પ્રમાણે ૨૫૩૪ વર્ષ પહેલા ભગવાન મહાવીરે ભરત ક્ષેત્રમાં સાક્ષાત્ વિચરીને પોતાના અતિશયથી જીવોને મોક્ષગામી બનાવ્યા. તે પ્રમાણે વર્તમાનકાળમાં મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી ભગવાન વિચરી રહ્યા છે. આપણે આ શરીરથી તો ત્યાં નથી જઈ શકતા. પરંતુ જો આપણે અહીયાં લક્ષ્ય બનાવીને થોડો પુરુષાર્થ કરીએ તો આવતા ભવમાં ત્યાં જઈ શકીએ, જ્યાં સાક્ષાત્ સીમંધર સ્વામી વિચરી રહ્યા છે. તેમના સમવસરણના એવા અતિશય હોય છે કે તેમના સાનિધ્યમાં જવા માત્રથી આપણા કષાય શાંત થઈ જાય છે. તેમજ પરમાત્માની કૃપાથી જ આપણુ મોક્ષની તરફ ગમન સહજ બની જાય છે. આ પ્રમાણે આપણને ભવભ્રમણ તેમજ જન્મ-મરણના દુઃખોથી હંમેશા માટે મુક્તિ મળી જાય છે.

તો તમે બધા તૈયાર છો ને ? "મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામિની પાસે જવા માટે" જો હા ! તો આજથી જ તમે એક નાનો પ્રયાસ શરૂ કરી દો.

૧. આ પુસ્તકની સાથે પ્રભુના સમવસરણ તેમજ વિચરી રહેલા ભગવાનનો લેમિનેટેડ ફોટો તમને આપવામાં આવે છે. તેને એક ટેબલ ઉપર રાખીને તેના નીચે લખેલા **"એક જ અરમાન છે અમને સમવસરણમાં સર્વ વિરતી મળે"**. આ મંત્રને બોલતાં રોજ કમ થી કમ ૨૭ પ્રદક્ષિણા આપવી.

આ પ્રમાણે રોજ પ્રદક્ષિણા લગાવવાથી લગભગ દોઢ વર્ષમાં ૧૨,૫૦૦ (બાર હજાર પાંચસો) પ્રદક્ષિણા પૂર્ણ થઈ જશે. આના પછી પણ જો થઈ શકે તો તમે જીવનના અંત સુધી પ્રદક્ષિણા ચાલુ રાખો અને ન થાય તો કમ થી કમ ૨૭ વખત આ મંત્રનો જાપ કરો. જેથી તમારા હૃદયમાં (અનાહત ચક્રમાં) એક લક્ષ્ય બની જશે કે મારી એક માત્ર આ જ ઈચ્છા છે કે મને સીમંધર સ્વામી ભગવાનના સમવસરણમાં સર્વવિરતિ (દીક્ષા) મળે. આ ક્રિયાથી પ્રતિદિન તમારી આત્મામાં નિર્મળતા વધતી જશે.

૨. સાથે જ તમે સવારે જ્યારે પણ ઉઠો સૌ પ્રથમ આઠ નવકારમંત્ર ગણીને અત્યંત ભાવપૂર્વક ત્રણ વખત આ બે લાઈન ગાવી.

**પહેલો મંત્ર -** **"સીમંધર સ્વામીની પાસે અમારે જાવું છે,**
**સંયમ લઈને કેવલ લઈને, મોક્ષ અમારે જાવું છે..."**

રાત્રિના શાંત વાતાવરણના કારણે આપણું મસ્તિષ્ક શાંત હોવાથી પ્રાતઃ કાળે બોલેલી આ પંક્તિ તમારા મનમંદિરમાં પ્રભુને લઈ આવશે. તેમજ આ ભવમાં પણ સંયમ, કેવલજ્ઞાન અને મોક્ષની ભાવના આવી જવાથી આત્મ કલ્યાણ નિશ્ચિત થઈ જશે.

**પ્ર. શું આટલી નાની ક્રિયા આપણને પ્રભુની પાસે જન્મ આપી શકે છે ?**

ઉ. જરૂર આપી શકે છે પરંતુ તેમાં રોજે રોજ સાતત્ય હોવું જરૂરી છે. ઠીક છે ! ક્યારેક કોઈ કારણવશ અથવા બીજે ગામ ગયા હોય ત્યારે ભૂલથી કાર્ડ ન લઈ ગયા હોય અને પ્રદક્ષિણા રહી જાય તો બીજા દિવસે ડબલ પ્રદક્ષિણા આપી દો, પરંતુ તમારે જીવનના અંત સુધી આ પ્રક્રિયા કરવાની રહેશે.

પ્રતિદિન આ પ્રક્રિયાથી આત્મામાં એક ભાવ બની જાય છે કે "મારે સીમંધર સ્વામીની પાસે જાવું છે". આનાથી અંત ઘડી નજીક આવી જાય તો પણ જીવને આર્ત્તધ્યાન નહીં થાય. કેમ કે એ સમયે પણ તેને એ યાદ રહેશે કે મારે તો સીમંધર સ્વામીની પાસે જવું છે... અને આ યાદ આવવાથી એને મરવાંનો કોઈ અફસોસ રહેશે નહીં.

ઝૂંપડીમાંથી બંગલામાં જવા વાળાને દુઃખ કઈ વાતનું ? અને જેને અંત સમયે ભગવાન યાદ આવી જાય તેની સદ્‌ગતિ નિશ્ચિત છે. આ પ્રમાણે આ નાનકડી પ્રક્રિયા પણ તમને સીમંધર સ્વામી ભગવાનની પાસે લઈ જઈ શકે છે.

હવે જ્યારે જ્યારે તમે આ પ્રદક્ષિણામાં જોડાઓ, તમારા મનમાં શુભ ભાવ વધારે વધતા જશે. ત્યારે તમેં નીચેના બે મંત્રો બીજા જોડી દો. (આ મંત્રનો જાપ દિવસમાં ૨૭ વાર કરો.)

**બીજો મંત્ર -** **"અણુ-પરમાણું શિવ બની જાઓ,**
**આખા વિશ્વનું મંગલ થાઓ,**
**સર્વે જીવો મોક્ષે જાઓ."**

ભારતીય સંસ્કૃતિ અધ્યાત્મ પ્રધાન હતી. તે વર્તમાનમાં પાશ્ચાત્ય હોવાને કારણે લુપ્ત થતી જાય છે. તેમજ વ્યક્તિ ભૌતિક સાધનોમાં ઉલઝતો જાય છે. હિંસા પ્રધાન સુખ સુવિધાના સાધન વાતાવરણને દૂષિત બનાવે છે. બાહ્ય સ્તરમાં વ્યક્તિ ભલે ને કેટલાંય સુખી કેમ ન દેખાય, પરંતુ આંતરિક સ્થિતિ એટલી જ અશાંત બનતી જાય છે; આ અશાંતતાનું મુખ્ય કારણ છે દૂષિત વાતાવરણ. "અણુ-

પરમાણુ શિવ બની જાઓ" આ પંક્તિનો અર્થ છે કે બાહ્ય વાતાવરણમાં અણુ-પરમાણુ પાપના સાધનોને બદલે ધર્મસાધનના રૂપમાં પરિવર્તિત થઈ જાય. જેનાથી મંદિર, ઉપાશ્રય વધશે તેમજ પાપના સાધનો ઘટશે. આ બાહ્ય વાતાવરણ શુદ્ધ અર્થાત્ શિવ રૂપ બનશે તથા બાહ્ય વાતાવરણ શિવ રૂપ બનવાથી દરેક વ્યક્તિના મન ઉપર તેનો સુંદર પ્રભાવ પડશે.

જેમ તીર્થભૂમિના શુદ્ધ વાતાવરણમાં ત્યાં શિવ રૂપ બનેલા અણુ પરમાણુનો પ્રભાવ વ્યક્તિના મન ઉપર પડે છે, જેથી મનના પરમાણુ પણ શિવ રૂપ બની જાય છે તથા જેના મનમાં શુદ્ધ વિચાર ચાલે છે, તેની ભાષા પણ સુંદર બની જાય છે. એટલે કે ભાષા પણ શિવ રૂપ બની જાય છે અને જેના મન-વચન શુભ થઈ જાય તેની કાયાનું વર્તન પણ શિવ રૂપ બની જાય એમાં કોઈ આશ્ચર્ય નથી. આ પ્રમાણે અણુ-પરમાણુના શિવ રૂપ બની જવાથી દરેક વ્યક્તિના મન-વચન-કાયાના યોગ પણ શુભ બની જાય છે.

**"આખા વિશ્વનું મંગલ થાઓ"** એટલે કે વાતાવરણની શુદ્ધિથી જીવ માત્રનું મંગલ થાઓ, સર્વે જીવો સુખી બને.

**"સર્વે જીવો મોક્ષે જાઓ"** અહીં સુખી થયા પછી કોઈ જીવ ભવિષ્યમાં દુ:ખી ન બને. માટે બધા જીવો શાશ્વત સુખના સ્થાનરૂપ મોક્ષને પ્રાપ્ત કરે. એવી શુભ ભાવના આ મંત્રમાં વ્યક્ત કરવામાં આવી છે.

આ નાનકડા મંત્રમાં વિશ્વ મંગલની ઉત્કૃષ્ટ ભાવના વ્યક્ત થાય છે. સર્વ જીવોની મોક્ષની ભાવના આપણે જેટલી વધારે કરીએ, આપણો મોક્ષ એટલો જ જલ્દી થાય છે. આ પ્રકૃતિનો નિયમ છે કે આપણે બીજા માટે જે વિચારીએ છીએ તે જ આપણને મળે છે. જો આપણે બીજાઓનું ભલુ ઈચ્છીએ તો આપણું પણ ભલુ થાય છે. તેમજ બીજાઓનું ખરાબ ઈચ્છીએ તો આપણું પણ ખરાબ થયા વિના રહેશે નહીં.

**ત્રીજો મંત્ર - "તીર્થંકર મારા પ્રાણ, ક્ષાયિક પ્રીતિથી નિર્વાણ"** (રોજ ૨૭ વખત ગણો)

જેને વિશ્વમંગલ કરવું હોય તેને તીર્થંકર પરમાત્માથી અતિશય પ્રીતિ કરવી પડશે અને પ્રીતિને દૃઢ બનાવવા માટે આ મંત્રનો જાપ બહુજ સહાયક છે. જે પ્રમાણે પ્રાણ વિના જીવન નથી હોતું તે પ્રમાણે તીર્થંકર પ્રભુને પ્રાણથી પણ અધિક પ્રિય બનાવવા પડશે. જેથી પ્રભુની સાથે આપણી પ્રીતિ ક્ષાયિક પ્રીતિ બનશે. ક્ષાયિક પ્રીતિ એટલે કે આ શરીરના નાશ થયા પછી પણ જો પ્રેમ પરભવમાં સાથે આવે ક્યારેય ક્ષય ન થાય એ ક્ષાયિક પ્રીતિ છે. આ ક્ષાયિક પ્રીતિ અવશ્ય જ વ્યક્તિને સીમંધર પરમાત્માથી મિલન કરાવે છે. આ પ્રમાણે આ ત્રણ મંત્રોને જીવન મંત્ર બનાવવાથી સહજ જ જીવનો મોક્ષ તરફ પ્રયાણ થઈ જાય છે.

હવે આપણે જે પ્રભુની પાસે જવાનું લક્ષ્ય બનાવ્યું છે તે સીમંધર સ્વામિના વિહારના અતિશયોની એક ઝલક તેમજ સમવસરણ રચના જોઈશું.

## પ્રભુના વિહારનું રોમાંચક દશ્ય

❖ કેવળજ્ઞાનના પછી પ્રભુ જ્યારે વિહાર કરે છે ત્યારે ચારેય નિકાયના દેવ ભક્તિથી ભાવ-વિભોર થઈને પ્રભુની સેવામાં આવે છે. કોઈ સમ્યગ્ દર્શનની નિર્મળતા માટે તો કોઈ પોતાના સંશયોનું સમાધાન કરવા માટે આવતા-જતા રહે છે. આ પ્રમાણે કમ થી કમ કરોડો દેવી-દેવતા પ્રભુની સેવામાં તત્પર રહે છે.

❖ કેવળજ્ઞાન પ્રાપ્તિ પછી પ્રભુનું પ્રકૃષ્ટ પુણ્યોદય શરૂ થાય છે. દેવતા નવ સુવર્ણ કમલની રચના કરે છે. જે હજારો પાંખડીઓથી સુશોભિત હોય છે. આ કમળ સુવર્ણથી બનેલા હોવા છતાં માખણથી પણ વધારે કોમળ હોય છે. આવા નવ સુવર્ણકમળોની કર્ણિકા ઉપર ચરણ કમલ રાખીને પ્રભુ જ્યારે વિહાર કરે છે ત્યારે પ્રભુના અતિશયથી પ્રકૃતિ નવપલ્લવિત બની જાય છે.

❖ પ્રભુના વિહાર દરમ્યાન શરદ, હેમંત વગેરે છ ઋતુઓનું એક જ સાથે સમન્વય થાય છે, જેનાથી બાહ્ય વાતાવરણ અત્યંત આલ્હાદક બની જાય છે. એવું લાગે છે કે માનો બધી ઋતુઓ પ્રભુની સેવામાં ખીલી ઉઠી છે અને સાથે જ પાંચેય ઈન્દ્રિયોના મનોહરવિષય સર્વજનને અનુકૂળ બની વાતાવરણને મધ-મધાયમાન બનાવી દે છે.

❖ પરમાત્માને કેવળજ્ઞાન પછી દેવ, મનુષ્ય, તિર્યંચ તો અનુકૂળ બને જ છે પરંતુ એકેન્દ્રિયની સૃષ્ટિ પણ પ્રભુને અનુકૂળ બની જાય છે. પ્રભુ જ્યારે વિચરે છે ત્યારે મંદમંદ અનુકૂળ પવન વહેવા લાગે છે અને બધાને શાતા પહોંચાડે છે. પરમાત્માએ આખા જગતને અનુકૂળ બનીને સાધના કરી હતી તો પ્રભુને પવન તો શું ? આખુ જગત અનુકૂળ બની જાય તો એમાં કઈ નવી વાત છે ?

❖ જાણે ! પ્રભુના વિહારથી પૃથ્વી પૂજનીય બની જાય છે આ આશયથી દેવતા એક યોજન પ્રમાણ ભૂમિ ઉપર શીતલ-સુગંધિ જળની વૃષ્ટિ કરે છે. આ માર્ગે ચાલવાવાળાને તો જાણે અમૃતની વર્ષા થઈ હોય, એવા આનંદનો અનુભવ થાય છે.

❖ પ્રભુ વિહાર કરી રહ્યા હોય અથવા સમવસરણમાં બેઠા હોય ત્યારે દેવતા એક યોજન પ્રમાણ ભૂમિ ઉપર સર્વત્ર જાનુપ્રમાણ પુષ્પવૃષ્ટિ કરે છે. આ પુષ્પો પાંચ રંગના અને છ એ છ ઋતુઓના હોય છે. આ પુષ્પો દ્વારા દેવતા સ્વસ્તિક વગેરે પ્રશસ્ત આકૃતિની રચના કરે છે. દશેય દિશાઓને સુગંધિત કરવાવાળા આ પુષ્પો ઉપર લાખો લોકો ચાલે તો પણ આ પુષ્પોને પ્રભુના પ્રભાવથી લેશમાત્ર પીડા થતી નથી. તથા તેનો આકાર પણ બગડતો નથી.

❖ પૃથ્વીતલ ઉપર પ્રભુ જ્યારે વિહાર કરે છે ત્યારે જાણે કે કાંટા પણ વંદન કરી રહ્યા હોય એમ પોતાની તિક્ષ્ણતાને ધરતીમાં છૂપાવી દે છે. એટલે કે કાંટા પણ ઉલ્ટા થઈ જાય છે. પ્રભુ કોઈ પણ જીવ

માટે કંટકરૂપ નથી બન્યા, એમના માર્ગમાં ભલા કાંટા પણ વિઘ્નરૂપ કવી રીતે બની શકે છે ?

❖ પ્રભુ મહાત્મ્યથી પ્રભાવિત થઈને માર્ગમાં બંને તરફ વૃક્ષો પ્રભુનું સ્વાગત કરવા માટે ડાળીઓ ઝૂકાવી-ઝૂકાવીને પ્રભુને પ્રણામ કરે છે, એકેન્દ્રિયમાં ગણવામાં આવેલા વૃક્ષ પણ જ્યારે પ્રભુને જોઈને પ્રણામ કરે છે તો પંચેન્દ્રિય મનુષ્યો તથા દેવ પ્રભુની સેવામાં રહે તો એમાં કઈ મોટી વાત છે ?

❖ જે પ્રમાણે દેવ અને મનુષ્ય પ્રભુને પ્રદક્ષિણા આપે છે તે પ્રમાણે પોપટ, સારસ, મોર વગેરે પક્ષી પણ આનંદવિભોર થઈને આકાશમાં પ્રભુને પ્રદક્ષિણા લગાવે છે. આ જોઈને કોઈ કવિએ સુંદર કલ્પના કરી છે કે જાણે આ પક્ષિઓ પ્રદક્ષિણા દ્વારા પ્રભુને શુકન તો નથી આપી રહ્યા ને ?

❖ પ્રભુ જ્યાં વિચરતા હોય ત્યાં સવાસો યોજન સુધી રોગ હોતા નથી. મરકી પણ નથી હોતી. તીડ પણ નથી હોતા. ઉંદર પણ નથી હોતા. કાળ નથી પડતો, દુષ્કાળ પણ નથી પડતો. અતિવૃષ્ટિ પણ નથી હોતી. અનાવૃષ્ટિ પણ નથી થતી. કોઈ સ્વચક્રનો ભય નથી અને કોઈ પરચક્રનો ભય પણ નથી. વેર નહીં-વિરોધ પણ નથી. આ સાતેય ઈતિ અર્થાત્ ઉપદ્રવ તુરંત જ નાશ થઈ જાય છે. અહો ! કેવો મહાન પ્રભુનો યોગ સામ્રાજ્ય !

❖ વિહારના સમયે જ્યારે પ્રભુ જે ભૂમિ ઉપર વિચરણ કરે છે ત્યાં આસપાસ સો યોજન સુધી રહેતાં બધા જીવોના તમામ રોગ શાંત થઈ જાય છે. એટલું જ નહીં; છ મહિના પહેલા ઉત્પન્ન રોગ પણ નાશ થઈ જાય છે. તેમજ પ્રભુના પ્રભાવથી છ મહિના સુધી એનામાં નવા રોગોની ઉત્પત્તિ પણ નથી થતી. વાહ ! કેવો અદ્ભુત પ્રભુનો અતિશય !

❖ પ્રભુ જ્યારે વિહાર કરે છે ત્યારે પ્રભુની આગળ આકાશમાં ધર્મચક્ર ચાલે છે. જે સુવર્ણ તેમજ રત્નોનો બનેલો હોય છે તથા એક હજાર આરાઓથી સુશોભિત હોય છે. પરમાત્મા જ્યારે સિંહાસન પર બિરાજમાન થાય છે ત્યારે પ્રત્યેક સિંહાસનની આગળ સુવર્ણ કમળ ઉપર આ ધર્મચક્ર પ્રતિષ્ઠિત થાય છે. સૂર્યથી પણ અધિક તેજસ્વી, દશેય દિશાઓને પ્રકાશિત કરતો આ ધર્મચક્ર મિથ્યાદૃષ્ટિને માટે જાણે કે કાલચક્ર છે તો સમ્યગ્ દૃષ્ટિને માટે જાણે કે અમૃત સમાન છે.

❖ પ્રભુના વિહારના સમયે ઈન્દ્રધ્વજ આકાશમાં પ્રભુની સાથે સાથે ચાલે છે. એક હજાર યોજનની ઉંચાઈવાળો આ ઈન્દ્રધ્વજ મોક્ષમાં લઈ જવા વાળી સીઢી સમાન સુંદર દેખાય છે. સોનાના દંડથી બનેલો આ ધ્વજ હજારો નાની નાની ધ્વજા. પતાકાઓ તથા પવનથી ઝૂલતી અનેક મણિમય ઘંટડીઓથી શોભિત હોય છે. પ્રભુ જ્યારે સમવસરણમાં પધારે છે ત્યારે ચારો દિશાઓમાં ચાર ઈન્દ્રધ્વજ સ્થાપિત થઈ જાય છે.

આ પ્રમાણે અતિશયોથી યુક્ત પ્રભુ જ્યારે સમવસરણમાં પધારે છે ત્યારે એવું લાગે છે કે જાણે ! પ્રભુના પ્રભાવથી સંપૂર્ણ પૃથ્વી માલા-માલ થઈ ગઈ છે.

❖ સર્વપ્રથમ વાયુકુમાર દેવ એક યોજન ભૂમિને સંવર્તક પવનથી કાંટા કાંકરા રહિત બનાવીને શુદ્ધ કરે છે.

❖ ત્યારબાદ ભવનપતિ દેવ ૧૦,૦૦૦ ચાંદીની સીડીઓ સાથે સોનાના કાંગરીયો યુક્ત પ્રથમ ચાંદીનો ગઢ બનાવે છે. આ પ્રથમ ગઢમાં દેવ-મનુષ્ય પોતાના વાહન છોડે છે.

❖ પછી જ્યોતિષ દેવ ૫૦૦૦ સોનાની સીડીઓ સહિત રત્નોની કાંગરીયોથી યુક્ત બીજો સોનાનો ગઢ બનાવે છે. આ ગઢમાં તિર્યંચ બેસે છે.

❖ પછી વૈમાનિક દેવ ૫૦૦૦ રત્નોની સીડીઓ સહિત સોનાની કાંગરીયો યુક્ત ત્રીજો રત્નોનો ગઢ બનાવે છે. એમાં બાર પર્ષદા એટલે કે સાધુ, સાધ્વી, શ્રાવક-શ્રાવિકા (૪) ચારનિકાયના દેવોની ચાર પર્ષદા તેમજ દેવીઓની ચાર પર્ષદા બેસે છે.

❖ પ્રત્યેક ગઢમાં તોરણોથી યુક્ત ચાર દરવાજા, ધ્વજ પતાકાઓ, સુંદર વેદિકા, ધૂપદાની, વાવડિઓ વગેરે પણ હોય છે.

❖ ત્રીજા ગઢના મધ્યમાં દેવતા મણીમય પીઠીકા ઉપર વૃક્ષની રચના કરે છે. જે પરમાત્માની ઊંચાઈ કરતા ૧૨ ગણુ ઊંચુ તેમજ એક યોજન વિસ્તાર વાળું અત્યંત ઘટાદાર હોય છે. તેના પાંદડા કોમળ તેમજ લીલા રંગના હોય છે. આ વૃક્ષ છ ઋતુઓના ફૂલોથી શોભિત હોય છે. સાથે જ તેના ઉપર અનેક પ્રકારના છત્ર, ઘંટડીઓ, માળાઓ, ધ્વજાઓ પતાકાઓ આપ મેળે લહેરાતી હોય છે. આ અશોકવૃક્ષની ઉપર ચૈત્યવૃક્ષ શોભિત હોય છે. ચૈત્ય વૃક્ષ એટલે કે પ્રભુને જે વૃક્ષની નીચે કેવલજ્ઞાન થયું હોય તે વૃક્ષ. પ્રભુના વિહારના સમયે બધાને છાયા આપતુ આ અશોક વૃક્ષ પણ આકાશમાં પ્રભુની સાથે સાથે ચાલે છે.

❖ પ્રભુ ત્રણ ભુવનના સ્વામી છે આ સૂચિત કરવા માટે દેવતા ચારે દિશાઓમાં અશોક વૃક્ષની નીચે લટકતાં ત્રણ છત્રની રચના કરે છે. આ છત્ર શ્વેત સ્ફટીક રત્નોના બનેલા હોય છે. તેના ચારેય બાજુ સુંદર મોતીઓની માળા લટકે છે, પ્રભુના વિહારના સમયે આ છત્ર પણ આકાશમાં પ્રભુની સાથે જ ચાલે છે.

❖ આ છત્રની ઠીક નીચે ચારે દિશાઓમાં દેવતા સિંહાકૃતિવાળા ચાર સિંહાસનની રચના કરે છે. જેના ઉપર બેસીને પ્રભુ દેશના આપે છે. તે સુવર્ણજડિત હોય છે અને તેના આગળ રત્નમય પાદપીઠ હોય છે. પ્રભુ જયારે વિહાર કરે છે ત્યારે પાદપીઠ સહિત આ સિંહાસન પણ આકાશમાં પ્રભુની સાથે જ ચાલે છે.

❖ પ્રભુ જ્યારે સમવસરણની સામે પધારે છે ત્યારે ચારે બાજુથી અસંખ્ય દેવ, અસંખ્ય તિર્યંચ, કરોડો મનુષ્ય વગેરે પ્રભુના દર્શન માટે દોડી દોડીને આવે છે. પ્રભુને દેખીને ચમત્કૃત હૃદયથી ગદ્‌ગદ્ થઈને, અનિમેષ નયનોથી પ્રભુને નિહારતાં પ્રણામ કરે છે તથા પ્રભુનો જયનાદ કરે છે. આ જયનાદની ધ્વનીથી દસેય દિશાઓ ગૂંજીત થઈ ઉઠે છે. દેવ-માનવથી પરિવરિત પ્રભુ ક્રમશઃ વિહાર કરતા સમવસરણની વીસ હજાર સીડીઓ ચઢીને ત્રીજા ગઢમાં પધારે છે. ત્યાં અશોકવૃક્ષની ત્રણ પ્રદક્ષિણા આપીને રત્નમય સિંહાસન ઉપર પ્રભુ પૂર્વાભિમુખ બિરાજમાન થાય છે. આ સમયે અન્ય ત્રણ દિશાઓમાં દેવ અત્યંત દેદીપ્યમાન પ્રભુ સદૃશ જ ત્રણ પ્રતિબિંબની રચના કરે છે. જેનાથી ચારે દિશાઓમાં પ્રભુ બિરાજમાન હોય એવું પ્રતીત થાય છે. ચારે દિશાઓમાં પ્રભુના બંને તરફ ઈન્દ્ર અહોભાવ પૂર્વક ચામર વીંજે છે. આ ચામરના વાળ શ્વેત તેમજ તેજસ્વી હોય છે. દંડ સુવર્ણ તથા રત્નોનો હોય છે. વીંજતા સમયે એમાંથી સતત રંગબિરંગી કિરણો નીકળતી રહે છે. એક સાથે વીંજાતા ચામરને જોઈને એવું લાગે છે કે જાણે હિમાલયથી શ્વેત તેમજ અતિરમણીય ઝરણા વહી રહ્યા હોય. પ્રભુના ચરણોમાં ઝૂકતાં આ ચામર આપણને સૂચિત કરી રહ્યા છે કે જે અમારી જેમ પ્રભુના ચરણોમાં ઝુકશે તે અમારી જેમ જ ઉર્ધ્વગતિને પ્રાપ્ત કર્યા વિના નહીં રહે.

❖ પ્રભુની પાછળ સૂર્યસમ દેદીપ્યમાન તેજોમંડળ હોય છે, જેને ભામંડળ કહે છે. પ્રભુનું રૂપ અસંખ્ય સૂર્યથી પણ અધિક તેજસ્વી હોવાથી તેમની સામે આપણે જોઈ શકતા નથી. પરંતુ આ ભામંડલ પ્રભુનું તેજ પોતાનામાં સંહરણ કરી લે છે જેનાથી આપણે પ્રભુને સુખપૂર્વક જોઈ શકીએ.

❖ પોતાના પૂર્વના ત્રીજા ભવમાં, જગતના જીવોને તારવાની ભાવનાની સાથે જેમણે સ્વયં આ જીવોને પોતાના હૃદયમાં બેસાડ્યા હોય. એવા તારક દેવાધિદેવના સમવસરણમાં માત્ર એક યોજન વિસ્તારવાળી ભૂમિ ઉપર પ્રભુના પ્રભાવથી એક સાથે કરોડો દેવ, કરોડો મનુષ્ય તથા કરોડો તિર્યંચનો આસાનીથી સમાવેશ થઈ જાય તો એમાં આશ્ચર્ય જ શું ?

❖ પરમાત્મા જ્યારે દેશના આપે છે ત્યારે દેવતા આકાશમાં અદ્‌ભુત વાજિંત્ર વગાડે છે. જેને દેવદુંદુભિ કહે છે. તેનો અવાજ ગંભીર તથા અત્યંત મનોરમ હોય છે. એ વગાડીને લોકોને પ્રેરણા કરી રહ્યા છે કે "હે ભવ્ય પ્રાણીઓ ! અહીં આવો, ત્રણ લોકના નાથ અહીં બિરાજમાન છે. જે દુઃખ હરવાવાળા છે તથા શિવપદને આપવા વાળા છે. આવા નાથની સેવા કરશો તો શીઘ્ર મોક્ષને મેળવશો."

આ દેવદુંદુભિની આકાશવાણીને સાંભળીને પ્રભુની દેશના સાંભળવા માટે કરોડો દેવ, મનુષ્ય, તિર્યંચ પધારે છે. હવે કરૂણાના સાગર, વિશ્વતારક પ્રભુ 'નમો તિત્થસ્સ' કહીને ભવ્ય જીવોને પ્રતિબોધ દેવા માટે અર્ધમાગધી ભાષા તેમજ માલકોશ આદિ વિવિધ રાગમાં ચતુર્મુખી દેશના પ્રારંભ કરે છે.

પ્રભુજીની વાણી કેવી છે ? સાકર જેવી કે દ્રાક્ષ જેવી ? અરે ! પ્રભુજીની વાણી તો અમૃતથી પણ વધારે મીઠી છે. એટલું જ નહી પરંતુ ૮૦ વર્ષની ડોશી પોતાના માથા ઉપર લાકડાનો ભાર ઉપાડીને ઉભી હોય અને પ્રભુની દેશના શરૂ થઈ જાય અને છ મહિના સુધી દેશના ચાલતી રહે તો એ ડોસી પણ એમાં એટલી મગ્ન બની જાય છે કે છ મહિના સુધી તેને બેસવાનું પણ યાદ નથી આવતું.

અરે ! પ્રભુની વાણીની મહિમાના વિષયમાં બીજું તો શું કહીએ ? સિંહ અને બકરી, વાઘ અને શિયાળ, સાપ અને મોર, ઉંદર અને બિલાડી પરસ્પર જાતિ વેરને ભૂલીને નજીક નજીકમાં એક સાથે બેસે છે. ત્યાં કોઈને કોઈનાથી નહીં કોઈ વેર અને નહીં જ કોઈ વિરોધ. બધા પ્રેમપૂર્વક ઉત્કંઠીત હૃદયથી પ્રભુ વાણી સાંભળવામાં એકતાન થઈ જાય છે.

દિવ્ય ધ્વનિ રૂપ અતિશયથી પ્રભુની વાણી એક યોજન પ્રમાણ ભૂમિ સુધી ફેલાઈને સર્વત્ર એક સમાન અવાજમાં સંભળાય છે. આ સમયે બધાને લાગે છે કે જાણે ! પ્રભુ આપણને જ ઉપદેશ આપી રહ્યા હોય ! પરંતુ એટલું જ નહીં પ્રભુની વાણી હિત, મિત, પથ્ય, પાંત્રીસ ગુણોથી યુક્ત હોવાથી બધાને પોત-પોતાની ભાષામાં સંભળાય છે.

વધારે તો શું કહીએ ? પ્રભુના અતિશયોનું વર્ણન કરવું અર્થાત્ એક ફૂટપટ્ટીથી એવરેસ્ટની ઊંચાઈ માપવા બરાબર છે. આ વર્ણન તો પ્રભુના અતિશયરૂપી સાગરનો એક બિંદુ માત્ર છે. બાકી પ્રભુના પુણ્યાતિશય તો કલ્પનાતીત છે.

તો આવો ! આવા અતિશયયુક્ત પ્રભુને સાક્ષાત્ નિહારવા માટે દૃઢ સંકલ્પ બનાવીએ. **"સીમંધર સ્વામીની પાસે અમારે જાવું છે."** આ આશયથી ચેપ્ટરમાં બતાવવામાં આવેલા ઉપાયોનું આજ થી જ જીવનમાં અમલ કરવાનું શરૂ કરીએ.

## શ્રી સીમંધર સ્વામી ભક્તિ ગીત

**(રાગ : યાદ તેરી આતી હૈ)**

સીમંધર સ્વામિની પાસે અમને જાવું છે...
સંયમ લઈને, કેવળ લઈને, મોક્ષ અમને જાવું છે,
ચૌરાશી લાખ જીવયોનિમાં, અનંત કાળથી ભટકું...(૨)
ચારે ગતિમાં મારા પ્રભુ દુઃખ અપાર હું પામું... (૨)
હવે તો સ્વામિ દયા કરીને (૨) મુક્તિપુરી લઈ ચાલો, સીમંધર સ્વામિ...॥૧॥
કેટલા ભવો સુધી ભટકતો ફર્યો, પ્રભુ તારું શાસન ન પામ્યું,
પુણ્યોદયથી જૈન ધર્મ આ ભવમાં મને છે મળ્યું...
સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર આપો, સીમંધર સ્વામિ... ॥૨॥

# શ્રી સીમંધર સ્વામી ભક્તિ ગીત

(રાગ : ઉંચા અંબર થી આવો ને)

સમવસરણમાં બોલાવો પ્રભુજી, ... હો... હૈયુ તલસે લેવા વિરતિ,
વિરતિ ને આપો સીમંધર પ્રભુજી, વિરતિ ક્ષપકશ્રેણી દેતી...

સીમંધર પ્રભુજી મહાવ્રત દેતા, પ્રદક્ષિણા પ્રભુને અહોભાવે દેતા
આશિષ આપે ક્ષાયિક પ્રીતના, ક્ષાયિક પ્રીત ક્ષપકશ્રેણી દેતી... સમવસરણમાં...॥૧॥

અભયદાની પ્રભુને અહોભાવે વંદતા, દેવાધિદેવને હૈયામાં ધરતા,
આણા તમારી ગુણો દેનારી, આણાથી સહુને મુક્તિ મલતી... સમવસરણમાં...॥૨॥

ધ્યાન સમાધિ પ્રભુને જોતા પ્રગટતી, શુક્લધ્યાન ધારા ક્ષપકશ્રેણી દેતી,
ઉપકારો પ્રભુના કરૂણા પ્રભુની, નિર્વાણ પદ ને જે દેતી... સમવસરણમાં...॥૩॥

પ્રભુની કૃપાથી મૈત્રી ભાવ જાગ્યા, ચૌદલોકે સહુ જીવોને અહોભાવે વાંદ્યા,
સહુ વિરતિ પામે સમવસરણ સ્થાને, વીતરાગતા સહુની પ્રગટતી... સમવસરણમાં...॥૪॥

પ્રભુના અતિશયે ઇન્દ્રિયો વિરામે, અઢાર પાપોની વેદના છોડાવે,
સમતા સમાધિ પ્રગટે પ્રભુથી, કેવલજ્ઞાન થઈ જાય... સમવસરણમાં...॥૫॥

અપૂર્વ ભાવોથી મહાયોગ વર્તે, ગદ્‌ગદ્ હૈયુ પ્રભુને પલપલ પૂજે,
મંગલ થાયે આજ ચૌદલોકે, સિદ્ધગતિ સહુને મલતી... સમવસરણમાં...॥૬॥

દેવાધિદેવની દેશના વરસે, પ્રાતિહાર્યો થી પ્રભુજી પૂજાયે,
પ્રભુ પાસે રહેવા મહાભાગ્ય જાગ્યું, કરૂણા પ્રભુની વ્હાલે વહેતી... સમવસરણમાં...॥૭॥

વિશ્વમાતા પદ્મનંદી પર કરૂણા વહાવે, સમર્પિત બાલગોપાલો વિરતિ ને પામે
સમર્પિત પરિવાર પર વાત્સલ્ય પ્રભુનું, સહુને શીવપુરે લઈ જાયે... સમવસરણમાં...॥૮॥


## કેવી કરૂણતા...!!!

મૃત્યુ પછી સાથે નહીં આવવાવાળા ટીવી, બંગલા, પત્ની, પૈસા વગેરે ના માટે તમારી પાસે વધારે સમય છે અને મૃત્યુ પછી સાથે આવવા વાળા ધર્મ માટે તમારી પાસે સમય ન હોય તો તે તમારા જીવનની કરૂણતા નથી ?





# પ્રેમની મજા
# જીંદગીમાં સજા

# ઝેર બન્યું અમૃત



# વાસ્તુશાસ્ત્ર

## દિશા યંત્ર →




પૂર્વ (EAST) - શુભ
પશ્ચિમ (WEST) - અશુભ
દક્ષિણ (SOUTH) - અશુભ
ઉત્તર (NORTH) - શુભ

- **બાલ્કની :** સદાય ઉત્તર કે પૂર્વની તરફ ખુલવી જોઈએ. બાલ્કની ૩ ફુટ થી વધારે લાંબી ન હોવી જોઈએ અને બાલ્કનીમાં વધારે વજન ના રાખવું જોઈએ. બાલ્કનીની ઊંચાઈ ૯ કે ૧૦ ફુટની હોવી જોઈએ.
- ટેલીફોન અગ્નિકોણમાં રાખો. કોર્ટ કેસની ફાઈલો અથવા ઈમ્પોર્ટેન્ટ પેપર હંમેશા પૂર્વ કે ઈશાનમાં રાખો. બને ત્યાં સુધી ઈષ્ટ દેવતાના આલાની નીચે રાખો તો ઈષ્ટકૃપા પ્રાપ્ત થશે. આ ફાઈલો ક્યારેય પણ અગ્નિકોણમાં ના રાખો.
- ગેરેજ : શાસ્ત્રોના અનુસાર કાર પાર્કિંગ હંમેશા વાયવ્ય કોણમાં હોવુ જોઈએ. જો જગ્યા ના હોય તો અગ્નિકોણમાં થઈ શકે છે. ઈશાનકોણમાં કાર પાર્કિંગ ન હોવી જોઈએ.
- ઘરમાં ગોડાઉન, ભંગાર, કબાડ, કચરો અનુપયોગી સામાન નૈઋત્ય કોણ વાળા રૂમમાં હોવા જોઈએ. સાચા નૈઋત્ય કોણના અભાવમાં પશ્ચિમ કે દક્ષિણ દિશાનો ઉપયોગ કરી શકો છો.
- બીમાર વ્યક્તિને જલ્દી સ્વસ્થ કરવા માટે વાયવ્ય કોણમાં સુવડાવવા. પશ્ચિમ દિશામાં વજન વધારે રાખવું. તેને ક્યારેય ખાલી ન રાખવું. તેના લીધે ઘરના લોકોનાં પૈસા દવાઓમાં વધારે વપરાશે. દવાના બોક્સ ઈશાનમાં રાખો. દવા લેતી વખતે મોઢુ ઈશાન તરફ રાખો.
- આપણા રહેવા માટે બનેલા ઘરનો મુખ્ય દરવાજો પૂર્વ, ઉત્તર કે ઈશાનની તરફ હોવો જોઈએ. પશ્ચિમ, દક્ષિણ, અગ્નિ અને વાયવ્યની દિશામાં જો મુખ્ય દરવાજો હોય તો તે યોગ્ય નથી.
- ઘરના મુખ્ય દરવાજાની સામે થાંભલો, કૂવો, ચૌકોર યંત્ર, મોટુ પેડ, બુટ-ચંપલ બનાવવાની દુકાન કે અવૈધ ધંધો કરવાવાળાની દુકાન ના હોવી જોઈએ. તેના હોવાથી અશુભ ફળ પ્રાપ્તિ થશે અને અનેક વ્યવધાન આવે છે.
- ભવનને લાગવાવાળી બારીઓની સંખ્યા સમ હોય. વિસમ સંખ્યા ન હોવી જોઈએ.

# પ્રેમની મજા જીંદગીમાં સજા

જૈનિજમના પાછળના ભાગમાં આપણે જોયું કે કેવી રીતે ડૉલી પોતાના માતા-પિતાના અરમાનોને કચડીને સમીરની સાથે ભાગી ગઈ. જો ડૉલીના ભાગી ગયા પછી જીવનમાં આવવાવાળા દુઃખદ પરિણામોને જાણતી હોત તો કદાચ જ એ આટલું મોટુ પગલું ભરત. પણ યૌવનના ઉન્માદમાં આવીને ડૉલીએ પોતાના જીવનને દુઃખોની ખાઈમાં લઈ જવાવાળું એક મુખ્ય પગલું ભરી દીધું. બિચારી સુષમાએ કેટલા અરમાન સજાવ્યા હતા પોતાની દિકરીને અંતિમ વિદાય આપવા માટે, પણ ડૉલીએ ક્યારે એ ઘરમાંથી હમેશા હમેશાની માટે વિદાય લઈ લીધી એની સુષમાને ખબર જ ન પડી.

(ઘરમાંથી નીકળીને તરત જ સમીર અને ડૉલી એક હોટલમાં ગયા ત્યાં)

**ડૉલી :** સમીર ! હવે જલ્દીમાં જલ્દી આપણા કોર્ટમેરેજનો ઈન્તઝામ કરો.

**સમીર :** ડૉલી ! તું ચિંતા કરીશ નહીં ! બધી વ્યવસ્થા થઈ ગઈ છે. કાલે ૧૧ વાગે આપણે કોર્ટમાં જઈને લગ્ન કરી લઈશું અને ત્યાંથી સાડા બાર વાગે આપણી કાશ્મીર જવાની ફલાઈટ છે. હું હવે તને આ શહેરમાં નહીં રાખું.

**ડૉલી :** વાહ સમીર ! હનીમુન અને તે પણ કાશ્મીરમાં ! આઈ લવ કાશ્મીર. તમે કેટલા સારા છો. મારું કેટલું ધ્યાન રાખો છો.

**સમીર :** હાં ડૉલી ! એ તો છે... પણ...

**ડૉલી :** સમીર ! શું વાત છે, તમે બહું ટેન્શમાં લાગો છો.

**સમીર :** જ્યારથી તારી સાથે પ્રેમ થયો છે ત્યારથી દિલમાં એકજ અરમાન છે કે તને દુનિયાની બધી ખુશીઓ આપું. મારું ચાલે તો તને જમીન ઉપર ચાલવા જ ન દઉં. તારા રસ્તા ઉપર ફૂલ બિછાવું. તને દુનિયાની બધી સારી વસ્તુઓ બતાવું. પણ ડૉલી ! આજના જમાનામાં આ બધુ કરવા માટે બહું જ પૈસાની જરૂરિયાત હોય છે અને તું તો જાણે જ છે કે હું નોકરી શોધવા માટે રાત દિવસ મહેનત કરી રહ્યો છું. પરંતુ મને ક્યાંય સારી નોકરી જ મળતી નથી. માટે હવે મારી પાસે એટલા પૈસા પણ નથી. તને કાશ્મીર તો લઈ જઈ રહ્યો છું પરંતુ વિચારી રહ્યો છું કે કયા મિત્ર પાસે ઉધાર માંગુ ?

**ડૉલી :** અરે સમીર ! તમે કેમ ચિંતા કરો છો. હું મારા પપ્પાના ઘરેથી એટલા પૈસા લાવી છું કે આપણે પૂરી જીંદગી આરામથી રહીશું. એ બધા પૈસા ઉપર હવે તમારો જ અધિકાર છે. તમે એને જ્યારે ઈચ્છો, જેવી રીતે ઈચ્છો, જ્યાં ઈચ્છો ત્યાં ખર્ચ કરી શકો છો.

(આટલું કહીને ડૉલીએ રૂપિયાની બેગ સમીરની સામે મૂકી દીધી)

**સમીર :** ડૉલી ! તું મારી માટે તારા પપ્પા ને ત્યાંથી આટલા પૈસા લઈને આવી છે ! તું મને આટલો પ્રેમ

કરે છે ! પણ ડૉલી હું તારા પૈસા કેવી રીતે લઈ શકું ? નહીં. સ્વીટ હાર્ટ ! હું આ પૈસા નહીં લઈ શકું.
**ડૉલી :** સમીર ! તમે આ શું મારી-તારી વાતો કરી રહ્યા છો ? જ્યારે હું તમારી છું ! તો મારું બધુંય તમારું જ છે.
**સમીર :** ઓહ ડૉલી ! સાચે જ તું બહું જ સારી છે. પણ ડૉલી અત્યારે તો આટલા પૈસાની આપણને જરૂરિયાત નથી. એક કામ કરીએ થોડા પૈસા સાથે રાખી લઈએ અને બાકીના તારા નામથી બેંકમાં જમા કરી દઈએ.
**ડૉલી :** સમીર ! તમે શું આ પરાયા જેવી વાત કરો છો. બેંકમાં ખાતુ તો તમારા નામથી જ ખોલવું પડશે.
**સમીર :** ઠીક છે જેવી તારી મરજી !

(અહીં ડૉલીનો પત્ર વાંચીને ડૉલીના પપ્પાને આઘાતના કારણે હાર્ટએટેક આવી ગયો. સુષમા ઉપર તો જાણે કે દુઃખોનો પહાડ જ તૂટી પડ્યો. એક બાજુ ડૉલી ભાગી ગઈ અને બીજી બાજુ તેના પતિની આવી દશા. આવી સ્થિતિમાં તેણે વિચાર્યુ કે હું શું કરૂં ? કોને કહું ? ત્યારે તેણે પોતાના દરેક દુઃખમાં સાથ આપવા વાળી પોતાની બહેનપણી જયણાને ફોન કર્યો. જયણા તરત જ પોતાના પતિ જીનેશની સાથે સુષમાને ઘરે પહોંચી અને ત્રણેય આદિત્યને હોસ્પિટલ લઈ ગયા. તપાસ કર્યા પછી ડૉક્ટરે કહ્યું કે ઉંડા આઘાતને કારણે એમને હાર્ટએટેક આવી ગયો છે. અત્યારે તો એ ખતરાથી બહાર છે. પણ આગળ ધ્યાન રાખવાની જરૂર છે. આદિત્યને ભાન આવ્યા પછી તે રડવા લાગ્યો અને તેના મોંઢામાંથી ફક્ત એક જ શબ્દ નીકળ્યો. 'ડૉલી' !
**જિનેશ :** તમે લોકો આદિત્યનું ધ્યાન રાખો. હું ડૉલીની પૂછપરછ કરું છું. મને લાગે છે કે તે કોર્ટમેરેજ કરવા માટે કોર્ટમાં ગઈ હશે. હું સૌથી પહેલા ત્યાં જઈને જોઉં છું.
(જિનેશ ત્યાંથી નીકળ્યો અને જેવું વિચાર્યું હતું તેવું જ થયું, ડૉલી તેને કોર્ટની બહાર મળી.)
**જિનેશ :** ડૉલી બેટા ! તું અહીં ?
**ડૉલી :** (છૂપાતાં) હાં અંકલ ! એ તો એમ જ હું મારી બહેનપણીની સાથે આવી હતી.
**જિનેશ :** જુઠું નહીં બોલ ડૉલી ! ખબર છે તારા પપ્પાને હાર્ટએટેક આવ્યો છે.
**ડૉલી :** ઓહ ! તો એમણે તમને બધું જ બતાવી દીધું છે અને હવે મને હેરાન કરવા, મારી સી.આઈ.ડી. કરવા માટે તમને મોકલ્યા છે. એમને કહેજો કે મને બહલાવવાની જરૂરત નથી.ઘણા જોઈ લીધા એમના નાટક.
**જિનેશ :** બેટા ! આ કોઈ નાટક નથી. તારી માઁ કેટલી ટેન્શનમાં છે, થોડી તો શરમ કર. જેણે તને આજ સુધી પાળી-પોષીને મોટી કરી, એમના માટે એક વાર તો વિચાર ! ચાલ, મારી સાથે.
**ડૉલી :** સૉરી અંકલ ! હવે હું એમનું મોં પણ જોવા નથી માંગતી અને અત્યારે તો મારી પાસે સમય પણ નથી.
**જિનેશ :** બેટા ! એક વાર ચાલ...

**ડૉલી :** પ્લીઝ અંકલ ! મને ટોર્ચર કરશો નહીં.

**જિનેશ :** ઠીક છે બેટા ! એકવાર તારી મમ્મીથી વાત કરી લે. (જિનેશે મોબાઈલ લગાવીને ડૉલીને આપ્યો. ત્યારે સુષમા રડતાં રડતાં...)

**સુષમા :** બેટા ડૉલી ! તું ક્યાં ચાલી ગઈ ? જો તારા પપ્પાની કેવી હાલત થઈ ગઈ છે ? ફક્ત તારું જ નામ લે છે ! એકવાર તને જોવા માંગે છે. તું જેમ કહીશ અમે તેમ કરવા તૈયાર છીએ. એકવાર ઘરે આવી જા બેટા !

**ડૉલી :** પ્લીઝ મૉમ ! આ રોવા-ધોવાના ઢોંગ મારી સામે કરશો નહીં. કયા પપ્પાની વાત કરી રહ્યા છો તમે ? હું તો બધું જ છોડીને આવી ગઈ છું. હવે મારો તમારી સાથે કોઈ સંબંધ નથી. હું હવે તમારી વાતોમાં આવવાની નથી. હું જઈ રહી છું સમીરની સાથે !

**સુષમા :** (ગુસ્સામાં) ડૉલી ! જો તારો આ જ ફેંસલો છે તો અમારો પણ આખરી ફેંસલો સાંભળી લે. જો આજે તું ઘરે પાછી નહીં આવી તો આ ઘરના દરવાજા તારી માટે હંમેશાને માટે બંધ થઈ જશે. અમારા માટે તું અને તારા માટે અમે મરી ગયા છીએ. સમજી તું !

(સુષમાની વાત ઉપર ડૉલીને ગુસ્સો આવ્યો. એણે ગુસ્સામાં ફોન કટ કરીને જિનેશને આપી દીધો. અને સમીરનો હાથ પકડીને ત્યાંથી ચાલી ગઈ.)

(યૌવનના ઉન્માદમાં ડૉલીએ સમીરનો હાથ પકડીને પોતાના જ પગ ઉપર કુહાડી મારવા જેવું મૂર્ખતાભર્યું કામ તો કરી લીધું. પરંતુ ડૉલીને ક્યાં ખબર હતી કે,

"પ્યાર શું હોય છે ? પ્યાર કેવો હોય છે ?

શું પ્યાર પણ ક્યારેય પૂરો હોય છે, જેનો પહેલો અક્ષર જ અધૂરો હોય છે."

આ પ્રમાણે પ્યારમાં અંધ બની ડૉલી સમીરની સાથે હનીમૂન માટે ચાલી ગઈ. ત્યાં સમીર અને ડૉલી એક હોટલમાં ઉતર્યા. સમીર ડૉલીને કાશ્મીરની દરેક ખૂબસુરત જગ્યાઓ પર ફેરવી. સમીરના પ્રેમની સાથે કાશ્મીરનો પ્રવાસ ડૉલીના જીવનનો અવિસ્મરણીય પલ બની ગયો. એક વખત રાત્રે સમીર અને ડૉલીને ડિસ્કોથી આવતાં બહું જ મોડું થયું અને ત્યારે થોડી નોનવેજ હોટલને છોડીને બાકી બધી હોટલ બંધ થઈ ગઈ હતી. ભૂખના કારણે સમીરનું માથું દુઃખવા લાગ્યું હતું.

**ડૉલી :** સમીર ! તમારી તબિયત બગડતી જાય છે, એક કામ કરો તમે આ હોટલમાં ખાઈ લો.

**સમીર :** ડૉલી ! આ શું વાત કરી રહી છે ! યાદ નથી તને, કોલેજમાં મેં તને પ્રોમીસ આપ્યું હતું કે હું ક્યારેય પણ નોનવેજ નહીં ખાઉં, અહીં સુધી કે હું નોનવેજ હોટલનું વેજ પણ નહીં ખાઉં અને આજ જો મેં અહીં ખાઈ લીધું તો મારા પ્રોમીસનું શું થશે ? આ પ્રોમીસ જ તો મારા સાચા પ્રેમની નિશાની છે.

**ડૉલી :** ભૂલી જાઓ આ પ્રોમીસને સમીર ! તમારી તબિયત ખરાબ થઈ રહી છે તો એવી પ્રોમીસ મારા માટે કોઈ મહત્ત્વ રાખતી નથી.

**સમીર :** નહીં ડૉલી ! હું આપણા પ્યારને દગો ન દઈ શકું અને જો એક દિવસ નહીં ખાઉં તો મરી તો નહીં જાઉં ને ચાલ, હવે આ વાતો ઉપર વિચારવાનું બંધ કરી દે.

(સમીરની આ વાતો સાંભળીને ડૉલીની ખુશી સાતમા આસમાને પહોંચી ગઈ. જાણે કે એને તો દુનિયાની બધી ખુશી મળી ગઈ. એને કલ્પના પણ નહોતી કે સમીર એના માટે આટલી મોટી કુરબાની દઈ દેશે. આ પ્રમાણે હરીફરીને ડૉલી પોતાના સાસરે આવી. ઘરે પહોંચ્યા પહેલાં જ સમીરે ફોન કરીને બતાવી દીધું હતું કે એ અને ડૉલી બે દિવસમાં ઘરે આવી રહ્યા છે. સાથે જ એણે એ પણ બતાવી દીધું કે ડૉલી એક પૈસાવાળા માઁ-બાપની એકની એક દિકરી છે માટે એનું બરાબર ધ્યાન રાખજો. આ બાજુ કાંઈક નવા જ સપના સંજોવીને ડૉલીએ પોતાના સાસરે પહેલું પગલું રાખ્યું અને પહેલી વાર પોતાની સાસુમાંને મળી.

**સમીર :** સલામ વાલેકુમ અમ્મી !

**શબાના :** વાલેકુમ અસ્સલામ બેટા ! જ્યારથી તે ફોન કર્યો છે ત્યારથી તમારા બંનેની રાહ જોઉં છું. આંખો તરસી રહી છે મારી વહુનું મુખડું જોવા માટે. અલ્લાહ તાલાએ જોઈને જોડી બનાવી છે. શું ચાંદ જેવી વહુ લાવ્યો છે મારો દિકરો, ખુદા કરે તને કોઈની નજર ન લાગે. (ડૉલી શબાનાના પગે લાગી. સમીરે પોતાની બહેન રુબી, ફર્જાના, તસ્લીમની સાથે ડૉલીનો પરિચય કરાવ્યો. બધાનો પ્રેમભર્યો વ્યવહાર જોઈને ડૉલીની ખુશીનો પાર ન રહ્યો. એ તો મનમાં ને મનમાં પોતાના બધા નિર્ણય પર ગર્વ મહસૂસ કરવા લાગી. પૂરો દિવસ હંસી-ખુશી ભરેલા વાતાવરણમાં વીતી ગયો. સમીરનું ઘર ઘણું જ નાનું હતું. ઘરમાં એક હોલ, એક રૂમ અને એક રસોડું જ હતું. રૂમમાં સમીરની માઁ શબાના સૂતી હતી. માટે રાત્રે સૂવા માટે સમીર ડૉલીને ભાડેથી લીધેલા રૂમમાં લઈ ગયો.

**સમીર :** ડૉલી ! બસ થોડા દિવસ હજી ! મને એક સારી નોકરી મળે ત્યાં સુધી તું એડજસ્ટ કર. પછી તો હું તને મહેલોમાં રાખીશ.

**ડૉલી :** સમીર ! મને તમારા દિલમાં જગ્યા મળી ગઈ. મારા માટે એજ બહુ છે.

(આ પ્રમાણે ડૉલી દિવસભર શબાનાની સાથે રહેતી હતી અને રાત્રે સમીર એને ફ્લેટ પર લઈ જતો હતો. એક દિવસ ડૉલી સવારે નાસ્તો કર્યા પછી ઝાડુ કાઢવા લાગી)

**શબાના :** બેટા ! આ શું કરી રહી છે ? આ ઝાડુ-પોતા છોડો. હમણાં હમણાં જ તો તારા લગન થયા છે. અત્યારે તો તમારા હરવા ફરવાની ઉંમર છે. ઘર તો પૂરી જીંદગી સંભાળવાનું જ છે. સમીર બેટા ! તું ડૉલીને ચોપાટી વગેરે જેટલી પણ સારી સારી જોવા જેવી જગ્યા છે ત્યાં ફરવા લઈ જા.

(આ પ્રમાણે ૧૦-૧૧ મહિના હરવા ફરવામાં જ વીતી ગયા. એક દિવસ પીક્ચર જોયા પછી ડૉલી અને સમીર ઘરે આવી રહ્યા હતા. ત્યારે કોઈ શોપીંગ મૉલમાં ડૉલીએ એક સુંદર ડ્રેસ જોયો. ડૉલીએ સમીરને તે ડ્રેસ ખરીદવા માટે દબાણ કર્યું પણ મોડું થયું હોવાના કારણે સમીર ડૉલીને ત્યાંથી લઈ ગયો. આ ગાળામાં થોડા દિવસો પછી ડૉલીનો બર્થ-ડે આવવાનો હતો. ડૉલીને બતાવ્યા વગર સમીરે તેના માટે સરપ્રાઈઝ પાર્ટી આયોજન કરવાની યોજના બનાવી અને જોતજોતામાં જન્મ દિવસ પણ આવી ગયો. સવારે ઉઠતા જ ડૉલીને પોતાના રૂમનો દેખાવ કંઈક અલગ જ લાગ્યો. ત્યારે હાથમાં ફૂલોનો ગુલદસ્તો લઈને સમીર આવ્યો. ડૉલીને તો કંઈ સમજાયું જ નહીં કે આ બધું શું છે?)

**સમીર :** હેપ્પી બર્થડે ટુ યું, હેપ્પી બર્થ ડે ટુ ડીયર ડૉલી ! હેપ્પી બર્થડે ટુ યુ (આટલું કહીને તેણે ગુલદસ્તો ડૉલીને આપ્યો.)

**ડૉલી :** સમીર ! આજે મારો જન્મદિવસ છે. હું તો ભૂલી જ ગઈ હતી. સમીર મને માનવામાં જ નથી આવતું કે તમને મારો જન્મદિવસ યાદ છે. અને હું પોતે ભૂલી ગઈ. આ બધુ તમે મારા માટે કર્યું. થેંક્સ સમીર ! તમે મને કેટલો પ્રેમ કરો છો.

**સમીર :** અરે ડૉલી ! હું તારો જન્મદિવસ યાદ નહીં રાખું તો કોણ રાખશે ? તું જ તો મારું જીવન છે. (સવારે ઉઠતાં જ મળેલી આ સરપ્રાઈઝથી ડૉલીની ખુશીનો કોઈ પાર નહોતો)

(પોતાના સુખી જીવનની કલ્પનાઓમાં ડૂબેલી ડૉલી તૈયાર થઈ અને તે બંને ઘરે આવ્યા. ઘરમાં પગ મૂકતાં જ શબાના અને સમીરની ત્રણેય બહેનોએ પણ એને વીશ કરી ભેંટ આપી. શબાનાએ ડૉલીનો મનપસંદ ગાજરનો હલવો બનાવીને એને પોતાના હાથે ખવડાવ્યો. બધાનો આટલો પ્રેમ જોઈને ડૉલીની આંખોમાં આંસુ આવી ગયા. આટલું બધુ થઈ ગયા પછી તો હવે ડૉલીના મનમાં પોતાના માતા-પિતા પ્રત્યે નફરત પણ વધારે જ વધતી ગઈ. તેને એવું લાગ્યું કે જયણા અને મોક્ષાના લેક્ચર સાંભળીને એણે ફોગટમાં પોતાનો સમય બરબાદ કર્યો. ડૉલીને વિશ્વાસ થઈ ગયો કે સમીરની સાથે લગ્ન કરવાનો તેનો નિર્ણય સાચો જ હતો. તેને જયણા અને મોક્ષાની વાતો અને એમના વિચારો ઉપર હસવું આવવા લાગ્યું. સાંજે સમીર ડૉલીને હોટલમાં લઈ ગયો. હોટલની બહાર વોચમેને પણ ડૉલીને વીશ કર્યું. આ દેખીને ડૉલી આશ્ચર્યચકિત થઈ ગઈ.

ડૉલી કાંઈ પૂછે તેના પહેલા સમીર હાથ પકડીને તેને અંદર લઈ ગયો. અને અંદર પહોંચતા જ સમીરે બોલાવેલા દોસ્તોના, મહેમાનોના અને સંગીતના અવાજથી હોલ ગૂંજી ઉઠ્યો.)

હેપ્પી બર્થડે ટુ યુ... હેપ્પી બર્થડે ટુ ડીઅર ડૉલી...

(આ બધુ જોઈને ડૉલી બધી વાત સમજી ગઈ. એટલામાં સમીરે તેને ભેંટ આપી. ભેંટ જોઈને...)
**ડૉલી :** સમીર ! આ તો એજ ડ્રેસ છે ને જે તે દિવસ...
(ડૉલી બધી વાત સમજી ગઈ. ડૉલીની આંખો ખુશીથી છલકાઈ ગઈ)
**સમીર :** (આંસુ લૂંછતા) ડૉલી એમાં રડવાની શું વાત છે ? તું તો મારું સપનું છે અને મારા સપનાનું સપનું હું પુરૂં નહીં કરું તો કોણ કરશે ?
**ડૉલી :** સમીર તમને કેવી રીતે ખબર પડી કે આવી રીતે બર્થ-ડે પાર્ટીની વ્યવસ્થા કરવી તે મારું સપનું હતું.
**સમીર :** ડૉલી, કદાચ તું ભૂલી ગઈ હોય પણ હું કેવી રીતે ભૂલી શકું. યાદ છે કૉલેજમાં તારા જન્મદિવસે તે મને કહ્યું હતું કે "સમીર મારી બહું ઈચ્છા છે કે હું એક આલીશાન ફાઈવસ્ટાર હોટલમાં બર્થ-ડે પાર્ટી આપું. મારી બધી સહેલીઓને આમંત્રણ આપું. હું તૈયાર થઈને હોટલમાં પ્રવેશ કરું. ત્યારે બધા મને વીશ કરે અને બાજુમાં મ્યુઝીક પણ હોય". ડૉલી એ સમયે આ બધું મારા હાથમાં નહોતુ કારણ કે એ સમયે મારી પરિસ્થિતિ સારી નહોતી. આજે તો હું કરી શકું છું ને બસ તારી સહેલીઓને બોલાવી શક્યો નહીં, તેનો મને અફસોસ છે.
**ડૉલી :** તેમની હવે મને કોઈ જરૂર નથી. સમીર ! મને તમે મળી ગયા તો બધું મળી ગયું. સમીર કયા શબ્દોમાં કહું કે હું કેટલી ખુશ છું.
**એક મિત્ર :** અરે હવે મીયા-બીબીની કાનાફુસી બંધ થાય તો અમને પણ ભાભીજાન ને મળવાનો અને એમને વીશ કરવાની તક મળે.
(બધા હંસી પડ્યા) સમીરે બધાની સાથે ડૉલીને પરિચય કરાવ્યો. ખાતાં, પીતાં, નાચતાં મોડી રાત સુધી પાર્ટી ચાલતી રહી. પોતાના બધા જ સપના સાકાર થતાં જોઈને ડૉલી તો પોતાની જાતને વિશ્વની સહુથી ખુશનસીબ ઈન્સાન માનવા લાગી એને ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે સમીર તેને આટલી મોટી ભેંટ આપશે. આ પ્રમાણે ભોગ-વિલાસમાં ડૂબેલી ડૉલીએ ગર્ભધારણ કર્યો અને ખુશ થઈને એણે આ વાત સમીરને જણાવી.
**ડૉલી :** શી વાત છે સમીર ? મારી વાત સાંભળીને તમારા ચહેરા ઉપર એ ખુશી નથી દેખાતી જે દેખાવવી જોઈએ. કોઈ ટેન્શન છે શું ?
**સમીર :** ડૉલી, એ તો શું છે ને વાત તો ખુશીની છે પણ, આમ પણ આપણું ઘર નાનું છે, આટલી ગરીબીમાં એ નવા મહેમાનની પરવરીશ બહું જ મુશ્કેલ છે. એટલા માટે હું વિચારું છું કે નોકરી અને નવો ફ્લેટ લીધા પછી જ આપણે આ બધી વસ્તુઓ માટે વિચારીશું. હમણાં તો તું એબોર્શન કરાવી લે એજ સારું રહેશે.
**ડૉલી :** શું ? એબોર્શન... સમીર આ શું કહી રહ્યા છો તમે ? આ તો આપણા પ્યારની પહેલી નિશાની છે. નહીં સમીર...

સમીર : ડૉલી ! પરિસ્થિતિને સમજવાની કોશીશ કર.

(સમીરે ડૉલીને બહું જ સમજાવ્યું, પણ તે એબોર્શન કરાવવા માટે તૈયાર થઈ નહીં. એનાથી સમીર ગુસ્સે થઈને ચાલ્યો ગયો અને આ બાજુ હરવા-ફરવામાં અને ઘરના ખર્ચામાં ડૉલીના લાવેલા બધા જ પૈસા ખતમ થઈ ગયા. ત્યારે શબાનાએ વિચાર્યું કે કોઈપણ રીતે ડૉલીને તેના પીયરે મોકલવામાં આવે જેથી તે થોડા પૈસા લાવી શકે. એનાથી એના ગર્ભપાલનમાં, ડૉક્ટરના ખર્ચમાં, બાળકના પાલન-પોષણમાં અને ઘરના ખર્ચમાં સુવિધા રહેશે. માટે એક દિવસ વાત વાતમાં શબાનાએ ડૉલીને પૂછ્યું...)

શબાના : બેટા ! તને ક્યારેય તારી મમ્મીની યાદ નથી આવતી ?

ડૉલી : તમારા જેવી અમ્મી મળી ગયા પછી કોને પોતાના ઘરની યાદ આવશે ? તમે મારું કેટલું ધ્યાન રાખો છો. લગ્ન થઈને આટલા મહિનાઓ થઈ ગયા પરંતુ તમે તો હજુ સુધી મને ઘરનો કચરો સુધી કાઢવા નથી દીધો. પોતાની દિકરીઓથી વધારે પ્રેમ તમે મને આપ્યો છે, ભગવાન કરે કે મને દરેક જનમમાં તમારા જેવી સાસુમાં મળે.

શબાના : અરે બેટા ! તેં તો મારા ઘરને સ્વર્ગ બનાવી દીધું છે સ્વર્ગ. પણ બેટા ! ક્યારેક તો તારી મમ્મીને ત્યાં પણ જવાનું રાખ. ભલે તને એમની યાદ નથી આવતી પણ એમને તો તારી યાદ આવતી જ હશે.

ડૉલી : નહીં અમ્મી ! હવે એ ઘરના લોકો મારે કાંઈ નથી લાગતા. અને મેં પણ એ ઘરથી હંમેશાની માટે સંબંધ તોડી નાંખ્યો છે.

(બિચારી શબાના ! એના તો બધા અરમાનો ઉપર પાણી ફરી ગયું. એણે તરત સમીરને બધી વાત જણાવી.)

શબાના : બેટા ! આ તું કેવો ખોટો સિક્કો ઉપાડી લાવ્યો છે ? આ તો પોતાના ઘરે જવાનું નામ જ નથી લેતી તો પૈસા ક્યાંથી લાવશે ?

સમીર : અમ્મી ! ચિંતા ન કરો. ધીરે ધીરે બધુ ઠીક થઈ જશે.

(થોડાક દિવસો પછી...)

ડૉલી : સમીર ! પાછલા બે મહિનાથી હું બ્યુટી પાર્લર જ નથી ગઈ. જુઓને મારો ચહેરો કેટલો ખરાબ થઈ ગયો છે. અને વાળ તો જુઓ ઝાડુ જેવા થઈ ગયા છે. સમીર ! મારે ફેશિયલ અને વાળ કપાવવા માટે ૧૦૦૦ રૂા. જોઈએ છે.

સમીર : ૧૦૦૦ રૂા. પાગલ થઈ ગઈ છે શું ?

ડૉલી : આમાં પાગલ થવાની શું વાત છે ? હું મારા ઘરમાં હર અઠવાડિયે હજાર રૂપિયા ખર્ચ કરતી હતી.

સમીર : પરંતુ ડૉલી ! અત્યારે મારી પાસે આટલા રૂપિયા નથી.

**ડૉલી :** તો શું થયું ? બેંકમાંથી કઢાવી લો.

**સમીર :** ડૉલી - એ બધા પૈસા તો ખર્ચ થઈ ગયા છે.

**ડૉલી :** શું ? ખર્ચ થઈ ગયા ! સમીર ! એ કોઈ ૧૦૦૦... ૨૦૦૦ રૂપિયા નહોતા. લાખો રૂપિયા લાવી હતી હું મારા ઘરેથી. એક દોઢ વર્ષમાં બધા પૈસા ખર્ચ થઈ ગયા ?

**સમીર :** તને શું લાગે છે, હું જુઠું બોલુ છું ? આટલી વખત ફરવા ગયા, ફાઈવ સ્ટાર હોટલોનું જમવાનું, ફાઈવસ્ટાર હોટલોમાં રહેવાનું, જ્યાં આપણે સૂઈએ છીએ ત્યાંનું ભાડુ અને તારી બર્થડે પાર્ટીનો ખર્ચો જ વધારેમાં વધારે ચાલીસ હજારનો થઈ ગયો હતો. આટલા બધા ખર્ચાઓમાં બધા પૈસા પૂરા થઈ જવા સ્વાભાવિક છે. અને હવે આગળ પણ તારા બાળકના પાલન-પોષણ માટે પૈસાની જરૂરિયાત તો રહેવાની જ. અને... (સમીર વાત પૂરી કરે તે પહેલા જ)

**ડૉલી :** સમીર ! આ "તારું બાળક" શું બોલી રહ્યાં છો ? શું આ ફક્ત મારું જ બાળક છે, તમારું નથી ?

**સમીર :** મેં તો પહેલાં જ તને ગર્ભપાત કરાવવાનું કહ્યું હતું. પણ તને જ જરૂર હતી આ બાળકની મને તો એની કોઈ જ જરૂર નથી. હવે આ બાળક માટે જેટલા રૂપિયાની જરૂર છે તેની વ્યવસ્થા તારે જ કરવાની રહેશે.

**ડૉલી :** સમીર ! હું ક્યાં જાઉં પૈસા લેવા માટે અને કોણ આપશે મને પૈસા ?

**સમીર :** કેમ ? તારા પીયરમાં શું કમી છે ? જા અને થોડા રૂપિયા માંગીને લઈ આવ ?

**ડૉલી :** સમીર ! મેં એ ઘરેથી હંમેશા માટે સંબંધ તોડી નાંખ્યો છે. હું મરી જઈશ પરંતુ એ ઘરમાં પગ નહીં મૂકું.

**સમીર :** ઠીક છે કાં તો થોડા પૈસામાં રહેવાનું શીખ કાં તો પોતાની વ્યવસ્થા પોતે જ કર.

આટલું કહીને સમીર ત્યાંથી ચાલી ગયો અને આ પ્રમાણે બ્યુટી પાર્લરની એક નાની વાતમાં ઝઘડો આટલો બધો વધી ગયો. હવે સમીર રોજ આ ઝઘડાના માધ્યમથી ડૉલીની જીંદગીમાં ઝેર ઘોળવા લાગ્યો.

જ્યારે કસાઈના હાથમાં મરઘી આવે છે ત્યારે તેને બહું જ ખવડાવે પીવડાવે છે, તોય મરઘીના મનમાં તો એ ભય હોય છે કે આ બધુ મને મારવા માટે જ થઈ રહ્યું છે. પરંતુ પ્રેમનું નાટક કરવાવાળા જલ્લાદની વચ્ચે ડૉલીની હાલત એ મરઘીથી પણ બદતર બની ગઈ. કેમ કે એને તો એ ખબર જ નહોતી કે આ પ્રેમનું નાટક એના જીવનને બરબાદ કરવા માટે કરવામાં આવ્યું છે.

પોતાના જન્મદિવસે સમીરની બે-ચાર ભેંટ જોઈને ડૉલી બહું ખુશ થઈ ગઈ. સાચે જ છોકરીઓ કેટલી બેવકૂફ હોય છે. જો કોઈ એને બે-ચાર મીઠી વાતો બોલે કે બે-ચાર ભેંટ લાવીને આપી દે, એના માટે થોડુંક કાંઈક કરે તો એ એના પાછળ પાગલ બની જાય છે. આજ-કાલની ભણેલી ગણેલી છોકરીઓની બધી હોંશીયારી, ચતુરાઈ છોકરાઓની બે મીઠી વાતોની સામે ખતમ થઈ જાય છે અને પછી એ માની બેસે છે કે બસ હવે આજ મારી જીંદગી છે પણ તે એ નથી સમજતી કે જીંદગી માત્ર બે-

ચાર વાતો કે ભેંટથી નથી ચાલતી. પણ બિચારી ડૉલીને એ સમયે ક્યાં ખબર હતી કે ભવિષ્યમાં સમીર આ ભેંટથી પણ મોટી ભેંટ એને આપશે જે એની જીંદગીને ખેદાન-મેદાન કરી દેશે અને કદાચ ત્યારે તેને પોતાની બગડેલી જીંદગીને સુધારવાનો મોકો પણ નહીં મળે. ડૉલી સમીરની ચાલાકી સમજી શકી નહીં અને એની જાળમાં ફંસાઈ ગઈ. એને તો એ પણ ખબર ન હતી કે આટલા દિવસો સુધી એણે જે પૈસાના બળે મોજ મજા કરી હતી, જે પૈસાના બળે સમીર એને આટલી ખુશી આપી રહ્યો હતો તે સમીરના નહીં એના પોતાના જ પૈસા હતા. પરંતુ કહે છે ને "વિનાશ કાળે વિપરીત બુદ્ધિ". બસ ડૉલીના માટે પણ આ વાત બિલ્કુલ સાચી લાગુ પડતી હતી. ભલે આજ સુધી એને જયણા અને મોક્ષાની વાતો લેક્ચર લાગતી હતી. એમાં એને સમય વેડફાતો હોય એવું લાગતું હતું. પણ ભવિષ્ય કોણે દેખ્યું હતું. હોઈ શકે છે કે ભવિષ્યમાં મોક્ષાના એક એક શબ્દ ઉપર એની પાસે આંસુ વહાવ્યા સિવાય કોઈ રસ્તો ન હોય, અને કદાચ હવે તે દુઃખદ ભવિષ્ય આવી ગયું હતું.)

(એક દિવસ સાંજે ડૉલી ડોક્ટરની પાસે ચેકઅપ માટે ગઈ હતી ત્યારે ઘરમાં...)

**સમીર :** અમ્મી ! મને નથી લાગતું કે ડૉલી પોતાના પીયર જશે. બધો પ્લાન ચૌપટ થઈ ગયો.

**શબાના :** બેટા ! ચિંતા કરીશ નહીં. જ્યારે ઘી સીધી આંગળીથી ન નીકળે ત્યારે વાંકી કરીને નીકાળવું પડે છે. અત્યાર સુધી તો આપણે એની સાથે પ્રેમથી વર્તી રહ્યા હતા જેથી એને પીયરની યાદ જ ન આવી. પણ હવે આપણે એની સાથે એવું વર્તન કરીશું કે એને પૈસા લેવા માટે મજબુરીથી પીયર જવું જ પડશે.

**સમીર :** પણ અમ્મી કેવી રીતે ?

**શબાના :** તું ચિંતા કરીશ નહીં. બસ હું જેમ કહું તેમ તું કરતો જજે.

(એ રાત્રે સમીર ડૉલીને ફ્લેટમાં ન લઈ ગયો અને ડૉલીને રસોડામાં સૂવાનું કહ્યું)

**ડૉલી :** સમીર ! આપણે અહીં સૂવું પડશે ? અહીયાં તો કેટલું અંધારું છે ? મને તો અંધારાથી અને વાંદાથી બહું જ ડર લાગે છે.

**સમીર :** ડૉલી ! આ તારું પીયર નથી. જ્યાં છે તે વાતાવરણમાં સેટ થવાનું શીખ. અને હાં, અહીંયા સવારે પાંચ વાગ્યે પાણી આવે છે માટે જ્યારે અમ્મી દરવાજો ખટખટાવે ત્યારે બાથરૂમમાંથી ડોલ આપી દેજે. અમ્મી પાણી ભરી દેશે.

(સમીરની વાત સાંભળીને ડૉલી આગળ કંઈ બોલી ન શકી અને ચૂપચાપ સૂવાની કોશીશ કરવા લાગી. લગભગ રાત્રે બે વાગ્યે...)

**ડૉલી :** સમીર ! સમીર ! મારી ઉપર કંઈક ચાલી રહ્યું છે. સમીર ઉઠો ! (સમીરે ઉઠીને લાઈટ ચાલુ કરી)

**સમીર :** (ગુસ્સામાં) શું ડૉલી ! બાળકોની જેમ એક વાંદાથી ડરી ગઈ.

**ડૉલી :** મેં પહેલાં જ કહ્યું હતું કે મને વાંદા અને અંધારાથી બહું જ ડર લાગે છે.

**સમીર :** હવે સૂઈ જા ચૂપચાપ. મારી પણ ઊંઘ ખરાબ કરી દીધી.

(ડૉલી ઊંઘવાની કોશિશ કરવા લાગી અને દેખંતા દેખતા પાંચ વાગી ગયા.)

**શબાના :** ડૉલી ! જરા ડોલ (બાલ્ટી) આપજે.

(ફૂલોની પથારીમાં સૂવા વાળી, ૮ વાગ્યે ઉઠવાવાળી, ઉઠતાં જ બેડ-ટી પીવાવાળી બિચારી ડૉલીની પાસે આજે ન તો બેડ હતો અને ન તો ટી હતી. પણ શું કરે ? પોતાના હાથે જ ગળામાં ઘંટી બાંધી હતી તો હવે તે વાગવાની તો હતી જ. અત્યાર સુધી ડૉલીએ સિક્કાની એક બાજુ એટલે કે સુખી જીવનને જ દેખ્યું હતું પણ હવે એના જીવનરૂપી સિક્કાએ વળાંક લેવાનો શરૂ કરી દીધો હતો.

થોડા દિવસ પછી સમીરના એક દોસ્તે હોટલમાં પાર્ટી રાખી. ડૉલી અને સમીર એ પાર્ટીમાં ગયા. હોટલ નોનવેજ હતી. પરંતુ ડૉલીને આ વાતની ખબર નહોતી. બધા જમવા બેઠા. ત્યારે પ્લેટોમાં નોનવેજ આઈટમને જોઈને ડૉલી ચકરાઈ ગઈ. છતાં ચૂપચાપ ત્યાં બેસી રહી. સમીરના દોસ્તોએ સમીરની મજાક ઉડાવવા માટે ડૉલીની પ્લેટમાં પણ નોનવેજ મૂક્યું. પોતાના દોસ્તોની સાથે સમીર પણ નોનવેજ ખાવા લાગ્યો. ત્યારે ડૉલીએ એકદમ ધીમેથી સમીરને કહ્યું.

**ડૉલી :** સમીર આ શું ? તમે નોનવેજ ખાઈ રહ્યાં છો ! તમે તો મને વાયદો કર્યો હતો કે તમે ક્યારેય નોનવેજ નહીં ખાવ...

**સમીર :** ચૂપ બેસ ડૉલી ! બધા લોકો આપણને જ જોઈ રહ્યા છે. પરિસ્થિતિ પ્રમાણે રહેવાનું શીખ.

**દોસ્ત :** અરે ! બંને પતિ-પત્નીમાં શું ખુસર-ફુસર ચાલી રહી છે, જરા અમને પણ બતાવો, અને આ શું સમીર તે હજુ સુધી ભાભીને નોનવેજ ખાવાનું નથી શીખવ્યું ?

**સમીર :** શીખવાડ્યું નથી તો શું થયું ? આજે શીખી લેશે. ડૉલી ! ખાઈ લે !

**દોસ્ત :** અરે સમીર ! ભાભી પહેલી વાર નોનવેજ ખાઈ રહી છે, તું તારા હાથથી ખવડાવ.

(સમીર જેવો કબાબનો એક ટૂકડો ચમચીથી ડૉલીના મોંઢા આગળ લઈ ગયો, તેવો જ ડૉલીને જોરથી ઉબકો આવી ગયો અને તે સમીરનો હાથ ઝટકીને ત્યાંથી ઉઠીને ચાલી ગઈ. બધા દોસ્તો સમીરની મજાક ઉડાવવા લાગ્યા. તેથી સમીરને ડૉલી ઉપર બહું જ ગુસ્સો આવ્યો અને તે પણ પાર્ટીને અધૂરી મૂકીને ચાલી ગયો. ઘરે આવતાં જ તરત ડૉલીને પકડીને એક લાફો માર્યો)

**સમીર :** બદ્તમીજ ! તારી માએ તને એટલું પણ નથી શીખવાડ્યું કે દોસ્તોની વચ્ચે કેવી રીતે રહેવાય ? નોનવેજ ખાવું નહોતુ તો કમ સે કમ ત્યાં ચૂપચાપ બેસી તો શકતી હતી ને. આ રીતે બેઈજ્જત કરીને આવવાની શું જરૂર હતી ? ખબર છે મારા બધા દોસ્તો કેવી રીતે મારી ઉપર હંસી

રહ્યા હતા અને નોનવેજ ખાઈ લીધુ હોત તો ક્યાંય મરી નહોતી જવાની ?

**ડૉલી :** તારી હિંમત કેવી રીતે થઈ મને મારવાની. મારા મમ્મી-પપ્પાએ પણ આજ સુધી મારા પર ક્યારેય હાથ નથી ઉઠાવ્યો તો, તું કોણ છે મને મારવાવાળો ? કાશ્મીરમાં જ્યારે મેં તને નોનવેજ હોટલમાં ખાવા માટે કહ્યું હતું ત્યારે તે કેટલી મોટી મોટી વાતો કરી હતી. એ બધાનું શું થયું ? તે કોલેજમાં મને જે વાયદો કર્યો હતો કે તું ક્યારેય નોનવેજ નહીં ખાય. શું થયું તારા એ વાયદાનું ?

**સમીર :** ભાડમાં ગયો તારો વાયદો. તંગ આવી ગયો છું હું તારાથી અને તારા વાયદાઓથી.

(બિચારી ડૉલીએ આજ સુધી જેણે ક્યારેય પોતાના માતા-પિતાની પણ થપ્પડ ખાધી ન હતી. માતા-પિતાએ જેણે લાડ-પ્યારથી મોટી કરી હતી એ ડૉલીને આજે એના સાચા પ્યારે જ એને થપ્પડ ખાવા માટે મજબૂર કરી દીધી. એ રાત્રે ડૉલી બહું રડી પરંતુ સમીરે એની તરફ જોયું પણ નહીં.

ડૉલીએ વિચાર્યું કે લગ્ન પહેલા મારી આંખમાં એક આંસુ આવી જતા તો જે સમીરના દિલના ટૂકડે ટૂકડા થઈ જતા હતા, આજ એજ સમીર પોતે જ મારી આંખમાં આંસુ લાવવા મથી રહ્યો છે. દોસ્તોની સામે પોતાની બેઈજ્જતી થવાને કારણે સમીરે ડૉલીથી વાત નથી કરી અને ત્રણ દિવસ આમ જ વીતી ગયા. ત્રણ દિવસ પછી રાત્રે...)

**સમીર :** ડૉલી ! અમ્મીની તબિયત ઠીક નથી. માટે કાલે ૪ વાગ્યે ઉઠીને પાણી ભરી લેજે.

**ડૉલી :** સમીર ! ડૉક્ટરે મને વજન ઉંચકવાની ના પાડી છે.

**સમીર :** (ગુસ્સામાં) ડૉલી ! હું તને મારા ઘરમાં આરામ કરવા માટે નથી લાવ્યો. સાસરે આવીને બે વર્ષ થઈ ગયા પણ તેં હજુ સુધી ઘરનું કોઈ કામ કર્યું નથી. આ તો મારી અમ્મીનું દિલ બહું મોટું છે માટે તને કશું કહેતી નથી. હવે આ બધા નાટક નહીં ચાલે. કાલે ઉઠીને ડૉક્ટર તો તને બેડરેસ્ટનું પણ કહી દેશે. અને તું બેડરેસ્ટ કરીશ તો તારી સેવા કોણ કરશે ? હવે ઘરનું બધુ જ કામ તારે કરવાનું છે. અમ્મી ક્યાં સુધી કામ કરશે ?

(એ સમયે સમીરની અમ્મી ત્યાં આવી)

**શબાના :** તું એકદમ સાચું કહે છે બેટા. મહારાણીને તો માત્ર ત્રણ કામ જ સારા લાગે છે. ખાવું, ફરવું અને સૂવું, બીજુ કામ તો મહારાણીથી થતું જ નથી. કોઈ કામ કરવાનું કહીએ તો ડૉક્ટર અને પોતાના બાળકનું બહાનું બનાવી દે છે અને બેસી રહે છે. એ તો આ ઘરમાં આવી છે માટે અત્યાર સુધી સંભાળી લીધું. ક્યાંક બીજે ગઈ હોત તો મારી મારીને ઘરેથી કાઢી દીધી હોત.

**ડૉલી :** સમીર ! તમે તો સમજો મારી હાલત...

**સમીર :** ચુપ રહે ડૉલી ! બહું જોઈ લીધું તારું નાટક.

(બિચારી ડૉલી ! ઘરે ક્યારેય પોતાના હાથે પાણીનો ગ્લાસ પણ ભર્યો નથી, જેને ઘરમાં રાણીની જેમ રાખી હતી, આજે એની સાથે કામ કરવાવાળી નોકરાણી જેવું વર્તન થઈ રહ્યું છે. ડૉલીને હવે મહેસૂસ થવા લાગ્યું કે આ બધો પૈસાનો ખેલ હતો અને આ ખેલને રમવા માટે સમીરે તેને ફુટબોલની જેમ તેનો ઉપયોગ કર્યો. પૈસા હતા ત્યાં સુધી પ્રેમ હતો. પૈસા પૂરા થયા અને પ્રેમ ખતમ અને એટલે કદાચ સમીર વારે વારે મને પિયરથી પૈસા લાવવા માટે ફોર્સ કરી રહ્યો છે.

આ પ્રમાણે રોજેરોજની ઝંઝટથી થાકીને ડૉલીએ વિચાર્યું કે "જો હું માતા-પિતાની ઈચ્છાથી જ લગ્ન કરત અને સાસરે ગયા પછી પૈસા મંગાવત તો તેઓ મને જરૂર પૈસા મોકલત. એટલે કે હજુ પણ એમના પૈસા પર મારો પૂરો અધિકાર છે અને ન પણ હોય તો આખરે તેઓ મારા મા-બાપ છે. મારી ખરાબ પરિસ્થિતિ જોઈને તેમનું દિલ પિઘળી જ જશે અને તેઓ જરૂર મારી મદદ કરશે. હવે થોડા દિવસોમાં ડિલેવરી આવશે તો બાળકની પરવરિશ માટે પૈસાની જરૂર તો પડશે જ. રોજે રોજની આ ઝંઝટથી તો સારું છે કે એક વાર મમ્મીને ફોન લગાવી જ દઉં. કમ સે કમ એનાથી સમીર અને મારી વચ્ચેના સંબંધો તો સુધરી જશે."

આવું વિચારીને ડૉલીએ ફોન ઉઠાવ્યો. જેની ખરાબ પરિસ્થિતિમાં ડૉલીનું દિલ પિઘળ્યું નહોતું, આજ પોતાની ખરાબ પરિસ્થિતિમાં ડૉલી એજ લોકોનું દિલ પિઘળવાની અપેક્ષા રાખી રહી હતી. ખૈર હવે આગળ શું થાય છે ? શું ડૉલી પોતાના ઘરે ફોન પર વાત કરશે ? શું એના માતા-પિતા પૈસાથી એની મદદ કરશે ? કે પછી ડૉલીને એની હાલતમાં રડતી છોડી દેશે ? આ ફોન પછી શું ડૉલી અને સમીરના સંબંધોમાં મધુરતા આવી શકશે ? કે પછી ડૉલીના જીવનમાં કંઈક બીજુ જ થશે ? જોઈશું જૈનિજમના આગળના ભાગમાં.

(ડૉલીના ભાગી ગયા પછી એની સાથે વિદાય થયેલી પોતાના ઘરની ખુશીઓને પાછી લાવવા માટે સુષમાએ પોતાના દિકરા પ્રિન્સના લગ્ન કરાવ્યા. પોતાની દિકરી ડૉલીને તો વાસ્તવિક માઁ બની સંસ્કાર આપવાના વિષયમાં સુષમા માર ખાઈ ગઈ પરંતુ શું હવે તે પોતાની વહુ સાથે દિકરી જેવું વર્તન કરી શકે છે ? કે પછી કંઈક બીજું જ થાય છે ? જોઈએ જૈનિજમનો આગલો ભાગ "સાસુ બની માઁ"માં.

## ઝેર બન્યું અમૃત

જૈનિજમના પાછલા ભાગમાં આપણે જોયું કે જયણાએ પોતાની પુત્રીના જીવનને સંસ્કારિત બનાવવામાં કોઈ કમી નથી રાખી અને સારું પાત્ર જોઈને, સુયોગ્ય હિતશિક્ષા આપીને એને સાસરે વિદાય કરી. હવે આગળ...

પોતાની માઁએ આપેલી હિતશિક્ષા ગ્રહણ કરીને મોક્ષાએ પોતાના સાસરે પહેલું પગલું ભર્યું. એના પરિવારમાં સાસુ-સસરાજી, નણંદ તેમજ બે દિયર હતા. એની સાસુ તેમજ નણંદનો સ્વભાવ થોડો ચીડીયો અને ગુસ્સાવાળો હતો. લગ્ન પછી મોક્ષાના સાસુ-સસરાએ તેમને થોડા દિવસ માટે ફરવા મોકલ્યા. હરીફરીને જ્યારે મોક્ષા ફરીથી ઘરે આવી, ત્યારે દાંમ્પત્ય જીવનના દરેક કદમ પર પોતાની માઁએ આપેલી હિતશિક્ષાનો અમલ કરવા લાગી.

તે રોજ સવારે ઉઠીને ઘરનું બધુ કામ પતાવીને જિનપૂજા કરવા જતી. નાસ્તો બનાવીને પરિવારને નાસ્તો કરાવતી. પછી રસોઈ બનાવવા લાગી જતી. રસોઈ બની જતાં જ નોકરના હાથે પોતાના સસરા તેમજ પતિ માટે ટિફિન મોકલતી. બપોરે સમય મળતો તો સામાયિક લઈને સ્વાધ્યાય કરી લેતી. મોક્ષાનું સાસરું ધાર્મિક ન હોવાને કારણે ઘરના બધા જ લોકો રાત્રિભોજન કરતા હતા. પરંતુ મોક્ષાને રાત્રિભોજનનો ત્યાગ હોવાથી તે પોતાનું ખાવાનું જલ્દી બનાવીને ચોવિહાર કરી લેતી. તેમજ બાકીના લોકો માટે અનિચ્છાથી રાત્રે ભોજન બનાવીને આપતી. કામ પતાવીને રાત્રે તે પોતાના સાસુ-સસરાની સેવા (પગ દબાવવા વગેરે) કરતી. ભણવામાં પોતાની નણંદ તેમજ દિયરની મદદ કરતી. આ પ્રમાણે તે પૂરા પરિવારની બધી જવાબદારીઓ સારી રીતે નિભાવી રહી હતી. મોક્ષા નવી-નવી હતી, માટે થોડા દિવસો સુધી મોક્ષાની સાસુ તેમજ નણંદે મોક્ષાની સાથે સારું વર્તન કર્યું. પણ ધીમે-ધીમે મોક્ષાની સાસુ અને નણંદ બંને એમના દરેક કામમાં ભૂલો કાઢવા લાગ્યા.

એક વખત રાત્રે રસોઈ બનાવતા સમયે મોક્ષા એ ભૂલી ગઈ કે એણે દાળમાં મીઠુ નાખ્યું છે કે નહીં. પરંતુ રાત્રિભોજનનો ત્યાગ હોવાથી એણે દાળને ચાખ્યા વગર જ એમાં અંદાજથી થોડું મીઠું વધારે નાખી દીધું. દાળમાં મીઠું વધારે થઈ જવાના કારણે દાળ ખારી બની ગઈ. જેવો દાળનો પહેલો કોળીયો એની સાસુમાઁએ લીધો તેવો જ.

**સુશીલા :** (ગુસ્સામાં) મોક્ષા ! આજે આ દાળ કેવી બનાવી છે ?

**મોક્ષા :** કેમ ? શું થયું મમ્મીજી ?

**સુશીલા :** થૂ ! આ તે કંઈ દાળ છે ! દાળમાં મીઠું નાખ્યું છે કે મીઠામાં દાળ ?

**મોક્ષા :** મમ્મીજી ! હું એ ભૂલી ગઈ હતી કે મેં દાળમાં મીઠું નાખ્યું છે કે નહીં. રાત્રિભોજન ત્યાગ હોવાના કારણે મેં દાળને ચાખ્યા વગર જ એમાં થોડું મીઠું ફરી નાખી દીધું. જેથી દાળ ખારી થઈ ગઈ હશે. માફ કરજો મમ્મીજી.

**સુશીલા :** હાઁ ! હાઁ ! આવી મોટી રાત્રિભોજન ત્યાગ કરવાવાળી. અમને તારા આ ધર્મના ઢોંગની પાછળ શું શું સહન નથી કરવું પડતું. ક્યારેક મીઠું ડબલ નાખી દે છે તો ક્યારેક બિલકુલ મીઠું જ નથી નાખતી. ક્યારેક એટલું મરચું નાખી દે છે કે અમે પણ જમી જ નથી શકતા.

**વિધિ :** હાઁ મમ્મી ! હું તો આવું જમી-જમીને કંટાળી ગઈ છું. આના કરતાં તો હોટલનું ખાવું સારું.
**સુશીલા :** મહારાણી પોતે તો પોતાના માટે ગરમ-ગરમ રસોઈ ચાખી-ચાખીને બનાવીને આરામથી જમે છે. અને અમારા માટે રોજ આવું બનાવે છે. તારું આ નાટક રોજે રોજનું થઈ ગયું છે. આ તો અમે બધા ક્યારનાય સહન કરી રહ્યા છીએ. પણ સહન કરવાની પણ એક હદ હોય છે. હવે આટલું બધું મીઠું નાખેલી દાળ કોણ ખાશે ?
**વિધિ :** હાઁ માઁ ! હવે આ દાળ ન તમે ખાશો કે ન હું; અને આ મહારાણી તો કાલે ખાય નહીં. કેમ કે એના માટે તો આ વાસી થઈ જશે. આટલી મોંઘી દાળ હવે બહાર નાખી દેવી પડશે. આ જ શીખવાડ્યું છે એની માઁએ...
**મોક્ષા :** મમ્મીજી ! આ વખતે ભૂલ થઈ ગઈ. ફરી ક્યારેય પણ તમને શિકાયંતની તક નહીં આપું.

(મોક્ષાના આ વિનયભર્યા જવાબની સામે સુશીલા તેમજ વિધિની બોલતી બંધ થઈ ગઈ. સાસુ અને વહુના સંબંધ માતા-પુત્રીની સમાન હોવા જોઈએ. કેમ કે જે ઘરમાં દિકરી મોટી થાય છે એ ઘરને છોડીને એ પારકા ઘરને પોતાનું બનાવવાનું સપનું સંજોઈને સસુરાલમાં પગ રાખે છે. જેવી રીતે પોતાના દિકરીની ભૂલ થઈ હોય તો માઁ એને પ્રેમથી સમજાવે છે. એજ પ્રમાણે સાસુ પણ માં બનીને પ્રેમથી વહુને હિતશિક્ષા આપે. પુત્રી અને વહુમાં કોઈ પણ જાતનો ભેદ ન રાખે તો ઘર નંદનવન બની જશે. દરેક સાસુએ આ વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કે પોતાની દિકરી તો થોડા દિવસોમાં સાસરે ચાલી જશે પરંતુ આખું જીવન તો એમને વહુ સાથે જ ગાળવાનું છે. માટે કોઈ પણ પ્રકારનો માયા પ્રપંચ ન કરતાં સરળતાથી વર્તન કરે. જેથી વહુના દિલમાં પણ સાસુ પ્રત્યે માતાની જેવો પ્રેમ ઉત્પન્ન થાય.

મોક્ષા બિલકુલ ક્રોધ ન લાવીને ફરીથી પોતાના કામમાં જોડાઈ ગઈ અને કામ પુરૂં થતાં જ પોતાની રૂમમાં ચાલી ગઈ. ત્યારે મોક્ષાનો પતિ વિવેક ઑફીસથી ઘરે આવ્યો. વિવેકનાં આવતાની સાથે જ સુશીલાએ મોક્ષાની બધી ભૂલો એમને બતાવી અને કહ્યું કે તું મોક્ષાને રાત્રિભોજન શરૂ કરવાનું કહી દે. જેથી આ તકલીફ જ ન આવે. ત્યારે
**વિવેક :** માઁ ! આપણે તો રાત્રિભોજન ત્યાગ નથી કરી શકતા. પણ તે કરી રહી છે તો તેને શા માટે રોકીએ ? માઁ તમે ટેન્શન ન લો, હું એને સમજાવી લઈશ.
(આમ કહીને વિવેક પોતાની રૂમમાં ગયો અને ત્યાં મોક્ષાને રડતી જોઈને)
**વિવેક :** મોક્ષા ! તું પણ મમ્મીની વાતોથી રડવા બેસી ગઈ. મમ્મીની હવે ઉંમર થઈ ગઈ છે.
**મોક્ષા :** ના ! ભૂલ મમ્મીજી નહીં પણ મારી જ છે. મેં જ ધ્યાન નહીં રાખ્યુ. જેના કારણે મમ્મીજીના ક્રોધમાં હું નિમિત્ત બની.
**વિવેક :** ચાલ ઠીક છે, હવે આગળથી ધ્યાન રાખજે.

(જો મોક્ષા ઈચ્છતી હોત તો પોતાની સાસુએ લગાવેલા ખોટા આરોપોનો સામનો પણ કરી શકતી હતી પરંતુ જયણા દ્વારા નાનપણમાં આપેલા સંસ્કારો તેમજ અંતિમ હિતશિક્ષાના શબ્દો તેના હૃદયમાં આજે પણ જાગૃત હતા. એ જાણતી હતી કે આવી પરિસ્થિતિમાં મૌન રહેવું જ શ્રેષ્ઠ છે. એના શબ્દો નાની વાતને પહાડ જેટલો મોટો બનાવવામાં મદદ કરશે. જેથી ઘરનું વાતાવરણ બગડવામાં વાર નથી લાગતી. માટે પોતાના સંસ્કારોના પરિચય આપતા મોક્ષાએ મૌનપૂર્વક બધુ સહન કરીને વાસ્તવમાં નારી સહનશીલતાની મૂર્તિ હોય છે એ વાતને સાર્થક કરી દીધી.

આ પ્રમાણે ચિંતિત અવસ્થામાં સૂવાના કારણે મોક્ષા બીજા દિવસે ઉઠવામાં લેટ થઈ ગઈ. એ દિવસે મોક્ષાના રસોડામાં પહોંચ્યા પહેલાં જ વિધિ રસોડામાં પહોંચી ગઈ હતી. મોક્ષા પણ જલ્દી જલ્દી કામે લાગી ગઈ. ત્યારે બહારથી અવાજ આવ્યો.

**વિવેક :** વિધિ ! જલ્દી ચા લાવ. મારે ઑફીસ માટે મોડું થાય છે.

(ત્યારે મોક્ષાએ વિધિના હાથમાં ગરમા-ગરમ ચાનો કપ આપ્યો. સંયોગવશ વિધિ એને પકડે એના પહેલા મોક્ષાએ કપ છોડી દીધો અને ગરમ-ગરમ ચા મોક્ષા અને વિધિ બન્ને ઉપર પડી. તથા કપરકાબી પણ તૂટી ગયા ત્યારે...)

**વિધિ :** મૉમ... મૉમ... મૉમ...

**સુશીલા :** શું થયું ? અરે આ કપ કોણે ફોડ્યો ? બેટા તને ક્યાંય વાગ્યું તો નથી ને ?

**વિધિ :** મૉમ ! ગરમ-ગરમ ચા થી મારો પગ બળી ગયો. આ..આ...આ.....

**સુશીલા :** મોક્ષા ! ઊભી-ઊભી શું જોઈ રહી છે ? જા જઈને બરનોલ લઈ આવ.

**વિધિ :** મૉમ ! જોયું તમે, ભાભીએ કાલ સાંજનો ગુસ્સો અત્યારે કાઢ્યો છે, ભૈય્યા ! તમે પણ જોઈ લો, પછી કહેતા નહીં કે હું ખોટુ બોલી રહી હતી.

(એટલામાં મોક્ષા બરનોલ લઈને આવી અને વિધિને લગાડવા લાગી. ત્યારે સુશીલાએ એના હાથમાંથી બરનોલ ખેંચી લીધો.)

**સુશીલા :** જા... જા... તું શું લગાડશે, પહેલા તો જાણી જોઈને ચા ઢોળી દીધી અને હવે દવા લગાડવા આવી છે.

**મોક્ષા :** મમ્મીજી ! મેં જાણી જોઈને ચા નથી ઢોળી. મેં વિધિને કપ પકડાવ્યો હતો પણ એમણે પકડ્યો નહીં અને મેં પણ છોડી દીધો.

**વિધિ :** જોયુ ભૈય્યા જોયુ ! મારી ઉપર કેવો ખોટો આરોપ લગાવવામાં આવે છે.

**પ્રશાંત :** આ ઘરમાં આ શું થઈ રહ્યું છે ?

**સુશીલા :** તમે તો ચુપ જ રહો. તમે આમાં ન પડો તો જ સારું છે. જો બેટા જો કેટલો બાળી દીધો વિધિનો પગ.

**વિવેક :** માઁ, કેમ નાની વાતને આવડી મોટી બનાવી રહ્યા છો.

**સુશીલા :** હાઁ હાઁ તારા માટે તો આ નાની વાત છે. કાલે જો આ મહારાણીનો પગ બળ્યો હોત તો તે પૂરા ઘરને માથા ઉપર ઉઠાવી લીધો હોત અને તારી પોતાની બહેનનો પગ બળ્યો તો નાની વાત છે.

**વિવેક :** માઁ ! તમે જાણો અને એ જાણે...

(એવું કહીને વિવેક નાસ્તો કર્યા વગર જ ઑફીસ જવા નિકળી ગયો. મોક્ષા એમની પાછળ ગઈ પરંતુ ત્યાં સુધી તો વિવેક ગાડીમાં બેસીને નિકળી ગયો હતો. મોક્ષાએ પણ એના પછી આખો દિવસ કાંઈ ખાધું નહી, સાંજે જયારે વિવેક ઑફીસથી ઘરે આવ્યો ત્યારે...)

**સુશીલા :** આવી ગયો બેટા ! સવારથી નાસ્તો કર્યો નથી. થાકી ગયો હશે.

**વિવેક :** માઁ ! વિધિનો પગ હવે કેવો છે ?

**સુશીલા :** બસ સવારથી દર્દના કારણે રડી રહી હતી. હમણાં હમણાં થોડી ઊંઘ આવી છે. લે બેટા ! તું જમી લે.

**વિવેક :** કેમ માઁ ! આજે તમે પીરસી રહ્યાં છો ? મોક્ષા ક્યાં છે ?

**સુશીલા :** મહારાણીને સવારે થોડુ શું કહી દીધું, ગુસ્સો આવી ગયો. સવારથી રૂમમાં પડી છે. રૂમ બંધ છે. ખબર નહીં અંદર શું કરી રહી છે ? સવારથી ખાધું પણ નથી. ચાર વખત તો મેં જઈને કહ્યું, બેટા જમી લે. પણ મારું સાંભળે છે કોણ ?

(વિવેક ચુપચાપ જમ્યો. પરંતુ એને પોતાની માઁનો સ્વભાવ ખબર હોવાથી એને પોતાની માઁની વાત પર વિશ્વાસ આવ્યો નહીં અને તે પિતાજી પાસે ગયો.)

**વિવેક :** પપ્પા ! શું આજે મોક્ષા સાચે જ સવારથી રૂમમાં છે ?

**પ્રશાંત :** બેટા ! તું તારી માઁની વાતોમાં આવીશ નહીં. સવારથી બિચારી કામ કરતી હતી. હમણાં અડધો કલાક પહેલા જ રૂમમાં ગઈ છે. તું જ જંઈને એની હાલત જોઈ લે. અને હાઁ, સાંભળ... બિચારીએ સવારથી કશું ખાધું પણ નથી.

(વિવેક એના રૂમમાં ગયો ત્યારે મોક્ષા સૂતી હતી, અને એની આંખોમાં આંસુ હતા.)

**વિવેક :** મોક્ષા ! શું થયુ તને ? પપ્પાએ કહ્યું કે તે સવારથી કંઈ ખાધું નથી અને તું કેમ રડે છે ?

**મોક્ષા :** કંઈ નહી, એમ જ મમ્મીની યાદ આવી ગઈ.

**વિવેક :** મોક્ષા, તને તો ખૂબ જ તાવ છે. અરે ! આ શું તારા પગમાં તો ફોલ્લા પડી ગયા છે ? તેં સવારે કેમ કહ્યું નહીં કે તારો પગ પણ આટલો બધો બળી ગયો છે અને આટલું બધું હોવા છતાં તે કેમ ખાધું નથી ?

**મોક્ષા :** બસ એમ જ. તમે સવારે મારા કારણે નાસ્તો કર્યા વગર ગયા માટે મેં પણ ખાધુ નહીં.

**વિવેક :** મોક્ષા ! તેં ટીફીન મોકલ્યું હતું ને મેં ખાઈ લીધું હતું. તો પછી તેં કેમ ખાધુ નહીં ? અને તે આના ઉપર બરનોલ લગાવ્યું કે નહીં ?

(મોક્ષાએ આગળ કાંઈ જવાબ આપ્યો નહીં.)

**વિવેક :** હું હમણાં જ ડૉક્ટરને બોલાવું છું.

**મોક્ષા :** નહીં પ્લીઝ ! તમે ડૉક્ટરને બોલાવશો નહીં. નહીંતર ઘરમાં પાછો એક નવો હંગામો શરૂ થઈ જશે.

**વિવેક :** ક્યાં સુધી તું મમ્મીથી ડરતી રહીશ ? તારી હાલત તો દેખ, લગ્ન પછી તું કેટલી પાતળી થઈ ગઈ છે. કાલે પીયર જઈશ તો ત્યાં શું જવાબ આપીશ ? સાસરે બરાબર રાખતા નથી કે શું ? મોક્ષા ! હું પણ રોજરોજની ટકટકથી કંટાળી ગયો છું. મમ્મીનો સ્વભાવ તો બદલાશે નહીં અને એની પાછળ આપણી જીંદગી પણ ખરાબ થઈ જશે. એનાથી તો સારું કે આપણે મમ્મીથી અલગ જઈને રહીએ.

**મોક્ષા :** આ તમે શું કહી રહ્યા છો ? મમ્મીથી અલગ ?

**વિવેક :** હાઁ મોક્ષા ! આ બધાનું સમાધાન એક જ છે. આપણે આ જ શહેરમાં આસપાસ ક્યાંક નાનકડો ફ્લેટ લઈ લઈશું અને આપણે વધારે દૂર તો નથી જઈ રહ્યા. મમ્મી-પપ્પાની પાસે આવતા જતાં રહીશું. બસ મેં નિર્ણય કરી લીધો છે, હું તને હવે વધારે રડતી નથી જોઈ શકતો. પપ્પા મારી વાત સમજી જશે. હું જલ્દી જ એમને વાત કરું છું.

**મોક્ષા :** પણ એકવાર મારી વાત તો સાંભળો...

**વિવેક :** નહીં મારે કંઈ સાંભળવું નથી. (આ પ્રમાણે વિવેકે મોક્ષાને બહુ સમજાવીને મોક્ષાને પણ મનાવી લીધી. બીજા દિવસે સાંજે ૫ વાગે...)

**સુશીલા :** મોક્ષા ! મારા પગ બહું જ દુઃખી રહ્યાં છે જરા દબાવી દેને.

**મોક્ષા :** મમ્મીજી, તમને તો ખબર છે ને કે મારે રાત્રિભોજન નો ત્યાગ છે અને ચૌવિહારનો સમય થવા આવ્યો છે. તમે કહો તો હું પહેલા ચોવિહાર કરીને પછી તમારા પગ દબાવી દઈશ.

**સુશીલા :** હાઁ... હાઁ... ખાવાનું ક્યાંય ભાગી થોડું જવાનું છે. પહેલા પગ દબાવી દે પછી ખાઈ લેજે.

**મોક્ષા :** મમ્મીજી ! હજુ સુધી ખાવાનું બનાવવાનું પણ બાકી છે. બનાવવામાં પણ સમય લાગશે. હું પંદર મિનિટમાં બનાવી, ખાઈને આવું છું.

**સુશીલા :** ગરમ ખાવાની આવી શું આદત છે. એક દિવસ સવારનું ખાઈ લેશે તો મરી નહીં જાય. પછી રોજે રોજ બે બે વખત ગેસ બાળવો પડે છે. આજે ગેસ કેટલો મોંઘો થઈ ગયો છે. તું હવે તારા

પીયરમાં નથી કે જ્યારે મન થયું ત્યારે ખાઈ લીધું. હવે સાસરે આવી છે તો અહીં જેવું વાતાવરણ છે તેમાં રહેતાં શીખ. સાસરે જ્યાં, જ્યારે, જેવી રીતે બધા લોકો રહે છે તેમ તું પણ રહેતા શીખ, એ ન થઈ શકે તો સવારની રસોઈ ખાવાની આદત પાડી દે, સમજી.

**મોક્ષા :** મમ્મીજી ! મારે નાનપણથી જ રાત્રિભોજનનો ત્યાગ છે. માટે રાત્રે ખાવાનું તો મારી માટે શક્ય નથી. હું સવારનું ખાવા માટે તૈયાર છું.

**સુશીલા :** હાઁ... હાઁ... આવી મોટી ધરમની પૂંછડી; હું પણ જોઉં છું કે તું કેટલા દિવસો સુધી ઠંડુ અને લુખ્ખુ સુકુ ખાવા ઉપર ટકે છે.

**પ્રશાંત :** સુશીલા ! થોડુંક વિચારીને બોલ. એક દિવસની વાત હોય તો ઠીક છે. બિચારી રોજે રોજ સવારની રસોઈ કેવી રીતે ખાશે ? થોડુંક તો ધ્યાન રાખ. આમ પણ લગ્ન પછી કેટલી પાતળી થઈ ગઈ છે.

**સુશીલા :** તમે તો ચુપ જ રહો. તમને ખબર છે કે આજે ગેસની કિંમત કેટલી વધી ગઈ છે. બિચારો કેટલી મહેનત કરીને કમાય છે મારો દિકરો અને આ આમજ ઉડાવતી રહેશે તો એક દિવસ દેવાળું નિકળી જશે.

(આ પ્રસંગ પછી મોક્ષા પોતાના માટે નવી રસોઈ ન બનાવતા બપોરનું વધેલું જ સાંજે ખાઈ લેતી હતી. પણ એણે પોતાના ધાર્મિક સંસ્કારોને છોડ્યા નહીં. આ ઘટનાથી મોક્ષાને અલગ ઘર વસાવવાની ઈચ્છાને વધારે બળ મળ્યું. સાંજે જ્યારે વિવેક ઘરે આવ્યો ત્યારે મોક્ષાએ એને આ ઘટનાના વિષયમાં કંઈ પણ બતાવ્યું નહીં. કેમ કે એ જાણતી હતી કે પતિ જ્યારે ઘરે આવે છે ત્યારે તે ઑફીસના ટેન્શનમાં હોય છે. એવા સમયે પત્નિનું કર્તવ્ય છે કે તે એને પૂરા દિવસની ઘટનાઓ ન સંભળાવીને એની સાથે પ્રેમભર્યો વ્યવહાર કરી એના મનને ટેન્શનથી મુક્ત કરે. નહીંતર પતિની હાલત તો ઘંટીમાં પીસાતા દાણા જેવી બની જાય છે. સાથે જ મોક્ષા એ પણ જાણતી હતી કે સાસુ અને વહુની વચ્ચે થયેલા ઝઘડાનું સમાધાન કોઈપણ દિકરાની પાસે હોતું નથી. જો આ બંનેના ઝઘડાની વચ્ચે દિકરો ફંસાઈ જાય તો તે એટલો ચિડિયો થઈ જાય છે કે તેને તે જ ઘર નરક જેવું લાગે છે. તે એવું વિચારે છે કે આ ઘરને છોડીને જ્યાં મને પરમ શાંતિ મળતી હોય એવી જગ્યાએ જતો રહું. મોક્ષા આ બધી પરિસ્થિતિઓને સમજતી હોવાને કારણે પોતાના ઉપર વિતેલી કોઈપણ વાત તે વિવેકને બતાવતી નહોતી.

એક અઠવાડિયું તો આમ જ સાસુ વહુની ખટપટમાં વીતી ગયું. એક દિવસે તક જોઈને પ્રશાંતે (વિવેકના પિતા) વિવેકને મોક્ષાની સવારની ઠંડી રસોઈ ખાવાની બધી વાત બતાવી દીધી. આ સાંભળીને વિવેક ચોંકી ગયો. ત્યારે પ્રશાંતે એને અલગ ઘર લેવાની સલાહ આપી. જેથી વિવેક-મોક્ષાનું જીવન શાંતિથી ગુજરી શકે. આની વચમાં મોક્ષા થોડા દિવસો માટે પીયર ગઈ. ત્રણ-ચાર દિવસ તો તેને પોતાની માંને કશું કહ્યું નહીં. પરંતુ એક દિવસે...

જયણા : શું વાત છે બેટા, જયારથી તું આવી છે થોડી ઉદાસ લાગે છે અને ચાર દિવસોમાં તારા ઘરેથી પણ કોઈનો ફોન નથી આવ્યો. સાસરે બધુ ઠીક તો છે ને ?

મોક્ષા : હાઁ માઁ ! બધુ ઠીક છે પરંતુ તમે આવું કેમ પૂછી રહ્યા છો ?

(જયણા પોતાની દિકરીના માથા ઉપર હાથ ફેરવતાં)

જયણા : બેટા ! આજ સુધી મેં તને ક્યારેય આટલી ઉદાસ જોઈ નથી.

(મોક્ષા કંઈ પણ બોલી શકી નહીં તે બસ રડવા લાગી)

જયણા : શું વાત છે બેટા ! તું રડી રહી છે ? મને બતાવ, મને નહીં કહે તો કોને કહીશ ?

મોક્ષા : મમ્મી, સાસરે બધા ઠીક છે, સસરાજી તો બહું જ સારા છે વિવેક પણ મને બહું જ પ્રેમ કરે છે પણ...

જયણા : પણ શું બેટા ?

મોક્ષા : મમ્મી ! મારી સાસુમાં અને નણંદનો સ્વભાવ...

(થોડીવાર પછી રડતા રડતા મોક્ષાએ પોતાની સાથે બનેલી બધી ઘટના સંભળાવી)

મોક્ષા : મમ્મી ! હું તમને પુછું છું. વીસ-વીસ વર્ષ સુધી તમારા ઘરમાં રહેવાવાળી હું જયારે સાસરે વહુ બનીને ગઈ ત્યારે મારા દિલમાં એક જ અરમાન હતો કે પૂરા પરિવારને પ્રેમ આપવો, એમની દરેક ઈચ્છાઓને પૂરી કરવી. માટે મેં એમની દરેક ઈચ્છાઓને ધ્યાનમાં રાખીને પોતાની કેટલીય ઈચ્છાઓને દફનાવી દીધી. છતાં પણ એ લોકોએ મારી સાથે રમકડાં જેવો વ્યવહાર કર્યો. એમની દરેક ઈચ્છાઓને ધ્યાનમાં રાખવું મારું કર્તવ્ય હતું. તો શું મારી ઈચ્છાઓનું ધ્યાન રાખવું એ એમનું કર્તવ્ય નથી ? માઁ હું માનું છું કે ફુટબૉલ કીક મારવા માટે જ હોય છે. પરંતુ ફુટબૉલને એટલી હદ સુધી કીક મારવામાં આવે કે તે ફાટી જ જાય તો એ ફૂટબૉલની સાથે અન્યાય થશે. તેવી જ રીતે માઁ ! હું માનું છું કે મારે સહન કરવાનું જ હતું. સહન કરવું એ એક વહુનો ધર્મ હોય છે. પરંતુ માઁ સહન કરવાની પણ કોઈ હદ હોય છે. આજ સુધી એમના દરેક આક્રોશને મેં સહન કર્યો છે. પરંતુ હવે મારાથી સહન નથી થતું. આજ સુધી હુઁ ચુપ રહી પણ હવે હું ચુપ રહેવાની નથી. એમની સામે મારે બોલવું જ ન પડે માટે અમે બંનેએ વિચાર્યું છે કે હવે અમે પરિવારથી અલગ રહીશું અને અમારા આ નિર્ણયમાં પપ્પાજીએ પણ પોતાની મંજૂરી આપી દીધી છે.

જયણા : શું ? મારી દિકરી થઈને તું એક માઁથી પોતાના દિકરાને અલગ કરીશ ?

મોક્ષા : માઁ હું જાણીજોઈને એક માઁથી એમના દિકરાને અલગ નથી કરી રહી. પરંતુ મારી સાથે થયું પણ એવું જ છે જેના કારણે મારે આ પગલું ઉઠાવવું પડે છે. મને જેમણે પ્રેમ આપ્યો એમના પ્રત્યે મેં

ક્યારેય ખરાબ ભાવ કે દ્વેષ ભાવ નથી રાખ્યો. જેમણે મારા જીવનમાં દીપ જલાવીને પ્રકાશ આપ્યો તેમના જીવનમાં મેં ક્યારેય અંધકાર લાવવાની કોશીશ નથી કરી. પરંતુ માઁ એમણે મારી સાથે એવું જ વર્તન કર્યું છે જેના બદલામાં એમને પોતાના દિકરાથી અલગ થવું જ પડશે. જેવું એમણે કર્યું તેવુ એમણે ભોગવવું જ પડશે.

**જયણા :** મોક્ષા ! તારા જીવનમાં ભલે કેવા પણ દુઃખોનું તોફાન આવે પરંતુ એનો અર્થ એ નથી કે તારા દુઃખમાં જે પણ વ્યક્તિ નિમિત્ત રૂપ બન્યા હોય એ બધાને દુઃખી કરવા માટે તું કટિબદ્ધ બની જાય. તારા મનમાં ગલતફહમીયોએ પોતાનો અડ્ડો જમાવી દીધો છે. દિમાગને ઠંડુ રાખ તો તારા બધા સમાધાન મળી જશે.

**મોક્ષા :** માઁ કેવી રીતે રાખું મારા દિમાગને ઠંડું ? વિદ્યાર્થીને તો માત્ર એક શિક્ષકની જ આજ્ઞા માનવાની હોય છે. દર્દીને માત્ર એક ડૉક્ટરની સલાહ અનુસાર જ ચાલવાનું હોય છે. એક ક્રિકેટરને માત્ર પોતાના ટીમ કોચની જ સલાહ માનવી પડે છે. પરંતુ એક વહુ બનીને આવેલી સ્ત્રીને માત્ર પતિના સ્વભાવ અનુસાર જ નહીં પરંતુ પરિવારના બધા સદસ્યોના સ્વભાવ મુજબ પોતાનો સ્વભાવ સેટ કરવાનો હોય છે. તમે જ બતાવો માઁ આ કેવી રીતે શક્ય બની શકે છે ?

**જયણા :** બેટા ! વિદ્યાર્થીને માત્ર એક શિક્ષકની જ નહી પરંતુ મોનીટરની આજ્ઞા પણ માનવી પડે છે. દર્દીને માત્ર એક ડૉક્ટરની જ નહીં, નર્સની સલાહ અનુસાર પણ ચાલવું પડે છે. એક ક્રિકેટરને પોતાના ટીમ કોચની જ નહી, પોતાની ટીમના કપ્તાનનું પણ માનવું પડે છે. ઠીક આ પ્રમાણે સાસરે જવા વાળી દિકરીને માત્ર પતિના જ નહી, ઘરના દરેક સદસ્યોના સ્વભાવ અનુસાર પોતાનો સ્વભાવ બદલવો જ પડે છે.

**મોક્ષા :** તો આનો મતલબ એ થયો કે ભૂલ મારી જ છે. પરંતુ મમ્મી ! જ્યારે મેં પહેલી વખત સાસરે પગ મૂક્યો હતો ત્યારે આજ વિચાર્યું હતું કે બધાનું હૃદય જીતી લઉં. પ્રેમ આપીને ઘરનું વાતાવરણ બદલી નાખીશ. ભણવામાં નણંદ તેમજ દિયરની મદદ કરીશ. સાસુ-સસરાની મન મૂકીને સેવા કરીશ. ક્યારેય કોઈને ઠપકાનો મોકો જ નહી આપું. અને આ બધુ કરવા માટે મેં રાત દિવસ એક કરી દીધા. પણ માઁ ! મારી સાસુ અને નણંદને તો પોતાનામાં દીલચસ્પી છે. મારી તો એમને કંઈ પડી જ નથી. હવે તો મને એવું લાગે છે કે પાણી નાખવું છે તો વસ્ત્ર ઉપર નાખો જેનાથી વસ્ત્ર સાફ તો થઈ જશે, વૃક્ષ ઉપર નાખો જેથી તે નવપલ્લવિત તો થશે, પરંતુ પત્થર ઉપર નાખવાથી શો ફાયદો ? એટલા માટે અમે અલગ રહેવાનો વિચાર કરી લીધો છે.

**જયણા :** તારા વિચારોમાં કોઈ દમ નથી બેટા. આજે જે કામમાં તને જીતના દર્શન થઈ રહ્યા છે કાલ તે કાર્યમાં તને હાર મળે તો આજની એવી જીતથી સો ડગલાં દૂર રહેવું સારું છે.

**મોક્ષા :** હું કશું સમજી નહીં માઁ. તમે કંઈ જીત અને હારની વાત કરી રહ્યા છો ?

**જયણા :** બેટા ! હું તને એજ બતાવવા માંગુ છું કે તારા સાસુ-સસરાથી અલગ થઈને તો તું નવું ઘર વસાવીને પ્રતિકૂળતાઓની સામે જીતી જઈશ. પરંતુ ભવિષ્યમાં તને સ્વતંત્ર કુટુંબની સમસ્યાઓની સામે હારવું જ પડશે. માટે બેટા ઘરથી અલગ થવાનો વિચાર જ છોડી દે. નહીંતર તારું ભવિષ્ય ખતરામાં આવી જશે.

**મોક્ષા :** માઁ ! હાર અને જીત તો બીજા નંબર ઉપર છે. પરંતુ અમારી વચ્ચે જે પ્રેમભાવ ઘટી રહ્યો છે એનું શું ? માઁ તમને એવું નથી લાગતું કે જો અમે સંયુક્ત પરિવારથી અલગ થઈ જઈએ તો અમારે દ્વેષભાવનો શિકાર થવું જ નહીં પડે. સાથે રહેવાથી એકબીજાની ભૂલો દેખાય છે. અમારી ઈચ્છાની વિરુદ્ધ કાંઈ કામ થઈ જાય તો અમને ગુસ્સો આવે છે અને અમે સામેવાળાની વિરુદ્ધ કંઈક કરીએ તો એમને પણ ગુસ્સો આવી જાય છે. સ્વભાવ ભેદ હોવાને કારણે શબ્દોમાં મિઠાશ આવતી નથી. વાતાવરણ અશાંત બની જાય છે. આ બધાથી મુક્ત રહેવા માટે જ અમે સ્વતંત્ર પરિવારમાં રહેવાનો નિર્ણય લીધો છે અને માઁ કોઈ મોટો ઝઘડો થઈ ગયા પછી તેમનાથી હંમેશાને માટે મોંઢુ ફેરવીને ચાલ્યા જવાથી તો સારું છે કે અમે અત્યારે એમને સમજાવીને એમની સહમતીથી રાજીખુશીથી અલગ થઈ જઈએ. આમ પણ મમ્મી-પપ્પા સાથે પ્રેમ અને લગાવ હોવાને કારણે અમે થોડા થોડા દિવસે મળવા આવતા-જતા રહીશું. જેથી અમારી વચ્ચે પ્રેમ બની રહેશે.

**જયણા :** પણ બેટા, તું હજુ સુધી સંયુક્ત પરિવારના મહત્ત્વને સમજી નથી શકી, માટે આવી વાત કરે છે. સંયુક્ત પરિવારમાં તારે પ્રતિકૂળતાઓને, બીજાઓના સ્વભાવને, બીજાઓના વ્યવહારને જરૂર સહેવો પડશે. પરંતુ ત્યાં તારુ તેમજ વિવેકનું જીવન અને તારું શીલ સલામત છે. સ્વતંત્ર પરિવારમાં તને અનુકૂળતા જ અનુકૂળતા મળશે. પરંતુ ત્યાં તમારું જીવન સુરક્ષિત નથી. આ સચ્ચાઈને તું કદી ભૂલી ન જતી.

**મોક્ષા :** માઁ ! તમે કંઈ અનુકૂળતા અને કંઈ સલામતીની વાત કરી રહ્યા છો ?

**જયણા :** બેટા ! કાલે ઉઠીને તુ તારા સાસુ સસરાથી અલગ થઈ જાય અને પોતાના સ્વતંત્ર ઘરમાં રહેવા ચાલી જાય ત્યારે ઘરે રહેશે તું અને વિવેક, એના પછી તું મનફાવે તેમ હરીફરી શકીશ. મન કરે તે ખાવાનું બનાવીને ખાઈ શકીશ. તને ટોકવાવાળું કોઈ નહીં હોય. એટલે કે માત્ર અનુકૂળતા જ અનુકૂળતા. પરંતુ દરેક સિક્કાની બે બાજુ હોય છે. તેવી રીતે સ્વતંત્ર જીવનના પણ બે પાસા હોય છે. પહેલો અનુકૂળતારૂપી પાસો તો મેં તને બતાવી દીધું. પરંતુ સલામતીરૂપી બીજા પાસાના વિષયમાં તને ખબર હોત તો તું ક્યારેય સંયુક્ત પરિવારથી અલગ થવાની વાત નહીં કરત.

સ્વતંત્ર પરિવારમાં વિવેક નવ વાગ્યે ઑફીસ જતા રહેશે તો સીધા રાત્રે નવ વાગ્યે જ આવશે. વચ્ચેના આ બાર કલાકમાં તું ઘરે એકલી રહીશ અને માની લે કે કોઈ તેનો ફાયદો ઉઠાવીને તારા

ઘરમાં પ્રવેશ કરી લે અને તારા શીલ પર આક્રમણ કરે, ત્યારે તે સમયે તારા શીલની રક્ષા કરવાવાળું કોણ ? સ્વતંત્ર પરિવારમાં ક્યારેક તારે પીયર આવવું હોય ત્યારે પીયર આવ્યા પછી પણ પાછળથી કેટલું ટેન્શન રહેશે કે વિવેક ક્યાં જમશે ? વિવેકના કપડા કોણ ધોશે ? વિવેક એકલા કેવી રીતે રહેશે ? આવામાં એમ.સી.નું પાલન પણ કેટલું દુષ્કર થઈ જશે ? ચાલ આ બધુ તો છોડ પરંતુ એક ખાસ વાત, પીયર આવ્યા પછી તારી ગેરહાજરીમાં વિવેક કોઈ ખોટું કામ કરી બેસે તો તેની જવાબદારી કોની ? અને એટલું જ નહીં વિવેકની ગેરહાજરીમાં તું પણ કોઈ ખોટું કામ કરી બેસે તો ? સ્વતંત્ર અને એકલા હોવાને કારણે તને ત્યાં રોકવાવાળું કોઈ નહીં હોય.

આ તો થઈ શીલ તેમજ સદાચાર-સંબંધી વાતો. પરંતુ કોઈ કારણે તમારા બંને વચ્ચે ઝઘડો થઈ જાય તો આવેશમાં આવીને વિવેક તારા ઉપર હાથ પણ ઉઠાવી દે. તું પણ ગુસ્સામાં આવીને કંઈ અનુચીત કરી બેસે તો ત્યાં તને રોકવાવાળું કોણ ? સંયુક્ત પરિવારમાં તો સાસુ-સસરાનો ડર હોવાને કારણે આ ઝઘડો રૂમ સુધી જ સીમિત રહે છે. પરંતુ સ્વતંત્ર પરિવારમાં એ ઝઘડા આત્મહત્યા સુધી પહોંચી જાય છે. કદાચ તને મારી વાત પર વિશ્વાસ નહી થતો હોય, પરંતુ આ બધુ સંભવ છે. ખબર છે - પાછલા અઠવાડિયે જ આપણા બાજુના મહોલ્લામાં એક કરૂણ ઘટના બની. લગભગ ૨૦ વર્ષની એક વિવાહીત યુવતીએ પોતાના શરીર ઉપર કેરોસીન છાંટીને મરવાનો પ્રયાસ કર્યો. આ યુવતીએ આવું પગલું કેમ ભર્યું ? એ વિષયમાં ત્યાંના એક યુવક દ્વારા જયારે મેં જાણ્યું તો હું સ્તબ્ધ થઈ ગઈ. એ યુવતીએ પ્રેમ લગ્ન કર્યા હતા. સંયુક્ત પરિવારમાં રહેતા એણે ઝઘડો કરીને પતિને માં-બાપની વિરુદ્ધ ભડકાવીને સંયુક્ત પરિવારથી અલગ કર્યો. શરૂઆતમાં બે વર્ષ તો ઠીક-ઠીક ગયા પરંતુ પછી બંનેની વચ્ચે ઝઘડા શરૂ થઈ ગયા. બોલાચાલી, ગાલી-ગલોચ, મારપીટ સુધી માંમલો પહોંચી ગયો. આખરે છૂટાછેડા સુધી વાત પહોંચી ગઈ અને એક દિવસ ઝઘડો એટલો વધી ગયો કે આવેશમાં આવીને પત્નીએ પોતાના શરીર ઉપર કેરોસીન નાખી દીધુ અને બળીને મરી ગઈ. જયારે હોસ્પિટલમાં છેલ્લા શ્વાસ લઈ રહી હતી ત્યારે દૂર રહેલા પોતાના પતિને કહેતી ગઈ કે "આ જન્મમાં તો તને જીવતો રાખીને હું બળી છું, પરંતુ આવતા જન્મમાં પોતે જીવતી રહીને તને બાળીશ." બેટા ! આંખ મળી અને સંબંધ બંધાઈ તો ગયો, પણ આંખ બંધ થઈ ગયા પછી આગલા જન્મમાં આ સંબંધ ટકે નહીં એની ઘોષણા કરતી ગઈ. કેટલી કરૂણ છે આ ઘટના ! આ ઘટના એ સૂચિત કરે છે કે આ રસ્તે પગલું ભરતાં પહેલા દરેક જુવાન દંપત્તિએ લાખ વાર વિચારી લેવું જોઈએ. મોક્ષા ! આવી કોઈ ઘટના ભવિષ્યમાં તારી સાથે ઘટી ન જાય. માટે પ્રતિકૂળતાઓને નજર અંદાજ કરીને કુશળતા તેમજ સહિષ્ણુતા આ બંને ગુણો દ્વારા પોતાના જીવનને સુરક્ષિત બનાવીને સંયુક્ત પરિવારમાં જ રહેવું એ તારા અને વિવેકના ભવિષ્ય માટે હિતકારી છે.

**મોક્ષા :** તો માઁ ! જો કુશળતા તેમજ સહિષ્ણુતા આ બે ગુણ જ જો જીવનને સલામત રાખવા માટે ઉપયોગી છે તો પછી આ બે ગુણોને અપનાવીને અમે સ્વતંત્ર પરિવારમાં શાંતિથી સુરક્ષિત રહી શકીએ છીએ ને ?

**જયણા :** ચાલ, માનું છું કે આ બે ગુણોને કારણે તું તારા સ્વતંત્ર પરિવારમાં શાંતિથી સુરક્ષિત રહી શકીશ. પરંતુ જરા વિચાર ! પોતાના સાસુ-સસરાના વિષયમાં, જ્યારે દીકરાનો જન્મ થાય છે તો માં-બાપ એ જ વિચારે છે કે મોટો થઈને આ અમારા ઘડપણની લાકડી બનશે. અમને અમારી બધી જવાબદારીઓથી મુક્ત કરીને ધર્મઆરાધના કરવાની અનુકૂળતા આપશે અને અમારું ઘડપણ તો પૌત્ર-પૌત્રીઓની સાથે હસતાં-રમતાં, એમને કથાઓ સંભળાવતાં આમ જ વીતી જશે.

આવા કંઈક અરમાનો લઈને તારા સાસુ-સસરાએ વિવેકને જન્મ આપીને મોટો કર્યો હશે. અને તું આ પગલું ભરીને એમના માટે પૌત્ર-પૌત્રીઓના દર્શન તો દૂર વિવેકના દર્શન પણ દુર્લભ બનાવી દઈશ તો આ તારી ક્રુરતા નથી મોક્ષા ? તું હજુ સુધી માં નથી બનીને માટે માંની મમતા શું હોય છે ? તે તું જાણી શકીશ નહીં. તને એટલી તો ખબર જ હશે કે માઁ-બાપની આંખોમાં આંસુ બે કારણે જ આવે છે. એક તો પુત્રીની વિદાય સમયે, અને બીજુ પુત્રની બેવફાઈ ઉપર. એવું ન થાય કે તમારું ઉઠાવેલું આ પગલું ભવિષ્યમાં તમારી તરફ આવીને જ ઉભુ થઈ જાય. વીસ વર્ષ સુધી જે માઁ-બાપે વિવેકને પાળીપોષીને મોટો કર્યો એ ઉપકારી માતા-પિતાની આંખોમાં એમનાથી અલગ થઈને જો વિવેક આંસુ લાવી શકે છે, તો તારા અને વિવેકના સંબંધોને તો એક વર્ષ પણ થયું નથી, તો તે ભવિષ્યમાં તારી આંખોમાં આંસુ લાવે તેમાં કંઈ મોટી વાત છે. માટે પ્રતિકૂળતાઓને સહન કરીને પણ પોતાના ભવિષ્યને સલામત રાખવા માટે અને પોતાના સાસુ-સસરાના આશિર્વાદ મેળવવાને માટે સંયુક્ત પરિવારમાં રહેવું જ શ્રેયસ્કર છે.

**મોક્ષા :** તો આનો મતલબ એ થયો કે મારે જ સહનશીલ બનવું જોઈએ. એટલે કે એક પાલતુ કૂતરાને એનો માલિક અને એના ઘરવાળા ભલે કેટલું પણ મારે કે હેરાન કરે પણ એ બધું સહન જ કરે છે. બસ એમ જ મારે પણ મારી સાસુ તેમજ નણંદ ભલે જેટલી પણ હેરાન કરે પણ મારે માત્ર સહન જ કરવાનું છે અને એનો વિરોધ કરવાનો નહીં. આજ તમારું કહેવું છે ને ? પરંતુ માઁ ! હું જો મારા શરીરને ગૌણ કરીને માત્ર સહન કરતી રહું અને મારી તબિયત બગડી જાય તો એનો જવાબદાર કોણ ? પછી અસ્વસ્થતાને કારણે જો હું કામ ન કરું જેથી ઘરના બધા સદસ્યોનું મોંઢુ બગડી જાય તો એનું શું ? હું તમને પૂછું છું કે સંયુક્ત પરિવારમાં જો વહુની કેટલીક ફરજો છે તો, સાસુની કોઈજ ફરજ નથી ? ભાભીના કોઈ કર્તવ્ય છે તો દિયર અને નણંદના કોઈ કર્તવ્ય નથી ? મારા મુજબ ઘરમાં શાંતિનું વાતાવરણ લાવવા માટે એકલી મારે જ સુધરવાની જરૂર નથી. પરંતુ મારી સાસુને પણ પોતાનું દિમાગ ઠેકાણે લાવવું એટલું જ જરૂરી છે.

**જયણા :** બેટા ! અત્યારે તો તું હવે એ ઘરમાં વહુની જગ્યાએ છે, માટે હું તને વહુના કર્તવ્યો શીખવાડી રહી છું. હાં કાલે ઉઠીને તું સાસુ બનીશ અને તારી વહુથી કંઈ અનબન થઈ જશે ત્યારે હું તને સાસુના કર્તવ્ય જરૂર સમજાવીશ. રહી સાસુને પોતાનું દિમાગ ઠેકાણે લાવવાની વાત તે બેટા ! તારી સાસુને સુધારવા માટે પહેલા તો તારે જ સુધરવું પડશે. હવે રહી વાત સ્વાસ્થ્યની તો એને પ્રેમથી બીજાના દિલ જીતીને સુલજાવી શકાય છે. અને પરિવારમાં પ્રેમ કેવી રીતે આપવો તે હું તને શીખવીશ.

**મોક્ષા :** કેમ માં ! સહન કરવાની વાત હોય કે કર્તવ્યની વાત, ફરજ બજાવવાની વાત હોય કે સુધરવાની વાત, બધા કાર્ય પહેલા વહુથી જ કેમ શરૂ થાય છે ? મારી સાસુ સુધરી જશે તો મારો સ્વભાવ એની મેળે જ સુધરી જશે. માટે મારું તો માનવું છે કે માઁ પહેલા મારે નહીં મારી સાસુએ સુધરવું જોઈએ.

**જયણા :** તારી સાસુ તારી સાથે સારું વર્તન કરે તો જ તું પણ એમની સાથે સારું વર્તન કરીશ. તારા આ વિચાર મુજબ તારું વર્તન, તારો સ્વભાવ કેવો હોવો જોઈએ ? આ તારા હાથમાં નહી પરંતુ તારી સાસુના હાથમાં છે. જો તેઓ સારું વર્તન કરે તો તારું વર્તન સારું અને તેઓ તારાથી ખરાબ વર્તન કરે તો તારું વર્તન ખરાબ. જો તારે આવો જ સ્વભાવ રાખવો હોય તો ઘરમાં અશાંતિ, ક્લેશ અને ઝઘડા થાય એમાં કંઈ મોટી વાત નથી. બેટા એ તો તારા હાથમાં છે કે તું ક્રોધની સામે અધિક ક્રોધ કરીને એમનાથી જીતી જાય કે પછી ક્રોધની સામે પ્રેમ આપીને તું એમનું દિલ જીતી લે. બાજી તારા હાથમાં છે. ચયન તારે કરવાનું છે. બેટા ! તું જો સુધરવા અને સહન કરવાનું પહેલા વહુંને જ કેમ કરવું આ પૂછી રહી છે ને ? તો આનો જવાબ એ છે કે તે કાચો ઘડો તો જોયો જ હશે. કુંભાર એ ઘડાને જેવો આકાર ઈચ્છે તે આપી શકે છે. પરંતુ તે જ ઘડો જયારે પાક્કો બની જાય પછી એના આકારને જો કુંભાર બદલવા માંગે તો ઘડો તૂટી જાય છે. પરંતુ બદલાતો નથી. ઠીક એવી રીતે વૃદ્ધાવસ્થા હોય છે, પાકા ઘડા જેવી અને યુવાવસ્થા હોય છે, કાચા ઘડા જેવી. તો પછી સુધરવાની અને સહન કરવાની સલાહ વહુને આપવામાં આવે તેમાં ભલા આશ્ચર્ય કેવું ? તારી સાસુનો સ્વભાવ પચાસ વર્ષથી આવો જ છે, તું એ ઘરમાં નવી ગઈ છે, તો તું તારા સ્વભાવને બદલવાની કોશિશ કર.

**મોક્ષા :** જો માં ! હું તમારા આ વિચાર મુજબ ચાલું અને સંયુક્ત પરિવારમાં જ રહું તો એક બીજી સમસ્યા ઉભી થાય છે. એક બાજુ પરિવાર છે તો બીજા બાજુ ધર્મ ! તમારા કહ્યા મુજબ એમના સ્વભાવને અનુકૂળ બનવા માટે જો હું રાત્રિભોજન કરવાનું શરૂ કરી દઉં, તો મારો ધર્મ છૂટી જાય છે અને જો હું મારા ધર્મ ઉપર ટકી રહું તો રોજ નવા ઝઘડા થવાને કારણે એકબીજાનો પ્રેમ તૂટી જાય છે. હવે તમે જ બતાવો ? હું કોના પક્ષમાં જઉં ? ધર્મના પક્ષમાં કે પરિવારના પક્ષમાં ? જો હું ધર્મનો જ પક્ષ લઉં તો શું મારે જીંદગીભર સવારની ઠંડી રસોઈ જ ખાવી ?

**જયણા :** મોક્ષા - આજ તે બહું જ મોટી ભૂલ કરી છે, સૌથી પહેલા તો તારે તારી સાસુમાનું દિલ

જીતવું જોઈતુ હતું અને એમને પણ ધર્મના રસ્તે લઈ જવાના હતા. પરંતુ તે માત્ર પોતાના ધર્મને જ ટકાવી રાખવું જરૂરી સમજ્યું અને આ કારણે તું પોતાની સાસુના દિલથી બહુ જ દૂર થઈ ગઈ. બેટા ! વહુએ તો પોતાની સાસુને જવાબદારીઓથી મુક્ત કરીને ધર્મઆરાધનામાં અનુકૂળતા કરી આપવી જોઈએ. જેનાથી તારી સાસુ જે પણ ધર્મઆરાધના કરશે તેમાં તું પણ ભાગીદાર બનશે. "કરણ, કરાવણ ને અનુમોદન સરખા ફળ નિપજાયો રે..." કદાચ સંયુક્ત પરિવારમાં રહીને તું ઈચ્છે તેટલી ધર્મઆરાધના નહી કરી શકે, પરંતુ સાસુને કરાવીને લાભ તો લઈ શકે છે અને સાથે જ તને પણ ધર્માઆરાધનામાં અનૂકળતા મળતી રહેશે.

**મોક્ષા :** પણ માઁ ! તમે તો જાણો જ છો ને કે મારી સાસુમાં કેટલી નાસ્તિક છે. હવે હું એમને ધર્મમાં કેવી રીતે જોડું ? અત્યારે તો તેઓ મારાથી એટલા નારાજ છે કે જો હું એમને કંઈપણ કહીશ તો તેઓ માનવા માટે તૈયાર જ નહીં થાય.

**જયણા :** એના માટે તારે તારી સાસુમાંનું દિલ જીતવું પડશે.

**મોક્ષા :** પણ માઁ કેવી રીતે ?

**જયણા :** બેટા ! ગુરૂકુળમાં ભણીને તે કેટલી કલાઓ શીખી છે અને એમાં પણ તું તો ચિત્રકલા, સંગીતકલામાં નિપુણ છે. તારી સાસુનું સારુ ચિત્ર બનાવીને, એની ઉપર સારી શાયરી કે ગીત બનાવીને એમને સંભળાવ, એમની પ્રશંસા કર, એમની પાસે જઈને બેસ. એમને તારા દિલની વાત કહે, એમને કોઈ તકલીફ તો નથી ને, એના વિષયમાં પૂછ. બેટા ! હું તો એજ માનું છું કે કૂવો ખોદવાવાળાને કદાચ પાણી મળે કે ના મળે, પરંતુ સામે વાળા પ્રત્યે પ્રેમપૂર્ણ વ્યવહાર કરવાથી આપણને પ્રેમનો અનુભવ ન થાય એવું તો હોઈ જ ન શકે. તું એક વાર પ્રયત્ન કરીને જો... સફળતા તારા પગ ચૂમશે. બેટા ! એક વાતનું ધ્યાન રાખજે કે વિવેકને ધર્મમય વાતાવરણમાં આગળ વધારવા માટે તેમજ ધર્મ કરવા માટે ક્યારેય જોર-જબરદસ્તી કે ધમકીઓનો ઉપયોગ ન કરતી, ઉલટું એને પણ તારી ચિત્રકલા, સંગીતકલા વગેરેથી ખુશ કરીને પ્રેમથી ધર્મમાં જોડજે, થોડી ધીરજ રાખજે, બધુ બરાબર થઈને જ રહેશે.

**મોક્ષા :** ઠીક છે માઁ ! હું સાસરે જઈને જલ્દી જ તમને શુભ સમાચાર આપું છું.

(આજકાલની ધાર્મિક પત્નિઓ એવું વિચારે છે કે હું જો ધર્મ કરું છું તો મારા પતિને પણ ધર્મ કરવું જોઈએ. અહીં સુધીનો વિચાર તો ઠીક છે, પરંતુ તે પોતાના પતિને ધર્મમાં જોડવા માટે ધમકીઓ તેમજ જબરદસ્તીનો ઉપયોગ કરે છે. જેમ કે જો તમે મંદિર નહી જાઓ તો તમને ચા નહીં મળે. ઉઠો પહેલા મંદિર જઈ આવો. આ પ્રમાણેની ધમકીઓથી તે પોતાના પતિને ધર્મમાં જોડી તો લે છે પરંતુ એ ધર્મ દીર્ઘકાલીન ટકી શકતો નથી. એના બદલે એમને ખુશ કરીને પ્રેમથી એમના મનમાં ધર્મના પ્રત્યે અહોભાવ પેદા કરાવીને એમને ધર્મ કરાવવો જોઈએ. જેથી એ ધર્મ દીર્ઘકાલ સુધી ટકી રહે. આ પ્રમાણે મોક્ષાને પોતાની બધી શંકાઓનું સમાધાન પોતાની માઁ પાસેથી મળી ગયું. આમ તો વહુએ

પોતાના સાસરાની નાની-મોટી વાતો પીયરમાં ન જ કરવી જોઈએ. કેમ કે કેટલીક વાર સમજફેરને કારણે અનાવશ્યક (બિનજરૂરી) ટકરાવનું વાતાવરણ બને છે. અહીં પણ મોક્ષાએ પણ પોતાના સાસરાની વાતો પોતાની માઁને બતાવવી ઉચિત નથી સમજી, પણ જયણાએ એક માઁનું કર્તવ્ય નિભાવતા પોતાની દિકરીની ઉદાસીનું કારણ પૂછ્યું ? ત્યારે પણ મોક્ષા બતાવવા માંગતી નહોતી, પરંતુ એ જાણતી હતી કે મારી શંકાઓનું સાચુ સમાધાન મને માઁ સિવાય બીજે ક્યાંયથીય નહીં મળે. માટે એણે બધી વાત માઁ ને બતાવી અને એની માઁ એ પણ એને એટલું સુંદર સમાધાન આપ્યું કે એનાથી એક કુટુંબ વિખરવાથી બચી ગયું, જો આમ થયું ન હોત તો કાલે મોક્ષા સંયુક્ત કુટુંબથી અલગ થઈ જાત અને કોણ જાણે એને કેટલીય સમસ્યાઓનો સામનો કરવો પડત.

આજકાલના વાતાવરણમાં આપણે નજર નાંખીએ તો મોટાભાગની માતાઓ પોતાની પુત્રીઓને વિદાયની અંતિમ હિતશિક્ષામાં એજ કહેતી હોય છે કે "બેટા ! તારા સાસરે કોઈથીય ડરીને રહેતી નહીં. કોઈ તને એક સંભળાવે તો તું એને ચાર સંભળાવજે. પતિને તારા વશમાં રાખજે. સાસરામાં કોઈ વધારે તકલીફ આવી જાય અથવા કોઈની સાથે અનબન થઈ જાય તો કોઈ જાતની ચિંતા કરતી નહીં. સીધી તારા પીયર આવી જજે. અમે તારી અને જમાઈજીની સારી વ્યવસ્થા કરી દઈશું. દિકરીઓને સંયુક્ત પરિવારથી અલગ થવાનું જબરદસ્ત પીઠબળ તો પોતાની માઁ થી જ મળી જાય છે. આમ પણ આજકાલની દિકરીઓને સહનશીલતા ન હોવાને કારણે તેમજ માઁનો સાથ હોવાને કારણે નાની સરખી રકજક થઈ નહીને પોતાના પીયરે આવીને બેસી જાય છે. એમાં પણ માતાઓ પોતાની દિકરીઓને એજ શીખવાડે છે કે "જમાઈજી લેવા આવે ત્યારે કહી દેજે કે તમે અલગ ઘર લેશો તો જ હું તમારી સાથે આવીશ. નહીંતર નહીં." બિચારો પતિ શું કરે ? પોતાની પત્નીને ઘર લાવવા માટે પોતાની માઁથી અલગ થવું જ પડે છે. એટલે કે પોતાની પત્નીની ધમકીઓની આગળ પતિને ઝૂકવું જ પડે છે. આ પ્રમાણે પોતાની દિકરીઓને અનુકૂળતા આપવાની દૃષ્ટિથી માતાઓ પોતાના હાથેજ પોતાની પુત્રીઓને સમસ્યાઓના કૂવામાં ધકેલી દે છે. માતાઓને જયણાનું ઉદાહરણ લઈને પોતાની દિકરીઓને સંયુક્ત પરિવારનું મહત્ત્વ સમજાવીને એમના તૂટતાં ઘરને બચાવી લેવું જોઈએ.

મોક્ષા પીયર તો આવી હતી એ આશયથી કે એને ફરીથી એ ઘરમાં પગ ન રાખવો પડે, પણ હવે તે એ દિવસની રાહ જોવા લાગી કે ક્યારે એના ઘરેથી બોલાવો આવે અને તે પરિવારના બધા સદસ્યોને પ્રેમ આપીને એક સૂત્રમાં બાંધે. બે-ત્રણ દિવસ પછી વિવેક મોક્ષાને લેવા આવ્યો. જયણાએ મોક્ષાની સાસુ માટે સાડી, અને નણંદ માટે એક ડ્રેસ, બીજા પરિવારના બધા સદસ્યો માટે કંઈને કંઈ મોકલ્યું. અહીં પીયર ગયા પછી ઘરનું બધુ જ કામ સુશીલાને જ કરવં પડતું હતું. વિધિ સવારે છ વાગે કૉલેજ જતી તો સીધી સાંજે છ વાગ્યે જ આવતી હતી અને મોક્ષાના આવ્યા પછી તો સુશીલાએ ઘરનું બધું જ કામ છોડી દીધું હતું. પીયર ગયા પછી બધો ભાર સુશીલા ઉપર આવવાને કારણે એને રહી રહીને મોક્ષાની યાદ આવતી હતી. એ વિચારી રહી હતી કે મોક્ષા કેટલી જલ્દી આવે અને ઘરને સંભાળી લે.

ભલેને સ્વાર્થને કારણે છતાંય સુશીલાને મોક્ષાની ગેરહાજરી મહસુસ થવા લાગી. મોક્ષા વિવેકની સાથે સાસરે આવી અને આવતાં જ.

**મોક્ષા :** પ્રણામ મમ્મીજી !

**સુશીલા :** આવી ગઈ મોક્ષા, ઘરમાં બધા ઠીક તો છે ને ?

**મોક્ષા :** હાઁ મમ્મીજી ! ઘરમાં બધા ઠીક છે, મમ્મીએ તમને ખૂબ જ યાદી આપી છે.

**સુશીલા :** મુસાફરીને કારણે થાકી ગઈ હશે. જા થોડી વાર આરામ કરીને આવી જા. પછી વાતો કરીશું.

**મોક્ષા :** ઠીક છે મમ્મીજી !

(મોક્ષા સામાન લઈને અંદર જાય છે અને થોડીવાર પછી પોતાની સાસુના રૂમમાં જાય છે)

**મોક્ષા :** મમ્મીજી ! મમ્મીએ તમારા માટે આ સાડી મોકલી છે.

**સુશીલા :** અરે આની શું જરૂર હતી ? આમ તો સાડી બહું જ સરસ છે. પણ બ્લાઉઝ તૈયાર નહીં થાય ને ? નહીં તો કાલે પૂજનમાં પહેરી લેત.

**મોક્ષા :** મમ્મીજી શેનું પૂજન ?

**સુશીલા :** અરે હાં મોક્ષા હું તને કહેવાનું જ ભૂલી ગઈ. કાલે મારી અને તારા સસરાજીની ૩૫મી લગ્નતિથિ છે. માટે તારા સસરાજીએ કહ્યું કે આ વખતે એક પૂજન કેમ ન ભણાવાય. મને પણ વાત ગમી ગઈ. માટે વિવેકને પણ તને લાવવા માટે મોકલી દીધો જેથી તું પણ પૂજનમાં ભાગ લઈ શકે. પણ મોક્ષા અહીયાં તો કોઈપણ દરજી આટલી જલ્દી બ્લાઉઝ સીવીને નહીં આપે. મારી બહું જ ઈચ્છા છે કે હું આ સાડી પહેરું.

**મોક્ષા :** મમ્મીજી તમારી લગ્નતિથિ વાહ ! તમે બ્લાઉઝની ચિંતા કરશો નહીં. હું તમને સાંજ સુધી સીવીને આપી દઈશ.

**સુશીલા :** તું ? તને સિલાઈ આવડે છે ?

**મોક્ષા :** હાં મમ્મીજી ! મને સિલાઈ આવડે છે.

**સુશીલા :** તે ક્યારેય કહ્યું તો નહીં.

**મોક્ષા :** મમ્મીજી ક્યારેય જરૂર જ ન પડી.

(આટલું કહીને મોક્ષા જતી રહી)

**સુશીલા :** જરૂર ઘરમાં સિલાઈકામ કરવું ન પડે એટલે કહ્યું નહીં હોય. હું પણ જોઉં છું કે સાંજ સુધી કેવી રીતે સીવે છે ?

**પ્રશાંત :** તને તો બસ ભૂલો જ કાઢતા આવડે છે.

**સુશીલા :** તમે તો ચુપ જ રહો. તમને શું ખબર આ કેટલી ચાલાક છે.

(સાંજ સુધી મોક્ષાએ બ્લાઉઝ સીવીને પોતાની સાસુજીના હાથમાં આપી દીધો, સાથે જ જબરદસ્તી પોતાની સાસુજીના હાથમાં મહેંદી લગાડવા લાગી ગઈ.)

**સુશીલા :** અરે મોક્ષા આ શું કરી રહી છે ?

**મોક્ષા :** મમ્મીજી ! તમારી લગ્નતિથિ છે. તમારા હાથ કેવી રીતે કોરા રહી શકે છે ? માટે હું તમારા હાથમાં મહેંદી લગાવી રહી છું.

(આ પ્રમાણે મોક્ષાએ પોતાના હાથમાં આવેલો એક પણ પ્રસંગ જવા ન દીધો અને પોતાની સાસુનું દિલ જીતવાની શરૂઆત કરી. બીજે દિવસે જ્યારે સુશીલા પૂજન માટે તૈયાર થઈ ગઈ ત્યારે...)

**સુશીલા :** અરે બેટા વિધિ ! હવે કેટલો સમય થશે તૈયાર થવામાં ? પૂજનનો સમય થઈ ગયો છે.

**વિધિ :** હાઁ માઁ બસ ૧૫ મિનિટ

**સુશીલા :** બેટા પૂજનમાં જવાનું છે કોઈ પાર્ટીમાં નહીં, કે તું એક કલાકથી તૈયાર થઈ રહી છે!

(એટલામાં મોક્ષા તૈયાર થઈને આવી ગઈ.)

**મોક્ષા :** મમ્મીજી આજે તમે બહું જ સુંદર લાગી રહ્યા છો. આ કલર તમારા ઉપર બહું જ જામે છે. મમ્મીજી આ ખુરશી ઉપર બેસો. પપ્પા તમે પણ અહીં આવીને બેસો.

**સુશીલા :** અરે શું કરી રહી છે મોક્ષા અમને બંનેને સાથે બેસાડીને ?

(એટલામાં મોક્ષા પોતાના રૂમમાંથી ચિત્ર બનાવવા માટે કાગળ અને પેન્સીલ લઈને આવી ગઈ.)

**મોક્ષા :** મમ્મી-પપ્પા તમે દસ મિનિટ સુધી આમ જ બેસજો, આમ પણ વિધિને આવવાની વાર છે.

(અને મોક્ષા ૧૫ મિનિટમાં વિધિના આવતાંની પહેલાજ એક સુંદર ચિત્ર બનાવીને સાસુ સસરાને ભેટ આપી)

**પ્રશાંત :** વાહ બેટા ! શું ચિત્ર બનાવ્યું છે, છેને સુશીલા !

**સુશીલા :** હાઁ હાઁ ઠીક છે.

(પૂજનથી આવ્યા પછી મોક્ષાએ ચોવિહાર કર્યા અને સાંજે પોતાના સાસુ-સસરાની મનપસંદ ખીર-પુરી બનાવવામાં લાગી ગઈ આ બાજુ...)

**વિધિ :** મૉમ્ આ ફોટો કોણે આપ્યો તમને ? કેટલો સુંદર છે આ ફોટો.

**સુશીલા :** બેટા ! એ તારી ભાભીએ બનાવીને આપ્યો છે. કંઈક શીખ તારી ભાભીથી, કેટલું સુંદર ચિત્ર બનાવે છે.

**પ્રશાંત :** ભાગ્યવાન ! આ પ્રશંસા મોક્ષાની સામે કરી હોત તો એ કેટલી ખુશ થઈ જાત.

**સુશીલા :** તમે તો ચુપ જ રહો. મારે શું કરવું છે અને શું નહી એ મને ખબર છે.

(ત્યાંથી બધા જમવા બેઠા. મોક્ષાએ જમવાનું પીરસ્યું)

**પ્રશાંત :** વાહ બેટા ! આજે તો તેં બહું જ સરસ જમવાનું બનાવ્યું છે. તને કેવી રીતે ખબર પડી કે આ તારી સાસુમાની મનપસંદ આઈટમ છે.

**વિધિ :** પપ્પા ! ભાભીએ મને પૂછ્યું હતું.

(બે-ત્રણ દિવસ આમ જ વીતી ગયા. અને એક દિવસ વિધિ અને સુશીલા ખરીદી કરવા માટે બહાર ગયા. અચાનક એક કારથી ધક્કો લાગવાને કારણે સુશીલા પડી ગઈ અને એના પગમાં ફ્રેક્ચર થઈ ગયું. વિધિ સુશીલાને ડૉક્ટરની પાસે લઈ ગઈ. અને ઘરે પણ પોતાની ભાભીને ફોન કરીને બધી વાત જણાવી. મોક્ષા વિવેકની સાથે હોસ્પીટલ પહોંચી ત્યાં સુધી સુશીલાના પગ ઉપર સાત દિવસનું પ્લાસ્ટર લાગી ગયું હતું. ડૉક્ટરે સુશીલાને બેડરેસ્ટ કરવાનું કહ્યું. ત્રણેય સુશીલાને લઈને ઘરે આવ્યા. બેડરેસ્ટ હોવાના કારણે સુશીલાનું ખાવા-પીવાનું, સંડાસ બાથરૂમ બધું જ બેડ પર હતું. મોક્ષા દિલ લગાવીને પોતાની સાસુમાંની સેવા કરવા લાગી. એમને ટાઈમે ટાઈમ ખાવાનું ખવડાવવું, પાણી પીવડાવવું, કંઈ જરૂર હોય તો લાવીને આપવું વગેરે બધી જવાબદારીઓને પોતાના માથે લઈ લીધી અને એક દિવસ...)

**સુશીલા :** વિધિ બેટા ! મને સાફ કરી દે.

**વિધિ :** સૉરી ! મૉમ્ ! મારાથી આ કામ નહીં થાય. ઉભા રહો હું ભાભીને બોલાવું છું.

(વિધિ બહાર ગઈ અને એણે મોક્ષાને કહ્યું)

**વિધિ :** ભાભી ! મમ્મી તમને બોલાવે છે. (એમ કહીને તે પોતાની રૂમમાં ચાલી ગઈ.)

**મોક્ષા :** મમ્મી ! તમે મને બોલાવી ?

**સુશીલા :** મોક્ષા...એ...એ...

**મોક્ષા :** શું થયું મમ્મી ? ક્યાંય દર્દ થાય છે ? ડૉક્ટરને બોલાવવા છે શું ?

**સુશીલા :** નહી મોક્ષા ! એ તો મને થોડું સાફ કરવું હતું.

**મોક્ષા :** અરે ! એટલી વાત છે. હું હમણાં જ બીજા કપડાં અને પાણી લઈને આવું છું.

(મોક્ષાએ કંઈ પણ કહ્યા વગર સુશીલાને સાફ કરી દીધી. સાંજના સમયે જ્યારે પરિવારના બધા સદસ્યોં એકઠા થયા ત્યારે...)

**સુશીલા :** વિવેક ! મારા કામને માટે થોડા દિવસ કોઈ બાઈને રાખી લે.

**મોક્ષા :** કેમ મમ્મી, બાઈની શું જરૂર છે ? હું છું ને મને તમારી સેવાનો મૌકો ક્યારે મળશે ? હું બધુ કરી લઈશ.

**પ્રશાંત :** બેટા આનું કામ, ઘરનું બધુ કામ અને મહેમાનોને પણ સંભાળવાના. બધુ તું એકલી કેવી રીતે કરીશ ?

**મોક્ષા :** પિતાજી તમે ચિંતા કરશો નહીં, હું જલ્દી ઉઠીને બધું સંભાળી લઈશ. છતાં પણ મારું પહેલું લક્ષ્ય રહેશે મમ્મીજીની સેવા. જો મારાથી નહીં થાય તો હું તમને કહી દઈશ.

**પ્રશાંત :** ઠીક છે બેટા ! જેવી તારી મરજી; જરૂર પડે તો સુશીલાને તો વિધિ પણ સંભાળી લેશે.

**વિધિ :** પ્લીઝ ડેડ ! આમ પણ મારી પરિક્ષાના દિવસો નજીક આવી રહ્યા છે અને આ મમ્મીને સાફ-વાફ કરવાનું કામ મારાથી નહીં થાય.

**મોક્ષા :** પપ્પા - તમે નિશ્ચિંત રહો. બધુ ઠીક થઈ જશે.

(મોક્ષા અને વિધિના વિચારોને જાણીને સુશીલાને પહેલી વખત મોક્ષા ઉપર પોતાની દિકરી જેવો પ્રેમ આવવા લાગ્યો. મોક્ષા પણ મન લગાવીને પોતાની સાસુની સેવા કરવા લાગી. સુશીલા પણ કંઈ કામ હોય તે સહજતાથી મોક્ષાને કહેવા લાગી. મોક્ષા અને સુશીલા હવે મનની વાતો એકબીજાને કહેવા લાગ્યા. આ પ્રમાણે સાસુ વહુંમાં થોડી નજીકતા વધવા લાગી.)

મોક્ષા દ્વારા કરેલા પ્રેમપૂર્ણ વ્યવહારે સુશીલાના આક્રોશને પ્રેમમાં બદલી દીધો, કેમ કે મોક્ષાને પોતાની માં પાસેથી એજ હિતશિક્ષા મળી હતી કે બાહ્ય બધી પ્રતિકૂળતાઓને દૂર કરવાની તાકાત જો પૈસામાં છે તો અભ્યંતર સમસ્ત પ્રતિકૂળતાઓને દૂર કરવાની તાકાત પ્રેમમાં છે.

આ પ્રમાણે પ્રેમપૂર્વક વાતાવરણમાં સાત દિવસ કેવી રીતે વીતી ગયા ખબર જ ન પડી. આઠમા દિવસે સુશીલાનું પ્લાસ્ટર નીકળી ગયું. ડૉક્ટરે માલીશ કરવાનું કહ્યું. મોક્ષાએ આ સેવાનો પણ સહર્ષ સ્વીકાર કરી લીધો અને મન લગાવીને ત્રણે ટાઈમ સુશીલાના પગની માલીશ કરવા લાગી. એક દિવસ મોક્ષા સુશીલાના પગે માલીશ કરી રહી હતી ત્યારે...

**સુશીલા :** મોક્ષા ! આજે તો હું આખો દિવસ કંટાળી જઈશ. આજ આખો દિવસ પાવર આવવાનો નથી. હવે બપોરે ટાઈમ પાસ કેવી રીતે થશે ? ખબર નહીં ?

**મોક્ષા :** મમ્મીજી ! એક કામ કરોને ! હું આમ પણ હમણાં સામાયિક લેવાની છું. તમે પણ મારી સાથે સામાયિક લઈ લો.

**સુશીલા :** મન તો નથી છતાંય તું કહે છે તો ચાલ, લઈ લઉં છું. સમય પણ પસાર થઈ જશે.

(સામાયિકમાં મોક્ષાએ સુશીલાને જૈનિજમના પહેલા ભાગમાં આપેલાં આહાર શુદ્ધિને વિશે સમજાવ્યું. કંદમૂળમાં કેટલા જીવ હોય છે. એ જાણીને સુશીલાની આત્મા કંપી ઉઠી. મોક્ષાએ સુશીલાને આ ભવ તેમજ આગળના ભવમાં કંદમૂળ ખાવાના દુષ્પરિણામોની બાબતો સમજાવી. એનાથી સંબંધિત દૃષ્ટાંત પણ સુશીલાને સંભળાવ્યા. કંદમૂળ ખાધા પછી થવાવાળા ભયંકર પરિણામોને જાણીને સુશીલાએ એ દિવસથી આજીવન કંદમૂળ નહી ખાવાનો નિશ્ચય કરી લીધો. એ દિવસે સુશીલાને સામાયિકમાં એટલો બધો આનંદ આવ્યો કે એણે અનુકૂળતા મુજબ રોજ એક સામાયિક કરવાનો નિર્ણય કરી લીધો. અને જ્યારે આ વાત મોક્ષાને જણાવી ત્યારે...)

**મોક્ષા :** મમ્મી ! આ તો બહું સારી વાત છે. હું પણ કેટલાય દિવસોથી કહેવાનું વિચારી રહી હતી કે તમે આટલા વર્ષો સુધી આ ઘરની સેવા કરી, આ ઘરને સંભાળયું, હવે તમે ઘરની બધી ચિંતાઓથી મુક્ત થઈને ધર્મ આરાધના કરો.

**સુશીલા :** પણ મોક્ષા ! મને તો કંઈ પણ આવડતું જ નથી.

**મોક્ષા :** કંઈ વાંધો નહી મમ્મી. હું છું ને તમારી સાથે. હું રોજ તમારી સાથે સામાયિક, પ્રતિક્રમણ વગેરે કરીશ. બાકીના સમયમાં હું તમને સારા સારા પુસ્તકો આપીશ. એ વાંચીને તમને ઘણું જ્ઞાન મળી જંશે અને આગળ પણ ધર્મ કરવાની રુચિ પેદા રહેશે.

**સુશીલા :** ઠીક છે બેટા ! (બીજે દિવસે)

**મોક્ષા :** મમ્મી ! ડૉક્ટરે આમ પણ તમને થોડું ચાલવાનું કહ્યું છે તો તમે એક કામ કરો. મારી સાથે મંદિર આવી જાઓ તો વોકીંગનું વોકીંગ પણ થઈ જશે અને પ્રભુના દર્શન અને પૂજા પણ થઈ જશે.

**સુશીલા :** સારી વાત છે.

(બંને સાથે મંદિરમાં ગયા, મંદિરમાં મોક્ષાએ સુશીલાને પ્રભુપૂજાની વિધિ બતાવી તથા તેના ફળના વિશે બતાવ્યું. ચૈત્યવંદનમાં મોક્ષાએ એક સુંદર સ્તવન ગાયું. જેને સાંભળીને.સુશીલા ભાવવિભોર થઈ ગઈ અને ઘરે આવતા વખતે રસ્તામાં...)

**સુશીલા :** મોક્ષા તું આ બધુ ક્યાંથી શીખી ?

**મોક્ષા :** મમ્મીજી ! પ.પૂ. વિદુષી સા.શ્રી મણીપ્રભાશ્રીજીના દ્વારા રચિત જૈનીઝમ કોર્સથી મને આટલું જ્ઞાન પ્રાપ્ત થયું છે.

**સુશીલા :** મોક્ષા ! આ કોર્સ શેનો છે, હું પણ કરી શકું છું ?

**મોક્ષા :** હાં મમ્મીજી એમાં દરેક વયના સ્ત્રી-પુરૂષ ભાગ લઈ શકે છે.

**સુશીલા :** તો મોક્ષા ! તું આજે જ મારું ફોર્મ ભરી દેજે.

**મોક્ષા :** હાં, મમ્મીજી બહું જ સારું રહેશે. એનાથી તમારો સમય પણ પસાર થઈ જશે અને આટલું જ્ઞાન પણ મળશે.

**સુશીલા :** અને હા મોક્ષા ! આજથી હું રોજ તારી સાથે પૂજા કરવા પણ આવીશ.

(આ પ્રમાણે મોક્ષા પોતાની માઁ પાસેથી મળેલી હિતશિક્ષાને ધીમે-ધીમે પોતાના જીવનમાં અમલ કરવા માટે સફળ બની ગઈ. થોડાક જ દિવસોમાં સુશીલા ઠીક થઈ ગઈ. એક દિવસ બપોરે સુશીલા એના રૂમમાં રડી રહી હતી ત્યારે...)

**પ્રશાંત :** શું વાત છે ? આજ બધાને રડાવવાવાળી પોતે રડી રહી છે ?

**સુશીલા :** તમે તો ચુપ જ રહો, હું રડી રહી છું અને તમને મજાક સૂઝે છે.

**પ્રશાંત :** સારું બાબા બતાવ શું વિચારીને રડી રહી છે ?

**સુશીલા :** એ... તો હું મોક્ષાના વિષયમાં વિચારી રહી હતી.

**પ્રશાંત :** કેમ ? એને બીજું કંઈ દુઃખ આપવાનું બાકી છે શું ?

**સુશીલા :** તમે પાછા બોલ્યા.

**પ્રશાંત :** આ તો હું મજાક કરતો હતો. બતાવ, તું મોક્ષાના વિષયમાં શું વિચારી રહી છે ?

**સુશીલા :** સાચ્ચે જ મને મારા કર્યા ઉપર પસ્તાવો થઈ રહ્યો છે. મેં એને કેટલું દુઃખ આપ્યું અને એ આજ મારી આટલી સેવા કરી રહી છે. બસ, હવે હું એનાથી માફી માંગવા ઈચ્છું છું.

**પ્રશાંત :** અરે ભાગ્યાવાન ! નેકી અને પૂછ પૂછ. શુભ કાર્ય કરવામાં વાર ન કરવી જોઈએ, ચાલ આપણે હમણાં જ મોક્ષાના રૂમમાં જઈએ.

(બંને મોક્ષાના રૂમમાં પહોંચ્યા, મોક્ષા એ સમયે સૂઈ રહી હતી, સુશીલાએ એની નજીક જઈને જોયું કે મોક્ષા શાંતિથી સૂઈ રહી હતી. પરંતુ એના ગાલે સૂકાયેલા આંસુના નિશાન જોઈને સુશીલાએ વિચાર્યું કે મારી વહુની આ ઘરમાં આવી હાલત ? અને પોતાનો હાથ મોક્ષાના માથે ફેરવ્યો. એથી મોક્ષા જાગી ગઈ.)

**સુશીલા :** અરે બેટા ! તું કેમ રડી રહી હતી ?

(મોક્ષા જોરથી રડતી રડતી સુશીલાના ગળે વળગી પડી. સુશીલાને પણ વાત્સલ્ય ભર્યો હાથ એના માથે ફેરવતાં કહ્યું કે...)

**સુશીલા :** શું થયું દિકરી ! બતાવ તો ખરી, કોઈએ તને કાંઈ કહ્યું ?

**મોક્ષા :** નહી માઁ, તમારા મોંઢેથી આ 'દિકરી' શબ્દ સાંભળવા માટે જ હું રડી રહી હતી. હું વિચારી રહી હતી કે મારા પ્રેમમાં કોઈ કમી છે. જેના કારણે તમને મારી ઉપર દિકરી જેવો પ્રેમ નથી આવતો. પણ આજ તમે મને દિકરી કહીને બોલાવી.

**સુશીલા :** દિકરી ! મને માફ કરી દે મેં તને બહું દુઃખ આપ્યું, કઠોર શબ્દો બોલીને મેં તારા દિલના ટૂકડે-ટૂકડા કરી દીધા. મારે તને પ્રેમ આપવો હતો, પરંતુ મેં તારો તિરસ્કાર કર્યો. મારે તને તારુ પીયર ભૂલાવી દેવું હતું, પરંતુ તારી સાથે કર્કશ વ્યવહાર કરીને સતત તને પીયરની યાદ અપાવવા મજબૂર કરી. મારે તારી મમ્મી બનવું હતું, પરંતુ હું તારા માટે ચૂડેલ બની ગઈ.

(સુશીલા આગળ કંઈ બોલે એ પહેલા મોક્ષાએ એમના મોં આગળ હાથ રાખી લીધો.)

**મોક્ષા :** નહી માં મને માફ કરી દો. તમારી ગુનેગાર તો હું છું. મારે તમને પ્રસન્ન રાખવા હતા. એના બદલે મેં તમને સતત ચિંતિત રાખ્યા. મારે તમને સતત ધર્મમાં જોડવા હતા, પરંતુ મેં માત્ર પોતાના ધર્મની જ ચિંતા કરી, મમ્મી, તમે તો સાચે મહાન છો.

(આ પ્રમાણે મોક્ષાને સસુરાલમાં પોતાની માઁ મળી ગઈ. અને સુશીલાને પોતાની દિકરી. આના પછી તો ઘરનું વાતાવરણ જ બદલાઈ ગયું. બદલાયેલા વાતાવરણમાં એક દિવસ સુશીલાને જ્યૂસ આપવા માટે મોક્ષા તરબૂચ સુધારવા લાગી. સુશીલા પાસે બેસીને પુસ્તક વાંચતી હતી. મોક્ષાને સામાયિક લેવામાં બહું જ મોડું થઈ ગયું હતું. માટે તે જલ્દી જલ્દી તરબૂચ સુધારવા લાગી. આ ઉતાવળને કારણે ચક્કુથી મોક્ષાનો હાથ કપાઈ ગયો. ખૂનની ધારા વહેવા લાગી.)

**મોક્ષા :** આઽઽઽઽઽઽઽ...ઈ...

**સુશીલા :** શું થયું બેટા ? શું થયું ? અરે લોહી ! વિધિ જલ્દીથી મલમ પાટો લઈ આવ. દિકરી જોઈને સુધારવું. આટલી ઉતાવળ કેમ હતી. કેટલું લોહી વહી ગયું. હું જ્યૂસ પછી પી લેત. (સુશીલાએ મોક્ષાના હાથ ઉપર પટ્ટી બાંધી)

**સુશીલા :** દિકરી તું સામાયિક લઈ લે. જ્યૂસ હું બનાવી લઈશ. તું બનાવવા જઈશ તો સામાયિક આવતાં આવતાં તારા ચોવિહારનો સમય થઈ જશે.

(મોક્ષા સામાયિક લેવા ચાલી ગઈ અને સુશીલાએ મોક્ષા માટે ગરમ ગરમ રસોઈ બનાવી. જેવી મોક્ષાની સામાયિક પૂરી થઈ અને તેને ખાખરા અને સવારનું વધેલું ખાવા માટે રસોડામાં પ્રવેશ કર્યો.)

**સુશીલા :** મોક્ષા ! આવ, જમી લે.

**મોક્ષા :** અરે મમ્મીજી ! તમે ખાવાનું બનાવી રહ્યા છો, હું તો સવારનું જ ખાઈ લેત.

**સુશીલા :** કોઈ જરૂર નથી હવે સવારનું ખાવાની. આજથી રોજ હું તારી માટે રસોઈ બનાવીશ. (સુશીલાએ મોક્ષાને ખાવાનું પીરસ્યું, મોક્ષાના જમણાં હાથમાં ચીરો આવવાને કારણે તેમજ પટ્ટી બાંધેલી હોવાથી તે ઉલ્ટા હાથે રોટલી તોડવા લાગી. પરંતુ તે રોટલી તોડી શકી નહીં.)

**સુશીલા :** શું થયું બેટા ! કેમ નથી ખાઈ રહી ?

**મોક્ષા :** મમ્મીજી ! રોટલી તૂટતી નથી. તમે મને રોટલીનો ચૂરો કરીને આપી દો.

**સુશીલા :** અરે દિકરી ! ભૂકો કરવાની શું જરૂર છે. હું જ તને મારા હાથે ખવડાવી દઉં છું.

**મોક્ષા :** મમ્મીજી ! તમારા હાથે તો ત્યારે જ ખાઈશ જયારે તમે પણ મારા સાથે ખાવાનું શરૂ કરશો. (સુશીલા કંઈ બોલી નહીં)

**મોક્ષા :** મમ્મીજી ! આટલું વિચારવાની શી જરૂર છે ? હવે તો તમને આટલું જ્ઞાન મળી ગયું છે. રાત્રિભોજનના દુષ્પરિણામોના વિશે પણ તમે જાણો છો. જો તમે રાત્રિભોજનનો ત્યાગ કરશો તો મને પણ કંપની મળી જશે.

**સુશીલા :** ઠીક છે બેટા ! તારી ખુશી માટે હું રાત્રિભોજન છોડી દઉં.

(આ પ્રમાણે મોક્ષાએ પ્રેમપૂર્વક વ્યવહારથી આખા ઘરને સુધારીને પરિવારના બધા સદસ્યોને ધર્મમાં જોડી દીધા. હવે તેમના ઘરમાં રાત્રિભોજન અને કંદમૂળ બંધ થઈ ગયું અને નિત્ય જીનપૂજા શરૂ થઈ ગઈ.)

મોક્ષાએ પોતાની માઁની હિતશિક્ષા અને પોતાના વિનય-વિવેકથી આખા ઘરને પ્રેમમય વાતાવરણથી એકસૂત્રમાં બાંધી દીધું. એના હસતા રમતા પરિવારમાં બીજી એક ખુશીનો માહોલ બન્યો, કે જયારે એણે ગર્ભધારણ કર્યો. આ હાલતમાં સાસુ-સસરા, વિવેક, દિયર, નણંદ બધા મોક્ષાનું બહું ધ્યાન રાખતાં. એની દરેક ઈચ્છા પૂરી કરતાં. મોક્ષા પણ પોતાની માઁની હિતશિક્ષા અનુસાર ગર્ભનું પાલન સરસ રીતે કરવા લાગી.

પોતાની માઁ પાસેથી મળેલી હિતશિક્ષાને જીવનમાં ઉતારવાને કારણે જીવનમાં ખુશીઓજ ખુશીઓ હતી. આ બાજુ જયણાના દિકરા મોહીતના લગ્ન સુસંસ્કારીત તેમજ સારા ખાનદાનની દિકરી દિવ્યાની સાથે થયા. સમય પૂરો થતાં દિવ્યાએ ગર્ભધારણ કર્યો. ગર્ભથી લઈને આજ સુધી સંસ્કારોની છાયામાં મોટી થયેલી મોક્ષાના સુખી જીવનથી દિવ્યા પરિચિત જ હતી. માટે એ પણ પોતાના સંતાનને એવા જ સંસ્કાર આપવા માંગતી હતી. પરંતુ આ સંસ્કારોની જડરૂપી ગર્ભ સંસ્કરણના જ્ઞાનથી તે અપરિચિત હતી. શું એ પોતાના મનમાં રહેલા પ્રશ્નોનું સમાધાન સાસુમાઁ જયણાથી કરી શકશે ? જયણા શું સમાધાન આપે છે ? જુઓ જૈનિજમના આગળના ભાગ "સંસ્કારોનો પાયા"માં.




## સૂત્ર (મને યાદ કરીને તમને શિવ સુખ મળશે.)

## અર્થ (મારો બરાબર ઉપયોગ કરો.)

## કાવ્ય વિભાગ (મને યાદ કરીને ભૂલી ના જશો.)

# વાતો નાની પણ ઘણાં કામની...

## અતીસાર (ઝાડા)



૧. દશ ગ્રામ (બે ચમચી) ઈસબગોલની ભુસી છ કલાક પાણીમાં પલાળીને અથવા ગરમ દૂધમાં પલાળીને જ્યારે ફુલીને ઘટ થઈ જાય ત્યારે તેમાં મિશ્રી મિલાવીને ભોજન પછી લેવાથી ઝાડા સાફ આવે છે. આને માત્ર પાણીની સાથે એમ જ, પલાળ્યા વગર જ લઈ શકાય છે.

૨. એરંડાનુ તેલ અવસ્થાનુસાર એક કે પાંચ ચમચીની માત્રાથી એક કપ ગરમ પાણી કે દૂધમાં મિલાવીને ભોજન પછી પીવાથી કબજીયાત દૂર થઈને ઝાડા સાફ આવે છે.

૩. બે મોસંબીનો રસ ખાલી પેટે સવારે આઠ થી દશ દિવસ પીવાથી જુના થી જુના અથવા બગડેલી કબજીયાત ઠીક થઈ જાય છે. મોસંબીના રસમાં મીઠુ, મસાલો કે બરફ ન લેવો. રસ લીધા પછી એક-બે કલાક સુધી કશું જ ન લો.

૪. ઈસબગોલની ભૂસી ૧૦ ગ્રામ (બે ચમચી) ૧૨૫ ગ્રામ દહી માં ભેળવીને સવાર-સાંજ ખવડાવાથી ઝાડા બંધ થઈ જાય છે.



૫. જમ્યા પછી ૨૦૦ ગ્રામ છાશમાં શેકેલુ જીરૂ ૧ ગ્રામ અને કાળુ મીઠુ અડધો ગ્રામ મિલાવીને પીવાથી દસ્ત બંધ થઈ જાય છે.

૬. કેરીની ગુટલીની ગિરીને પાણી અથવા દહીના પાણીમાં ખૂબ પીસીને નાભિ પર ઘાટો-ઘાટો લેપ કરવાથી બધા જ પ્રકારના ઝાડા બંધ થઈ જાય છે.

૭. સૂકા આંબળા દશ ગ્રામ અને કાળી હરડે પાંચ ગ્રામ બન્ને લઈને ખૂબ જ બારીક પીસી લ્યો. પછી એક-એક ગ્રામની માત્રાથી સવાર-સાંજ પાણીની સાથે ફાકવાથી ઝાડા બંધ થઈ જાય છે.

## પેશાબ વારંવાર અને વધારે આવતો હોય તો



૧. બે પાકા કેળાનું સેવન બપોરના ભોજન પછી કરવાથી કે દ્રાક્ષ ખાવાથી પણ આ બીમારીથી છૂટકારો મળે છે.

૨. વારંવાર પેશાબ આવે ત્યારે ૬૦ ગ્રામ શેકેલા (પીસેલા) ચણા ખાઈને ઉપર થોડો ગોળ ખાવો કે સવાર-સાંજ ગોળથી બનાવેલ તલના એક-એક લાડુ ખાવાથી વારંવાર પેશાબ આવાનું બંધ થાય છે.



## પેશાબ ઓછો આવતો હોય તો

૧. બે નાની ઈલાયચીને પીસીને એને ફાકીને પછી દૂધ પીવાથી પેશાબ ખુલ્લી રીતે આવે છે અને મૂત્રદાહ પણ બંધ થઈ જાય છે.

## રોકાયેલો પેશાબ





૧. બે ગ્રામ જીરૂ અને બે ગ્રામ મિશ્રી બંનેને વાટીને ફાકી લેવાથી રોકાયેલો પેશાબ ખુલી જાય છે. એને દિવસમાં ત્રણ વાર લેવા.

૨. એરંડાનું તેલ પચ્ચીસ થી પચાસ ગ્રામ સુધી ગરમ પાણીમાં મિલાવીને પીવાથી પંદર-વીસ મિનિટમાં જ પેશાબ ખુલી જાય છે.

# મને વાંચીને જ આગળ વધો

## (સૂત્રોચ્ચારમાં ખાસ ધ્યાન રાખવાની વાતો)

**સૂત્ર બોલતી વખતે ધ્યાનમાં રાખવા યોગ્ય વાતો :**

❖ પુક્ખરવરદીવડ્ઢે સૂત્રમાં 'પુક્ખરવરદી વડ્ઢે' આ પ્રમાણે ન બોલીને **'પુક્ખરવર દીવડ્ઢે'** આ પ્રમાણે બોલવું.

❖ વંદિતુ સૂત્રમાં **'જેણ ન નિધ્ધંધસં'** બોલવું જોઈએ **'જેણંન'** આ પ્રમાણે સાથે ન બોલવું.

❖ અડ્ઢાઈજ્જેસુમાં **દિવસ મુદેસુ** ન બોલીને **દીવ સમુદેસુ** બોલવું જોઈએ નહીંતર દ્વીપ-સમુદ્રનો અર્થ બદલાઈને દિવસ અર્થ થઈ જાય છે.

❖ વાંદણા સૂત્રમાં **મેમિ... ઉગ્ગહં** ન બોલીને **મે... મિઉગ્ગહં** બોલવું જોઈએ. આ પ્રમાણે **બહુસુ...** ભેણભે ન બોલીને **બહુસુભેણ... ભે** બોલવું નહીંતર અર્થ બદલાઈ જશે.

❖ **દિવસો વઈક્કંતો ?** તથા **જ... તા... ભે ? જ... વ... ણિજ્... જં... ચ... ભે ?** આ વાક્ય પ્રશ્નાત્મક હોવાથી પ્રશ્ન પૂછી રહ્યા છો એ પ્રમાણે બોલવું.

❖ સવ્વસવિ, સાત લાખ તથા પહેલા પ્રાણાતિપાત સૂત્રમાં તસ્સ મિચ્છામિ દુક્કડમ્ નથી પરંતુ માત્ર **મિચ્છામિ દુક્કડમ્** છે.

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| તમધમ્મચક્કવહીણં | તં ધમ્મચક્કવટ્ટિં |
| ભગવાન આચાર્ય | ભગવાનહં, આચાર્યહં |

● સૂત્રની સામે શબ્દ અનુસાર અર્થ આપવાની કોશિશ કરી છે પરંતુ ક્યાંક ક્યાંક અન્વયના અનુસાર અર્થ આપ્યા છે. સૂત્ર પર જે નંબર આપવામાં આવ્યા છે તે પ્રમાણે અર્થના નંબર જોવાથી શબ્દાર્થ પ્રાપ્ત થશે તથા સંલગ્ન અર્થ વાંચશો તો તમને સહજ ગાથાર્થ સમજમાં આવી જશે.

### આપણને ક્રોધ ન આવે તેના માટે શેનું ચિંતન કરવું ?

તમારી પાછળ કોઈ તમારી નિંદા કરે, તમને બદનામ કરવાનો પ્રયાસ કરે તો તે સમયે એવું વિચારો કે કોઈપણ વ્યક્તિ મારા પોતાના પાપોદય વિના મારી નિંદા કરશે જ નહીં. આ તો નિમિત્ત છે, મારા પાપોનો ઉદય છે, તે માટે તેને મારી નિંદા કરવાનો વિચાર આવ્યો છે. નહીં તો તેને આટલા બધા લોકોમાંથી મારી જ નિંદા કરવાનો વિચાર કેમ આવે ? મૂળમાં મારું જ પાપોદય છે. એવા વિચાર કરવાથી આપણે ક્રોધ-ધ્યાનથી બચી શકીએ છીએ.

## ૧. પુક્ખર વર-દીવડ્ઢે સૂત્ર (શ્રુતસ્તવ)

**ભાવાર્થ :** આ સૂત્રમાં અઢીદ્વીપમાં વિચરવાવાળા તથા શ્રુતજ્ઞાનરૂપી ચક્ષુના પ્રદાતા ત્રણેય કાળના તીર્થંકર ભગવંતોને નમસ્કાર કરીને શ્રુતજ્ઞાનની સ્તુતિ કરવામાં આવી છે.

| | |
|---|---|
| [1]પુક્ખર-વર-દીવડ્ઢે; | [1]પુષ્કરવર દ્વીપના અર્ધ ભાગમાં, |
| [2]ધાયઈ-[3]સંડેઅ[4]જંબુ-દીવે અ । | [2]ધાતકી [3]ખંડમાં તથા [4]જમ્બુદ્વીપમાં (સ્થિત), |
| [5]ભરહેરવય[6]-[7]વિદેહે, | [5]ભરત [6]ઐરાવત [7]મહાવિદેહ (ક્ષેત્ર)માં, |
| [8]ધમ્માઈ-ગરે [9]નમંસામિ ॥૧॥ | [8]ધર્મ પ્રારંભ કરવાવાળાઓને [9]હું નમસ્કાર કરૂ છું ॥૧॥ |
| [1]તમ-[2]તિમિર-[3]પડલ-[4]વિદ્ધં- | [1]અજ્ઞાન રૂપી [2]અંધકારના [3]સમૂહને [4]નષ્ટ કરવાવાળા, |
| સણસ્સ-[5]સુરગણ-[6]નરિંદ-[7]મહિઅસ્સ; | [5]ચાર નિકાયના દેવ સમૂહ તથા [6]રાજાઓથી [7]પૂજિત |
| [10]સીમાધરસ્સ-[11]વંદે, | [8]મોહજાળને [9]અત્યંત તોડવાવાળા |
| [9]પપ્ફોડિઅ-[8]મોહજાલસ્સ ॥૨॥ | [10]મર્યાદા યુક્ત શ્રુતધર્મને [11]હું વંદન કરૂં છું ॥૨॥ |
| [1]જાઈ[2]જરા[3]મરણ[4]સોગ[5]પણાસણસ્સ, | [1]જન્મ [2]વૃદ્ધાવસ્થા [3]મૃત્યુ તથા [4]શોકનો [5]નાશ કરવાવાળા, |
| [7]કલ્લાણ[6]પુક્ખલ[8]વિસાલ[9]સુહાવહસ્સ । | [6]પૂર્ણ [7]કલ્યાણ અને [8]મોટા [9]સુખને દેવાવાળા, |
| [16]કો[10]દેવ[11]દાણવ[12]નરિંદ[13]ગણચ્ચિઅસ્સ, | [10]દેવેન્દ્રો, [11]દાનવેન્દ્રો અને [12]નરેન્દ્રોના [13]સમૂહથી પૂજિત (એવા) |
| [14]ધમ્મસ્સ[15]સારમુવલબ્ભ[18]કરે[17]પમાયં ॥૩॥ | [14]શ્રુત ધર્મના [15]સાર પ્રાપ્ત કરીને [16]કોણ [17]પ્રમાદ [18]કરશે? ॥૩॥ |
| [2]સિદ્ધે[1]ભો ![4]પયઓ[5]ણમો[3]જિણમએ, | [1]હે સુજ્ઞ જનો ! [2]સિદ્ધ એવા [3]જૈન દર્શનને હું [4]આદરપૂર્વક [5]નમસ્કાર કરૂં છું. |
| [8]નંદી[7]સયા[6]સંજમે, | જે [6]સંયમ માર્ગની [7]સદા [8]વૃદ્ધિ કરવાવાળા છે, |
| [9]દેવં[10]નાગ-[11]સુવન્ન-[12]કિન્નર-[13]ગણ; | જે [9]દેવ [10]નાગકુમાર, [11]સુપર્ણકુમાર, [12]કિન્નર આદિના [13]સમૂહથી |
| [14]સ્સબ્ભૂઅ-[15]ભાવડચ્ચિએ; | [14]સાચા [15]ભાવથી પૂજિત છે. |
| [17]લોગો[16]જત્થ[21]પઈટ્ઠિઓ[20]જગમિણં; | [16]જેમાં [17]લોક (સકલ પદાર્થ) તથા [18]ત્રણે લોકના |
| [18]તેલુક્ક-[19]મચ્ચાસુરં; | [19]મનુષ્ય તથા (સુર) અસુરાદિકના આધાર રૂપ [20]આ જગત [21]વર્ણિત છે [22]એવા શાશ્વત [23]જૈન ધર્મ |
| [23]ધમ્મો[24]વડ્ઢઉ[22]સાસઓ | [24]વૃદ્ધિને પ્રાપ્ત થાઓ (અને) [25]વિજયની પરંપરાથી |
| [25]વિજયઓ[26]ધમ્મુત્તરં[27]વડ્ઢઉ ॥૪॥ | [26]ચારિત્ર ધર્મ પણ નિત્ય [27]વૃદ્ધિને પ્રાપ્ત છે. ॥૪॥ |



ગાથા-૧
પુક્ખરવર-દીવડ્ઢે
ગાથા-૨
તમ
તિમિર
નાશ
કલ્પસૂત્ર
સુરનૃપ પૂજિત
મોહજાલ નાશ
જ્ઞાતાધર્મકથા
ઉપાસકદશાંગ
ભગવતી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ
અન્તકૃદ્દશાંગ
સમવાયાંગ
અનુત્તરોપપાતિકદશાંગ
સ્થાનાંગ
પ્રશ્નવ્યાકરણ
સૂત્રકૃતાંગ
વિપાકસૂત્ર
આચારાંગ
દૃષ્ટિવાદ
સીમાધર (આગમ)


ગાથા-૩ જાઈ-જરા
જન્મ
જરા
રોગ
શોક
મરણ
સુખ
કલ્યાણ
દેવ દાનવ
પૂજિત
શ્રુત-ધર્મ
ગાથા-૪ સિદ્ધે ભો.
જિ
ન
મ
ત
સંયમ
નંદી સયા સંજમે
મતિ જ્ઞાન
શ્રુત જ્ઞાન
અવધિ જ્ઞાન
મનઃપર્યવ જ્ઞાન
કેવલ જ્ઞાન


જો દેવાણ વિ દેવો
તં દેવદેવ-મહિયં
જં દેવા પંજલી નમંસંતિ
સિરસા વંદે મહાવીરં ।


ઇક્કો વિ નમુક્કારો
જિણવરવસહસ્સ વદ્ધમાણસ્સ


ઉજ્જિંતસેલ-સિહરે
નાણં
દિક્ખા
નિસીહિયા
જસ્સ
તં ધમ્મચક્કવટ્ટીં
અરિટ્ઠનેમિં નમંસામિ


પરમટ્ઠનિટ્ઠિઅટ્ઠા
સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ
શ્રી અષ્ટાપદજી મહાતીર્થ
જગચિંતામણિ જગનાહ
અટ્ઠાવય-સંઠવિયરૂવ

## ૨. સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર

**ભાવાર્થ :** આ સૂત્રમાં સર્વ સિદ્ધોની, શ્રી મહાવીર સ્વામિજીની, શ્રી નેમિનાથ પ્રભુની, તથા અષ્ટાપદ પર્વત ઉપર બિરાજમાન ચોવિસ તીર્થંકરોની સ્તુતિ કરી છે.

| | |
|---|---|
| [1]સિદ્ધાણં[2]બુદ્ધાણં; | [1]સિદ્ધ પદને પ્રાપ્ત કરેલા, [2]સર્વજ્ઞ (કેવલજ્ઞાન પામેલા) |
| [3]પાર-[4]ગયાણં, [5]પરંપરગયાણં; | [3]સંસારથી પાર [4]થયેલા, [5]પૂર્વ સિદ્ધોની પરંપરાથી સિદ્ધ બનેલા. |
| [6]લોઅગ્ગમુવગયાણં, | [6]ચૌદ રાજલોકના અગ્રભાગને પ્રાપ્ત કરેલા હોય એવા, |
| [10]નમો[9]સયા[7]સવ્વ-[8]સિદ્ધાણં ॥૧॥ | [7]સર્વ [8]સિદ્ધ ભગવંતોને મારો [9]હંમેશા [10]નમસ્કાર છે ॥૧॥ |
| [1]જો[2]દેવાણ વિ[3]દેવો, | [1]જે [2]દેવતાઓના પણ [3]દેવ છે, |
| [4]જં[5]દેવા[6]પંજલી[7]નમંસંતિ । | [4]જેમને [5]દેવ [6]અંજલિ-પૂર્વક [7]નમન કરે છે, |
| [10]તં[8]દેવ-દેવ-[9]મહિયં | જે [8]ઈન્દ્રોથી [9]પૂજિત છે, [10]એવા |
| [12]સિરસા[13]વંદે[11]મહાવીરં ॥૨॥ | [11]મહાવીર સ્વામિને [12]માથુ ઝૂકાવીને [13]હું વંદન કરૂં છું ॥૨॥ |
| [4]ઈક્કો વિ[5]નમુક્કારો, | [1]કેવલી ભગવંતોમાં [2]ઉત્તમ એવા [3]શ્રી મહાવીર પ્રભુને |
| [1]જિણવર-[2]વસહસ્સ[3]વદ્ધમાણસ્સ; | [4]કરવામાં આવેલો એક પણ [5]નમસ્કાર |
| [6]સંસાર-[7]સાગરાઓ | [6]સંસારરૂપી [7]સમુદ્રથી |
| [10]તારેઈ[8]નરં વ[9]નારિં વા ॥૩॥ | [8]પુરૂષ અથવા [9]સ્ત્રીને [10]તારી દે છે ॥૩॥ |
| [1]ઉજ્જિંત-[2]સેલ-[3]સિહરે, | [1]ગિરનાર [2]પર્વતના [3]શિખર પર |
| [5]દિક્ખા[6]નાણં[7]નિસીહિઆ[4]જસ્સ; | [4]જેમની [5]દિક્ષા, [6]કેવલજ્ઞાન અને [7]નિર્વાણ થયેલા છે. |
| [8]તં[9]ધમ્મચક્કવટ્ટિં, | [8]એવા [9]ધર્મ-ચક્રવર્તી |
| [10]અરિટ્ઠનેમિં[11]નમંસામિ ॥૪॥ | [10]શ્રી નેમિનાથ ભગવાનને [11]હું નમસ્કાર કરું છું ॥૪॥ |
| [1]ચત્તારિ-[2]અટ્ઠ-[3]દસ-[4]દોય, | (અષ્ટાપદ ઉપર) [1]ચાર, [2]આઠ, [3]દસ, [4]બે (એવા ક્રમથી) |
| [5]વંદિયા[7]જિણવરા[6]ચઉવ્વીસં; | [5]વંદન કરવામાં આવેલા [6]ચોવિશ [7]જિનેશ્વર ભગવંત |
| [8]પરમટ્ઠ-[9]નિટ્ઠિઅટ્ઠા, | (તથા) [8]જેને મોક્ષ-સુખ [9]પ્રાપ્ત કર્યો છે. એવા (કૃતકૃત્ય) |
| [10]સિદ્ધા[12]સિદ્ધિં[11]મમ[13]દિસંતુ ॥૫॥ | [10]સિદ્ધ ભગવંત [11]મને [12]સિદ્ધિ (મોક્ષ) [13]પ્રદાન કરો ॥૫॥ |

## 3. વેયાવચ્ચગરાણં સૂત્ર

**ભાવાર્થ :** આ સૂત્ર વૈયાવૃત્ય કરવાવાળા દેવોના કાયોત્સર્ગ કરવા માટે બોલવામાં આવે છે. આ સૂત્રને ચાર થોયવાળા પ્રતિક્રમણમાં બોલે છે.

| | |
|---|---|
| **[1]વેયાવચ્ચગરાણં** | [1]વૈયાવૃત્ય કરનારા, |
| **[2]સંતિ-ગરાણં** | [2]ઉપસર્ગોની શાંતિ કરનારા, |
| **[3]સમ્મ-દિટ્ઠિ-[4]સમાહિ-ગરાણં** | [3]સમ્યગ્-દષ્ટિઓને માટે [4]સમાધિ ઉત્પન્ન કરનારા |
| **[6]કરેમિ[5]કાઉસ્સગ્ગં (અન્નત્થ.)** | શાસનદેવોના સ્મરણાર્થે કાઉસ્સગ્ગ કરું છું. |

## ૪. ભગવાનહં સૂત્ર

**ભાવાર્થ :** આ સૂત્રમાં ભગવાન વગેરેને થોભ વંદન કરવામાં આવે છે.

| | |
|---|---|
| **[1]ભગવાનહં,[2]આચાર્યહં,** | [1]ભગવંતોને, [2]આચાર્યોને |
| **[3]ઉપાધ્યાયહં,[4]સર્વસાધુહં ।** | [3]ઉપાધ્યાયોને, [4]સર્વ સાધુઓને (હું વંદન કરું છું.) |

## ૫. સવ્વસ્સવિ સૂત્ર

**ભાવાર્થ :** આ સૂત્રથી પ્રતિક્રમણ ઠાવવામાં આવે છે. આ સૂત્ર પ્રતિક્રમણનું બીજ હોવાથી એમાં સંક્ષિપ્તમાં પાપોની આલોચના કરી છે.

| | |
|---|---|
| **[2]ઇચ્છાકારેણ[6]સંદિસહ[1]ભગવન્ !** | હે [1]ભગવન્ ! તમે [2]સ્વેચ્છાથી |
| **[3]દેવસિઅ[4]પડિક્કમણે[5]ઠાઉં ?** | [3]દેવસિક [4]પ્રતિક્રમણમાં [5]સ્થિર રહેવાની [6]આજ્ઞા પ્રદાન કરો. |
| | (અહીં ગુરૂ કહે ઠાવેહ એટલે કે સ્થિર બનો) |
| **[7]ઇચ્છં,** | [7]આપની આજ્ઞાનો સ્વીકાર કરું છું. |
| **[12]સવ્વસ્સ વિ[8]દેવસિઅ,** | [8]દિવસના મધ્યમાં |
| **[9]દુચ્ચિંતિઅ,[10]દુબ્ભાસિઅ,** | [9]દુષ્ટ ચિંતન કર્યુ હોય, [10]દુષ્ટ ભાષણ કર્યુ હોય |
| **[11]દુચ્ચિટ્ઠિઅ,[14]મિચ્છામિ[13]દુક્કડં ॥૧॥** | [11]દુષ્ટ ચેષ્ટા કરી હોય તો એ [12]મારા બધા [13]દુષ્કૃત મિથ્યા થાઓ ॥૧॥ |

# ૬. દેવસિયં આલોઉં સૂત્ર

**ભાવાર્થ :** આ સૂત્રમાં અલગ-અલગ આચારો આચરતા જે અતિચાર લાગ્યા હોય, તેમનો સંક્ષેપમાં પ્રતિક્રમણ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **[૨]ઇચ્છાકારેણ[૫]સંદિસહ[૧]ભગવન્ !** | [૧]હે ભગવન્ ! [૨]ઈચ્છાપૂર્વક |
| **[૩]દેવસિઅં (રાઈયં)[૪]આલોઉં ?** | [૩]દિવસ (રાત્રી) સંબંધી [૪]આલોચના કરવાની [૫]આજ્ઞા પ્રદાન કરો. (ગુરૂ કહે આલોએ) |
| **[૬]ઇચ્છં[૭]આલોએમિ -** | [૬]આપની આજ્ઞા સ્વીકારીને [૭]હું આલોચના કરું છું. |
| **[૧૦]જો[૯]મે[૮]દેવસિઓ (રાઈઓ)** | [૮]દિવસ (રાત્રી) સંબંધી [૯]મારાથી [૧૦]જે |
| **[૧૧]અઈયારો[૧૨]કઓ,** | [૧૧]અતિચાર [૧૨]લાગ્યા હોય, |
| **[૧૩]કાઈઓ[૧૪]વાઈઓ[૧૫]માણસિઓ,** | [૧૩]કાયા દ્વારા, [૧૪]વચન દ્વારા, [૧૫]મન દ્વારા |
| **[૧૬]ઉસ્સુત્તો[૧૭]ઉમ્મગ્ગો,** | [૧૬]સૂત્ર વિરુદ્ધ, [૧૭]માર્ગ વિરુદ્ધ, |
| **[૧૮]અકપ્પો[૧૯]અકરણિજ્જો,** | [૧૮]આચાર વિરુદ્ધ કે [૧૯]કર્તવ્ય વિરુદ્ધ, |
| **[૨૦]દુજ્ઝાઓ-[૨૧]દુવ્વિચિંતિઓ,** | [૨૦]દુષ્ટ ધ્યાન દ્વારા કે [૨૧]દુષ્ટ ચિંતન દ્વારા |
| **[૨૨]અણાયારો[૨૩]અણિચ્છિઅવ્વો,** | [૨૨]અનાચાર દ્વારા, [૨૩]નહીં ચાહવા યોગ્ય વર્તન દ્વારા |
| **[૨૪]અસાવગ[૨૫]પાઉગ્ગો,** | [૨૪]શ્રાવક માટે સર્વથા અનુચિત એવા [૨૫]વ્યવહારથી, (જે અતિચાર લાગ્યા હોય) |
| **[૨૬]નાણે-[૨૭]દંસણે-[૨૮]ચરિત્તાચરિત્તે** | [૨૬]જ્ઞાનારાધના, [૨૭]દર્શનારાધના, [૨૮]દેશવિરતિ ચારિત્રારાધનાના વિષયમાં |
| **[૨૯]સુએ-[૩૦]સામાઈએ ॥** | [૨૯]શ્રુતજ્ઞાન ગ્રહણ કે [૩૦]સામાયિકના વિશે (જે અતિચાર લાગ્યા હોય) |
| **[૧]તિણ્હં[૨]ગુત્તીણં, [૧૧]ચઉણ્હં[૧૨]કસાયાણં,** | [૧]ત્રણ [૨]ગુપ્તિઓના |
| **[૩]પંચણ્હ-[૪]મણુવ્વયાણં, [૫]તિણ્હં [૬]ગુણવ્વયાણં,** | [૩]પાંચ [૪]અણુવ્રતોના, [૫]ત્રણ [૬]ગુણવ્રતોના |
| **[૭]ચઉણ્હં[૮]સિક્ખાવયાણં** | [૭]ચાર [૮]શિક્ષાવ્રતોના |
| **[૯]બારસવિહસ્સ [૧૦]સાવગધમ્મસ્સ** | [૯]બાર પ્રકારના [૧૦]શ્રાવકધર્મના [૧૧]ચાર [૧૨]કષાયોથી |
| **[૧૩]જં[૧૪]ખંડિયં, જં[૧૫]વિરાહિયં** | [૧૩]જે [૧૪]ખંડિત થયા હોય, [૧૫]વિરાધિત થયા હોય |
| **[૧૬]તસ્સ[૧૮]મિચ્છામિ[૧૭]દુક્કડં ।** | [૧૬]એ બધા મારા [૧૭]દુષ્કૃત [૧૮]મિથ્યા થાઓ. |

## ૭. નાણંમિ સૂત્ર

**ભાવાર્થ :** આ આઠ ગાથાઓમાં જ્ઞાનાદિ પાંચ મહાન આચારોના ભેદોનું વર્ણન છે.

(નોંધ : આ સૂત્રમાં જયાં A, B, C... વગેરે લખ્યું છે તે એના આચારોના પ્રકાર છે.)

| | |
|---|---|
| **[૧]નાણંમિ [૨]દંસણંમિ અ,** | [૧]જ્ઞાનના વિષયમાં, [૨]દર્શનના વિષયમાં, |
| **[૩]ચરણંમિ [૪]તવંમિ તહ ય [૫]વીરિયંમિ;** | [૩]ચારિત્ર, [૪]તપ તથા [૫]વીર્યના વિષયમાં, |
| **[૬]આયરણં [૭]આયારો,** | [૬]જે આચારવા યોગ્ય છે તે [૭]આચાર કહેવાય છે. |
| **[૮]ઇઅ એસો [૯]પંચહા [૧૦]ભણિઓ ॥૧॥** | [૮]એવા આચાર [૯]પાંચ [૧૦]પ્રકારના છે ॥૧॥ |
| **[A]કાલે [B]વિણએ [C]બહુમાણે,** | [A]કાલ (ઉચિત સમયમાં ભણવું), [B]વિનય અને [C]બહુમાનપૂર્વક ભણવું. |
| **[D]ઉવહાણે તહ [E]અનિન્હવણે,** | [D]ઉપધાનપૂર્વક ભણવું તથા [E]અનિહ્નવતા (જ્ઞાન ભણાવવાવાળાને વિશે અપલાપ ન કરવો) |
| **[F]વંજણ-[G]અત્થ-[H]તદુભએ,** | [F]સૂત્ર, [G]અર્થ અને [H]બંને (સૂત્ર+અર્થ) શુદ્ધ તેમજ ઉપયોગપૂર્વક ભણવું. |
| **[૨]અટ્ઠવિહો [૧]નાણમાયારો ॥૨॥** | આ પ્રમાણે [૧]જ્ઞાનાચારના [૨]આઠ પ્રકાર છે ॥૨॥ |
| **[A]નિસ્સંકિય-[B]નિક્કંખિય,** | [A]જિનધર્મમાં શંકા ન કરવી, [B]અન્ય ધર્મની ઈચ્છા ન કરવી. |
| **[C]નિવ્વિતિગિચ્છા [D]અમૂઢદિટ્ઠી અ;** | [C]ધર્મના ફળને વિશે શંકા ન કરવી. (શ્રદ્ધા રાખવી.) [D]અન્ય ધર્મોથી પ્રભાવિત થઈને સ્વધર્મથી વિચલિત ન થવું. |
| **[E]ઉવવૂહ-[F]થિરીકરણે,** | [E]સ્વધર્મની મહાનતા સમજીને વારંવાર ધર્મની તથા ધર્મ કરવાવાળાની પ્રશંસા કરવી. [F]ધર્મથી વિચલિત થવાવાળાને ધર્મમાં સ્થિર કરવા. |
| **[G]વચ્છલ્લ-[H]પભાવણે [૧]અટ્ઠ ॥૩॥** | [G]સાધર્મિક સાથે પ્રેમ કરવો, [H]એવા કાર્યો કરવા જેનાથી બીજાઓને પણ ધર્મની પ્રેરણા મળે. આ પ્રમાણે દર્શનાચારના આઠ પ્રકારો છે ॥૩॥ |
| **[૨]પણિહાણ-[૧]જોગ-[૩]જુત્તો** | [૧]ચિત્તની [૨]સમાધિ [૩]પૂર્વક |
| **[A-E]પંચહિં સમિઈહિં [F-H]તિહિં ગુત્તીહિં;** | [A-E]પાંચ સમિતિ અને [F-H]ત્રણ ગુપ્તિઓનું પાલન કરવું. |
| **[૪]એસ [૫]ચરિત્તાયારો,** | [૪]આ પ્રમાણે [૫]ચારિત્રાચાર |
| **[૬]અટ્ઠવિહો [૮]હોઈ [૭]નાયવ્વો ॥૪॥** | [૬]આઠ પ્રકારના [૭]જાણવા યોગ્ય [૮]છે ॥૪॥ |

| | |
|---|---|
| [5]બારસવિહંમિ વિ[4]તવે, | [1]જિનેશ્વરો દ્વારા કહેલા [2]બાહ્ય અને [3]અભ્યંતર [4]તપ |
| [3]સબ્ભિન્તરે-[2]બાહિરે[1]કુસલ-દિટ્ઠે, | [5]બાર પ્રકારના છે. |
| [6]અગિલાઈ-[7]અણાજીવી, | [6]ગ્લાનિરહિત અને [7]આજીવિકાના હેતુ વિના જે તપ કરવામાં આવે છે. |
| [10]નાયવ્વો[8]સો[9]તવાયારો ॥૫॥ | [8]એ [9]તપાચાર [10]જાણવા યોગ્ય છે ॥૫॥ |
| [A]અણસણ-[B]મૂણોઅરિઆ, | [A]અનશન અને [B]ઉણોદરિ, |
| [C]વિત્તિ-સંખેવણં[D]રસ-ચ્ચાઓ; | [C]વૃત્તિ-સંક્ષેપ, [D]રસ-ત્યાગ |
| [E]કાય કિલેસો[F]સંલીણયા [1]ય, | [E]કષ્ટ સહન કરવું અને [F]શરીરાદિનું સંકુચન કરવું, |
| [2]બજ્ઝો[3]તવો[4]હોઈ ॥૬॥ | [1]આ [2]બાહ્ય [3]તપ [4]છે. ॥૬॥ |
| [A]પાયચ્છિત્તં[B]વિણઓ, | [A]પ્રાયશ્ચિત, [B]વિનય |
| [C]વેયાવચ્ચં તહેવ[D]સજ્ઝાઓ; | [C]વૈયાવચ્ચ (શુશ્રૂષા), [D]સ્વાધ્યાય |
| [E]ઝાણં[F]ઉસ્સગ્ગો વિ અ, | [E]ધ્યાન અને [F]ત્યાગ (કાયોત્સર્ગ) |
| [1]અબ્ભિંતરઓ[2]તવો[3]હોઈ ॥૭॥ | [1]આ અભ્યંતર [2]તપ [3]છે ॥૭॥ |
| [3]અણિગૂહિઅ-[1]બલ-[2]વીરિઓ | [1]બળ [2]વીર્યને [3]ન છુપાવતાં, |
| [7]પરક્કમઈ[4]જો[5]જહુત્ત[6]માઉત્તો । | [4]જે [5]ઉપર્યુક્ત છત્રીસ આચારોના [6]પાલનમાં [7]પરાક્રમ કરે છે. |
| [9]જુંજઈ અ[8]જહા-થામં, | અને [8]યથાશક્તિ પોતાની આત્માને તપમાં [9]જોડે છે. |
| [11]નાયવ્વો[10]વીરિયાયારો ॥૮॥ | તે [11]વીર્યાચાર કહેવાય છે ॥૮॥ |

## ૮. વાંદણા (બૃહદ્ ગુરુવન્દન) સૂત્ર

**ભાવાર્થ :** આ સૂત્રમાં સદ્‌ગુરુને વંદન કરીને એમની સેવા-વૈયાવૃત્યમાં એમના પ્રત્યે લાગેલા દોષોની ક્ષમા માંગવામાં આવે છે. પ્રતિક્રમણ ગુરૂવંદનાદિમાં બીજી વાર વંદન કરતાં સમયે "આવસ્સિઆએ" આ પદ નહીં બોલવું જોઈએ અને "દિવસો વઈક્કંતો"ના સ્થાને રાઈ પ્રતિક્રમણમાં "રાઈ વઈક્કંતા" પક્ખી પ્રતિક્રમણમાં "પક્ખો વઈક્કંતો" ચઉ-માસી પ્રતિક્રમણમાં "ચઉ-માસી વઈક્કંતા" અને સંવચ્છરી પ્રતિક્રમણમાં "સંવચ્છરો વઈક્કંતો", આ પ્રમાણે પાઠ બોલવો જોઈએ.

| | |
|---|---|
| [૫]ઈચ્છામિ [૧]ખમાસમણો ! [૪]વંદિઉં | હે [૧]ક્ષમાશ્રમણ ! [૨]તમને સુખશાતા પૂછતાં, |
| [૨]જાવણિજ્જાએ, [૩]નિસીહિઆએ, | [૩]અવિનય આશાતનાની ક્ષમા માંગતાં, [૪]હું વંદન કરવા ઈચ્છું છું. |
| [૮]અણુજાણહ[૬]મે[૭]મિઉગ્ગહં, | [૬]મને [૭]અવગ્રહમાં આવવાની [૮]આજ્ઞા પ્રદાન કરો. |
| [૯]નિસીહિ | [૯]અશુભ વ્યાપારોના ત્યાગ-પૂર્વક |
| [૧૦]અ...હો, કા...યં, [૧૧]કા...ય- [૧૨]સંફાસં | [૧૦]આપના ચરણોને [૧૧]મારી કાયા દ્વારા [૧૨]સ્પર્શ કરવાથી જે |
| [૧૫]ખમણિજ્જો[૧૩]ભે ! [૧૪]કિલામો, | [૧૩]આપને [૧૪]ખેદ-કષ્ટ થયું હોય, એની મને [૧૫]ક્ષમા પ્રદાન કરો. |
| [૧૬]અપ્પ [૧૭]કિલંતાણં | [૧૬]અલ્પ [૧૭]ગ્લાનિવાળા |
| [૨૦]બહુ-સુભેણ [૧૮]ભે ![૧૯]દિવસો[૨૧]વઈક્કંતો ? | હે [૧૮]ભગવન્ ! [૧૯]આપનો દિવસ [૨૦]અત્યંત સુખપૂર્વક [૨૧]વ્યતીત થયો ? |
| [૨૩]જ...ત્તા...[૨૨]ભે ? | [૨૨]આપની [૨૩]સંયમયાત્રા સુખપૂર્વક ચાલી રહી છે ? |
| [૨૫]જ...વ...ણિજ્...જં...ચ[૨૪]ભે ? | [૨૪]આપની [૨૫]ઈન્દ્રિઓ અને કષાય ઉપઘાત રહિત છે ? |
| [૪]ખામેમિ[૧]ખમાસમણો ! | હે [૧]ક્ષમાશ્રમણ ! [૨]દિવસ દરમ્યાન કરેલા |
| [૨]દેવસિઅં[૩]વઈક્કમં, | [૩]અપરાધોની [૪]હું ક્ષમા માંગુ છું. |
| [૫]આવસ્સિઆએ[૬]પડિક્કમામિ । | [૫]આવશ્યક ક્રિયાને માટે [૬]અવગ્રહથી બહાર જાઉં છું. |
| [૭]ખમાસમણાણં[૮]દેવસિઆએ | આપ [૭]ક્ષમાશ્રમણની [૮]દિવસ સંબંધી |
| [૧૦]આસાયણાએ, [૯]તિત્તીસન્નયરાએ, | [૯]તેત્રીસ [૧૦]આશાતનામાંથી |
| [૧]જં[૨]કિંચિ[૩]મિચ્છાએ, | [૧]જે [૨]કોઈ આશાતના [૩]મિથ્યાભાવથી થઈ હોય |
| [૪]મણ-દુક્કડાએ, [૫]વય-દુક્કડાએ, | [૪]મન, [૫]વચન અને [૬]કાયાની |
| [૬]કાય-[૭]દુક્કડાએ, | [૭]દુષ્ટ પ્રવૃત્તિથી થઈ હોય, |
| [૮]કોહાએ[૯]માણાએ[૧૦]માયાએ[૧૧]લોભાએ, | [૮]ક્રોધ, [૯]માન, [૧૦]માયા અને [૧૧]લોભની વૃત્તિથી થઈ હોય. |
| [૧૨]સવ્વ- [૧૩]કાલિયાએ | [૧૨]સર્વ [૧૩]કાળ-સંબંધી, |
| [૧૪]સવ્વ[૧૫]મિચ્છોવયારાએ, | [૧૪]સર્વ પ્રકારના [૧૫]મિથ્યા ઉપચારોથી થઈ હોય, |
| [૧૬]સવ્વ- [૧૭]ધમ્માઈક્કમણાએ, | [૧૬]સર્વ પ્રકારના [૧૭]ધર્મના અતિક્રમણથી થઈ હોય, |
| [૧૮]આસાયણાએ, | એ [૧૮]આશાતનાઓમાં |

| | |
|---|---|
| **[૧૯]જો[૨૦]મે[૨૧]અઈયારો[૨૨]કઓ,** | [૧૯]જો [૨૦]મારાથી [૨૧]અતિચાર [૨૨]લાગ્યો હોય |
| **[૨૩]તસ્સ[૨૪]ખમાસમણો !** | [૨૩]એ સર્વેનું, [૨૪]હે ક્ષમાશ્રમણ ! |
| **[૨૫]પડિક્કમામિ[૨૬]નિંદામિ, [૨૭]ગરિહામિ** | [૨૫]હું પ્રતિક્રમણ કરું છું, [૨૬]નિંદા કરું છું, ગુરુની સમક્ષ [૨૭]ગર્હા કરું છું. |
| **[૨૮]અપ્પાણં[૨૯]વોસિરામિ ॥** | અશુભ યોગમાં પ્રવૃત્ત [૨૮]મારી આત્માનો [૨૯]ત્યાગ કરું છું. |

**વાંદણામાં શિષ્યના પ્રશ્નાત્મક છ સ્થાન છે તેમજ એમના ઉત્તરરૂપ ગુરૂના છ વચન છે. તે આ પ્રકારે છે.**

| ક્ર. | સ્થાન | શિષ્યવચન | સ્થાનનો અર્થ | ગુરૂવચન |
|---|---|---|---|---|
| ૧. | ઈચ્છા | ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ | વંદનની ઈચ્છા બતાવી છે. | છંદેણં (વંદન કરવાની આજ્ઞા છે.) |
| ૨. | અનુજ્ઞા | અણુજાણહ મે મિઉગ્ગહં | વંદનની આજ્ઞા માંગી છે. | અણુજાણામિ (અનુજ્ઞા છે.) |
| ૩. | અવ્યાબાધ | નિસીહિ અહો કાયં...થી દિવસો વઈક્કંતો સુધી | સુખશાતા પૂછવી. | તહત્તિ (શાતા છે.) |
| ૪. | યાત્રા | જત્તા ભે ? | સંયમ યાત્રા (સંબંધી પૃચ્છા) | તુબ્ભં પિ વટ્ટએ ? (પ્રતિ પૃચ્છા) |
| ૫. | યાપના | જવણિજ્જં ચ ભે ? | દેહસંબંધિ પૃચ્છા | તેમજ (હાં શાતા છે) |
| ૬. | અપરાધ ખામણા | ખામેમિ ખમાસમણો દેવસિઅ વઈક્કમં...થી વોસિરામિ સુધી | દિવસ સંબંધી અપરાધની ક્ષમા યાચના | અહમવિ ખામેમિ તુમં (હું પણ તમને ખમાવું છું.) |

## ૯. સાતલાખ સૂત્ર

**ભાવાર્થ :** આ સૂત્રમાં પૃથ્વીકાય વગેરે જીવોની કુલ ૮૪ લાખ યોનિ (ઉત્પત્તિ સ્થાન) બતાવીને, એમાંથી કોઈપણ જીવની વિરાધના થઈ હોય, તો તેમને મિચ્છામિ દુક્કડમં માંગવામાં આવે છે.

| | |
|---|---|
| **[૨]સાત [૩]લાખ [૧]પૃથ્વીકાય,** | [૧]સચિત્ત મિટ્ટી, પાષાણ વગેરે પૃથ્વીના જીવોની યોનિ [૨]સાત [૩]લાખ છે. |
| **[૫]સાત [૬]લાખ [૪]અપ્કાય,** | [૪]સચિત પાણી, આકાશનું પાણી વગેરે અપ્કાયિક જીવોની યોનિ [૫]સાત [૬]લાખ છે. |
| **[૮]સાત [૯]લાખ [૭]તેઉકાય,** | [૭]અંગારા, અગ્નિ, વિજળી વગેરે અગ્નિકાયિક જીવોની યોનિ [૮]સાત [૯]લાખ છે. |

| | |
|---|---|
| [૧૧]સાત [૧૨]લાખ [૧૦]વાઉકાય, | [૧૦]ઉદ્ભ્રામક વગેરે વાયુકાયિક જીવોની યોનિ [૧૧]સાત [૧૨]લાખ છે. |
| [૧૫]દશ [૧૬]લાખ [૧૩]પ્રત્યેક | [૧૩]વૃક્ષ, ફળ, ફૂલ, પત્ર વગેરે પ્રત્યેક. |
| [૧૪]વનસ્પતિકાય, | [૧૪]વનસ્પતિકાયિક જીવોની યોનિ [૧૫]દસ [૧૬]લાખ છે. |
| [૧૯]ચૌદ [૨૦]લાખ | [૧૭]જમીનકન્દ, કોમલફૂલ, પત્ર, નીલફૂલ |
| [૧૭]સાધારણ [૧૮]વનસ્પતિકાય, | વગેરે [૧૮]સાધારણ વનસ્પતિકાયિક જીવોની યોનિ [૧૯]ચૌદ [૨૦]લાખ છે. |
| [૨]બે [૩]લાખ [૧]બેઈન્દ્રિય; | [૧]શંખ, છીપ વગેરે દ્વિન્દ્રિય જીવોની યોનિ [૨]બે [૩]લાખ છે. |
| [૫]બે [૬]લાખ [૪]તેઈન્દ્રિય; | [૪]કાનખજૂરા, જૂં, કીડી વગેરે તેઈન્દ્રિય જીવોની યોનિ [૫]બે [૬]લાખ છે. |
| [૮]બે [૯]લાખ [૭]ચઉરિન્દ્રિય; | [૭]વિંછી, ભમરા, માખી વગેરે ચાર ઈન્દ્રિયવાળા જીવોની યોનિ [૮]બે [૯]લાખ છે. |
| [૧૧]ચાર [૧૨]લાખ [૧૦]દેવતા, | [૧૦]દેવોની યોનિ [૧૧]ચાર [૧૨]લાખ છે. |
| [૧૪]ચાર [૧૫]લાખ [૧૩]નારકી, | [૧૩]નરકના જીવોની યોનિ [૧૪]ચાર [૧૫]લાખ છે. |
| [૧૮]ચાર [૧૯]લાખ [૧૭]તિર્યંચ [૧૬]પંચેન્દ્રિય, | [૧૬]પશુ, પક્ષી, માછલી વગેરે પંચેન્દ્રિય [૧૭]તિર્યંચ જીવોની યોનિ [૧૮]ચાર [૧૯]લાખ છે. |
| [૨૧]ચૌદ [૨૨]લાખ [૨૦]મનુષ્ય, | [૨૦]મનુષ્ય જીવોની યોનિ [૨૧]ચૌદ [૨૨]લાખ છે. |
| [૧]એવંકારે [૨]ચૌરાશી [૩]લાખ | [૧]આ પ્રમાણે કુલ [૨]ચૌરાશી [૩]લાખ |
| [૪]જીવયોનિમાંહિ; | [૪]જીવયોનિયોના (જીવોમાંથી) |
| [૫]મારે [૬]જીવે [૭]જે [૮]કોઈ [૯]જીવ | [૫]મારા [૬]જીવે [૭]જો [૮]કોઈ [૯]જીવને |
| [૧૦]હણ્યો હોય, [૧૧]હણાવ્યો હોય | [૧૦]માર્યો હોય, [૧૧]મરાવ્યો હોય, |
| [૧૨]હણતાં પ્રત્યે [૧૩]અનુમોદ્યો હોય | અને [૧૨]મારવાવાળાની [૧૩]પ્રશંસા કરી હોય તો |
| [૧૪]તે [૧૫]સવિ [૧૬]હું [૧૭]મન, [૧૮]વચન | [૧૪]એ સર્વે [૧૫]પાપોનું [૧૬]હું [૧૭]મન, [૧૮]વચન, [૧૯]કાયાથી |
| [૧૯]કાયાએ કરી [૨૦]મિચ્છામિ [૨૧]દુક્કડં। | [૨૦]મિચ્છામિ [૨૧]દુક્કડમ્ આપું છું. એને ખોટું સમજું છું. |

## ૧૦. પહેલે પ્રાણાતિપાત (૧૮ પાપસ્થાનક) સૂત્ર

**ભાવાર્થ :** આ સૂત્રમાં અઢાર પ્રકારના જે પાપ બંધ હોય છે. એમના નામ અને આ રીતે કરેલા પાપોની ક્ષમા માંગવામાં આવી છે. (મિથ્યાદુષ્કૃત આપવામાં આવે છે.)

| | |
|---|---|
| [૧]પહલે પ્રાણાતિપાત, | ૧. કોઈપણ જીવને મારવો, કે મારવાની ઈચ્છા કે વિચાર કરવો. |

| | |
|---|---|
| [2]બીજે મૃષાવાદ, | ૨. જૂઠુ બોલવું, અપ્રિય અને અહિતકર ભાષણ કરવું. |
| [3]ત્રીજે અદત્તાદાન, | ૩. કોઈની વસ્તુ વગર પૂછ્યે લઈ લેવી. |
| [4]ચોથે મૈથુન, | ૪. કામ-ભોગ કરવું અને એની વાંછના કરવી. |
| [5]પાંચમેં પરિગ્રહ, | ૫. પ્રમાણ ઉપરાંત દ્રવ્યાદિ પર મૂર્ચ્છા રાખવી. |
| [6]છટ્ઠે ક્રોધ, | ૬. ગુસ્સે થવું, પોતાના પરિણામ તીવ્ર ક્રોધી રાખવા. |
| [7]સાતમેં માન, | ૭. પ્રાપ્ત કે અપ્રાપ્ત વસ્તુનો ઘમંડ કરવો. |
| [8]આઠમેં માયા, | ૮. સ્વાર્થિક બુદ્ધિથી કપટ-પ્રપંચ કરવો. |
| [9]નવમેં લોભ, | ૯. ધનાદિ સમૃદ્ધિની લાલચ રાખવી. |
| [10]દસમેં રાગ, | ૧૦. પૌદ્‌ગલિક વસ્તુ ઉપર પ્રેમ રાખવો. |
| [11]અગ્યારમેં દ્વેષ | ૧૧. અનિષ્ટ પદાર્થો ઉપર અરુચી કરવી કે ઈર્ષ્યા કરવી. |
| [12]બારમેં કલહ, | ૧૨. ઝઘડો, ડંડા ફસાદ કરવો, કરાવવો |
| [13]તેરહમેં અભ્યાખ્યાન, | ૧૩. કોઈની ઉપર જૂઠ કલંક ચઢાવવું. |
| [14]ચૌદસેં પૈશુન્ય, | ૧૪. કોઈની ચાડી ખાવી, નારદવિદ્યાનો ધંધો કરવો. |
| [15]પન્નરમેં રતિ અરતિ, | ૧૫. સુખ મળતાં આનંદ મનાવવો અને દુ:ખ મળતાં શોક-સંતાપ કરવો. |
| [16]સોલમેં પરપરિવાદ, | ૧૬. બીજાઓની નિંદા કરવી. (જૂઠી કથા કરવી) |
| [17]સત્તરમેં માયામૃષાવાદ, | ૧૭. કપટ સહિત જૂઠું બોલવું. |
| [18]અઢારમેં મિથ્યાત્વશલ્ય, | ૧૮. કુદેવાદિ તત્ત્વોનો આગ્રહ (હઠાગ્રહ) રાખવો. |
| એ અઢાર પાપસ્થાનકમાંહિ, | આ અઢાર પાપસ્થાનોમાંથી મારા જીવે |
| મ્હારે જીવે જે કોઈ પાપ | જે કોઈપણ પાપ |
| સેવ્યું હોય સેવરાવ્યું હોય | આચરણ કર્યું હોય, બીજાઓથી આચરણ કરાવ્યું હોય, |
| સેવતાં પ્રત્યે અનુમોદ્યું હોય | આચરણ કરવાવાળાને સારા માન્યા હોય |
| તે સવિ હું મન, વચન, કાયાએ કરી | એ બધા પાપસ્થાનનું મન, વચન અને કાયાથી |
| મિચ્છામિ દુક્કડં । | મિચ્છામિ દુક્કડં આપું છું. |

**ચિત્ર-૧** આમાં બંને હાથ, ઘૂંટણા તેમજ મસ્તક આ પાંચ અંગો જમીનને સ્પર્શ થવા જોઈએ. તેમજ ૧૭ પ્રમાર્જના નીચે પ્રમાણે કરવા. વાંદણામાં પણ આ ૧૭ પ્રમાર્જનાનો ઉપયોગ કરવો.

| | |
|---|---|
| ઉભા-ઉભા પાછળ બંને પગના ઘૂંટણ તેમજ વચ્ચેના ભાગમાં | ૩ પ્રમાર્જના |
| આગળ બંને પગના ઘૂંટણ તેમજ વચ્ચેના ભાગમાં | ૩ પ્રમાર્જના |
| ખમાસમણામાં જ્યાં પગ, મસ્તક તેમજ હાથ રાખવાનો છે તેના આગળની ભૂમિ ઉપર | ૩ પ્રમાર્જના |
| બેઠા પછી બંને હાથે મુહપત્તિથી | ૨ પ્રમાર્જના |
| ચરવળા ઉપર જ્યા મસ્તક રાખવાનું હોય ત્યાં મુહપત્તિથી | ૩ પ્રમાર્જના |
| ઉભા થતા સમયે જ્યાં પગ રાખવાનો છે તે જગ્યાએ પાછળ | ૩ પ્રમાર્જના |
| **કુલ** | **૧૭ પ્રમાર્જના** |

**ચિત્ર-૨** ઈરિયાવહિયં વગેરે ઉભા-ઉભા જે સૂત્ર બોલાય છે, તે ઉભા-ઉભા યોગમુદ્રામાં બોલવા. સૂત્ર બોલતા સમયે મુહપત્તિનો ખુલ્લા ભાગ જમણી તરફ રાખવો તેમજ તેમાં કિનારી નીચે હોવી જોઈએ.

**ચિત્ર-૩** બંને હાથને કોણી સુધી મેળવીને પેટથી સ્પર્શ કરવી. તેમજ બંને હાથની આંગળીઓ એકબીજાના હાથમાં નાખવી. (બેઠા બેઠા યોગમુદ્રામાં)

**ચિત્ર-૪** **મુક્તાસુક્તિ મુદ્રા :** આ મુદ્રામાં બંને હથેળીને છીપ આકારની બનાવવી.

**ચિત્ર-૫** **કાઉસ્સગ્ગ મુદ્રા :** કાઉસ્સગ્ગ આ મુદ્રામાં કરવામાં આવે છે તથા કાઉસ્સગ્ગના સમયે ૧૭ દોષોનો ત્યાગ કરવો જોઈએ. જેમ કે આંગળી, હોઠ, જીભ, શરીર, આંખો, મસ્તક વગેરે નહીં હલાવવા તેમજ પગ તથા હાથને બરાબર મુદ્રાની અનુસાર રાખવા. બે પગના વચ્ચે આગળ ચાર આંગળ તેમજ પાછળ ચાર આંગળથી થોડી ઓછી જગ્યા છોડવી. કાઉસ્સગ્ગના સમયે ચરવળો ડાબા હાથમાં તેમજ મુહપત્તિ જમણા હાથની બે આંગળીઓમાં રાખવી. ચરવળાની ડાંડી આગળ દશી પાછળ રહેવી જોઈએ. મુહપત્તિનો ખોલેલો ભાગ પાછળ રહેવો જોઈએ.

**ચિત્ર ૬ થી ૧૧** સુધી ચિત્રની અનુસાર સમજો.

**ચિત્ર-૧૨** **વાંદણાની મુદ્રા :** નિમ્ન આવર્તોના ઉચ્ચારણ હેતુ ચિત્રમાં વર્ણીત અ ઈ ઉ ઊ મુદ્રાનો ઉપયોગ કરવો. અહો, કાર્યં, કાય, જત્તા ભે, જવણિ જ્જં ચ ભે.

| | |
|---|---|
| A-અ | B-હો |
| A-કા | B-યં |



મુદ્રાઓનું જ્ઞાન
ખમાસમણની મુદ્રા
ચિત્ર 1
A
શરૂઆત – અર્ધાવનત
B
પંચાંગ પ્રણિપાત
ચિત્ર 2
ઈરિયાવહિયં આદિ
ઊભા–ઊભા
જે સૂત્ર બોલાય છે
તે આ મુદ્રામાં
બોલાય છે.
ચિત્ર 3
બેઠા–બેઠા યોગ મુદ્રા ચૈત્યવંદન
નમુત્થુણં, ઉવસગ્ગહરં આદિ સૂત્ર
આ મુદ્રામાં બોલાય છે.
A
ચિત્ર 4
B
જાવંતિ ચેઈઆઈ,
જાવંત કેવિ. તથા
જયવીયરાયની
બે ગાથા
આ મુદ્રામાં બોલવી
મુક્તાસુક્તિ મુદ્રા (ભાઈઓ માટે)
મુક્તાસુક્તિ મુદ્રા (બહેનો માટે)
ચિત્ર 5
કાઉસ્સગ્ગ મુદ્રા
કાઉસ્સગ્ગ આ મુદ્રામાં
કરવાનુ હોય છે.

**અબ્ભુઠ્ઠિઓની મુદ્રા**



ચિત્ર 6

અબ્ભુઠ્ઠિઓ અને અઠ્ઠાઈજ્જેસુ
આ મુદ્રામાં બોલાય છે.


**શીર્ષ નમનપૂર્વક યોગમુદ્રા**



ચિત્ર 8

આ મુદ્રામાં
કરેમિ ભંતે.
અને આયરિય
ઉવજ્ઝાય
સૂત્ર બોલવુ

**વીરાસન મુદ્રા**



ચિત્ર 9

આ મુદ્રામાં
વંદિત્તુ સૂત્રની
૪૨ ગાથા
બોલાય છે.



ચિત્ર 7

પ્રતિક્રમણ સ્થાપના સૂત્ર
તથા સામાઈઅ વય જુત્તો સૂત્ર
આ મુદ્રામાં બોલાય છે.



ચિત્ર 10

**સ્થાપના મુદ્રા**

આ મુદ્રાથી ક્રિયા
શરૂ કર્યા પહેલા
સ્થાપનાજીની
સ્થાપના કરવી.



ચિત્ર 11

**ઉત્થાપના મુદ્રા**

આ મુદ્રાથી
ક્રિયા પછી
સ્થાપનાજીની
ઉત્થાપના કરવી.

| | | | |
|---|---|---|---|
| A-કા | B-ય | D-સંફાસં | |
| A-જ | C-ત્તા | B-ભે | |
| A-જ | C-વ | B-ણિજ્ | |
| A-જં | C-ચ | B-ભે | D-ખામેમિ |

આ મુદ્રાઓની સાથે આ સૂત્રને બોલતા સમયે ખમાસમણમાં બતાવેલી ૧૭ પ્રમાર્જનાનો યથા સમય ઉપયોગ કરવો તેમજ નીચેના ૨૫ આવશ્યકનું પણ ધ્યાન રાખવો.

૨૫ આવશ્યક -

**૨ અર્ધાવનત :** ઈચ્છામિ ખમાસમણો (વાંદણાની શરૂઆત) બંને હાથ જોડીને, અડધું માથું ઝૂકાવીને બોલવું.)

**૧૨ આવર્ત :** બંને વાંદણામાં અહો, કાયં, કાય તેમજ જત્તાભે, જવણિ, જજં ચ ભે બોલતા સમયે હાથને મુહપત્તિ ઉપર તેમજ મસ્તક ઉપર લગાવવામાં આવે છે. આને આવર્ત્ત કહે છે. બે વાંદણામાં કુલ ૧૨ આવર્ત્ત થયા.

**૪ શીર્ષનમન :** બંને વાંદણામાં સંફાસં તેમજ ખામેમિ બોલતા સમયે મસ્તક ગુરૂચરણને સ્પર્શ કરવા જોઈએ. બે વાંદણામાં કુલ ચાર શીર્ષનમન થયા.

**ત્રણ ગુપ્તિ :** મન, વચન અને કાયાની ગુપ્તિ રાખવી.

**બે પ્રવેશ :** બંને વાંદણામાં નિસીહી બોલતા એક પગલું આગળ આવવું. આ પ્રમાણે બે વાંદણાના ૨ પ્રવેશ થયા.

**એક નિષ્ક્રમણ :** પહેલા વાંદણામાં આવસ્સહિ બોલતા સમયે બહાર નીકળવું.

**એક યથાજાત મુદ્રા :** જન્મના સમયે બાળકની જેવી મુદ્રા રહે છે તેવી મુદ્રા કરવી. આ પ્રમાણે કુલ ૨૫ આવશ્યક છે.


## મુહપત્તિ પડિલેહણ કરવાની મુદ્રા

**મુહપત્તિના ૫૦ બોલ તેમજ તેના પડિલેહણના અનુસાર ચિત્ર સૂચન**

| બોલ | | વિધિ |
|---|---|---|
| ૧. સૂત્ર<br>અર્થ<br>તત્ત્વ કરી સદ્દહું | A | પ્રથમ પાસુ દેખતા<br>ઘુમાવીને બીજુ પાસુ દેખતા<br>પુનઃ ઘુમાવીને પ્રથમ પાસુ દેખતા |
| ૨. સમકિત મોહનીય<br>૩. મિશ્ર મોહનીય<br>૪. મિથ્યાત્વ મોહનીય પરિહરું | B | ડાબા હાથેથી ત્રણ વખત<br>ડાબુ પાસુ ખંખેરવું |

| | | |
|---|---|---|
| ૫. કામ રાગ<br>૬. સ્નેહ રાગ<br>૭. દૃષ્ટિ રાગ પરિહરું | B | જમણા હાથથી ત્રણ વાર જમણું પાસુ ખંખેરવું |
| ૮. સુદેવ<br>૯. સુગુરૂ<br>૧૦. સુધર્મ આદરું | C | ડાબો હાથ પર ઉપર લેતાં<br>(હાથને મુહપત્તિ સ્પર્શ ન કરે.) |
| ૧૧. કુદેવ<br>૧૨. કુગુરૂ<br>૧૩. કુધર્મ પરિહરું | C | ડાબો હાથ પર ઉપરથી નીચે લેતાં<br>હાથને સ્પર્શ કરતાં |
| ૧૪. જ્ઞાન<br>૧૫. દર્શન<br>૧૬. ચારિત્ર આદરૂં | C | ડાબો હાથ પર ઉપર લેતા<br>(હાથને મુહપત્તિ સ્પર્શ ન કરે) |
| ૧૭. જ્ઞાન વિરાધના<br>૧૮. દર્શન વિરાધના<br>૧૯. ચારિત્ર વિરાધના પરિહરું | C | ડાબો હાથ પર ઉપરથી નીચે<br>હાથને સ્પર્શ કરતાં |
| ૨૦. મન ગુપ્તિ<br>૨૧. વચન ગુપ્તિ<br>૨૨. કાય ગુપ્તિ આદરું | C | ડાબો હાથ પર ઉપર લેતા<br>(હાથને મુહપત્તિ સ્પર્શ ન કરે) |
| ૨૩. મનદંડ<br>૨૪. વચન દંડ<br>૨૫. કાય દંડ પરિહરુ | C | ડાબો હાથ પર ઉપરથી નીચે<br>હાથને સ્પર્શ કરતાં |
| ૨૬. હાસ્ય<br>૨૭. રતિ<br>૨૮. અરતિ પરિહરું | C | ડાબો હાથ ઉલટો કરીને ઉપરથી<br>નીચે ઉતારતા |
| ૨૯. ભય<br>30. શોક<br>૩૧. જુગુપ્સા પરિહરું | C | વધુટક ડાબા હાથમાં લઈ જમણાં હાથને<br>ઉલટો કરીને ઉપરથી નીચે ઉતારતા |

## વાંદણાની મુદ્રા




ચિત્ર 12

# મુંહપત્તિ પડિલેહણ કી મુદ્રા

ચિત્ર 13



A



B

જમણો
**Right**



C

ડાબો
**Left**



D



E

| | | |
|---|---|---|
| ૩૨. કૃષ્ણ લેશ્યા<br>૩૩. નીલ લેશ્યા<br>૩૪. કાપોત લેશ્યા પરિહરું | D | માત્ર પુરૂષોને માટે મસ્તક પર ત્રણ પ્રમાર્જના (વચ્ચે, ડાબે, જમણે) |
| ૩૫. રસ ગારવ<br>૩૬. ઋદ્ધિ ગારવ<br>૩૭. શાતા ગારવ પરિહરું | D | મુખ તેમજ એની બંને બાજુ મુહપત્તિને લઈ જવી. |
| ૩૮. માય શલ્ય<br>૩૯. નિયાણ શલ્ય<br>૪૦. મિથ્યાત્વ શલ્ય પરિહરું | D | માત્ર પુરૂષોને માટે હૃદય તેમજ તેની બંને તરફ પ્રમાર્જના |
| ૪૧. ક્રોધ<br>૪૨. માન પરિહરું | D | માત્ર પુરૂષોના માટે ડાબા ખભે પ્રમાર્જના |
| ૪૩. માયા<br>૪૪. લોભ પરિહરું | D | માત્ર પુરૂષોને માટે જમણા ખભે પ્રમાર્જના |
| ૪૫. પૃથ્વીકાય<br>૪૬. અપ્‌કાય<br>૪૭. તેઉકાયની રક્ષા કરું | E | જમણા પગ ઉપર ત્રણ વાર ચરવળાથી પ્રમાર્જના |
| ૪૮. વાઉકાય<br>૪૯. વનસ્પતિકાય<br>૫૦. ત્રસકાયની જયણા કરું | E | ડાબા પગ ઉપર ત્રણ વાર ચરવળાથી પ્રમાર્જના |

## જરા વિચારો ???

તમારા ઘરની છત ઉપર દાણા નાંખવામાં આવે તો ધ્યાનથી જોશો કે સૂર્યોદય થતાં પહેલા કોઈ પણ પક્ષી દાણા નહીં ખાય. મણ ભરીને દાણા પડ્યા હશે તો પણ સૂર્યાસ્ત પછી કોઈ પણ પક્ષી એક દાણો પણ મોઢામાં નહીં નાખે. આ પક્ષીઓને કોઈ ધર્મ-ગુરુ એ રાત્રી-ભોજન ત્યાગનો નિયમ નથી આપ્યો. સમજદારીનો ઠેકો લઈને ફરવાવાળા માનવોની પાસે પક્ષીયોં જેવી સીધી સાદી સમજ પણ નથી હોતી. આ ઘણા અફસોસની વાત છે.

નરકના નેશનલ હાઈવે કહેવાતા આ પાપને સમજદાર મનુષ્ય જલ્દી છોડી દે અન્યથા ગાડી ગેરેજથી નીકળીને તરત જ નેશનલ હાઈવે નં. ૧ પણ જતી રહેશે.

# કમ સે કમ મીની શ્રાવક તો બનિએ !

૧. રોજ ત્રિકાલ જિન-દર્શન પૂજા.
૨. નવકારશી, ચઉવિહારના પચ્ચક્ખાણ.
૩. ૧ પાકી નવકારવાળી.
૪. એક સામાયિકની આરાધના
૫. ઉભય કાલ પ્રતિક્રમણ.
૬. ગુરુવંદન, પ્રવચન શ્રવણ.
૭. ચૌદ નિયમ ધારણ કરવા.
૮. પર્વતિથિઓમાં એકાસણા-આયંબિલ.
૯. રોજ ૧૨ દ્રવ્યોથી અધિક ન ખાવા.
૧૦. સચિત્ત વસ્તુ વ કાચા પાણીનો ત્યાગ.
૧૧. તમાકુ, પાન-પરાગ, બીડી, સિગરેટ, શરાબ આદિનો ત્યાગ.
૧૨. સાત વ્યસનનો ત્યાગ.
૧૩. કંદમૂળ અને અભક્ષ્ય વસ્તુઓનો ત્યાગ.
૧૪. બહારના પદાર્થોનો ત્યાગ.
૧૫. ચતુર્દશીની પૌષધની આરાધના.
૧૬. ઉપધાન તપ વહન કરવું.
૧૭. શક્તિ અનુસાર સાત ક્ષેત્રોમાં તથા અનુકંપામાં ધન ખર્ચ કરવો.
૧૮. પ્રતિ વર્ષ તીર્થ યાત્રા કરવી.
૧૯. બે શાશ્વતી ઓળીની આરાધના.
૨૦. સાધર્મિકની ભક્તિ.
૨૧. સંયમ પ્રાપ્તિ માટે પ્રિય ચીજનો ત્યાગ.
૨૨. પ્રતિ વર્ષ આલોચના લેવી.
૨૩. માતા-પિતાની સેવા કરવી.
૨૪. ધર્મ સ્થાનોની વ્યવસ્થા સંભાળવી.




સ્થૂલિભદ્ર ચરિત્ર

# જૈન ઈતિહાસ

(મને વાંચીને તમે પણ મારી રાહ પર ચાલો)



રૂપસેન સુનંદા



નેમિકુમારનો વરઘોડો

# ત્રણ વસ્તુ યાદ રાખો

ત્રણ વસ્તુ કોઈની પણ રાહ નથી જોતી.

**સમય, મૃત્યુ, ગ્રાહક**

ત્રણ વસ્તુ ભાઈ-ભાઈને દુશ્મન બનાવે છે.

**જર, જોરૂ, જમીન**

ત્રણ વસ્તુ યાદ રાખવી જરૂરી છે.

**સચ્ચાઈ, કર્તવ્ય, મૌત**

ત્રણ વસ્તુ કોઈ બીજું ચોરી નથી શકતું.

**અક્કલ, ચરિત્ર, હુનર**

ત્રણ વસ્તુ નીકળીને પાછી નથી આવતી.

**તીર કમાનથી, વાત જીભથી, પ્રાણ શરીરમાંથી**

ત્રણ વસ્તુ જીવનમાં એક જ વાર મળે છે.


**માઁ, બાપ, જવાની**

ત્રણ વસ્તુ પર્દા યોગ્ય છે.

**ધન, સ્ત્રી, ભોજન**

આ ત્રણેયનું સન્માન કરો.

**માતા, પિતા, ગુરુ**



# નેમિનાથ પ્રભુનું ચરિત્ર

શ્રી નેમિનાથ પ્રભુ આ અવસર્પિણી કાળના ચોથા આરામાં બાવીશમાં તીર્થંકર થયા. જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં શૌરીપુર નગરમાં સમુદ્રવિજય રાજા રાજ્ય કરતા હતા. એમની પટરાણી શિવાદેવીની કુક્ષિમાં કાર્તક વદ બારસના દિવસે અપરાજિત નામના વિમાનથી દેવ આયુષ્ય પૂર્ણ કરીને નેમિનાથ પ્રભુનું ચ્યવન થયું. પરમાત્માના અતિશયથી માતાએ ચૌદ મહાસ્વપ્ન જોયા. શ્રાવણ સુદી પાંચમના દિવસે નવ મહિના અને સાત દિવસનો ગર્ભકાળ પૂર્ણ કરી ચિત્રા નક્ષત્રમાં ચન્દ્રમાનો યોગ હોવાથી એમણે પુત્રરત્નને જન્મ આપ્યો. દેવકૃત્ જન્માભિષેકના પછી માતા-પિતાએ મહોત્સવપૂર્વક પુત્રનો જન્મોત્સવ તથા નામકરણ કર્યું. શિવામાતાએ પંદરમાં સ્વપ્નમાં અરિષ્ટ રત્નથી બનેલ ચક્ર દેખ્યું હતું. માટે પુત્રનું નામ 'અરિષ્ટનેમિ' રાખવામાં આવ્યું.

**આયુધશાળામાં ગમન તથા કૃષ્ણની સાથે બળપરીક્ષા :**

અરિષ્ટનેમિ શ્રી કૃષ્ણના પિતરાઈ ભાઈ હતા. કાલાનુક્રમથી બાલ્યાવસ્થા પૂર્ણ કરીને અરિષ્ટનેમિ યુવાવસ્થાને પહોંચ્યા. એક દિવસ દંડનેમિ, દઢનેમિ, રથનેમિ અને અન્ય રાજકુમારોની સાથે અરિષ્ટનેમિ ક્રીડા કરવા માટે બહાર ગયા. ફરતાં ફરતાં તેઓ શ્રી કૃષ્ણની આયુધશાળામાં પહોંચ્યા. ત્યાં પહોંચીને એમણે શ્રી કૃષ્ણના ચક્ર, શંખ વગેરે આયુધોને જોયા. તેઓ એનો સ્પર્શ કરવા માટે આગળ વધી જ રહ્યા હતા, એટલામાં આયુધશાળાના રક્ષકે એમને પ્રણામ કરતાં કહ્યું કે, "રાજકુમાર ! અત્યારે તમે શ્રી કૃષ્ણના ભાઈ છો, પ્રબલ પરાક્રમી છો છતાં આપ હજુ સુધી બહુ જ નાના છો. આ અસ્ત્ર વગેરે ઉઠાવવું આપના માટે અસંભવ છે. ઉઠાવવું તો દૂર સ્પર્શ પણ અત્યંત મુશ્કેલ છે. આ બધા આયુધોને માત્ર શ્રી કૃષ્ણ જ ઉઠાવી શકે છે. તેમજ તેઓ જ આ બધાનો ઉપયોગ કરી શકે છે."

આ સાંભળીને અરિષ્ટનેમિ કુમારે સહજતાપૂર્વક શ્રી કૃષ્ણના ચક્રને ઉઠાવીને એને કુંભારના ચક્રની જેમ ઘુમાવ્યું. સારંગ ધનુષ્યને કમળની નાલની જેમ ઝૂકાવી દીધું. એમની ગદાને એક સામાન્ય લાકડીની જેમ ખભા ઉપર રાખ્યું. એટલું જ નહીં અંતમાં જયારે એમણે શ્રી કૃષ્ણનો પંચજન્ય શંખ ફૂંક્યો ત્યારે એના ગુંજનથી પૂરી પૃથ્વી કાંપવા લાગી. નગરના બધા લોકો બહેરા જેવા થઈ ગયા. અહીં સુધી કે શ્રી કૃષ્ણ તથા બલભદ્ર પણ ગભરાઈ ગયા. તેઓ વ્યાકુળ બનીને વિચારવા લાગ્યા કે "આ કોણ બલવાન છે, જેણે સંપૂર્ણ પૃથ્વીને કંપાવી દીધી ?" ત્યારે સૈનિકો દ્વારા બધી પરિસ્થિતિ જાણીને તે પણ આશ્ચર્યચકિત બની આયુધશાળામાં પહોંચ્યા. ત્યાં પહોંચીને એમણે અરિષ્ટનેમિની સાથે બળપરિક્ષા કરવાનો નિર્ણય લીધો. ક્ષત્રિયને યોગ્ય ખેલના રૂપમાં એકબીજાની બાજુ ઝૂકાવવાનો નિર્ણય કર્યો. સર્વપ્રથમ શ્રી કૃષ્ણએ પોતાની બાજુઓ લંબાવી, ત્યારે અરિષ્ટનેમિએ માત્ર એક આંગળીથી એમની બાહોને ઝૂકાવી દીધી. જયારે અરિષ્ટનેમિએ પોતાની બાહો લંબાવી, ત્યારે શ્રી કૃષ્ણ એને પકડીને વાંદરાની જેમ ઝૂલવા લાગ્યા. પરંતુ અથાગ પરિશ્રમ પછી પણ એમની બાહોને ઝૂકાવી ન શક્યા."

આ જોઈ કૃષ્ણ તથા બલભદ્રજી ચિંતાતુર થઈ ગયા. એમણે વિચાર્યું કે આ આપણાથી અધિક બલવાન છે. માટે તે આપણું સર્વ રાજ્ય લઈ લેશે. એટલામાં તો આકાશથી દેવવાણી થઈ કે "હે કૃષ્ણ ! તમે ચિંતા ન કરો. અતુલબલી હોવા છતાં પણ આ નેમિપ્રભુ બાલબ્રહ્મચારી છે. તથા બાવીશમાં તિર્થંકર છે. એમને તમારા રાજ્યની કોઈ આવશ્યકતા નથી. તેઓ તો વિવાહ કર્યા વગર જ સંસાર ત્યાગ કરીને દીક્ષાગ્રહણ કરશે. "આ વચન સાંભળીને આશ્વસ્ત બનેલા શ્રી કૃષ્ણ પોતાના ભાઈઓની સાથે મહેલમાં પાછા આવ્યા.

**પ્રભુનો વિવાહ :**

એક દિવસ યોગ્ય અવસર જોઈને અરિષ્ટનેમિના માતા-પિતાએ પુત્રની સમક્ષ વિવાહનો પ્રસ્તાવ રાખ્યો. ત્યારે નેમિકુમારે વિનય પૂર્વક એમની વાત ટાળી દીધી. એમના પ્રત્યુત્તર તથા એમના વિરક્ત જીવનને જોઈને સમુદ્ર વિજય તથા શિવાદેવી ચિંતાતુર થઈ ગયા. એમણે શ્રી કૃષ્ણને આ વિષયમાં વાત કરી. એમને આશ્વસ્ત કરીને શ્રી કૃષ્ણએ આ કામ પોતાની રાણીઓને સોપ્યું. શ્રી કૃષ્ણની રાણીઓ એક દિવસ અરિષ્ટનેમિને જળક્રીડા કરવા લઈ ગઈ. ત્યાં વાતોમાં ને વાતોમાં એમણે કુમારની સમક્ષ વિવાહ કરવાનો પ્રસ્તાવ રાખ્યો પરંતુ કુમારનો પ્રતિભાવ શૂન્ય રહ્યો. આ જોઈ રાણીઓએ નેમિકુમારને બહુ જ સમજાવ્યું, આટલું જ નહીં એમણે કેટલાય મહેણા પણ આપવામાં આવ્યા. બધી વાતો સાંભળીને કુમાર તો વિરક્ત જ હતા. પરંતુ એમને રાણીઓની વાતો ઉપર હસવું આવી ગયું. એમની હસીને એમની હામી સમજીને બધી રાણીઓ ખુશ થઈ ગઈ. આ સમાચાર એમણે શ્રી કૃષ્ણ, સમુદ્રવિજય તથા શિવાદેવીને પણ મોકલાવ્યા. બધાના હર્ષનો પાર ન રહ્યો.

રાજા ઉગ્રસેનની પુત્રી રાજીમતીને નેમિકુમાર માટે સર્વથા યોગ્ય જાણીને નેમિકુમારનો વિવાહ એમની સાથે નક્કી કરી દીધો. પોતાના સ્વજનોનો હર્ષ ભંગ ન થાય એટલા માટે નેમિકુમાર વૈરાગી હોવા છતાં પણ મૌન રહ્યા. બંને બાજુ વિવાહની તૈયારીઓ શરૂ થઈ ગઈ. વિવાહના શુભ દિવસે છપ્પન ક્રોડ યાદવ તથા બીજા પણ કરોડો મનુષ્યોની સાથે નેમિકુમારની જાન નીકળી. આ બાજુ રાજીમતી પણ પોતાની જાતને ભાગ્યશાળી માનવા લાગી. અચાનક એની જમણી આંખ અને ભુજા ફરકવા લાગી. કંઈ અનિષ્ટ હોવાની આશંકાથી એનું હૃદય ધડકવા લાગ્યું. જાન મહેલની નજીક પહોંચવાની જ હતી. એટલામાં નેમિકુમારની દૃષ્ટિ વાડામાં બાંધેલા, ભયથી વ્યાકુળ તથા કરૂણ રૂદન કરતા પશુઓ ઉપર પડી. એમણે સારથીને પૂછ્યું "હે સારથી ! આ પશુઓનો અહીં આવી રીતે કેમ બાંધીને રાખ્યા છે ?" પ્રત્યુત્તરમાં સારથીએ કહ્યું "સ્વામિ ! આપના વિવાહ પ્રસંગ ઉપર આવેલા અનેક રાજા મહારાજાઓના ભોજનાર્થે એમને અહીં બાંધવામાં આવ્યા છે."

આ સાંભળતાં જ નેમિકુમારનું હૃદય દ્રવિત થઈ ગયું. કરૂણાર્દ્ર પ્રભુએ વિચાર્યું કે "આટલા જીવોની હિંસા કરવાવાળા વિવાહને ધિક્કાર હો. નરકના દ્વાર રૂપી આ વિવાહ મારે નથી કરવા. જગતના બધા જીવ આવી રીતે બંધનમાં બંધાયેલા છે અને અંતમાં કર્મરાજાના શિકાર બનશે. પરંતુ મારે હવે આ બંધનોમાં નથી ફસવું." તેજ ક્ષણે બધા જ પશુઓને મુક્ત કરાવીને એમણે રથને પાછો વાળવાનો આદેશ આપ્યો. એમની આ ચેષ્ટા જોઈને બધાને અત્યંત આશ્ચર્ય થયું. શિવાદેવી, સમુદ્રવિજય, શ્રી કૃષ્ણ, ઉગ્રસેન સહિત બધા સ્વજનોએ એમને સમજાવવાની બહું જ કોશિશ કરી. પરંતુ નેમિકુમાર પોતાના નિર્ણય ઉપર અડગ રહ્યા. જાનને પાછી વળતી જોઈને રાજીમતી એજ ક્ષણે બેહોશ થઈ ગઈ. પરમ સુંદરી રાજીમતી જેવી યુવતીને લગ્ન કર્યા વગર જ ત્યાગ આપવો એ એમનો પ્રબલ આત્મબલ હતો. આ પ્રમાણે એક નાનકડા નિમિત્તથી એક પળનો વિલંબ કર્યા વિના બધા ભોગવિલાસોનો ત્યાગ કરી એ વિરક્ત બની ત્યાંથી ચાલી નીકળ્યા.

**નેમકુમારની દીક્ષા તથા કેવલજ્ઞાન :**

તોરણથી પાછા ફર્યા પછી નવ લોકાંતિક દેવોએ આવીને પરમાત્માને તીર્થ સ્થાપના કરવાની વિનંતી કરી. અવધિજ્ઞાનથી પોતાની દીક્ષાનો અવસર જાણીને નેમિકુમારે વર્ષીદાન દેવાનું શરૂ કર્યું. સાંવત્સરિક દાન પછી શ્રાવણ સુદ-છઠ્ઠને દિવસે 'ઉત્તર કુરા' નામની પાલખીમાં બેસીને અનેક દેવતાઓ અને મનુષ્યોની સાથે નેમિકુમાર રેવત ઉદ્યાનમાં પહોંચ્યા. ત્યાં અશોકવૃક્ષની નીચે પોતાના હાથે બધા જ અલંકારો ઉતારીને પંચમુષ્ટિ લોચ કર્યો. ચૌવિહાર છઠ્ઠ (બે ઉપવાસ) પૂર્વક ચિત્રા નક્ષત્રની સાથે ચંદ્રમાનો યોગ હતો ત્યારે માત્ર એક દેવદુષ્ય વસ્ત્ર ધારણ કરીને નેમિકુમારે એક હજાર પુરુષોની સાથે દીક્ષા ગ્રહણ કરી. એ સમયે પ્રભુને મનઃપર્યવ જ્ઞાન પ્રાપ્ત થયું.

ત્યારપછી ચોપન દિવસો સુધી છદ્મસ્થ અવસ્થામાં વિચરણ કરતાં ગિરનાર પર્વતના સહસ્રામ્ર વનમાં પધાર્યા. ત્યાં સર્વ ઘાતિ કર્મોનો ક્ષય કરીને આસો વદ અમાવસના દિવસે ક્ષપક-શ્રેણી ઉપર આરુઢ થઈને નેમિનાથ પ્રભુએ કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું. દેવોએ સમવસરણની રચના કરી. વનપાલકે શ્રી કૃષ્ણને વધામણી આપી. શ્રી કૃષ્ણ પોતાની પ્રજાની સાથે પ્રભુને વંદન કરવા આવ્યા. ત્યાં વરદત્ત પ્રમુખ બે હજાર રાજાઓએ દીક્ષા લીધી. આ રીતે પ્રભુએ તીર્થની સ્થાપના કરી.

**નેમિનાથ પ્રભુ તેમજ રાજીમતીના ૮ ભવ :**

આ બાજુ રાજીમતી પણ પ્રભુના વિયોગથી દુઃખી થઈને, વિલાપ કરતાં કરતાં પોતાનો સમય વ્યતીત કરવા લાગી. એક દિવસ શ્રી કૃષ્ણએ સમવસરણમાં પ્રભુને પ્રશ્ન પૂછ્યો, "સ્વામિ ! રાજીમતીને તમારા ઉપર આટલો મોહ કેમ છે ? ત્યારે પરમાત્માએ કહ્યું, 'હે કૃષ્ણ ! રાજીમતીનો મારી સાથે પાછલા આઠ ભવોનો સંબંધ છે. (૧) પહેલા ભવમાં હું ધન નામનો રાજા થયો ત્યારે તે મારી ધનવતી નામની રાણી હતી. (૨) બીજા ભવમાં અમે બંને પહેલા દેવલોકમાં ઉત્પન્ન થયા. (૩) ત્રીજા ભવમાં

હું દેવલોકથી ચ્યવન કરીને ચિત્રગતિ વિદ્યાધર થયો ત્યારે તે રત્નવતી નામે મારી સ્ત્રી થઈ. (૪) ચોથા ભવમાં અમે બંને ફરીથી ચોથા દેવલોકમાં ઉત્પન્ન થયા. (૫) ત્યાંથી ચ્યવીને પાંચમાં ભવમાં હું અપરાજિત રાજા થયો ત્યારે તે મારી પ્રિયમતી રાણી થઈ. (૬) છઠ્ઠા ભવમાં અમે બંને અગિયારમાં દેવલોકમાં ગયા. (૭) ત્યાંથી હું શંખ રાજા અને તે મારી સોમવતી રાણી બની. (૮) આઠમાં ભવમાં અમે બંને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા. (૯) ત્યાંથી ચ્યવીને હું નેમિ બન્યો અને તે રાજીમતી બની. આટલા ભવોની પ્રીતિને કારણે તેને મારી ઉપર આટલો મોહ છે. આ પ્રમાણે પ્રભુ દ્વારા નવ ભવોનું વર્ણન સાંભળીને શ્રી કૃષ્ણની શંકાનું સમાધાન થયું.

**રાજીમતીની દીક્ષા તથા રથનેમિને પ્રતિબોધ :**

નેમિકુમારના તોરણથી પાછા ફર્યા પછી રાજીમતી રાત-દિવસ એમના જ ચિંતનમાં ડૂબી રહેવા લાગી. એમણે પણ પોતાના પ્રાણનાથના માર્ગનું અનુકરણ કરવામાં જ શ્રેયસ્કર સમજાયું. નેમિનાથ પ્રભુનું જ્યારે ગિરનારમાં પદાર્પણ થયું. ત્યારે રાજીમતી સહિત કેટલીય રાજકુમારીઓ પણ સંયમ ગ્રહણ કર્યું. સાથે જ નેમિપ્રભુના સાંસારિક ભાઈ રથનેમિએ પણ સંયમ જીવન સ્વીકાર કર્યો.

એકવાર સાધ્વી રાજીમતી ગિરનાર પર્વત ઉપર ભગવાનને વંદન કરવા જઈ રહી હતી. એ સમયે રસ્તામાં વરસાદ થવા લાગ્યો. એથી રાજીમતીના બધા વસ્ત્રો ભીંજાઈ ગયા. વસ્ત્ર સૂકવવા માટે તે એક ગુફામાં ગઈ જ્યાં પહેલાથી જ રથનેમિ મુનિ કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા હતા. રાજીમતી આ વાતથી અનભિજ્ઞ હતી. ગુફામાં જઈને એણે પોતાના બધા વસ્ત્રો સૂકાવ્યા. રાજીમતીને નિર્વસ્ત્ર જોઈને રથનેમિનું મન ચલાયમાન થઈ ગયું. એણે કહ્યું કે, "રાજીમતી ! તું આ યુવાવસ્થામાં આટલો તપ-ત્યાગ કરીને વ્યર્થ પોતાની જ સુંદરતાને નષ્ટ કરી રહી છે. તું મારી સાથે લગ્ન કરી લે. આપણે બંને સુખપૂર્વક ભોગ-વિલાસ કરીશું." આ સાંભળતાંજ રાજીમતી વસ્ત્રોથી અંગોપાંગને ઢાંકીને ધીરજથી દૃઢતાપૂર્વક બોલી, "અરે રથનેમિ ! તમને ધિક્કાર છે કે તમે વમન કરેલી વસ્તુને ફરીથી ખાવાની ઈચ્છા રાખો છો. હું નેમિપ્રભુ દ્વારા ત્યજેલી છું અને મારી સાથે ભોગ કરવાની ઈચ્છાથી તમે વમિત પદાર્થને પુનઃ ખાવાની ઈચ્છાવાળા છો. અગંધન કુલના સર્પ તિર્યંચ હોવા છતાં પણ એક વાર છોડેલા વિષને પુનઃ ગ્રહણ કરતા નથી. માટે તમે તો તિર્યંચથી પણ નીચ બની ગયા છો. શ્રી નેમિપ્રભુના ભાઈ એવા તમારા માટે આ કુકાર્ય શોભનીય નથી. તમે પોતાના પાપોની આલોચના કરીને પુનઃ સંયમમાં સ્થિર બનો. નહીંતર દુર્ગતિમાં ગયા પછી ત્યાં તમને કોઈ બચાવવાવાળું નહીં હોય." આ પ્રમાણે વચનરૂપી અંકુશથી રથનેમિ મુનીના મનરૂપી હાથીને રાજીમતિએ સ્થિર કર્યો. ત્યાંથી રથનેમિએ પ્રભુની પાસે જઈને શુદ્ધ આલોચના કરી. અંતમાં શુદ્ધ ચારિત્ર-જીવનનું પાલન કરીને એમને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. રાજીમતીએ પણ સંયમજીવનમાં રહીને પોતાના બધા ઘાતિ તેમજ અઘાતિ કર્મોનો ક્ષય કરીને પ્રભુથી પહેલાં જ મોક્ષપદને પ્રાપ્ત કર્યું.

**પ્રભુનું નિર્વાણ :**

અનંત જીવોને પ્રતિબોધ કરતાં પરમાત્માએ સાતસો વર્ષ કેવલી પર્યાયમાં વ્યતીત કર્યા. અષાઢ સુદ આઠમના મધ્યરાત્રિમાં ચિત્રા નક્ષત્રની સાથે ચંદ્રયોગ હતો ત્યારે એક માસનું અનશન કરીને પોતાના અઘાતિ કર્મોનો ક્ષય કરીને ૫૫૬ સાધુઓની સાથે પદ્માસનમાં બેસીને સિદ્ધપદને પ્રાપ્ત કર્યું.

## કામ-વિજેતા સ્થૂલિભદ્ર

પાટલીપુત્રના અધિપતિ મહારાજા નંદના શકડાલ નામના મંત્રી હતા. રાજાની વફાદારી તથા રાજ્ય સુરક્ષાનો ભાવ એમના રોમે-રોમમાં વસ્યો હતો. એમને સ્થૂલિભદ્ર અને શ્રીયક નામના બે પુત્ર અને યક્ષા વગેરે સાત પુત્રિઓ હતી. સાતેય બહેનોનો ક્ષયોપશમ એટલો તીવ્ર હતો કે યક્ષા એકવાર જે સૂત્રાદિ શ્રવણ કરતી તે એને કંઠસ્થ થઈ જતો હતો. આ પ્રમાણે યક્ષદિન્ના બે વાર, ભૂતા ત્રણ વાર, ભૂતદિન્ના ચાર વાર, સેણા પાંચ વાર, વેણા છ વાર તેમજ રેણા કોઈપણ સૂત્રને સાત વાર સાંભળવાથી યાદ કરી લેતી હતી. શકડાલ મંત્રીનો આખો પરિવાર જૈનધર્મ તથા જિનેશ્વર દેવના પ્રતિ સમર્પિત હતો. ધર્મમય વાતાવરણની સાથે સાથે વ્યવહારિક શિક્ષણ ગ્રહણ કરતાં બધા ભાઈ-બહેન મોટા થયા.

મોટો પુત્ર સ્થૂલિભદ્ર પરમ વૈરાગી હતો. એમના જીવનને જોઈને એમના માતા-પિતાને ચિંતા થવા લાગી કે જો આનો વૈરાગ્ય આવો જ રહેશે તો આનો સંસાર કેવી રીતે ચાલશે ? માટે એમણે એના મનને પરિવર્તિત કરવાનું કાર્ય એના મિત્રોને સોંપ્યુ. પરંતુ એમને નિરાશા જ હાથ મળી. શરૂઆતમાં બધા મિત્ર એને સંસારના રંગરાગથી આકર્ષિત કરવાનો પ્રયાસ કરતા પરંતુ સ્થૂલિભદ્રનો પ્રતિભાવ તથા મિત્રોની દલીલો સમક્ષ એમના તર્ક એટલા સુંદર અને સચોટ હતા કે એમના બધા મિત્રો પણ વૈરાગી બની જતા. આ જોઈને એમના માતા-પિતા હતાશ બની ગયા. જ્યારે ઘી સીધી આંગળીથી ન નીકળે ત્યારે આંગળી વાંકી કરી લેવી જોઈએ એવું વિચારીને એમણે સ્થૂલિભદ્રને વિચલિત કરવાનું કાર્ય બુદ્ધિનિધાન ચાણક્યને સોંપ્યુ. ચાણક્યએ વિચાર્યું કે ભલેને સ્થૂલિભદ્ર બહુ ચતુર તથા પરમ વૈરાગી છે પરંતુ સાથે સાથે તે કલાપ્રિય પણ છે. સમાન રુચિ રાખવાવાળા લોકોનો તાલમેલ જલ્દી થાય છે. માટે એને વિચલિત કરવાને માટે એક એવો વ્યક્તિ જોઈએ જેનામાં અદ્ભુત કલા કૌશલ હોય. એ સમયે પાટલીપુત્રમાં આમ્રપાલીકા નૃત્યમાં પારંગત કોશા વેશ્યા પોતાની નૃત્યકલા તથા સૌંદર્યને કારણે સર્વત્ર પ્રસિદ્ધ હતી. ચાણક્યને તે યોગ્ય લાગી અને એકવાર અતિ આગ્રહ કરીને સ્થૂલિભદ્રને કોશા વેશ્યાને ત્યાં લઈ ગયો. પ્રથમ વખત જ કોશાના અપૂર્વ સૌંદર્યને જોઈને સ્થૂલિભદ્ર એની ઉપર મોહિત થઈ ગયા. નૃત્ય શરૂ થયું. સ્થૂલિભદ્રના હાવભાવ જોઈને તક સારી છે

એમ જાણીને ચાણક્યએ એના હાથમાં વીણા પકડાવી. બન્ને કલાઓનું અદ્‌ભુત મિલન થયું. એની સાથે સાથે બન્ને કલાકારો પણ પરસ્પર એકબીજાની કલાઓના પ્રત્યે આકર્ષિત થઈ ગયા. જોત જોતામાં જ એમનું આ આકર્ષણ રાગમાં ક્યારે પરિવર્તિત થઈ ગયું એમને ખબર જ ન પડી. ધીમે ધીમે કોશાના ઘરે જવાનો તેમનો નિયમ થઈ ગયો. તેમ કોશા પણ તેના ઉપર આસક્ત બની ગઈ હતી. એક દિવસ એવો આવ્યો કે જ્યારે રાગના અતિ ગાઢ સંબંધોમાં વશ બની સ્થૂલિભદ્ર પોતાના માતા-પિતા, ઘરબારને છોડીને કોશાને ત્યાં રહેવા લાગ્યા. એમના નાના ભાઈ શ્રીયકે એમને બહુ જ સમજાવવાની કોશિશ કરી પરંતુ પ્રેમ-પાશમાં જકડાયેલા સ્થૂલિભદ્રને આ શીખ કામ આવી નહીં.

આ બાજુ એકવાર રાજ્યસભામાં વરરુચિ નામના બ્રાહ્મણે નવા શ્લોક બનાવીને રાજાની સ્તુતિ કરી. રાજાની કાવ્યમય સ્તુતિ સાંભળીને આખી સભા વરરુચિની પ્રશંસા કરવા લાગી. પરંતુ મહામંત્રી શકડાલ મૌન રહ્યા. આ જોઈને રાજાએ બ્રાહ્મણને કોઈ ઈનામ આપ્યું નહીં. આ ક્રમ રોજે જ ચાલતો રહ્યો. પોતાની મહેનત ઉપર પાણી ફરતું જોઈને વરરુચી મંત્રીશ્વરની પત્ની લાછલદેવીને મળ્યા. એમને મીઠા વચનોથી ખુશ કરીને મંત્રીશ્વર દ્વારા રાજ્યસભામાં એમની પ્રશંસા કરાવવાનો આગ્રહ કર્યો. બીજા દિવસે પોતાની પત્નીના અતિ આગ્રહથી મંત્રીએ વરરુચિની પ્રશંસા કરી. રાજાએ એને ઈનામ આપીને સન્માનિત કર્યા. હવે તે પ્રતિદિવસ રાજાથી ઈનામ પ્રાપ્ત કરવા લાગ્યો. મિથ્યાત્વની અભિવૃદ્ધિની સાથે રાજભંડાર ખાલી થઈ જવાની આશંકાથી મંત્રી આ અનુચિત પ્રથાના અંતનો ઉપાય શોધવા લાગ્યા. એવામાં એમને પોતાની પુત્રિઓની સ્મરણશક્તિ ઉપયોગી લાગી. બીજા દિવસે પોતાની પુત્રીઓને સમજાવીને શકડાલમંત્રી રાજ્યસભામાં લઈ આવ્યા. જેવા વરરુચિએ આવીને શ્લોક સંભળાવ્યો ત્યારે શકડાલે એ બધા જ શ્લોકોને જૂના ઘોષિત કરી દીધા. ત્યારે વરરુચિએ એનું પ્રમાણ માંગ્યું. ત્યારે શકડાલે સભાની બહાર ઉભેલી પોતાની સાતેય પુત્રીઓને ક્રમશઃ બોલાવીને એમના મુખેથી એ જ શ્લોક બોલાવ્યા. આનાથી વરરુચિનું સન્માન માટીમાં મળી ગયું. આખી સભામાં અપમાનીત થઈને ત્યાંથી ચાલ્યો ગયો. પરંતુ ત્યારથી તે સતત શકડાલ મંત્રીથી બદલો લેવાનો તાગ જોતો રહ્યો.

થોડા દિવસો પછી શ્રીયકના વિવાહનો પ્રસંગ આવ્યો. શ્રીયક મહારાજા નંદના અંગરક્ષક હોવાને કારણે મહામંત્રીએ આ પ્રસંગે મહારાજાને હથિયાર વગેરે ભેંટ આપવાનો વિચાર કર્યો. માટે એમણે પોતાના ઘરે જ ગુપ્તરીતે શસ્ત્ર બનાવવાનો પ્રારંભ કર્યો. આ બાજુ મંત્રીશ્વરની કોઈ દાસી દ્વારા વરરુચિને આ સમાચાર મળ્યા. એમણે તકનો લાભ લેતા કેટલાક બાળકોને એક શ્લોક શીખવાડ્યો અને એમને રાજમહેલની આસપાસ આ શ્લોક ગણગણવાની શિક્ષા આપી.

એ હુ લેઉ નવિ જાણઈ જં શકડાલ કરેઈ,
રાય નંદુ મારવિઉ સિરિયઉ રજ્જિ ઠવેસહ ।
રાજા નન્દો ન જાનાતિ, શકડાલસ્ય દુર્મતિમ્,
હત્વૈનં નિજપુત્રાય રાજ્યમેતત્પ્રદિત્સતિ ॥

અર્થાત્ શકડાલની દુર્બુદ્ધિ, નંદરાજા નથી જાણતા. શકડાલ મંત્રી રાજાને મારીને શ્રીયકને રાજ્ય આપી દેશે.

રાજા નંદના કાન સુધી આ વાત પહોંચતા જ એમણે આની તપાસ કરાવી. ત્યારે શકડાલના ઘરે બની રહેલા શસ્ત્રોના વિશે એમને ખબર પડી. આનાથી રાજા મંત્રી ઉપર ક્રોધિત થઈ ગયા. એમણે શકડાલ મંત્રીના સંપૂર્ણ પરિવારને મારી નાખવાનો નિર્ણય લીધો. બીજા દિવસે શકડાલ મંત્રીએ રાજ્યસભામાં રાજાને પ્રણામ કર્યા ત્યારે રાજાએ મંત્રીથી મોંઢુ ફેરવી લીધું. અચાનક રાજાના બદલાયેલ વ્યવહારથી મંત્રી બધી પરિસ્થિતિ પામી ગયા. એમણે ઘરે જઈને બધી પરિસ્થિતિથી શ્રીયકને વાકેફ કરતાં કહ્યું કે "આખા પરિવારને નાશ થતો બચાવવાને માટે કાલે જ્યારે હું રાજાને પ્રણામ કરું ત્યારે તું તલવારથી મારું માથું કાપી દેજે." આ સાંભળતાં જ શ્રીયક ચોંકી ગયો. એને આ વાતનો અસ્વીકાર કર્યો. ઘણા સમય સુધી ચર્ચા-વિચારણા કરીને શકડાલ મંત્રીએ શ્રીયકને સમજાવતાં કહ્યું કે "આત્મબલિદાન વિના રાજાના કોપથી બચવું મુશ્કેલ છે અને આમ પણ તું મારી ઉપર તલવાર ચલાવે તે પહેલા જ હું મુખમાં ઝેર નાંખી દઈશ. માટે તને પિતૃહત્યાનું પાપ પણ નહીં લાગે." આ પ્રમાણે સમજાવીને શકડાલ મંત્રીએ શ્રીયકને આ કાર્ય કરવા માટે તૈયાર કરી દીધો. બીજા દિવસે શકડાલ મંત્રીએ જેવા જ રાજાને પ્રણામ કરવા માટે પોતાનું મસ્તક ઝુકાવ્યું તેવું જ શ્રીયકે એમની ઉપર તલવાર ચલાવી દીધી. મંત્રીશ્વરનું મસ્તક ધડથી અલગ થઈ ગયું. આ જોઈને તુરંત જ આખી રાજ્યસભામાં હાહાકાર મચી ગયો. રાજાએ શ્રીયકને આવું કામ કરવાનું કારણ પૂછ્યું ત્યારે શ્રીયક દ્વારા સત્ય ઘટના જાણીને રાજાના પશ્ચાતાપનો પાર નહીં રહ્યો. રાજાએ શ્રીયકને આશ્વસ્ત કરીને અંત્યેષ્ટિ ની ક્રિયા કરાવી.

થોડા દિવસો પછી જ્યારે પિતાની મૃત્યુનો શોક થોડો ઓછો થયો ત્યારે રાજાનંદે શ્રીયકની સમક્ષ મંત્રી મુદ્રા ગ્રહણ કરવાનો પ્રસ્તાવ રાખ્યો. શ્રીયકે વિનયપૂર્વક પોતાના જ્યેષ્ઠ ભ્રાતાને આ પદ આપવાનો આગ્રહ કર્યો. રાજાએ તરત જ કોશા વેશ્યાને ત્યાંથી સ્થૂલિભદ્રને બોલાવ્યા. બાર-બાર વરસ સુધી ઘરની તરફ વળીને પણ ન દેખવાવાળા, તથા પિતાની મૃત્યુથી અનભિજ્ઞ (અજાણ) સ્થૂલિભદ્રને જ્યારે સચ્ચાઈ બતાવી ત્યારે એમનું મન ખિન્ન થઈ ગયું.

મંત્રી મુદ્રા ગ્રહણ કરવાના વિષયમાં એમણે વિચાર કરીને જવાબ આપવાની આજ્ઞા માંગી. નજીકના બગીચામાં જઈને એમણે વિચાર્યું કે "હું વ્યર્થ કેમ આ રાજ્ય કાર્યભારના બંધનોમાં પડું? જો મેં મંત્રીમુદ્રા સ્વીકાર કરી લીધી તો હું મારી પ્રિયા કોશાને સમય નહીં આપી શકું." આ પ્રમાણે

કોશાનો વિચાર કરતા કરતા એમના વિચાર ચિંતનમાં પરિવર્તન થવા લાગ્યા. એમના આત્માથી અવાજ આવ્યો "પરંતુ કોશા પણ તો એક બંધન છે. એક એવું બંધન જેને મને પોતાના કુળ, જાતિ, પરિવારથી દૂર રાખ્યો. આ કેવો મોહ જેને મને પોતાના પિતાની મૃત્યુથી અનભિજ્ઞ રાખ્યો. આ બંધનમાં ફસાયા પછી હું ન તો મારા પિતાનો ચહેરો જોઈ શક્યો અને ન તો મારા પિતાને કામ આવ્યો. ન દુનિયા મને સમજી શકી અને ન તો હું મારો અનમોલ મનુષ્ય ભવ સાર્થક કરી શક્યો. મેં ઉચ્ચકુળમાં જન્મ લીધો પણ બાર વર્ષો સુધી વેશ્યાના ઘરમાં રહીને પોતાના કુળને કલંકિત કર્યું. રહી વાત મંત્રી પદ સ્વીકાર કરવાની, તો જેનાથી પિતાજીની અકાળે મૃત્યુ થઈ તેવી મંત્રી મુદ્રાથી શો લાભ ? આ પ્રમાણે ચિંતનની ધારા વધતી ગઈ અને એમના મન તથા આત્માની વચ્ચે સંઘર્ષ છેડાઈ ગયો. એમની સુષુપ્ત આત્મા જાગૃત થઈ.

એમણે નિર્ણય કર્યો કે રાજ્યપદ અને કોશા બંને જ બંધન છે. હવે મારે આ બંધનોમાં નથી બંધાવવું. એક ઝટકામાં બધા જ મોહપાશને છોડીને તત્ક્ષણ લોચ કરી લીધો. દેવપ્રદત્ત સાધુ વેશ પહેરીને રાજ્યસભામાં આવ્યા. એમના બદલાયેલા રૂપને જોઈને રાજા, શ્રીયક સહિત બધા સભાસદ આશ્ચર્યચકિત થઈ ગયા. બધાના મનમાં ઉઠેલી શંકાઓનું સમાધાન કરતાં મુનિ સ્થૂલિભદ્રજીએ કહ્યું "રાજન્ ! રાગ અને વૈરાગ્યના માનસિક યુદ્ધમાં વૈરાગ્યની જીત થઈ. મને બંનેમાંથી આ જ માર્ગ ઉચિત લાગ્યો." આટલું કહીને એમણે રાજાને પોતાનું ચિંતન બતાવ્યું. રાજાએ પોતાની જીજ્ઞાસા પ્રગટ કરતાં એમને પૂછ્યું "માન્યું કે રાજ્યપદ તથા નારી એ બંધન છે પરંતુ શું સાધુ જીવનમાં બંધન ઓછું છે ? સાધુત્વ સ્વીકાર્યા પછી તો કેટલીય મર્યાદાઓનું પાલન કરવું પડે છે. તો તમે આ બંધનોને સ્વીકારવાને માટે કેવી રીતે તૈયાર થઈ ગયા ?

**મુનિ સ્થૂલિભદ્રએ કહ્યું** - માન્યું કે સાધુજીવન પણ એક બંધન છે. સાધુ બનીને શરીર, ઈન્દ્રિય અને મનની પ્રવૃત્તિઓ પર તાળુ લાગી જાય છે. પરંતુ ભવિષ્યમાં આ જ બંધનોથી કર્મોને તોડીને આત્મા સાદિ અનંત કાળને માટે સ્વતંત્ર બની જાય છે. શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે. એનાથી વિપરીત નારી અને રાજ્યપદ રૂપી બંધનથી તો આ આત્મા ભવિષ્યમાં નરકના અને વધારેય દુ:ખદાયી બંધનોમાં બંધાઈ જાય છે. બંધન બંનેમાં છે જ પરંતુ સાધુત્વના બંધનોથી આત્મા ભવાંતરમાં સુખી થાય છે અને સાંસારિક બંધનોથી આત્મા દુર્ગતિનો શિકાર બને છે. તો હવે તમે જ બતાવો કયુ બંધન સ્વીકારવામાં ચતુરાઈ છે ? આ સાંભળીને રાજા નિરૂત્તર થઈ ગયા. 'ધર્મલાભ' ના આશિષ આપીને મુનિ સ્થૂલિભદ્ર ત્યાંથી નીકળીને ત્યાં બિરાજીત ચતુર્દશ પૂર્વધારી મુનિ સંભૂતિવિજયજીની પાસે ગયા. રાજા સહિત બધા લોકોને લાગ્યું કે કોશાના ચંગુલમાં ફસાયા પછી નીકળવું બહું જ મુશ્કેલ છે. માટે આ સ્થૂલિભદ્રનો વૈરાગ્ય કાચો છે કે પાક્કો તે જાણવા માટે રાજાએ એમની પાછળ એક ગુપ્તચર મોકલ્યો. ગુપ્તચર દ્વારા સ્થૂલિભદ્રજીના આચાર્યજીની પાસે જવાના સમાચાર જાણીને શ્રીયકને મંત્રીપદ પ્રદાન કર્યું. યક્ષા, યક્ષદિન્ના વગેરે સાતેય બહેનોએ પણ દીક્ષા અંગીકાર કરી.

આ પ્રમાણે સંસારના સુખ ભોગમાં ગળા સુધી ડૂબેલા સ્થૂલિભદ્રજીનું હૃદય એક ઝટકામાં સંસારથી ઉદાસીન અને વિરક્ત થઈને સાધનાના માર્ગ પર વધવાને માટે ઉતાવળું થઈ ગયું. એમણે મુનિ સંભૂતિવિજયજીની પાસે પુનઃ વિધિથી દીક્ષા ગ્રહણ કરી. રાગ અને મોહના સંસ્કારોને છિન્ન-ભિન્ન કરવા માટે એમણે જ્ઞાનાર્જનનો માર્ગ અપનાવ્યો. અલ્પ સમયમાં ગુરૂચરણોમાં રહીને એકાદશ અંગસૂત્રનું અધ્યયન કર્યું. એની સાથે સાથે તેઓ જ્ઞાનની ઉંચી સાધનામાં પણ સંલગ્ન રહેવા લાગ્યા. આ પ્રમાણે પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવાને માટે સતત પ્રયાસ કરતાં દીક્ષા પર્યાયને બાર વર્ષો વીતી ગયા. આ દરમ્યાન એમણે એવી પ્રચંડ સાધના સાધી લીધી હતી કે ત્રણ ભુવનમાં કોઈની પણ તાકાત નહોતી કે એમના શીલવ્રતને ખંડિત કરી શકે. એક દિવસ વર્ષાઋતુમાં ત્રણ મુનિભગવંતોએ ગુરૂદેવશ્રી સંભૂતિવિજયજીની પાસે ક્રમશઃ સિંહની ગુફા પાસે, સાઁપના દરની પાસે તથા કૂવાની પાળી ઉપર ચાતુર્માસ કરવાની આજ્ઞા માંગી. મુનિ સ્થૂલિભદ્રજીએ પણ પોતાની દીર્ઘકાલીન સાધનાની પરીક્ષા હેતુ કોશા વેશ્યાના ઘરે ચાતુર્માસ કરવાની આજ્ઞા માંગી. ગુરૂદેવે આશીર્વાદપૂર્વક બધાને આજ્ઞા પ્રદાન કરી. ચારેય પોતાના ગંતવ્ય સ્થાને પહોંચ્યા. પ્રથમ બંને મુનિવરના તપ-જપના પ્રભાવથી સિંહ અને સાઁપ પણ શાન્ત થઈ ગયા. કૂવા પર ચાતુર્માસ કરવાવાળા મુનિની અપ્રમત્તતાથી ત્યાં પાણી ભરવાવાળી પણિહારીઓ પણ પ્રભાવિત થઈ ગઈ.

અહીં મુનિ સ્થૂલિભદ્રને પોતાના આંગણામાં આવતા જોઈને કોશા પ્રમુદિત થઈ ગઈ. તથા મુનિવરની પાસે આવી. સ્થૂલિભદ્રજીએ એની ચિત્રશાળામાં ચાતુર્માસ કરવા માટે આજ્ઞા માંગી. આ સમયે કોશાએ કહ્યું "પોતાના જ ઘરમાં આજ્ઞા કેવી સ્વામી ? મુનિએ સાધુ મર્યાદા બતાવતાં કહ્યું કે "કોશા, હું જૈન મુનિ છું. અમારૂં કોઈ ઘર નથી હોતું. આજ્ઞા વગર અમે ક્યાંય રહી શકતા નથી." આ સાંભળી કોશાએ મુનિને આજ્ઞા આપી ચાતુર્માસ પ્રારંભ થયો. કોશાને લાગ્યું કે સ્થૂલિભદ્ર પોતે જ પીગળી જશે. પરંતુ જ્યારે કોશાને લાગ્યું કે મુનિ તો વૈરાગ્યમાં સ્થિર છે ત્યારથી કોશા રોજ નવા શ્રૃંગાર દ્વારા સજી-ધજીને આવવા લાગી. મુનિને કામોત્તેજક ગુટિકાથી નિર્મિત ષડ્રસ આહાર વહોરાવવા લાગી. હાવ-ભાવ, નૃત્યાદિ થવા લાગ્યા. કોશા હંમેશા મુનિને જૂની વાતો યાદ કરાવવા લાગી પરંતુ મુનિ સદૈવ મૌનમાં રહ્યા. કોશાને જે કરવું હતું તે કરવા દીધું. કોશા પણ મુનિને ચલિત કરવા માટે રાત-દિવસ મહેનત કરવા લાગી. પરંતુ અપૂર્વ સુંદરી હોવા છતાં પણ કામવિજેતા મુનિને ચલાયમાન ન કરી શકી. થોડા જ દિવસોમાં એની આશા નિરાશામાં બદલવા લાગી. પરંતુ સાથે જ તે મુનિની નિર્વિકારીતાથી પણ પ્રભાવિત થઈ ગઈ. ત્યારપછી એક દિવસ મર્યાદિત તેમજ સાદા વસ્ત્ર ધારણ કરીને એક સામાન્ય સ્ત્રીની જેમ થોડો ધર્મ પામવાની ભાવનાથી મુનિ સ્થૂલિભદ્રની સામે આવીને બેસી ગઈ.

લોઢું ગરમ થઈ ગયું છે હવે ઘા મારવામાં વાર કરવી જોઈએ નહીં. એમ જાણીને મુનિ સ્થૂલિભદ્રએ કહ્યું "કોશા હું બાર વર્ષો સુધી તારી પાસે રહ્યો. તેં અને મેં શું મેળવ્યું ? આની ઉપર ચિંતન કર. અણમોલ એવો માનવ જન્મ મળ્યો પરંતુ શરીરના સુખોમાં, નીચ કાર્યોમાં આયુષ્યના વર્ષો-વર્ષ વ્યતીત કરી દીધા. ખોયું કેટલું ? મેળવ્યું કેટલું ? શું આ કાયા અમર છે ? શું સુખોપભોગથી તૃપ્તિ થાય છે ? તેં ૧૨ વર્ષો સુધી મારી સાથે સુખોપભોગ કર્યો ? શું તને તૃપ્તિ થઈ ? શું અહીંથી નરકાદિ દુર્ગતિઓમાં ભ્રમણ કરવા જવું છે ? પડવું છે કે ઉપર ઉઠવું છે ? સુખ દુઃખની વાસ્તવિક વ્યાખ્યાને સમજો.

કોશા વિચારાધીન થઈ ગઈ. એને મુનિના એક એક વાક્યમાં સત્યતાનો અનુભવ થવા લાગ્યો. એની આત્મા ઉપરથી આસક્તિના પડદા ધીરે ધીરે હટવા લાગ્યા. થોડા સમય પછી એણે કહ્યું કે "હે મહાયોગી ! મારા અપરાધોને ક્ષમા કરો. આપના પવિત્ર પરમાણુએ મારા વિકારોને શાંત કરી દીધા છે. આપની નિર્વિકારિતાની સામે હું હારી ગઈ." મુનિવરે એને આશ્વસ્ત કરતાં કહ્યું કે "કોશા તું હારી નહીં જીતી ગઈ છે. તું જ નહીં આપણે બંને જીતી ગયા છીએ. કામવિજયની અગ્નિ પરીક્ષામાં હું પણ નિશ્ચલ રહ્યો અને સાથે જ તારૂં ચિંતન પણ હવે નિર્મલ અને વિકારમુક્ત થવા લાગ્યું છે. આ જ તો હું ઈચ્છતો હતો." ત્યારે કોશાએ કહ્યું કે "કૃપાનાથ ! હવે તો મને આપના ચરણોમાં લઈને ધર્મનું જ્ઞાન પ્રદાન કરો." મુનિ સ્થૂલિભદ્રજીએ કહ્યું "હે કલ્યાણી ! બધાના શરણદાતા અરિહંત વીતરાગ પ્રભુ છે. એમના ચરણ-શરણથી તમારું કલ્યાણ થશે." મુનિ સ્થૂલિભદ્રએ કોશાને શ્રાવક ધર્મનું તત્ત્વ સમજાવ્યું. થોડાક જ દિવસોમાં તે શ્રમણોપાસિકા બની ગઈ તથા બાકીનું ચાતુર્માસ તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરવામાં પૂર્ણ કર્યું.

ચાતુર્માસ પૂર્ણ થતાં જ સિંહ ગુફાવાસી વગેરે ત્રણેય મુનિ પોતાના ગુરૂદેવની પાસે આવ્યા. મુનિ સંભૂતિવિજયે ત્રણેયને દુષ્કર કહીને સ્વાગત કર્યું પરંતુ જેવા મુનિ સ્થૂલિભદ્ર આવ્યા ત્યારે ગુરૂદેવશ્રીએ "દુષ્કર મહા દુષ્કર" એમ કહેતાં સાત ડગલાં આગળ આવીને એમનું સ્વાગત કર્યું. આ જોઈને સ્થૂલિભદ્ર મંત્રી પુત્ર છે, માટે ગુરૂદેવના હૃદયમાં પક્ષપાત છે. એમ વિચારીને અન્ય મુનિ એમની ઈર્ષ્યા કરવા લાગ્યા. આઠ મહિના પછી સિંહગુફાવાસી મુનિ સ્થૂલિભદ્ર મુનિ સાથે સ્પર્ધા કરવા માટે કોશાની ચિત્રશાળામાં ચાતુર્માસ કરવા માટે પોતાના ગુરુદેવ પાસે આજ્ઞા માંગવા આવ્યા. ગુરૂદેવ શ્રી સમજી ગયા કે ઈર્ષ્યાવશ થઈને આ આજ્ઞા માંગી રહ્યા છે. એમણે મુનિને બહુ સમજાવ્યું. પરંતુ ગુરૂ આજ્ઞાની અવહેલના કરીને તે કોશા વેશ્યાને ત્યાં ચાતુર્માસ કરવા ચાલ્યા ગયા.

તે ગયા તો હતા સ્થૂલિભદ્ર મુનિની સાથે સ્પર્ધા કરવા પરંતુ કોશાનું અપૂર્વ સૌંદર્ય દેખતાં જ એમની મનોવૃત્તિ ચંચલ થઈ ગઈ. પથભ્રષ્ટ બનેલા મુનિએ કોશા પાસે ભોગની યાચના કરી. કોશાએ પદભ્રષ્ટ મુનિને સાચા માર્ગે લાવવા માટે એમને દેહના બદલે દ્રવ્ય માંગ્યું. જ્યારે મુનિએ દ્રવ્ય પ્રાપ્તિનો ઉપાય પૂછ્યો ત્યારે કોશાએ નેપાળના મહારાજા પાસેથી રત્નકંબલ લઈ આવવાનો માર્ગ બતાવ્યો. બહુ કઠિનાઈથી રત્નકંબલ લાવીને એમણે ખુશીથી કોશાને સોંપ્યું.

કોશાએ કંબલના ટુકડા કરી એનાથી પગ લૂંછીને નાળામાં ફેંકી દીધો. પોતાની મહેનતનું આવું ફળ જોઈને મુનિ ક્રોધિત થઈ ઉઠ્યા તથા એમણે કહ્યું "હે સુંદરી ! આટલી મહેનતથી હું આ કંબલ લાવ્યો હતો. તેં એને આ રીતે નાળામાં કેમ ફેંકી દીધો ? ત્યારે ઉચિત તક જોઈને કોશાએ પહેલેથી જ દાસીઓ દ્વારા મંગાવેલા કેટલાય રત્નકંબલ મુનિની સામે ફેંકતા કહ્યું "જુઓ મુનિવર ! આવા તો કેટલાય રત્નકંબલ મારી પાસે છે. પરંતુ તમારી પાસે જે ચારિત્રરૂપી શ્રેષ્ઠ રત્ન છે, એ તો દેવોને પણ દુર્લભ છે. આ રત્નકંબલ તો ધોવાથી પણ સ્વચ્છ થઈ જશે. પરંતુ ચારિત્રરૂપી રત્ન પ્રાપ્ત કર્યા પછી જો આપ પોતાની આત્માને વાસનાની ગંદી નાળીમાં ફેંકી દેશો તો આપની આત્માને આ ભવમાં તો શું ભવાંતરમાં પણ સાફ કરવું મુશ્કેલ થશે. આપ વ્યર્થ જ આ નશ્વર કાયાના ચંગુલમાં ફસાઈને દુર્ગતિની પરંપરાથી બંધાઈ રહ્યા છો. મુનિવર હજુ પણ સમય છે સુધરી જાઓ."

કોશાના સદુપદેશ ભરેલ વચનને સાંભળીને મુનિવરની આત્મા જાગૃત થઈ ગઈ. પશ્ચાતાપની આગમાં જલતા મુનિએ કોશાની પાસે માફી માંગી. ત્યાંથી ગુરૂદેવની પાસે જઈને આલોચના લીધી તેમજ સ્થૂલિભદ્ર મુનિ પાસે ક્ષમાયાચના કરી. સર્વ સાધુઓની સમક્ષ એમણે કહ્યું "સર્વ સાધુઓમાં એક સ્થૂલિભદ્ર જ અતિ દુષ્કર કાર્ય કરવા વાળા છે. એવું જો ગુરૂદેવે કહ્યું હતું તે યોગ્ય જ હતું. સ્ત્રીવિલાસના રસને જાણીને જે એનાથી વિરક્ત બન્યા તે વાસ્તવમાં મહાન છે. એવા કામવિજેતા મુનિને હું વંદન કરું છું. ધન્ય છે આવા નિર્વિકારી મહાપુરૂષને."

અન્ય બધા સહવર્તી સાધુ પણ આવી ગયા ત્યારે સિંહગુફાવાસી મુનિવરે સ્થૂલિભદ્ર મુનિને કહ્યું "સાચ્ચે જ આપની મનોભૂમિકાને, આપની દૃઢતાને ધન્યવાદ છે. કેમ કે ભૂતકાળમાં જે સ્ત્રી સાથે આપના સંબંધ એટલા ગાઢ હતા કે જેમના ત્યાં આપ બાર વર્ષો સુધી રહ્યા. એના વિચાર માત્રને પણ એક ઝટકામાં હટાવી દેવા, આ બહુ મોટી આધ્યાત્મિક સિદ્ધિ છે. પરંતુ મને એ સમજમાં નહીં આવ્યું કે તમે કોશાને ત્યાં ચાતુર્માસ કરવાની આજ્ઞા કેમ માંગી ? શું એ સમયે તમને એની યાદ આવી રહી હતી ?"

**સ્થૂલિભદ્ર મુનિ :** કોશાની યાદથી પ્રેરિત થઈને મેં આવું નથી કર્યું. કોશાને ત્યાં ચાતુર્માસની અનુજ્ઞા માંગવા માટે કેટલાય કારણો હતા.

**સિંહ ગુફાવાસી મુનિ :** એ કારણ કયા હતા ? શું તમે અમને બતાવવાની કૃપા કરશો ?

**સ્થૂલિભદ્ર મુનિ :** તમે બધા પોત-પોતાની કઠોર સાધનાની સિદ્ધિ માટે પોતાની પરીક્ષા કરવા માંગતા હતા. તમે અહિંસાની સાધનાને સિદ્ધ કરવાને માટે સિંહની ગુફાની પાસે ચાતુર્માસ વિતાવવાની અનુજ્ઞા માંગી. આ મહાત્માએ ક્રોધવિજય, ક્ષમાભાવની સિદ્ધિ હેતુ ભયાનક ઝેરીલા સાઁપના દરની પાસે ઉભા રહીને ચાર માસ આરાધના કરવાની અનુમતી માંગી અને આમણે પોતાના અપ્રમત્તભાવની પરાકાષ્ઠાને મેળવવાને માટે કૂવાની દિવાલ ઉપર ઉભા ઉભા કાયોત્સર્ગકરીને ચાતુર્માસ કરવાની આજ્ઞા માંગી. ત્યારે મને લાગ્યું કે કેમ હું પણ પોતાના બ્રહ્મચર્યની સાધનાને ઉત્કૃષ્ટતમ બનાવવા માટે મારી પરીક્ષા ન કરું અને આપ જ બતાવો આ માટે મેં જે સ્થાન પસંદ કર્યું એનાથી ઉત્તમ સ્થાન બીજુ કયું હોઈ શકે છે ?

**અન્ય સહવર્તી મુનિ :** તમે એકદમ સાચું ફરમાવ્યું. સ્થાનના વિષયમાં તમારો નિર્ણય સાચો હતો પણ અમે એ જાણવા માંગીએ છીએ કે કોશાને ત્યાં ચાતુર્માસ કરવાનું શું આ એક જ કારણ હતું કે બીજું પણ કોઈ કારણ હતું ? જો અન્ય કારણ હતું તો શું આપ અમને તે બતાવશો ?

**સ્થૂલિભદ્ર મુનિ :** હાં, બીજું પણ એક કારણ હતું જેના માટે મેં આ પગલું ભર્યું. બીજું કારણ એ હતું કે આટલા વર્ષો સુધી અમે વાસનાની નાળીમાં ડૂબેલા હતા. સાધુ બનીને હું તો બહાર આવી ગયો. પરંતુ હવે મને કોશાને પણ બહાર નિકાળવાનું ઉચિત લાગ્યું હતું. નહીંતર હું એનો વિશ્વાસઘાતી કહેવાત. આના સિવાય જ્યારે મેં એનો મહેલ છોડ્યો હતો ત્યારે મેં એને વાયદો આપ્યો હતો કે હું પાછો આવીશ. મારે તે વાયદો પણ નિભાવવો હતો. કેટલાય લોકોની ધારણા હતી કે રાજા અને મંત્રીપદથી બચવાને માટે મેં દીક્ષા લીધી છે. જ્યારે કોશા નજરની સામે આવશે ત્યારે મારો બધો વૈરાગ્ય ચોપટ થઈ જશે અને હું પાછો કોશાના રંગ-રાગમાં ડૂબી જઈશ. આ ખોટી માન્યતાને દૂર કરવી પણ આવશ્યક હતી. મારે બધાને પ્રેરણા આપવી હતી કે માનવી ઈચ્છે તો પોતાના ગમે તેવાય પણ દોષ અને વાસનાથી મુક્ત થઈ શકે છે. જે નિમિત્તને મેળવીને એક વ્યક્તિ બીજાઓની નજરોની સામે નીચો પડી જાય છે તે વ્યક્તિ જો પુરૂષાર્થ કરે તો એજ નિમિત્ત ઉપર નિયંત્રણ મેળવીને ઉંચો પણ થઈ શકે છે. મારે સકલ વિશ્વની સામે આ વાત સિદ્ધ કરવી હતી. માટે મેં કોશાને ત્યાં ચાતુર્માસ કરવાની આજ્ઞા માંગી.

**સર્પદર વાસી મુનિ :** કોશાને ત્યાં ચાતુર્માસ કરવાની પાછળ તમે જે કારણ, જે હેતુ બતાવ્યા. આપ સાચ્ચે એમાં ખરા ઉતર્યા. પરંતુ હવે હું તમને એક વ્યક્તિગત પ્રશ્ન પૂંછવા માંગુ છું. બાહ્ય દૃષ્ટિથી દેખવામાં આવે તો આપ ભલે જ જીતી ગયા પરંતુ અંતર મનથી પણ શું આપ એટલા જ દૃઢ રહ્યા ? શું પૂરા ચાતુર્માસ દરમ્યાન આપના મનમાં એકવાર પણ વાસનાના કે એવા કોઈ પણ બીજા વિચાર નથી આવ્યા ?

**સ્થૂલિભદ્ર મુનિ :** અહંકાર વગર પૂરી વાસ્તવિકતા કહું તો મારા મનમાં એક વાર પણ આવો કોઈ વિચાર નથી આવ્યો. આને દેવગુરૂની કૃપાનો ચમત્કાર જ કહી શકો છો નહીંતર મારામાં આવી તાકાત ક્યાં કે હું મારા મનને નિયંત્રિત કરી શકું.

**સિંહ ગુફાવાસી મુનિ :** ધન્ય છે આપને ! મારું મન તો કોશાને પહેલી નજરે જોતાં જ ચંચલ થઈ ગયું હતું. ન તો એના હાથનું બનેલું ભોજન મેં ખાધુ હતું અને ન એને નૃત્યાદિ કરતાં દેખી. પરંતુ માત્ર એક દષ્ટિપાતથી જ મારા મનમાં વિકારી ભાવનાઓનું આગમન થઈ ગયું હતું. સાજ શ્રૃંગારથી સજેલી, નૃત્ય આદિ કલાઓને કરતી આવી રૂપસુંદરી કોશાને સતત આંખોની સમક્ષ દેખીને આપ દઢ રહ્યા એ અતિ દુર્લભ છે. હું એ જાણવા માગું છું કે ષડ્રસ ભોજન કરીને તથા નૃત્યાદિ દેખીને પણ આપ નિર્લેપ કેવી રીતે રહી શક્યા ? જ્યારે કોશા આવતી હતી ત્યારે નિર્વિકારી રહેવાને માટે આપ શું આપની આંખો બંધ કરીને બેસતા હતા ? આપ એવું ચિંતન કેમ કરતા હતા, કે આપને આપના લક્ષ્ય પર મજબૂત રહેવાની શક્તિ આપતું હતુ ?

**સ્થૂલિભદ્ર મુનિ :** આગમગત જિનવાણીના અધ્યયનથી અને પૂજ્ય ગુરૂ ભગવંતની શુશ્રૂષા આ બંનેના પ્રભાવથી મેં એવા અનેક વિચારોનો (ચિંતન) સહારો લીધો. જેના બળે હું કોલસાની ખાણમાં જઈને પણ કાળા ધબ્બા વિના બહાર નીકળી શક્યો. એ ચિંતન આ પ્રમાણે છે.

૧. એક વાર અબ્રહ્મના સેવનથી બે થી નવ લાખ પંચેન્દ્રિય જીવોની હિંસા થાય છે. અન્ય કૃમિ વગેરેની ગણતરી તો અલગ રહી. આવી જિનવાણી છે. માટે મારે સાવધાન રહેવાનું છે.

૨. મને ગુરૂ મહારાજ નજરની સામે દેખાય છે. એમણે મારા ઉપર દઢ વિશ્વાસ રાખીને સાધુને માટે બિલ્કુલ અનુચિત સ્થાને ચાતુર્માસ કરવાની આજ્ઞા આપી. હવે મારે એમના વિશ્વાસને અવિચલિત રાખવાનો છે.

૩. મારી માઁનો ચહેરો સામે આવી જતો. તે મને કહેતી હતી કે મારી આ કુક્ષિ રત્નકુક્ષિના રૂપે પ્રસિદ્ધ બને કે કોલસા કુક્ષિના રૂપે નિંદનીય બને, આ તારી ઉપર નિર્ભર કરે છે.

૪. કોશાના ચહેરામાં મને કોશા નહીં મારી માઁ દેખાતી હતી. અને જ્યાં માઁનો ચહેરો હોય, માઁનું નામ હોય, ત્યાં કામ કેવી રીતે રહી શકે છે ?

૫. જાણે કે મને મારા સ્વર્ગસ્થ પિતાજી કાનમાં કહી રહ્યા છે કે "હું એક સામાન્ય રાજાની સેવા સ્વીકાર્યા પછી પણ એમને વફાદાર રહ્યો છું. અને મારી વફાદારી ઉપર જયારે શંકાના વાદળો ઘેરાવવા લાગ્યા ત્યારે આખા પરિવારની રક્ષા તેમજ પોતાની વફાદારી સિદ્ધ કરવા માટે મેં આત્મહત્યા કરી લીધી, પરંતુ કલંક નહીં લાગવા દીધું. તું મારો પુત્ર છે, મારા ઉજ્જવલ કુળ-વંશને હજુ વધારે ઉજ્જવળ કરવાનું કામ તારું છે. તું દીક્ષા લીધા પછી ત્રણલોકના મહારાજા જિનેશ્વરદેવની સેવામાં છે માટે એમના વેષને પ્રત્યે વફાદાર રહેજે. મરી જજે પરંતુ ભ્રષ્ટ ન થતો. જૈનશાસન-સંઘ તારો જ પરિવાર છે. તારી ભૂલથી એમની નિંદા ન થાય એનો ખ્યાલ રાખજે.

૬. વૈરાગ્યના વિચારમાં મસ્ત મને કોશાના રૂપમાં વૈતરણી નદી દેખાતી હતી. એનું નૃત્ય સ્મશાનમાં ડાકણનું નૃત્ય થઈ રહ્યું હોય એવું મને મહેસૂસ થતું હતું. એના ઘરેણાં ફાંસીના ફંદા જેવા લાગી રહ્યા હતા. એના હાસ્યમાં રડવાનો અવાજ સંભળાતો હતો. મને લાગી રહ્યું હતું જો હું આ ચક્કરમાં ફસાઈ ગયો તો ક્યાંય નોય નહીં રહું.

૭. મને દશવૈકાલિક સૂત્રમાં બતાવવામાં આવેલા અગન્ધન કુલના સૉંપનો ખ્યાલ આવ્યો; જે અગ્નિમાં પડીને ભસ્મ થવા માટે તૈયાર થઈ જાય છે. પણ વમન કરેલા ઝેરને પાછું પીતા નથી.

૮. મલ્લિનાથ ભગવાને રાજાઓને જે પ્રમાણે સ્ત્રીની અશુચિ કાયાનો ખ્યાલ કરાવ્યો હતો, રાજીમતીએ રથનેમિને જે ઉપદેશ આપ્યો હતો, જંબુ સ્વામીએ પોતાની આઠ પત્નીઓને જે દૃષ્ટાંત આપ્યું હતું, તે બધુ મારા દિમાગમાં ચિત્ર-પરંપરાની રૂપમાં ઉમટી રહ્યું હતુ.

૯. એક વખતના વાસનાના વિચારમાત્રથી વીર્યનાશ અને શારીરિક-માનસિક તણાવથી જે શરીર ઈન્દ્રિય, મન અને આત્માને નુકશાન થાય છે તેની મને જાણ હતી. માટે પ્રતિદિન આવી અનેક વિચારધારાઓથી હું મારા આત્માને સુરક્ષિત બનાવી દેતો હતો, જેનાથી કોશાના બધા પ્રયત્નો નિષ્ફળ જતા.

**સિંહગુફાવાસી મુનિ :** સાચ્ચે જ ધન્ય છે આપને ! આપના ભાવોને ! આપ જીતી ગયા અને હું હારી ગયો.

આ પ્રમાણે બધા સ્થૂલિભદ્ર મુનિની પ્રશંસા કરવા લાગ્યા. સમય પોતાની ગતિથી વહેવા લાગ્યો. ભવિતવ્યતાના યોગથી જગતમાં પરિસ્થિતિઓ બદલાતી રહી. એ સમયે ૧૨ વર્ષનો ભયંકર દુષ્કાળ પડ્યો. આ અકાલનાં કારણે સાધુઓને ભિક્ષા પણ દુર્લભ બની ગઈ. પરિણામસ્વરૂપ ભૂખથી પીડિત અનેક મુનિ સ્વાધ્યાય કરવામાં અસમર્થ બનતા ગયા. શ્રુત અને સિદ્ધાંતનું વિસ્મરણ થવા લાગ્યું. માટે પાટલીપુત્ર નગરમાં સમસ્ત શ્રમણ સંઘ એકઠો થયો. જે મુનિને જે સૂત્રનું અધ્યયન યાદ હતું, એને એકઠું કરવામાં આવ્યું. આ પ્રમાણે શ્રીસંઘે મળીને અગીયાર અંગોનું સંયોજન કર્યું.

એ સમયે બારમાં દૃષ્ટિવાદને જાણવાવાળા એકમાત્ર ભદ્રબાહું સ્વામી જ હતા, જે નેપાળ દેશમાં 'મહાપ્રાણ' ધ્યાન કરી રહ્યા હતા. અન્ય સાધુઓને દૃષ્ટિવાદનો અભ્યાસ કરવાને માટે શ્રી સંઘે બે મુનિઓને તૈયાર કરીને ભદ્રબાહુસ્વામીની પાસે મોકલ્યા. એ બંને મુનિઓએ ભદ્રબાહુસ્વામીને પ્રણામ કરતાં કહ્યું કે "ગુરૂદેવે આપને પાટલીપુત્ર નગરમાં પધારવાનો આદેશ આપ્યો છે."

**ભદ્રબાહુ સ્વામીએ કહ્યું :** "અત્યારે હું મહાપ્રાણ ધ્યાન કરી રહ્યો છું માટે અત્યારે હું ત્યાં નહીં આવી શકું." એ બંને મુનિઓએ આવી શ્રીસંઘ તેમજ ગુરૂદેવને બધી વાત જણાવી. ભદ્રબાહુ સ્વામીના આ પ્રત્યુત્તરને જાણીને શ્રીસંઘ તેમજ ગુરૂદેવે ફરીથી બે શિષ્યોને તૈયાર કરી ભદ્રબાહુ સ્વામીની પાસે

મોકલ્યા. ત્યાં જઈને એમણે ભદ્રબાહુ સ્વામીને પૂછ્યું. "જો કોઈ સંઘની આજ્ઞા ન માનતા હોય તો એને શું કરવું જોઈએ ?" ભદ્રબાહુ સ્વામીજી એ કહ્યું કે "સંઘથી બહિષ્કૃત કરી દેવા જોઈએ" એ શિષ્યોએ કહ્યું "આ વચનથી આપ પણ સંઘની બહાર થઈ જાઓ છો."

**ભદ્રબાહુ સ્વામીજીએ કહ્યું :** "હું સંઘની આજ્ઞા શિરોધાર્ય કરું છું પરંતુ અત્યારે મારું મહાપ્રાણ ધ્યાન ચાલુ હોવાથી મને વધારે અવકાશ નથી મળી શકતો. છતાં પણ જો દૃષ્ટિવાદના અભ્યાસને માટે જે મુનિ અહીં પધારશે. તેમને હું પ્રતિદિન સાત વાચના પ્રદાન કરીશ. અને ધ્યાન સમાપ્તિની પછી વિશેષ વાચનાઓ પણ આપી શકીશ. આ પ્રમાણે કરવાથી મારું કાર્ય પણ સિદ્ધ થશે અને સંઘની આજ્ઞાનું પાલન પણ થઈ શકશે. ભદ્રબાહુ સ્વામીજીના વચનોને સાંભળીને તે બંને મુનિવર અત્યંત સંતુષ્ટ થયા. એમણે જઈને સંઘ તેમજ ગુરૂદેવને વાત બતાવી. ભદ્રબાહુ સ્વામીના પ્રત્યુત્તરને જાણીને સંઘ પણ પ્રસન્ન થયો અને શ્રીસંઘે સ્થૂલિભદ્ર વગેરે ૫૦૦ મુનિઓને દૃષ્ટિવાદ શીખવાને માટે ભદ્રબાહુ સ્વામીજીની પાસે મોકલ્યા.

ભદ્રબાહુ સ્વામીજી પોતાની અનુકૂળતા અનુસાર પ્રતિદિન ૭-૭ વાચનાઓ આપવા લાગ્યા. પરંતુ સ્થૂલિભદ્ર મુનિ સિવાય અન્ય સાધુ અધ્યયન કરતા કરતા ઉદ્‌વિગ્ન બની અન્યત્ર ચાલ્યા ગયા. એક માત્ર સ્થૂલિભદ્ર મુનિ જ નિષ્ઠાપૂર્વક અધ્યયનરત રહ્યા. એકવાર સ્થૂલિભદ્રના મનોભંગને જોઈને ભદ્રબાહુસ્વામીએ પૂછ્યું તમે કેમ ખેદ પામી રહ્યા છો ?

**સ્થૂલિભદ્રએ કહ્યું :** "અલ્પ વાચનાને કારણે."

**ભદ્રબાહુ સ્વામિએ કહ્યું :** "તું ચિંતા ન કર, મારું ધ્યાન લગભગ પૂર્ણ થવા આવ્યું છે. ધ્યાન સમાપ્તિના પછી હું તને પૂર્ણ સંતુષ્ટ કરવાની કોશિશ કરીશ." થોડા સમય પછી ભદ્રબાહુ સ્વામીનું મહાપ્રાણ ધ્યાન પૂર્ણ થઈ ગયું. એના પછી તેઓ સ્થૂલિભદ્રજીને ઘણી વાચનાઓ આપવા લાગ્યા. પરિણામ સ્વરૂપ તેઓ અલ્પકાલમાં દશપૂર્વના જ્ઞાતા બની ગયા.

એક સમયની વાત છે. યક્ષા વગેરે સાતેય સાધ્વીઓ પોતાના ભાઈ સ્થૂલિભદ્રને વંદન કરવા માટે ગુરૂદેવની પાસે આવી અને પૂછ્યું "અમારા ભાઈ મુનિ ક્યાં છે ?" આચાર્ય ભગવંતે કહ્યું "તમે આગળ જાઓ, તેઓ અશોકવૃક્ષની નીચે અધ્યયન કરી રહ્યા છે." એ સાતે સાધ્વીઓ અશોકવૃક્ષની દિશામાં આગળ વધી. પરંતુ ત્યાં એમણે સ્થૂલિભદ્રને બદલે એક સિંહને બેસેલો જોયો. તેઓ એકદમ ભયભીત થઈ ગયા અને તત્કાલ ગુરૂદેવની પાસે આવીને બોલી "ભગવંત ત્યાં તો એક સિંહ બેસેલો છે. શું આ સિંહે ભાઈમુનિનું ભક્ષણ તો નથી કર્યું ને ? આચાર્ય ભગવંતે પોતાના જ્ઞાનનો ઉપયોગ કરીને કહ્યું" "ખેદ ન કરો. તમારો ભાઈ વિદ્યમાન છે. તમે પાછા ફરીથી જાઓ, ત્યાં જ તમને

તમારા ભાઈ મુનિ મળશે. ગુરૂદેવની આજ્ઞા પ્રાપ્ત કરીને એ સાધ્વીઓ ફરીથી અશોકવૃક્ષની નજીક પહોંચી. ત્યાં એમણે પોતાના ભાઈ મુનિને જોયા. વંદન કર્યા પછી જ્યારે સાધ્વીજી ભગવંતે સિંહના વિશે પૂછ્યું તો એમણે કહ્યું "આ સિંહનું રૂપ તો મેં જ કર્યું હતું."

હવે થોડા સમય પછી જ્યારે સ્થૂલિભદ્ર મહામુનિ આચાર્ય ભગવંતની પાસે વાચના લેવા આવ્યા ત્યારે એમણે કહ્યું "હું તને વાચના નહીં આપું. કેમ કે હવે વધારે જ્ઞાન મેળવવાને માટે તું યોગ્ય નથી. તેં પણ જો અહંકારથી સિંહનું રૂપ લીધું તો બીજાઓની તો શું વાત કરવી ? હવે કાલક્રમથી વિદ્યાનું પાચન ઓછું થતું જશે. વિદ્યા પણ પાત્રને જ દેવાથી લાભનું કારણ બને છે. અપાત્રને આપવામાં આવેલી વિદ્યા સ્વ-પર ને નુકશાન પહોંચાડે છે. સ્થૂલિભદ્રએ ગુરૂદેવના ચરણોમાં પડીને ક્ષમા યાચના કરી. છતાં પણ ગુરૂદેવે વાચના આપવાથી ઈન્કાર કરી દીધો.

ત્યારપછી સંઘના અતિ આગ્રહથી ભદ્રબાહુ સ્વામીએ ચાર પૂર્વોનું જ્ઞાન માત્ર સૂત્રથી પ્રદાન કર્યું પરંતુ એનો અર્થ ન બતાવ્યો. આ પ્રમાણે મૂલ સૂત્રની અપેક્ષાથી સ્થૂલિભદ્ર મહામુનિ ચૌદ પૂર્વધર થયા.

આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ સ્થૂલિભદ્રજીની યોગ્યતા જોઈને એમને આચાર્યપદ પ્રદાન કર્યું. આચાર્ય શ્રી સ્થૂલિભદ્રસૂરિ એ ગ્રામ, નગર વગેરેમાં વિહાર કરીને અનેક ભવ્યાત્માઓને પ્રતિબોધ કર્યા. તે ૩૦ વર્ષ ગૃહાવસ્થામાં, ૨૪ વર્ષ સાધુ પર્યાયમાં, ૪૫ વર્ષ યુગપ્રધાન આચાર્યપદ પર રહ્યા. વીર નિર્વાણ સંવત ૨૧૫માં તેઓ સ્વર્ગવાસી થયા.

આવા સર્વશ્રેષ્ઠ બ્રહ્મચર્યના સ્વામી સ્થૂલિભદ્રને ધન્ય હો ! જેમનું નામ લોકો ૮૪ ચૌવીસી સુધી યાદ કરતા રહેશે તથા જેમનું નામ શીલ સાધક આત્મા પ્રાતઃ કાળે પરમાત્માની જેમ સ્મરણ કરશે.

## રૂપસેન અને સુનંદા

**પતંગભૃંગમીનેભ સારંગા યાન્તિ દુર્દશામ્ ।**
**એકૈકેન્દ્રિયદોષાચ્ચેદ્ દુષ્ટૈસ્તૈઃ કિં ન પઞ્ચભિઃ ॥**

અગ્નિના રૂપમાં પાગલ બનેલો પતંગીયો એ જ અગ્નિમાં બળીને ભસ્મ થઈ જાય છે. કમલની સુગંધમાં મુગ્ધ બનેલો ભ્રમર કમલબંધ થાય ત્યાં સુધી ત્યાં ચીપકેલો રહે છે જેનાથી કમલની સાથે સાથે તે ભમરો પણ કોઈ અન્ય પ્રાણીનું ભક્ષણ બની જાય છે. હાથણીના સ્પર્શમાં પાગલ બનેલો હાથી શિકારીની જાળમાં ફસાઈ જાય છે. માંસના સ્વાદમાં આસક્ત બની માછલી કાંટામાં ફસાઈને પોતાની જાન ખોઈ બેસે છે. શિકારીના મધુર સંગીતમાં મોહાન્ધ બનેલો હરણ પોતે જ મોતને ગળે લગાવી લે છે. આ પ્રમાણે આ બધા જીવ, માત્ર કોઈ એક ઈન્દ્રિયના વિષયમાં આસક્ત થઈને

પોતાના જીવનનો અંત કરી દે છે. તો પછી પાંચે ઈન્દ્રિયોના વિષયમાં આસક્ત બનેલા મનુષ્યની શું સ્થિતિ થતી હશે ? વિષયોમાં આસક્ત બનેલો મનુષ્ય માત્ર આ ભવ જ નહીં પરંતુ પોતાના કેટલાય ભવ બગાડી દે છે. આ વિષયોમાં પાગલ બનીને એને ક્યાં ક્યાં નથી ભટકવું પડતું ? એ આપણે રૂપસેન અને સુનંદાની કહાણીના માધ્યમથી જોઈશું.

કૃષિભૂષણ નામના નગરમાં કનકધ્વજ નામનો રાજા રાજ્ય કરતો હતો. રાજા ન્યાયી, પ્રજાપાલક તેમજ શૂરવીર હતા. રાજાની રાણીનું નામ યશોમતી હતું. રાણી યશોમતી માત્ર રૂપવતી જ ન હતી પરંતુ ગુણવાન અને શીલવાન પણ હતી. એમને ગુણચંદ્ર અને કીર્તિચંદ્ર આ બે પુત્ર તથા સુનંદા નામની એક પુત્રી હતી. બધાનું જીવન સુખમય વ્યતીત થઈ રહ્યું હતું. સુનંદા હમણાં શૈશવના શ્રૃંગારથી સજ્જ હતી કે એક દિવસ એણે પોતાના રાજમહેલના ઝરૂખામાંથી એક અપ્રિય ઘટના દેખી.

સુનંદાએ જોયું કે સામેવાળી હવેલીમાં એક પુરૂષ નિર્દયતાથી પોતાની પત્નીને મારી રહ્યો હતો. એની પત્ની હાથ જોડીને વિનંતી કરી રહી હતી કે "હે નાથ ! હું નિર્દોષ છું, મારી ઉપર દયા કરો આજ સુધી મેં ક્યારેય પણ આપની આજ્ઞાનું ઉલ્લંઘન નથી કર્યું. છતાં પણ આપ મને કેમ મારી રહ્યા છો ?" પરંતુ પત્નીની વાતને અનસુની કરી તે એને મારતો જ રહ્યો. આ દૃશ્ય જોઈને સુનંદાના મનમાં પુરૂષના પ્રત્યે દ્વેષની ભાવના જાગૃત થઈ ગઈ. એના મનમાં એજ વિચાર ચાલવા લાગ્યો કે એ પુરુષ બન્યો એનો મતલબ એ કે મોટો થઈ ગયો ? આ સ્ત્રી બની એનો મતલબ શું ગુલામ બની ગઈ ? પત્ની એટલે કે કોઈની દાસી ? પુરુષ તારી ક્રૂરતાને ધિક્કાર છે ! એક અબલા ઉપર હાથ ઉઠાવવાવાળા કાયર પુરુષને ધિક્કારતી તે પાછી પોતાના ખંડમાં પહોંચી ગઈ. એના વિષાદ ભર્યા ચહેરાને જોઈને એની સખીએ એના દુઃખનું કારણ પૂછ્યું ત્યારે સુનંદાએ આખી ઘટનાનું વર્ણન કરતાં અંતમાં કહ્યું "સખી ! પુરુષની નિર્દયતા તથા સ્ત્રીની વિવશતા જોઈને મેં નિશ્ચય કર્યો છે કે હું ક્યારેય વિવાહ નહીં કરું" સુનંદાની આ વાત સાંભળીને બધી સખીઓ આશ્ચર્યચકિત થઈ ગઈ. એમણે કહ્યું "આ શું કહી રહી છે સુનંદા, જરા વિચારીને બોલ. હમણાં તો તું નાસમજ છે માટે તે આ નિર્ણય લઈ લીધો. પરંતુ જયારે યૌવનવયને પ્રાપ્ત કરીશ ત્યારે ખબર પડશે કે પુરુષ વિના જીવન વ્યતીત કરવું કેટલું મુશ્કેલ છે. પોતાની સખીઓના બહું સમજાવ્યા પછી પણ સુનંદા પોતાના નિર્ણય ઉપર અટલ રહી. એણે કહ્યું "કંઈ પણ થાય સખી તમે મારા માતા-પિતાને મારો આ નિર્ણય બતાવી દેજો, કે મારી લગ્ન કરવાની કોઈ ઈચ્છા નથી. ભવિષ્યમાં ક્યારેય વિવાહ કરવાની ઈચ્છા થશે તો હું કહી દઈશ."

પરંતુ સુનંદાનો સંકલ્પ વધારે દિવસો સુધી ટકી શક્યો નહીં. દેખતાં જ દેખતાં બાલ્યાવસ્થા ત્યાગ કરીને યૌવનના પગથિયા ઉપર કદમ રાખ્યો. એક દિવસ સુનંદાએ સામેવાળી હવેલીમાં જોયું કે એક પુરૂષ પોતાની પત્નીને પુષ્પોથી શ્રૃંગાર કરી રહ્યો છે. પત્ની ખડખડાટ હસી રહી છે. પતિ એને પ્યાર કરી રહ્યો છે. આ બધુ સુનંદા દેખતી જ રહી ગઈ. ત્યારે સુનંદાના મનોભાવને ઓળખતાં એમની સખીએ પૂછ્યું "સખી ! આ દૃશ્ય જોઈને તને શું વિચાર આવ્યો ? સુનંદાએ કહ્યું "એજ કે મને

પણ કોઈ આવી રીતે પ્રેમ કરે. આ દશ્ય જોઈને હું સમજી ગઈ છું કે બધા પુરૂષો ક્રૂર નથી હોતા. માટે મેં લગ્ન કરવાનો ફેંસલો કરી લીધો છે. સખી ! તમે મારા માતા-પિતા સુધી આ સમાચાર પહોંચાડી દેજો."

આ વાતને એક સપ્તાહ વીતી ગયું. સુનંદા રોજે જ ઝરૂખામાં બેસીને રાજમાર્ગથી ગુજરવાવાળા યુવકોને જોઈને પોતાનું મન બહેલાવતી. એક સંધ્યાએ એજ નગરના કોટીશ્વર શેઠ વસુદત્તના ચાર પુત્રોમાંથી બધાથી નાનો પુત્ર રૂપસેન રાજમહેલના સામેવાળી પાનની દુકાન ઉપર પાન ખાવા આવ્યો. સુનંદાની દષ્ટિ રૂપસેન ઉપર પડી અને યોગાનુયોગ રૂપસેનની દષ્ટિ પણ સુનંદા ઉપર પડી. એને ઓળખતાં વાર નહીં લાગી કે આ રૂપની રાણી રાજકુમારી સુનંદા છે. તે મનમાં ને મનમાં સુનંદાને મેળવવાના સપના જોવા લાગ્યો. અને અહીંયા રૂપસેનના મનમોહક રૂપને જોઈને સુનંદા પણ એજ સમયે આસક્ત થઈ ગઈ. તરત જ એણે પોતાની સખીને આ નવયુવકનો પરિચય લાવવાનું કહ્યું. સખીએ પૂછપરછ કરીને સુનંદાને બતાવ્યું કે "આ નગરશેઠનો નાનો પુત્ર રૂપસેન છે." પોતાના મનોભાવને વ્યક્ત કરવા માટે સુનંદાએ એક પત્ર લખીને પોતાની સખીના હાથે રૂપસેન સુધી પહોંચાડ્યો. રૂપસેને એકાંતમાં એ પત્ર વાંચ્યો.

પ્રિયતમ !

પહેલી વખત જોતાં જ હું આપને મારું દિલ દઈ બેઠી છું. કદાચ આપ પણ મારા જ ખ્યાલોમાં ખોયેલા હશો ? જો આપ રૂપના સાગર છો તો હું સૌંદર્યની સરિતા છું. જે દિવસે સાગર સરિતાનું મિલન થશે એ દિવસ આપણું અહોભાગ્ય માનવામાં આવશે. હું ચાહું છું કે પ્રતિદિન આ સમયે આપ મને અહીં આવીને અવશ્ય દર્શન આપો. હું ચકોરની જેમ ચંદ્ર સમ આપની રાહ જોઈશ. જો આપે મને દર્શન નથી આપ્યા તો હું અન્ન-જળનો ત્યાગ કરી દઈશ.

આપની યાદમાં તડપતી.... સુનંદા

પત્ર વાંચતા જ રૂપસેન આનંદિત થઈ ઉઠ્યો. એને લાગ્યું કે અનાયાસ જ આ સુંદર અવસર હાથ આવી ગયો. એણે પણ એક પ્રેમપત્ર લખીને સુનંદાની અંતરંગ સખીને આપી દીધો. સખી પત્ર લઈને સુનંદાની પાસે આવી અને પત્ર સુનંદાને આપ્યો. સુનંદાએ પત્ર ખોલીને વાંચવાનો આરંભ કર્યો.

પ્યારી - પ્યારી પ્રિયતમા !

આજે હું વિધાતાને ધન્યવાદ આપવા માંગુ છું કે એમણે તમારા જેવી સૌંદર્યની સામ્રાજ્ઞી મારા માટે બનાવી. વાસ્તવમાં તમે સૌંદર્યની સરિતા છો, પ્રેમની પ્રતિજ્ઞા છો, કોમળતાની કવિતા છો, તમને મેળવીને હું ધન્ય બની જઈશ. તમારો પત્ર મળ્યા પછી મારી હાલત જલ વિના માછલીની જેવી થઈ ગઈ છે. હું તમારૂં મિલન ઈચ્છું છું. ખબર નહીં વિધાતા આપણું મિલન ક્યારે કરાવશે ? હું પ્રતિદિન સંધ્યાએ પોતાની ચકોરીને મળવા ચંદ્ર બનીને પાનની દુકાન પર જરૂર આવીશ.

તમારા મિલનનો ઈચ્છુક... રૂપસેન

આ પ્રમાણે સુનંદા અને રૂપસેનની પ્રેમ કહાણીની શરૂઆત થઈ ગઈ. હવે રૂપસેન રોજે જ પાનવાળાની દુકાન પર આવતો અને સુનંદા પણ પોતાના ઝરૂખામાં આવીને બેસી જતી. બંને એકબીજાને નીરખીને આનંદ માનતા. થોડાક દિવસો આમ જ વીતી ગયા. બંને પ્રેમી માત્ર દૃષ્ટિ મિલનથી અતૃપ્ત હતા. તેઓ તો રોજે જ એકબીજાને મળવાની ઈચ્છા રાખતા હતા. એવામાં નગરમાં કૌમુદી મહોત્સવનો દિવસ નજીક આવ્યો. રાજાએ આખા નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે વૃદ્ધ તેમજ બિમારને છોડીને બધાએ કૌમુદી મહોત્સવમાં આવવું જરૂરી છે. આખા નગરમાં મહોત્સવની તૈયારીઓ થવા લાગી. રૂપસેન અને સુનંદાને મિલનનો અવસર મળી ગયો. પત્ર દ્વારા બંનેએ મહોત્સવના દિવસે બિમારીનું બહાનું બનાવીને નગરમાં રહેવાનો નિશ્ચય કર્યો. કૌમુદીના દિવસે યશોમતી પોતાની પુત્રી સુનંદાને લેવા આવી. ત્યારે સુનંદાએ બિમારીનું બહાનું બનાવીને મહારાણીને કૌમુદી મહોત્સવમાં મોકલી દીધા તથા પોતે રાજમહેલમાં જ રહી.

અહીં રૂપસેન પણ માથુ દુખવાનું બહાનું બનાવીને ઘરે જ રહ્યો. મહોત્સવના દિવસે જ્યારે નગરવાસી રાજભોજનો આનંદ લઈ રહ્યા હતા ત્યારે સજી-ધજીને રૂપસેન પણ પોતાની પ્રિયતમાને મળવા નીકળી પડ્યો. સુનંદા પણ પોતાના પ્રેમીને મળવાને માટે તરસી રહી હતી. એક-એક પળ એક-એક વર્ષની જેમ વીતી રહ્યા હતા. સુનંદાએ પહેલેથી જ પોતાના પ્રેમીને મળવા માટે ઝરૂખાથી દોરડું નીચે નખાવી દીધું. એટલે રૂપસેન આરામથી ઉપર આવી શકે. બંને મિલનના સોનેરી સપનામાં ડૂબેલા હતા. પણ કિસ્મતને કંઈક બીજું જ મંજૂર હતું. કૌમુદી મહોત્સવમાં નગરના અંધકારનો ફાયદો ઉઠાવીને મહાબલ નામનો જુગારી પણ પોતાની નિર્ધનતા દૂર કરવા માટે ચોરી કરવા નીકળી પડ્યો. ફરતાં-ફરતાં તે સુનંદાના મહેલની નીચે પહોંચ્યો. એણે ઝરૂખાથી નીચે લટકતું મોટું દોરડું જોયું અને કુતૂહલતાવશ એ રસ્સીને હલાવવા લાગ્યો. દોરડાના હલતાં જ સુનંદાની સખીઓને લાગ્યું કે રૂપસેન આવી ગયો છે. અને એમણે એને દોરડાથી ઉપર ખેંચી લીધો. સખીઓએ ખંડના દીપક પહેલાંથી જ બુઝાવી દીધા હતા. એટલામાં સુનંદા મહાબલને રૂપસેન સમજીને એનો હાથ પકડીને એને પોતાની શય્યાની પાસે લઈ ગઈ. મોહાન્ધ મહાબલ અંધકારનો ફાયદો ઉઠાવીને સુનંદાની સાથે વિષય-ભોગ કરવા લાગ્યો. સુનંદા પણ એના સમાગમનો આનંદ લેવા લાગી.

બિચારો રૂપસેન ! વિચાર્યું શું અને થયું શું ? રૂપસેન સુનંદાના મિલનના સોનેરી સપનામાં ચાલી રહ્યો હતો અને અચાનક એક જીર્ણ મકાનની દિવાલ એના ઉપર પડી. અહીં એની પ્રિયતમા મહાબલની સાથે આનંદથી વિષયભોગ ભોગવી રહી હતી. અને ત્યાં તે પોતે પોતાની જીવનની અંતિમ પળોને ગણી રહ્યો હતો. અંતિમ સમયે પણ સુનંદાની સાથે વિષય ભોગ કરવાની ઈચ્છાને કારણે રૂપસેન મરીને મહાબલના સમાગમથી પોતાની જ પ્રેમિકા સુનંદાના ગર્ભમાં ઉત્પન્ન થયો. પ્રેમિકા માતા બની ગઈ. વિષયભોગના સ્મરણ માત્રથી રૂપસેનનું અણમોલ ભવિષ્ય બગડી ગયું.

અહીં અચાનક મહારાણી યશોમતી દ્વારા સુનંદાની ખબર લેવા માટે મોકલેલા બે સૈનિક સુનંદાના મહેલમાં પહોંચ્યા. એમના આવવાની ખબર સાંભળતા જ સુનંદા ગભરાઈ ગઈ. એણે તરત જ રૂપસેન (મહાબલ)ને જવાનો સંકેત આપ્યો. મહાબલના માટે તો આ રાત વરદાનના રૂપમાં સિદ્ધ થઈ ગઈ. એ સુનંદાના ઘરેણા લઈને ત્યાંથી ભાગી ગયો. અહીં રૂપસેનના પરિવારજનોએ જ્યારે રૂપસેનને ઘરમાં ન જોયો અને ઘણાં સમય સુધી રાહ જોયા પછી પણ તે ઘરે પાછો આવ્યો નહીં ત્યારે એમણે રાજાને રૂપસેનની શોધ કરવાની વિનંતી કરી. સુનંદાને જ્યારે રૂપસેનના લાપતા થવાના સમાચાર મળ્યા ત્યારે એણે પણ સર્વત્ર રૂપસેનની શોધ કરાવી. પરંતુ હવે તે મળે પણ ક્યાંથી ? એ તો અપાર વેદના સહન કરીને પોતાની પ્રિયતમાની કોખમાં ઉત્પન્ન થઈ ગયો છે.

થોડાક દિવસોમાં વાતાવરણ એકદમ શાન્ત થઈ ગયું. સુનંદા પણ હવે ધીમે-ધીમે રૂપસેનને ભૂલવા લાગી. પરંતુ હવે એક નવી તકલીફ પેદા થઈ ગઈ. ધીમે-ધીમે સુનંદાનો ગર્ભ વધવા લાગ્યો. આ વાતની માત્ર સુનંદા અને એની પ્રિય સખી કામિનીને જ ખબર હતી. સુનંદા અને એના માતા-પિતાની ઈજ્જતને બચાવવાને માટે કામિનીએ એને ગર્ભપાત કરાવવાની સલાહ આપી. પંચેન્દ્રિય જીવની હત્યા કરવા માટે સુનંદાનું મન તૈયાર થયું નહીં. આવેશમાં આવીને વિષય સુખ ભોગવવાની ભૂલનો અહેસાસ થવા લાગ્યો. પરંતુ એ નિરૂપાય હતી. ગરમ ઔષધિ લઈને સુનંદાએ ગર્ભમાં પોષાઈ રહેલા પોતાના રૂપના દિવાના રૂપસેનની હત્યા કરી દીધી.

સુનંદાને મેળવવાના સપના જોવાવાળો રૂપસેન સુનંદાના જ હાથે મરાયો. ત્યાંથી મરીને તે કોઈ વનમાં ફણીધર નાગના રૂપમાં ઉત્પન્ન થયો. થોડા દિવસ પછી સુનંદાને પણ વિવાહને યોગ્ય જાણીને એના માતા-પિતાએ ક્ષિતપ્રતિષ્ઠિત નગરના રાજાની સાથે એનું લગ્ન કરાવી દીધું. પટરાણી બનેલી સુનંદા હવે રાજાની સાથે આનંદમય જીવન ગુજારવા લાગી. એક દિવસ રાજા-રાણી બંને ઉદ્યાનમાં ટહેલવા ગયા. સંયોગવશ નાગ બનેલો રૂપસેનનો જીવ પણ આ ઉદ્યાનમાં પહોંચી ગયો. સુનંદાને દેખતાં જ પૂર્વભવના વાસનાના સંસ્કાર જાગૃત થઈ ગયા. સુનંદાને જોઈને એ એની તરફ વધવા લાગ્યો. આટલા ભયંકર નાગને પોતાની તરફ આવતાં જોઈને સુનંદા ચિલ્લાવા લાગી. એની ચીસ સાંભળીને રાજસેવક દોડીને આવ્યા તથા એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના એ સાઁપના ટુકડે ટુકડા કરી દીધા. બિચારો રૂપસેન ફરીથી પોતાની પ્રેમિકા દ્વારા મરાયો. ત્યાંથી મરીને રૂપસેનનો જીવ ચોથા ભવમાં કાગડો બન્યો.

એક દિવસ રાજાએ પોતાના ઉદ્યાનમાં સંગીતનો કાર્યક્રમ રાખ્યો. રાજા-રાણી સહિત બીજા પણ સભાસદ ત્યાં આવીને આ મનમોહક વાતાવરણનો આનંદ લેવા લાગ્યા. એટલામાં સંયોગવશ કાગડો બનેલો રૂપસેનનો જીવ પણ ત્યાં આવી પહોંચ્યો. સુનંદાને દેખતા જ પૂર્વભવના સંસ્કાર

ફરીથી જાગૃત થઈ ગયા. ખુશ થઈને એ જોર-જોરથી કાંવ-કાંવ કરવા લાગ્યો. વાજિંત્રના મધુર અવાજમાં થઈ રહેલા કાગડાના અવાજે રંગમાં ભંગ કરવાનું કામ કર્યું. ક્રોધાવેશમાં રાજાએ એ કાગડાને મારી નાખવાનો આદેશ આપ્યો. અને સિપાઈઓના એક બાણથી જ કાગડો ધરાશાયી થઈ ગયો. બિચારો રૂપસેન ! પોતાના માનવ જન્મથી તો હારી ગયો પરંતુ મળેલા બધા ભવ પણ પ્રેમની વાસનામાં બરબાદ કરી દીધા.

ત્યાંથી મરીને એ કાગડાએ ફરી તિર્યંચ યોનિમાં જન્મ લીધો. અંત સમયે માત્ર સુનંદાના જ વિચારોમાં મરવાને કારણે આ ભવમાં પણ તે એ જ ઉદ્યાનમાં હંસના રૂપમાં ઉત્પન્ન થયો. એક દિવસ રાજા અને રાણી ફરી એ જ ઉદ્યાનમાં ટહેલવા ગયા. ત્યાં ઝાડ ઉપર બેઠેલા હંસે સુનંદાને જોઈ તો તે એની પાછળ પાગલ થઈ ગયો. તથા ભમરાની જેમ સુનંદાની ચારેબાજુ ચક્કર લગાવવા લાગ્યો. એટલામાં તો કોઈ કાગડાએ રાજા ઉપર ચરક (ટિટ) કરી દીધી. આથી રાજાએ ક્રોધાવેશમાં કહ્યું "સૈનિકો ! દેખી શું રહ્યા છો ? મારો પોષાક બગાડનારા આ કાગડાને મારી નાખો." સૈનિકોએ તરત બાણ ચઢાવ્યા અને નિશાન લગાવ્યું. પરંતુ એ બાણનું નિશાન કોઈ બીજો જ બન્યો. કાગડો તો ચાલાકીથી ઉડી ગયો. પરંતુ એ બાણ સુનંદાની પાછળ પાગલ બનેલા હંસને જઈને લાગી ગયું. એક ભવમાં જેમને જોવા માટે સુનંદાની આંખો તરસતી હતી. આજ એ જ રૂપસેનને પોતાની આંખોની સામે બેમોત મરતો જોઈને પણ એ ચૂપચાપ ઉભી રહી. નિરપરાધી હંસે મરીને કોઈ જંગલમાં હિરણીની કુખે હિરણના રૂપમાં જન્મ લીધો અને અહી રાજા પોતાની રાણી સુનંદાની સાથે એક દિવસ એજ જંગલમાં શિકાર કરવા માટે ગયા.

કર્મના ખેલ અજબ-ગજબના હોય છે. એક વાર જીવ એની ઝપેટમાં આવી જાય તો જીવને દુર્ગતિમાં ધકેલવામાં કોઈ કસર બાકી નથી રાખતો. રૂપસેનના ભવમાં સુનંદા ઉપર આસક્તિ કરી તે કર્મરાજાની ચપેટમાં આવી ગયો. હવે આ કર્મરાજા દરેક જન્મમાં રૂપસેનનું સુનંદાથી મિલન કરાવીને એને દુર્ગતિમાં ધકેલવાના નવા-નવા ઉપાય શોધવા લાગ્યો.

જંગલમાં સંગીતની મહેફિલનું આયોજન થયું. વાજિંત્રોના સૂરોના તાનથી પૂરા વાતાવરણમાં માદકતા ભરાઈ ગઈ. જંગલી હરણો સંગીતના સૂરોમાં પાગલ થઈને ત્યાં આવી ગયા. ભવિતવ્યતાથી રૂપસેનનો જીવ પણ ત્યાં આવી પહોંચ્યો. ચંદ્રને જોઈને જે પ્રમાણે ચકોર આનંદિત થઈ ઉઠે છે, મેઘને જોઈને જેમ મયૂર ઉલ્લાસિત થઈ જાય છે, તેવી જ રીતે સુનંદાને જોઈને એ હરણ પાગલ થઈ ગયો. એટલામાં રાજાના આદેશથી સંગીત બંધ થઈ ગયું. સ્વર બંધ થતાં જ બધા જ હિરણો જંગલમાં પાછા ભાગી ગયા. એકમાત્ર રૂપસેનનો જીવ હિરણ જ પોતાની મોતને આમંત્રણ આપવા માટે ત્યાં ઉભો રહ્યો. રાજાએ પણ તકનો ફાયદો ઉઠાવીને એક પળનો પણ વિલંબ કર્યા વિના ધનુષ્યથી તીર છોડ્યું અને બીજી જ પળે લોહીથી લથપથ હિરણનું શરીર જમીન ઉપર પડી ગયું.

એક સમય એવો હતો કે રૂપસેનના દર્શન ન થાય તો સુનંદાએ અન્ન-જલ ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. અને આજે છ છ ભવમાં એજ એની મોતનું કારણ બનતી ગઈ. હૃષ્ટ-પૃષ્ટ હિરણનું માંસ પકાવીને લાવવામાં આવ્યું. રાજા અને રાણી ચાવપૂર્વક એના માંસનું ભક્ષણ કરવા લાગ્યા. અત્યાર સુધી તો સુનંદા માત્ર રૂપસેનની મૃત્યુનું જ કારણ બનતી રહી. પરંતુ કર્મની વિડંબના તો જુઓ, આજે એજ રૂપસેનની પ્રેમિકા ખૂબ જ ચાવથી એના શરીરના માંસનું સ્વાદ લઈ રહી છે.

ત્યારે ભાગ્યોદયથી પૂર્વકૃત પ્રબલ પુણ્યોદયથી કે એમ કહો કે રૂપસેનની પ્રગતિમાં નિમિત્તરૂપ એવા ત્રિકાલજ્ઞાની બે મુનિ ભગવંતનું એજ ઉદ્યાનમાં પદાર્પણ થયું. રાજા - રાણીને માંસ ભક્ષણ કરતાં દેખીને એમણે મસ્તક ધુણાવ્યું. ત્યારે રાજાએ હાથ જોડીને મુનિ ભગવંતોને પૂછ્યું, "હે મુનિવર ! માંસ ભક્ષણ કરવું એ અમારા કુળનો આચાર છે. આપને અમને ભોજન કરતાં દેખીને મસ્તક ધુણાવ્યું છે. આપ જેવા જ્ઞાનીઓની આ ચેષ્ટા અસાધારણ ન જ હોય, જંરૂર એની પાછળ કોઈ ગંભીર કારણ છે, હે ગુરૂ ભગવંત ! મારી શંકાનું નિવારણ કરો !"

ત્યારે મુનિવર બોલ્યા "રાજન ! માત્ર મનથી કરવામાં આવેલું પાપ પણ કેટલું ભયંકર પરિણામ આપવાવાળું હોય છે. જેને સુનંદાને પ્રાપ્ત કરવા માટે પોતાના છ-છ ભવ બરબાદ કરી દીધા આજે એના જ માંસનું ભક્ષણ તમે લોકો કરી રહ્યા છો. કર્મની વિડંબના તથા વિષયવાસનાની ભયંકરતાનું પ્રત્યક્ષ ઉદાહરણ દેખીને મારું મસ્તક ધુણાઈ ગયું." આશ્ચર્યચકિત થઈને રાજાએ પૂછ્યું. "ગુરૂદેવ ! કયા જીવના સુનંદાની પાછળ છ-છ ભવ બરબાદ થયા ? આ માંસ તો હિરણનું છે. મને કંઈ સમજાતું નથી. જરા ખુલીને બતાવવાની કૃપા કરો." "રાજન ! આ વાત સુનંદા રાણીના જીવનથી જોડાયેલી છે માટે સર્વપ્રથમ આપને એમણે અભયદાન આપવાનું રહેશે. તો જ હું બતાવી શકું છું. અન્યથા નહીં." રાજાએ એ જ ક્ષણે કહ્યું, "આપ ફરમાવો પ્રભુ ! હું રાણી સુનંદાને અભયદાન આપું છું."

મુનિવરે કહ્યું "રાજન ! સુનંદા જ્યારે રાજકુમારી હતી ત્યારે એ જ નગરના શેઠના પુત્ર રૂપસેનની સાથે એને પ્રેમ થઈ ગયો હતો તથા રૂપસેન પણ એના રૂપમાં મુગ્ધ બની ગયો હતો. શું આ સાચું છે સુનંદા રાણી ?" ત્યારે સુનંદા લજ્જિત થઈને બોલી "હાં પ્રભુ, એટલું જ નહીં મેં એની સાથે એકવાર ભોગવિલાસ કરીને પોતાના શીલનું ખંડન પણ કર્યું હતું." ત્યારે મુનિવર બોલ્યા "નહીં સુનંદા, તને ગેરસમજ થઈ છે એ રાત્રે તમે જેને રૂપસેન સમજી રહ્યા હતા તે વાસ્તવમાં રૂપસેન નહીં પણ મહાબલ જુગારી હતો. રૂપસેન તો તમને મળવા માટે આવી જ રહ્યો હતો અને એટલામાં તો કોઈ જૂના મકાનની દિવાલ એની ઉપર પડી અને એ ત્યાંજ મૃત્યુ પામ્યો.

મુનિની વાત સાંભળતાં જ સુનંદાના આશ્ચર્ય અને ખેદનો પાર ન રહ્યો. "હે પ્રભુ ! આ શું અનર્થ થઈ ગયું મારાથી ? પ્રભુ ત્યાંથી રૂપસેન મરીને ક્યાં ગયો ?" "સુનંદા આગળની વાત સાંભળીને તો તને અપાર દુઃખ થશે. તે રૂપસેન મરીને ત્યાંથી તમારા ગર્ભમાં ઉત્પન્ન થયો. જેને તે

મારી નાંખ્યો. ત્યાંથી તે નાગ, કાગડો, હંસ તથા હિરણ બન્યો. જે પ્રત્યેક ભવમાં તમારી પાછળ પાગલ બન્યો તથા દરેક વખતે તમારી પાછળ પોતાનું જીવન ગુમાવ્યું. અહીં તું જેનું માંસ ખાઈ રહી છે તે પણ રૂપસેનનો જીવ છે. એટલું જ નહીં તમારી પાછળ છ-છ ભવ બરબાદ કરવાવાળો રૂપસેન અહીંથી મરીને વિંધ્યાચલ પર્વત ઉપર હાથીના રૂપમાં ઉત્પન્ન થયો છે."

આટલું સાંભળતાંજ સુનંદાની આંખોમાં આંસુની ધારા વહેવા લાગી. એણે કહ્યું "ગુરૂદેવ ! હું ઘોર પાપિણી છું. મારા નિમિત્તથી જ રૂપસેને આટલા ભવ બરબાદ કર્યા. હું રૂપસેનની અપરાધિની છું. પ્રભુ મારી શી ગતિ થશે ? રૂપસેને તો માત્ર મનથી પાપ કર્યું તો એની આવી સ્થિતિ થઈ ગઈ. પણ મેં તો મનની સાથે સાથે શરીરથી પણ ઘોર કુકર્મ કર્યું છે. હે નાથ ! મારી શું દશા થશે ? હે કૃપાલુ ! હવે તમે મને કોઈ ઉપાય બતાવો જેથી મારું કલ્યાણ થાય. મારે દુર્ગતિમાં ભટકવું ન પડે." મુનિવર બોલ્યા. "સુનંદા, પાપ કરીને પશ્ચાતાપ કરવાવાળા વિરલ જ હોય છે. તું એમાંથી જ એક છે. તને પોતાના પાપોનું પશ્ચાતાપ થઈ રહ્યું છે. એ બધાથી મોટુ પ્રાયશ્ચિત છે. પશ્ચાતાપ તો ભયંકર પાપીને પણ પાવન બનાવે છે. હવે તમે પ્રાયશ્ચિત પૂર્વક સંયમ ગ્રહણ કરી પોતાની સાથે સાથે રૂપસેનનો પણ ઉદ્ધાર કરો."

સુનંદા અને રૂપસેનની જીવન કહાણી સાંભળીને રાજાને પણ વૈરાગ્ય થઈ ગયો. રાજા અને રાણી બંનેએ સંયમજીવન અંગીકાર કર્યો. સાધ્વી સુનંદા હવે પોતાની ગુરૂણી પ્રવર્તિની સાધ્વી સાથે ગામો-ગામ વિચરવા લાગ્યા. ઘોર તપ, ત્યાગ, સાધના, આરાધના તથા નિર્મલ બ્રહ્મચર્યના પ્રભાવથી થોડા સમયમાં જ એમને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. પોતાના જ્ઞાન દ્વારા એમણે રૂપસેનના જીવ હાથીને સુગ્રામની નજીક જંગલોમાં ભટકતો જોયો. એને પ્રતિબોધ કરવા માટે સુનંદા સાધ્વીજી પોતાની ગુરૂણીની આજ્ઞા લઈને પોતાની શિષ્યાઓની સાથે સુગ્રામનગર ગયા.


એક દિવસ રૂપસેનના જીવ હાથીએ નગરમાં ખૂબ આતંક મચાવી દીધો. પોતાના રસ્તામાં આવતી દરેક વસ્તુને સૂંઢથી ઉઠાવીને દૂર ફેંકી. તે પૂરા નગરને તહસનહસ કરી રહ્યો હતો. બધાની ના હોવા છતાં સુનંદા સાધ્વી એ હાથીની આગળ વધી. હાથીએ જ્યારે દૂરથી સુનંદા સાધ્વીને પોતાની તરફ આવતી જોઈ ત્યારે તે એમને મારવા માટે ભાગ્યો. પરંતુ જેવો જ તે તેમના નજીક પહોંચ્યો તેવો જ તે એના રૂપમાં મોહિત થઈ ગયો. ભવોભવના સંસ્કાર આ ભવમાં પણ જાગૃત થઈ ગયા. તે સુનંદાની આસપાસ ઘૂમવા લાગ્યો. ત્યારે યોગ્ય સમય જાણતાં સુનંદા સાધ્વીએ કહ્યું "રૂપસેન જાગો ! મારી પાછળ છ-છ ભવ બરબાદ કરી તમે અપાર દુઃખના સિવાય કંઈ પણ પ્રાપ્ત કર્યું નહીં. અને આજે તું એજ ભૂલ ફરીથી કરી રહ્યો છે. દરેક ભવમાં તમે મારી પાછળ પાગલ બનતા રહ્યા અને હું તમારા મોતનું નિમિત્ત બનતી રહી. આટલું બધુ સહન કર્યા પછી હવે કેટલા ભવ બરબાદ કરશો ? રૂપસેન અત્યારે પણ સમય છે. આ પ્રમાણે વિષયોમાં આસક્ત બનીને પોતાની ભવ-ભ્રમણા વધારે ન વધારો."

'રૂપસેન' શબ્દ સાંભળીને હાથી વિચારમાં પડી ગયો. બધી વાત સાંભળીને તે ગહન ચિંતનમાં ડૂબી ગયો. ત્યાંજ એને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પોતાના પૂર્વ ભવોને તથા સહન કરેલા દુઃખોને જોઈને એ નિશ્ચેષ્ટ બનીને જમીન પર બેસી ગયો. એની આંખોમાં આંસુ વહેવા લાગ્યા. અને ઘોર પશ્ચાતાપ કરવા લાગ્યો. એણે વિચાર્યું "ઠીક જ કહ્યું છે સુનંદાએ. મોહાન્ધ બનેલા મેં પોતાના અમૂલ્ય માનવભવની સાથે સાથે પોતાની ભવોભવની પરંપરા પણ બગાડી દીધી. સુનંદા તો ભાગ્યશાળી છે જેણે કુકર્મ કરીને પણ પોતાની આત્માનો ઉદ્ધાર કર્યો. હું મૂઢ બનીને પોતાના છ-છ ભવ બરબાદ કરી ચૂક્યો છું અને આજે જ્યારે મને સાચા જ્ઞાનની પ્રાપ્તિ થઈ તો હું કંઈ પણ કરવા માટે અસમર્થ છું. મારું શું થશે ?

હાથીની મનઃસ્થિતિને જાણીને એને આશ્વાસન આપતાં કહ્યું કે "રૂપસેન ! ચિંતા ન કરો. હજુ પણ કશું બગડ્યું નથી. બાજી હજી પણ તમારા હાથમાં જ છે. એને હાથેથી ન જવા દો. હવે તમે તમારું શેષ જીવન તપ, ત્યાગ, ધ્યાન, સાધનામાં વ્યતીત કરો. પોતાના પશુ અવતારને ગૌણ કરીને ભાવપૂર્વક પરમાત્માનું શરણું સ્વીકાર કરો." આ પ્રમાણે આશ્વસ્ત થઈને હાથીએ પોતાની સૂંઢથી સુનંદા સાધ્વીને વંદન કર્યા 'ધર્મલાભ' કહીને સુનંદા સાધ્વીજી ત્યાંથી ચાલ્યા ગયા. પછી તે હાથી પણ એ નગરના રાજાની હસ્તશાળામાં રહીને દૃઢતાપૂર્વક તપ અને બ્રહ્મચર્યનું પાલન કરીને અંત સમયમાં સમાધિપૂર્વક મરીને આઠમાં દેવલોકમાં ઉત્પન્ન થયો. માનવભવ હારીને પણ પશુ ભવ જીતી ગયો.

અહીં સુનંદા સાધ્વી પણ પુનઃ આરાધનારત થઈ ગયા. પોતાના ભાવોના બળ પર શુક્લ ધ્યાન ઉપર આરુઢ થઈને પોતાના ઘનઘાતિ કર્મોને બાળીને કેવલી પદ પ્રાપ્ત કર્યું. પૃથ્વી તલને પાવન કરીને તથા ભવ્યજીવોને બોધ આપીને અંતમાં અઘાતિ કર્મોનો પણ ક્ષય કરી મોક્ષ સ્થાનને પ્રાપ્ત કર્યું.

વિષ પણ મારે છે અને વિષય પણ. ફરક એટલો જ છે કે વિષ માત્ર એક વાર મારે છે પરંતુ વિષય તો ભવોભવ બરબાદ કરે છે. એના જ્વલંત ઉદાહરણના રૂપમાં રૂપસેનની આ કથા સાંભળીને વર્તમાનમાં આધુનિકતા તથા ભોગ વિલાસમાં રંગેલા યુવક-યુવતિઓ સાવધાન ! રૂપસેન તો પુણ્યશાળી હતો જે એને એ કાળમાં ત્રિકાળજ્ઞાની ગુરૂનો યોગ પ્રાપ્ત થયો. આટલું ભટક્યા પછી રૂપસેનનો ઉદ્ધાર થયો. પરંતુ અફેરના વાતાવરણમાં ફસાયેલા યુવક-યુવતિઓને માટે આ સમજવા જેવું છે કે આ પંચમ કાલમાં તમારૂં એટલું પુણ્ય નથી કે તમને આવા ત્રિકાળજ્ઞાની ગુરૂનો યોગ પ્રાપ્ત થઈ શકે. માત્ર દૃષ્ટિથી કરવામાં આવેલા પાપના કારણે રૂપસેન અને સુનંદાની કહાણીનો અંત સાતમાં ભવમાં આવ્યો. પરંતુ તમારી વિષય વાસનાઓની ભયંકરતાનો અંત ૫૦-૫૦૦-૫૦૦૦ કોણ જાણે કેટલા ભવોમાં આવશે એ વિચારણીય છે. માટે દૂરથી જ આ વિષય વાસનાઓનો ત્યાગ કરીને પોતાના જીવનને દુર્ગતિમાં જવાથી બચાવો.


મહાવિદેહ ક્ષેત્ર
સીતા નદી
મેરુ પર્વત
સીતોદા નદી
નિષધ પર્વત
તિગિચ્છિ દ્રહ
હરિવર્ષ ક્ષેત્ર
હરિકાન્તા નદી
હરિસલિલા નદી
મહાપદ્મ દ્રહ
મહાહિમવંત પર્વત
હિમવંત ક્ષેત્ર
રોહિતાંશા નદી
રોહિતા નદી
પદ્મ દ્રહ
હિમવંત પર્વત
ભરત ક્ષેત્ર

# તત્ત્વજ્ઞાન

# ઝેરીલુ કોણ ?

## સાઁપ કે તમે






સાઁપ થી પ્રેમ ??

આ કેવો પ્રેમ ? સાઁપની ચામડી માટે અસંખ્ય સાઁપોને પકડીને મારી નાખવામાં આવે છે કારણકે, જીવતી ચામડીને ખેંચવી સરળ હોય છે. એટલે જીવતા સાઁપની ચામડી ઊતારી લેવાય છે. સાઁપના માથાને ખીલ્લીથી ઝાડના થડ પર ઠોકી દેવામાં આવે છે. જીવતો સાઁપ તડપતો રહે છે અને ચાકૂની મદદથી જીવીત અવસ્થામાં તેની ચામડી ઊતારી લેવામાં આવે છે. તેના ઉપરાંત ક્યારેક તો સાઁપને ઝેર રહિત કરીને તેની ચામડી સારી રીતે નીકળી જાય તેના માટે બ્લેડથી પંહેલા તેની આંખો નીકાળી દેવાય છે. પછી જીવીત અવસ્થામાં જ બ્લેડથી તેની ચામડી ચીરી નાંખવામાં આવે છે. આ બધુ આપના પ્રેમના કારણે જ !


સાઁપની ચામડીથી કોટ, પાકીટ, ટોપીઓ, જુતા વિગેરે બનાવવામાં આવે છે.




# તિર્છા લોક - જમ્બુદ્વીપ




રત્નપ્રભા નરક પૃથ્વીની સપાટી (છત) પર અસંખ્ય દ્વિપ-સમુદ્ર છે. એના મધ્યભાગમાં જમ્બુદ્વિપ છે. જે એક લાખ યોજન લાંબો-પહોળો તેમજ થાળીની જેમ ગોળ આકારનો છે. એની ચારે બાજુ લવણ સમુદ્ર છે. જમ્બુદ્વિપના મધ્યમાં મેરુપર્વત છે. આ જમ્બુદ્વિપ ૬ કુલઘર પર્વતો દ્વારા ૭ ક્ષેત્રોમાં વિભક્ત છે. એટલે કે એક ક્ષેત્ર, એક પર્વત, એક ક્ષેત્ર, એક પર્વત એ પ્રમાણે ૭ ક્ષેત્ર અને ૬ પર્વત આવેલા છે. હવે આ બધાને આપણે વિસ્તારપૂર્વક સમજીશું.




**૧.ભરત ક્ષેત્ર :** જમ્બુદ્વિપના દક્ષિણ ભાગના અંતમાં સર્વપ્રથમ ભરતક્ષેત્ર છે. આ ક્ષેત્રની દક્ષિણથી ઉત્તરની તરફ પહોળાઈ પર૬ યોજન તેમજ ૬ કલા છે. આ ક્ષેત્રમાં ગંગા-સિંધુ આ બે નદીઓ વહે છે. આ પ્રત્યેક નદી ૧૪,૦૦૦ નદીઓના પરિવારથી યુક્ત છે. આ પ્રમાણે ભરતક્ષેત્રમાં કુલ ૨૮,૦૦૦ નદીઓ વહે છે. આ કર્મભૂમિ છે. અહીં ૬ આરા હોય છે.





**૨. હિમવંત પર્વત :** ભરતક્ષેત્ર પછી હિમવંત પર્વત આવેલો છે. આ પર્વત ભરતક્ષેત્રથી બમણો છે. એટલે કે આ પર્વત ૧૦પર યોજન તેમજ ૧૨ કલા પહોળો તેમજ ૧૦૦ યોજન ઊંચો છે. આ સોનાનો બનેલો છે. આની ઉપર ૧૧ કૂટ છે. એના મધ્યમાં પદ્મદ્રહ છે. આ દ્રહથી ત્રણ નદીઓ નીકળે છે. ગંગા, સિંધુ, અને રોહિતાંશા. ગંગા-સિંધુ નદી પદ્મદ્રહથી નીકળીને ભરતક્ષેત્રમાં વહે છે. અને રોહિતાંશા નદી હિમવંતક્ષેત્રના પશ્ચિમ ભાગમાં વહે છે. આ દ્રહની દેવીનું નામ 'શ્રીદેવી' છે.





**૩. હિમવંત ક્ષેત્ર :** હિમવંત પર્વતની પાસે હિમવંત ક્ષેત્ર આવેલો છે. આ ક્ષેત્ર હિમવંત પર્વતથી બમણો છે તથા ભરતક્ષેત્રથી ચારગણો મોટો છે. એટલે કે આ ક્ષેત્રનું માપ ૨૧૦૫ યોજન ૫ કલા છે. (૧૯ કલા = ૧ યોજન) આ ક્ષેત્રના મધ્યભાગમાં વૃત્ત વૈતાઢ્ય પર્વત છે. આ ક્ષેત્રમાં રોહિતા તેમજ રોહિતાંશા આ બે નદીઓ વહે છે. રોહિતા નદી હિમવંતક્ષેત્રના પૂર્વભાગને બે ભાગોમાં વહેંચતી પૂર્વ લવણસમુદ્રમાં મળે

છે અને રોહિતાંશા નદી પશ્ચિમ ભાગને બે ભાગમાં વહેંચતી પશ્ચિમ લવણ સમુદ્રમાં મળે છે. આ પ્રત્યેક નદીઓ ૨૮,૦૦૦ નદીઓના પરિવારથી યુક્ત છે. આ પ્રમાણે આ ક્ષેત્રમાં કુલ ૫૬,૦૦૦ નદીઓ વહે છે. આ અકર્મભૂમિ છે. અહીં હંમેશા ત્રીજો આરો જ હોય છે.


**૪. મહાહિમવંત પર્વત :** હિમવંત ક્ષેત્રની પાસે મહાહિમવંત પર્વત આવેલો છે. આ પર્વત હિમવંતક્ષેત્રથી બમણો છે. એટલે કે આ પર્વત ૪૨૧૦ યોજન ૧૦ કલા પહોળો તેમજ ૨૦૦ યોજન ઉંચો છે. આ સોનાનો બનેલો છે. આની ઉપર ૮ કૂટ છે. એના મધ્યમાં મહાપદ્મદ્રહ છે. આ દ્રહથી હરિકાન્તા તેમજ રોહિતા આ બે નદીઓ નીકળે છે. રોહિતા નદી હિમવંતક્ષેત્રના પૂર્વ ભાગમાં વહે છે. અને હરિકાન્તા નદી હરિવર્ષ ક્ષેત્રના પશ્ચિમ ભાગમાં વહે છે. આ દ્રહની દેવીનું નામ 'હ્રી દેવી' છે.




**૫. હરિવર્ષ ક્ષેત્ર :** મહા હિમવંત પર્વતની પાસે હરિવર્ષ ક્ષેત્ર આવેલો છે. આ ક્ષેત્ર મહાહિમવંત પર્વતથી બમણો છે. એટલે કે આ ક્ષેત્રનું માપ ૮૪૨૧ યોજન ૧ કલા છે. આ ક્ષેત્રના મધ્યભાગમાં વૃત્ત વૈતાઢ્ય પર્વત છે. આ ક્ષેત્રમાં હરિકાન્તા તેમજ હરિસલિલા આ બે નદીઓ વહે છે. હરિસલિલા નદી હરિવર્ષ ક્ષેત્રના પૂર્વ ભાગને બે ભાગોમાં વહેંચતી પૂર્વ લવણ સમુદ્રમાં મળે છે અને હરિકાન્તા નદી પશ્ચિમ ભાગોને બે ભાગોમાં વહેંચતી પશ્ચિમ લવણસમુદ્રમાં મળે છે. આ પ્રત્યેક નદીઓ ૫૬,૦૦૦ નદીઓના પરિવારથી યુક્ત છે. આ પ્રમાણે આ ક્ષેત્રમાં કુલ ૧,૧૨,૦૦૦ નદીઓ વહે છે. આ અકર્મભૂમિ છે. અહીં હંમેશા બીજો આરો હોય છે.





**૬. નિષધ પર્વત :** હરિવર્ષ ક્ષેત્રની પાસે નિષધ પર્વત આવેલો છે. આ પર્વત હરિવર્ષ ક્ષેત્રથી બમણો છે. એટલે કે આ ૧૬,૮૪૨ યોજન ૨ કલા પહોળો તેમજ ૪૦૦ યોજન ઊંચો છે. આ લાલ સોનાનો બનેલો છે. આની ઊપર ૯ કૂટ છે. એના મધ્યમાં તિગિચ્છિદ્રહ છે. આ દ્રહથી સિતોદા અને હરિસલિલા આ બે નદીઓ નીકળે છે. હરિસલિલા નદી હરિવર્ષ ક્ષેત્રના પૂર્વ ભાગમાં વહે છે અને સીતોદા નદી મહાવિદેહ ક્ષેત્રના પશ્ચિમ ભાગમાં વહે છે. આ દ્રહની દેવીનું નામ 'ધૃતિ દેવી' છે.




**૭. મહાવિદેહ ક્ષેત્ર :** નિષધ પર્વતની પાસે મહાવિદેહ ક્ષેત્ર આવેલો છે. આ ક્ષેત્ર નિષધ પર્વતથી બમણો અને ભરતક્ષેત્રથી ચૌસઠ (૬૪) ગણો મોટો છે. આ ક્ષેત્રનું માપ ૩૩,૬૮૪ યોજન ૪ કલા


છે. એના મધ્યમાં મેરુપર્વત છે. આ ક્ષેત્રમાં સીતા તેમજ સીતોદા આ બે નદીઓ વહે છે. સીતા નદી મહાવિદેહ ક્ષેત્રના પૂર્વ ભાગને બે ભાગોમાં વહેંચતી પૂર્વ લવણ સમુદ્રમાં મળે છે અને સીતોદા નદી મહાવિદેહ ક્ષેત્રના પશ્ચિમ ભાગને બે ભાગોમાં વહેંચતી પશ્ચિમ લવણ સમુદ્રમાં મળે છે. મહાવિદેહ ક્ષેત્રમાં ગજદંત પર્વતોની વચ્ચે દેવકુરુ અને ઉત્તર કુરુ આવેલા છે. એના સિવાય આ ક્ષેત્રમાં ૩૨ વિજય, ૧૨ અંતર નદીઓ અને ૧૬ વક્ષસ્કાર પર્વત પણ છે. અહીં વહેતી સીતા-સીતોદા નદીનો પરિવાર આ પ્રમાણે છે.




**સીતા નદીનો પરિવાર :**

| | | |
|---|---|---|
| પૂર્વની ૧૬ વિજયની ૩૨ નદીઓ (ગંગા-સિંધુ) પ્રત્યેક નદી ૧૪,૦૦૦ના પરિવારવાળી હોવાથી - ૩૨X૧૪૦૦૦ | = | ૪,૪૮,૦૦૦ |
| એમાં કુરુક્ષેત્રની ૮૪,૦૦૦ નદીઓ મળવાથી | = | ૮૪,૦૦૦ |
| **કુલ નદીઓ** | = | ૫,૩૨,૦૦૦ |

આ પ્રમાણે પશ્ચિમ ભાગમાં વહેતી સીતોદા નદીનો પરિવાર પણ ૫,૩૨,૦૦૦ છે. આ પ્રમાણે મહાવિદેહ ક્ષેત્રમાં કુલ ૧૦,૬૪,૦૦૦ નદીઓ વહે છે. આ કર્મભૂમિ છે. અહીં હંમેશા ચોથો આરો હોય છે. કુરુક્ષેત્ર અકર્મભૂમિ છે. અહીં હંમેશા પહેલો આરો હોય છે.





**૮. નીલવંત પર્વત :** મહાવિદેહ ક્ષેત્રની પાસે નીલવંત પર્વત આવેલો છે આ પર્વતનું માપ મહાવિદેહ ક્ષેત્રથી અડધું હોવાથી નિષધ પર્વત જેટલું છે. એટલે કે આ પર્વત ૧૬,૮૪૨ યોજન ૨ કલા પહોળો તથા ૪૦૦ યોજન ઊંચો છે. આ વૈદુર્યરત્ન (હરા) થી બનેલો છે. એના મધ્યમાં કેશરી દ્રહ છે. આ દ્રહની દેવીનું નામ 'કીર્તિ દેવી' છે. આ દ્રહથી સીતા અને નારિકાંતા આ બે નદીઓ નીકળે છે. સીતા નદી મહાવિદેહ ક્ષેત્રના પૂર્વ ભાગમાં વહે છે. અને નારીકાંતા નદી રમ્યક્ક્ષેત્રના પશ્ચિમ ભાગમાં વહે છે.





**૯. રમ્યક્ક્ષેત્ર :** નીલવંત પર્વતની પાસે રમ્યક્ક્ષેત્ર આવેલો છે. આ ક્ષેત્ર નીલવંત પર્વતથી અડધો છે. એટલે કે આ ક્ષેત્રનું માપ ૮,૪૨૧ યોજન ૧ કલા છે. આ ક્ષેત્રના મધ્યમાં વૃત્ત વૈતાઢ્ય પર્વત છે. આ ક્ષેત્રમાં નરકાંતા તેમજ નારીકાંતા આ બે નદીઓ વહે છે. નરકાંતા નદી


રમ્યક્ક્ષેત્રના પૂર્વ ભાગને બે ભાગોમાં વહેંચતી પૂર્વ લવણ સમુદ્રમાં મળે છે અને નારીકાંતા નદી પશ્ચિમ ભાગને બે ભાગોમાં વહેંચતી પશ્ચિમ લવણ સમુદ્રમાં મળે છે. આ પ્રત્યેક નદીઓ ૫૬,૦૦૦ નદીઓના પરિવારથી યુક્ત છે. આ પ્રમાણે આ ક્ષેત્રમાં કુલ ૧,૧૨,૦૦૦ નદી વહે છે. આ અકર્મભૂમિ છે. અહીં હંમેશા બીજો આરો હોય છે.




**૧૦. રુકિમ પર્વત :** રમ્યક્ ક્ષેત્રની પાસે રુકિમ પર્વત આવેલો છે. આ પર્વત રમ્યક્ક્ષેત્રથી અડધો છે. એટલે કે આ પર્વત ૪,૨૧૦ યોજન ૧૦ કલા પહોળો તથા ૨૦૦ યોજન ઊંચો છે. આ પર્વત રૂપા (ચાંદી)ના બનેલો છે. એના મધ્યમાં મહાપુંડરિક દ્રહ છે. આ દ્રહથી નરકાંતા અને રુપ્યકુલા એ બે નદીઓ નીકળે છે. નરકાંતા નદી રમ્યક્ ક્ષેત્રના પૂર્વભાગમાં વહે છે અને રુપ્યકુલા નદી હૈરણ્યવંત ક્ષેત્રના પશ્ચિમભાગમાં વહે છે. આ દ્રહની દેવીનું નામ 'બુદ્ધિદેવી' છે.





**૧૧. હૈરણ્યવંત ક્ષેત્ર :** રુકિમ પર્વતની પાસે હૈરણ્યવંત ક્ષેત્ર આવેલો છે. આ ક્ષેત્ર રુકિમપર્વતથી અડધો છે. એટલે કે આ ક્ષેત્રનું માપ ૨૧૦૫ યોજન ૫ કલા છે. આ ક્ષેત્રના મધ્યભાગમાં વૃત્ત વૈતાઢ્ય પર્વત છે. આ ક્ષેત્રમાં સુવર્ણકલા અને રુપ્યકલા આ બે નદીઓ વહે છે. સુવર્ણકલા નદી હૈરણ્યવંત ક્ષેત્રના પૂર્વભાગને બે ભાગોમાં વહેંચતી પૂર્વ લવણસમુદ્રમાં મળે છે અને રુપ્યકુલા નદી પશ્ચિમભાગને બે ભાગમાં, વહેંચતી પશ્ચિમ લવણસમુદ્રમાં મળે છે. આ પ્રત્યેક નદીઓ ૨૮,૦૦૦ નદીઓના પરિવારથી યુક્ત છે. આ પ્રમાણે આ ક્ષેત્રમાં કુલ ૫૬,૦૦૦ નદીઓ વહે છે. આ અકર્મભૂમિ છે. અહીં હંમેશા ત્રીજો આરો હોય છે.




**૧૨. શિખરી પર્વત :** હૈરણ્યવંત ક્ષેત્રની પાસે શિખરી પર્વત આવેલો છે. આ પર્વત હૈરણ્યવંત ક્ષેત્રથી અડધો છે. એટલે કે એનું માપ ૧,૦૫૨ યોજન ૧૨ કલા પહોળો તેમજ ૧૦૦ યોજન ઊંચો છે. આ સોનાનો બનેલો છે. એના મધ્યમાં પુણ્ડરિક દ્રહ છે. આ દ્રહથી ત્રણ નદીઓ વહે છે. રક્તા-રક્તવતી અને સુવર્ણકુલા નદી. સુવર્ણકુલા નદી હૈરણ્યવંત ક્ષેત્રના પશ્ચિમભાગમાં વહે છે અને રક્તા-રક્તવતી નદીઓ ઐરાવતક્ષેત્રમાં વહે છે. આ દ્રહની દેવીનું નામ 'લક્ષ્મીદેવી' છે.


**૧૩. ઐરાવતક્ષેત્ર :** શિખરી પર્વતની પાસે અને જમ્બુદ્વિપના ઉત્તર ભાગમાં સર્વ પ્રથમ ઐરાવત ક્ષેત્ર છે. આ ક્ષેત્ર શિખરી પર્વતથી અડધો એટલે કે એનું માપ ૫૨૬ યોજન ૬ કલા છે. આ ક્ષેત્ર ભરતક્ષેત્રની જેવો છે. આ ક્ષેત્રમાં રક્તા-રક્તવતી આ બે નદીઓ વહે છે. પ્રત્યેક નદી ૧૪,૦૦૦ નદીઓના પરિવારથી યુક્ત છે. આ પ્રમાણે આ ક્ષેત્રમાં કુલ ૨૮,૦૦૦ નદીઓ વહે છે. આ કર્મભૂમિ છે. અહીં ૬ આરા હોય છે.




આ ક્ષેત્ર તેમજ પર્વતોને આપણે નીચેના ચાર્ટ દ્વારા આસાનીથી સમજી શકીએ છીએ.

## જમ્બુદ્વીપના મુખ્ય પદાર્થ

| ક્ષેત્ર કે પર્વતનું નામ | માપ યોજન-કલા | ખંડ | વહેતી નદી અથવા દ્રહનું નામ | દ્રહની દેવી | નદીઓનો પરિવાર તથા પર્વતનું વર્ણન તેમજ ઉંચાઈ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ભરતક્ષેત્ર | ૫૨૬.૬ | ૧ | ગંગા-સિંધુ | - | ૧૪,૦૦૦ x ૨ = | ૨૮,૦૦૦ |
| હિમવંત પર્વત | ૧૦૫૨.૧૨ | ૨ | પદ્મદ્રહ | શ્રી દેવી | સોનાનો / ૧૦૦ યોજન ઊંચો | |
| હિમવંત ક્ષેત્ર | ૨૧૦૫.૫ | ૪ | રોહિતા-રોહિતાંશા | - | ૨૮,૦૦૦ x ૨ = | ૫૬,૦૦૦ |
| મહાહિમવંત પર્વત | ૪૨૧૦.૧ | ૮ | મહાપદ્મ દ્રહ | હ્રી દેવી | સોનાનો / ૨૦૦ યોજન ઊંચો | |
| હરિવર્ષ ક્ષેત્ર | ૮૪૨૧.૧ | ૧૬ | હરિસલિલા-હરિકાંતા | - | ૫૬,૦૦૦ x ૨ = | ૧,૧૨,૦૦૦ |
| નિષધ પર્વત | ૧૬૮૪૨.૨ | ૩૨ | તિગિચ્છિ દ્રહ | ધૃતિ દેવી | લાલ સોનાનો / ૪૦૦ યોજન ઊંચો | |
| મહાવિદેહ ક્ષેત્ર | ૩૩૬૮૪.૪ | ૬૪ | સીતા-સીતોદા | - | ૫,૩૨,૦૦૦ x ૨ = | ૧૦,૬૪,૦૦૦ |
| નિલવંત પર્વત | ૧૬૮૪૨.૨ | ૩૨ | કેશરી દ્રહ | કિર્તિ દેવી | વૈડુર્યરત્ન (હરા) / ૪૦૦ યોજન ઊંચો | |
| રમ્યક્ ક્ષેત્ર | ૮૪૨૧.૧ | ૧૬ | નરકાંતા-નારીકાંતા | - | ૫૬,૦૦૦ x ૨ = | ૧,૧૨,૦૦૦ |
| રુક્મિ પર્વત | ૪૨૧૦.૧ | ૮ | મહાપુંડરીક દ્રહ | બુદ્ધિ દેવી | રુપાનો / ૨૦૦ યોજન ઊંચો | |
| હૈરણ્યવંત ક્ષેત્ર | ૨૧૦૫.૫ | ૪ | સુવર્ણકુલા-રુપ્યકુલા | - | ૨૮,૦૦૦ x ૨ = | ૫૬,૦૦૦ |
| શિખરી પર્વત | ૧૦૫૨.૧૨ | ૨ | પુણ્ડરીક દ્રહ | લક્ષ્મી દેવી | સોનાનો / ૧૦૦ યોજન ઊંચો | |
| ઐરાવત ક્ષેત્ર | ૫૨૬.૬ | ૧ | રક્તા-રક્તવતી | - | ૧૪,૦૦૦ x ૨ = | ૨૮,૦૦૦ |
| કુલ | ૧,૦૦,૦૦૦ | ૧૯૦ | | | | ૧૪,૫૬,૦૦૦ |




જંબુદ્વિપમાં કુલ ૯૦ મહાનદી છે. એ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| પ્રત્યેક ક્ષેત્રની ૨ મહાનદી છે માટે | ૭X૨ | = ૧૪ |
| મહાવિદેહની અંતર નદી | | = ૧૨ |
| ૩૨ વિજયની (પ્રત્યેક વિજયની ૨) ગંગા-સિંધુ નદી | ૩૨X૨ | = ૬૪ |
| | કુલ | = ૯૦ મહાનદી કહેવાય છે... |

કર્મભૂમિ - જ્યાં અસિ (શસ્ત્ર), મસિ (વ્યાપાર), કૃષિ (ખેતીવાડી) વગેરે વ્યવહાર ચાલતા હોય, એને કર્મભૂમિ કહે છે. તીર્થંકર વગેરે ૬૩ શલાકા પુરૂષોનો જન્મ કર્મભૂમિમાં જ હોય છે. ભરત,

ઐરાવત તેમજ મહાવિદેહ આ ત્રણ ક્ષેત્ર કર્મભૂમિ છે.


**અકર્મભૂમિ :** અહીં યુગલિકનો જન્મ થાય છે. અહીં અસિ, મસિ, કૃષિ વગેરે કંઈ નથી હોતું. ધર્મ પણ નથી હોતો. કલ્પવૃક્ષ અહીંના લોકોની ઈચ્છા પૂરી કરે છે. અહીંના જીવ અલ્પકષાયવાળા તેમજ મરીને દેવલોકમાં જવાવાળા હોય છે. (વિશેષ વર્ણન કાલચક્રમાં બતાવવામાં આવશે)

સાત ક્ષેત્રોમાંથી હિમવંત, હરિવર્ષ, રમ્યક્, હૈરણ્યવંત આ ૪ ક્ષેત્ર તથા દેવકુરુ અને ઉત્તરકુરુને ઉમેરવાથી કુલ ૬ અકર્મભૂમિઓ છે.

**નદીઓની ઉત્પત્તિ સ્થાન તેમજ નિપાતકુણ્ડ :**

છ કુલધર પર્વતના મધ્યભાગમાં છ દ્રહ છે. આમાંથી નદીઓ નીકળીને શીખરના અગ્રભાગ ઉપર મગરમચ્છના મુખની જેમ આકારવાળી વજ્રરત્નની બનેલી જીભરૂપ પરનાલામાંથી પોતાના (નદીના) નામવાળી વજ્રરત્નમય નિપાત કુણ્ડમાં પડે છે. આ સમયે પાણીનો પ્રવાહ રત્નોના પ્રભાવથી મિશ્રિત હોવાના કારણે મોતીના હારની જેમ અતિરમણીય લાગે છે. કુણ્ડમાંથી આ નદીઓ પોત-પોતાના ક્ષેત્રમાં વહીને પૂર્વ-પશ્ચિમ લવણ સમુદ્રમાં ભળી જાય છે. કુલ નદીઓ ૯૦ હોવાના કારણે એના નિપાતકુણ્ડ પણ ૯૦ છે. મહાવિદેહની વિજયોમાં વહેતી ગંગા-સિંધુ તેમજ રક્તા-રક્તવતી નદીઓ તેમજ ૧૨ અંતર નદીઓ પર્વતથી નથી નીકળતી પરંતુ પર્વતની તળેટીમાં એ વિજયાદિમાં આવેલા કુંડમાંથી જ નીકળે છે. માટે આ નદીઓના મગરમચ્છના મુખ સમાન પરનાલા નથી હોતા. આ પરનાલા ૭ ક્ષેત્રોની ૧૪ મહાનદીઓના જ હોય છે.

**ભરતક્ષેત્રના ૬ ખંડ**




A તમિસ્ત્રા ગુફા
B ખંડ પ્રપાતા ગુફા
C સિંધુ પ્રપાત કુણ્ડ
ગંગા પ્રપાત કુણ્ડ
D માગધ તીર્થ
E વરદામ તીર્થ
F પ્રભાસ તીર્થ

ભરતક્ષેત્રના બરાબર મધ્યભાગમાં પૂર્વ-પશ્ચિમ લાંબો તેમજ ૫૦ યોજન પહોળો વૈતાઢ્ય પર્વત છે. જેનાથી ભરતક્ષેત્ર ઉત્તરાર્ધ તેમજ દક્ષિણાર્ધ આ બે ભાગોમાં વહેંચાઈ જાય છે. હિમવંત પર્વતમાંથી આવતી ગંગા-સિંધુ આ બે નદીઓને કારણે એના ૬ ખંડ બની જાય છે. દક્ષિણાર્ધના મધ્ય ખંડ અર્થાત્ પ્રથમ ખંડમાં તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ વગેરે ૬૩ શલાકા પુરૂષોનો જન્મ થાય છે. ભરતક્ષેત્રમાં કુલ ૩૨,૦૦૦ દેશ છે. એમાં ૨૫૧/૨ (સાડા પચ્ચીસ) દેશ આર્ય અર્થાત્ ધર્મ કરવા યોગ્ય ક્ષેત્ર છે. બાકીના બધા દેશ અનાર્ય છે. અનાર્ય દેશમાં બિલ્કુલ ધર્મ હોતો નથી.

**ચક્રવર્તીના ચૌદરત્ન તેમજ એમના કાર્યો :**

ચક્રવર્તીના ૧૪ રત્નોમાંથી ૭ રત્ન પૃથ્વીકાયના (એકેન્દ્રિય) છે. તેમજ ૭ રત્ન પંચેન્દ્રિય છે.

(૧) **ચક્રરત્ન** - અન્ય ગોત્રવાળા વૈરીનું મસ્તક છેદે છે.

(૨) **છત્રરત્ન** - ચક્રવર્તીના હસ્ત સ્પર્શથી ૧૨ યોજન વિસ્તૃત બને છે. તેમજ જયારે મ્લેચ્છોના દેવ વરસાદ વરસાવે છે. ત્યારે બધા સૈન્યનું રક્ષણ કરે છે.

(૩) **દણ્ડરત્ન** - ભૂમિનું સમીકરણ કરવા તેમજ ૧૦૦૦ યોજન સુધી ખોદવા માટે કામ આવે છે. **ઉદાહરણ :** સગર ચક્રીના ૬૦ હજાર પુત્રો અષ્ટાપદ તીર્થની રક્ષા કરવા માટે દંડરત્નથી કૂવો ખોદીને એમાં પાણી ભરવા માટે દંડરત્નથી પાણી ત્યાં સુધી લઈ જાય છે. પાણી ભરવાથી કીચડ નાગકુમારોના આવાસમાં (વાસ્તવિક નહીં પરંતુ ક્રીડાસ્થલ હોઈ શકે છે) પડવા લાગ્યું. એથી કોપાયમાન થયેલા નાગકુમારોએ એક સાથે સગરચક્રીના ૬૦ હજાર પુત્રોને મારી નાંખ્યા.

(૪) **ચર્મરત્ન** - ચક્રવર્તીના હસ્તસ્પર્શથી ૧૨ યોજન વિસ્તાર મેળવે છે. એની ઉપર સવારે વાવેલું ધાન સાંજ સુધી રસોઈ બનાવવા યોગ્ય તૈયાર થઈ જાય છે. તથા આ નદીઓ તેમજ સમુદ્રોનું ઉલ્લંઘન કરવામાં પણ કામ આવે છે.

(૫) **ખડ્ગરત્ન** - આ તલવાર યુદ્ધમાં કામ આવે છે.

(૬) **કાકીણીરત્ન** - વૈતાઢ્ય પર્વતની ગુફામાં એક એક ભીંત ઉપર ૪૯-૪૯ માંડલા કરવામાં કામ આવે છે. તેમજ જ્યાં સુધી ચક્રીનું શાસન રહે છે. ત્યાં સુધી આ માંડલા સૂર્યસમ પ્રકાશ આપે છે.

(૭) **મણિરત્ન** - નીચે ચર્મરત્ન ૧૨ યોજન સુધી પાથરેલું હોય તેમજ ઉપર છત્રરત્ન ૧૨ યોજન સુધી ફેલાવ્યું હોય એ સમયે છત્રની દણ્ડી ઉપર આ રત્નને બાંધવાથી સર્વત્ર પ્રકાશ ફેલાય છે તેમજ હાથ અથવા મસ્તક પર બાંધવાથી શરીરના બધા રોગોનો નાશ થાય છે.

(૮) **પુરોહિતરત્ન** - શાંતિકર્મ કરે છે.

(૯) **ગજરત્ન** (૧૦) **અશ્વરત્ન** - બંને મહાપરાક્રમી હોય છે.

(૧૧) **સેનાપતિરત્ન** - ગંગા-સિંધુના કિનારે ૪ ખંડ જીતે છે.

(૧૨) **ગૃહપતિરત્ન** - ઘરની રસોઈ વગેરેમાં કામ આવે છે.

(૧૩) **વર્ધકી (સુથાર) રત્ન** - ઘર બનાવે છે તથા વૈતાઢ્ય પર્વતની ગુફામાં ઉમગ્ના તેમજ નિમગ્ના નદી ઉપર પુલ બાંધે છે.

(૧૪) **સ્ત્રીરત્ન** - અત્યંત અદ્દ્ભુત રુપવતી સ્ત્રી ચક્રવર્તીને ભોગવાં યોગ્ય હોય છે. (નોટ :- સુંદરી-આ ભરતની સ્ત્રી રત્ન નહોતી. ભરતચક્રીની સ્ત્રી રત્ન નમિ-વિનમીની બહેન સુભદ્રા હતી. સ્ત્રીરત્ન મરીને અવશ્ય છઠ્ઠી નરકમાં જાય છે. સુંદરી તો મોક્ષમાં ગઈ છે.)

૧૪ રત્નોમાંથી ચક્ર, છત્ર, દણ્ડ તેમજ ખડ્ગ આ ૪ રત્ન આયુધશાલામાં ઉત્પન્ન થાય છે. ચર્મ, મણિ તેમજ કાકીણી રત્ન રાજભંડારમાં ઉત્પન્ન થાય છે. સેનાપતિ, ગૃહપતિ, પુરોહિત તેમજ સુથાર આ રત્ન રાજધાનીમાં ઉત્પન્ન થાય છે. સ્ત્રીરત્ન રાજકુલમાં ઉત્પન્ન થાય છે. હસ્તી તેમજ અશ્વરત્ન વૈતાઢ્ય પર્વતની પાસે ઉત્પન્ન થાય છે.

**ચક્રવર્તીની ષટ્ખંડ સાધના :**

ઉત્કૃષ્ટ પુણ્યના યોગથી જીવ ચક્રવર્તીની પદવી પ્રાપ્ત કરે છે. યોગ્ય કાળમાં ચક્રરત્નની ઉત્પત્તિ પછી ચક્રવર્તી દિગ્વિજયને માટે જાય છે. ત્યારે પ્રથમ ખંડથી ચોથા ખંડમાં જવા માટે વૈતાઢ્ય પર્વતની ૫૦ યોજન લાંબી તમિસ્ત્રા નામની ગુફાનો દ્વાર દણ્ડરત્નથી ખોલે છે. હાથીના મસ્તક ઉપર મણિરત્ન હોવાથી ગુફા પ્રકાશિત બને છે. ગુફાની દિવાલ ઉપર ચક્રવર્તી કાકીણી રત્નથી મંડલનું આલેખન ૧-૧ યોજનના આંતરે કરે છે. આ મંડલનો પ્રકાશ ૧ યોજન સુધી ફેલાય છે. જેનાથી આ ગુફા ચક્રવર્તીના સમયમાં સદા સૂર્યની સમાન પ્રકાશિત રહે છે. ત્યાંથી ચોથા (૪) ખંડમાં જઈને ચક્રવર્તી મ્લેચ્છોની સાથે ભયંકર યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરે છે. ગંગા-સિંધુ નદીના બીજા કિનારે રહેલા ૨,૩,૫,૬ ખંડને ચક્રવર્તીના આદેશથી સેનાપતિ જીતીને આવે છે. આ પ્રમાણે છ ખંડ જીતીને ચોથા (૪) ખંડમાં રહેલા રત્નમય ઋષભકૂટ ઉપર પોતાનું નામ લખવા જાય છે પરંતુ ઋષભકૂટ ઉપર નામ લખવાની જગ્યા ન હોવાથી બીજાઓનું નામ ભૂંસીને પોતાનું નામ લખે છે. ભરતચક્રીને એ સમયે અતિશય દુઃખ થયું કે ભવિષ્યમાં બનવાવાળા ચક્રવર્તી મારું નામ મિટાવી દેશે. માટે એમની આંખોમાં પાણી આવી ગયું. નામ લખીને ખંડપ્રપાતા નામની વૈતાઢ્ય પર્વતની બીજી ગુફાથી ફરીથી મધ્યખંડમાં આવે છે. આ ગુફામાં પણ મંડલનું આલેખન કરે છે. મધ્ય ખંડને જીતતાં જીતતાં જ્યારે ગંગા તેમજ લવણ સમુદ્રના સંગમ સ્થાન રૂપ માગધ તીર્થ ઉપર આવે છે. એ સમયે ચક્રવર્તીના પુણ્યથી આકર્ષિત નવ-નિધાન પાતાલ માર્ગે થઈને ચક્રવર્તીની રાજધાનીમાં આવે છે. ચક્રવર્તીના ૧૪ રત્ન, નવ નિધાન તેમજ

અઠ્ઠમ તપ દ્વારા આરાધિત દેવ વગેરે સતત સેવામાં હાજર રહે છે. ચક્રીના શાસનકાલ સુધી તમિસ્ત્રા તેમજ ખંડ પ્રપાતા ગુફાઓના દ્વાર ખુલ્લા રહે છે. જ્યારે ચક્રવર્તી દીક્ષા લે છે કે મૃત્યુ પ્રાપ્ત કરે છે ત્યારે પુનઃ નિધિઓ વગેરે સ્વ-સ્થાનમાં ચાલી જાય છે.

**ચક્રવર્તીની ઋદ્ધિ :** ચક્રવર્તીની પાસે ૧૪ રત્નો હોય છે. પ્રત્યેક રત્ન ઉપર ૧-૧ હજાર દેવતા અધિષ્ઠિત હોય છે તેમજ બંને ભુજાઓ ૨૦૦૦ દેવોથી અધિષ્ઠિત હોય છે. કુલ ૧૬,૦૦૦ દેવ હમેશા સેવામાં હાજર હોય છે. ૩૨,૦૦૦ મુકુટબદ્ધ રાજા, ૬૪,૦૦૦ સ્ત્રીઓ, ૯ નિધિઓ, ૭૨,૦૦૦ શ્રેષ્ઠનગર, ૮૪ લાખ હાથી, ૮૪ લાખ ઘોડા, ૮૪ લાખ રથ, ૯૬ ક્રોડ ગ્રામ તેમજ ૬ ખંડના એ માલિક હોય છે.


નવનિધિયોમાં વિવિધ શાસ્ત્ર તેમજ ચક્રીને ભોગવા યોગ્ય આભર[illegible] [illegible]ગેરે સર્વશ્રેષ્ઠ વસ્તુઓ હોય છે. આટલી ઋદ્ધિવાલા ચક્રવર્તી જો સંસારનો ત્યાગ કરે તો મોક્ષ કે વૈમાનિક દેવલોકમાં જાય છે. નહીંતર આ ઋદ્ધિ એમને નરકગામી બનાવે છે. આ ચૌવિસીમાં ૮ ચક્રવર્તી મોક્ષમાં ગયા, ૨ ચક્રવર્તી સનત્કુમાર અને મઘવા ત્રીજા દેવલોકમાં ગયા, તથા સુભૂમ તેમજ બ્રહ્મદત્ત આ બે ચક્રવર્તી સાતમી નરકમાં ગયા.

ચક્રીનું સૈન્ય જયારે પડાવ નાંખે છે ત્યારે [illegible] નાંગુલથી ૧૨ યોજન જગ્યા રોકે છે. ચક્રવર્તીની સેનાને માટે ત્યાં હંમેશા ૧૦ લાખ મણ મીઠું તેમજ ૪ ક્રોડ મણ અનાજ પાકે છે. દસ-દસ હજાર ગાયવાળા કુલ ૧ ક્રોડ ગોકુલ હોય છે.


## મહાવિદેહ ક્ષેત્ર

**મહાવિદેહ ક્ષેત્રના મુખ્ય પદાર્થ :** મેરુપર્વત, દેવ-કુરુ, ઉત્તરકુરુ, ભદ્રશાલ વન, ૧૬ વક્ષસ્કાર, ૧૨ અંતર્નદી, ૩૨ વિજય, ૪ ગજદંત પર્વત પ્રત્યેક વિજયમાં ભરતક્ષેત્રની જેમ છ ખંડ, વૈતાઢ્ય પર્વત તેમજ ગંગા-સિંધુ કે રક્ત-રક્તવતી નદીથી વિભાજીત છે.

મહાવિદેહ ક્ષેત્રના મધ્યમાં મેરુપર્વત છે. નિષધ પર્વતની પાસે બે ગજદંત પર્વત નીકળીને મેરુને સ્પર્શ કરે છે. આ બે પર્વતોની વચ્ચેનો ક્ષેત્ર દેવકુરુ છે. તેમજ નીલવંત પર્વતની પાસે બે



ગજદંત પર્વત નીકળીને મેરુને સ્પર્શ કરે છે. એના વચ્ચેનો ક્ષેત્ર ઉત્તરકુરુ છે. આ બંને કુરુક્ષેત્રોમાં ૫-૫ વિશાલ દ્રહ છે. સીતા-સીતોદા નદીને કારણે આ દ્રહ તેમજ કુરુક્ષેત્ર બે ભાગોમાં વિભાજીત થઈ જાય છે. ૫ દ્રહોના બંને તરફ ૧૦-૧૦ કંચનગિરિ (સોનાના બનેલા) પર્વત છે. બંને કુરુક્ષેત્રોને મેળવીને કુલ બસો કંચનગિરી છે. દેવકુરુમાં ચિત્ર-વિચિત્ર પર્વત તેમજ પશ્ચિમમાં ૧૧૬ વૃક્ષોથી ઘેરાયેલા સુંદર દેવભવનો તેમજ પ્રાસાદોથી યુક્ત વિશાલ તથા પૃથ્વીકાયમય શાલ્મલી વૃક્ષ છે. આ પ્રમાણે ઉત્તર કુરુક્ષેત્રમાં યમક-સમક પર્વત તેમજ શાલ્મલી વૃક્ષની જેમ જમ્બુ નામનું વૃક્ષ પૂર્વાર્ધમાં છે. આ વૃક્ષ ઉપર જમ્બુદ્વિપના અધિપતિ અનાદૃત દેવના ભવનાદિ છે. આ જમ્બુ વૃક્ષોને કારણે આ દ્વિપનું નામ જમ્બુદ્વિપ છે.




મેરુપર્વતની ચારે બાજુ ગજદંત પર્વત સુધી ભદ્રશાલ વન છે. આ વનની ૮ દિશાઓમાં ૮ કરિકૂટ છે. વનના અંતમાં ચારે બાજુ વેદિકા છે. એના પછી વિજયોની શરૂઆત થાય છે. કેશરી દ્રહમાંથી નીકળતી સીતા નદી ઉત્તરકુરુના મધ્યભાગમાં થઈને મેરુપર્વતની પાસેથી વળાંક લઈને પૂર્વ મહાવિદેહને બે ભાગોમાં વહેંચતી પૂર્વ સમુદ્રમાં મળે છે. આ પ્રમાણે સીતોદા નદી તિગિચ્છિદ્રહમાંથી નીકળીને દેવકુરુના મધ્યમાંથી વહેતી પશ્ચિમ મહાવિદેહ ને બે ભાગોમાં વહેંચતી પશ્ચિમ સમુદ્રમાં મળે છે. કુરુક્ષેત્રમાંથી નીકળતા સમયે કુરુક્ષેત્રોની ૮૪,૦૦૦-૮૪,૦૦૦ નદીઓ બંને નદીઓમાં મળે છે.



ચિત્ર નં. ૧ અનુસાર પૂર્વ મહાવિદેહના ઉત્તરાર્ધમાં ૮ વિજય ઉત્તર-દક્ષિણ લાંબી છે. એના ઉત્તરમાં નીલવંત પર્વત તેમજ દક્ષિણમાં સીતા નદી છે. આ ૮ વિજયોની વચ્ચે ૪ વક્ષસ્કાર તેમજ ૩ અન્તર્નદીઓ છે. અર્થાત્ ૧ વિજય, ૧ પર્વત, ૧ વિજય, ૧ નદી, ૧ વિજય, ૧ પર્વત, ૧ વિજય, ૧ નદી આ ક્રમથી ૮ વિજયોના ૭ આંતરામાં ૪ પર્વત તેમજ ૩ નદીઓ છે. ૮મી પુષ્કલાવતી વિજયમાં સીમંધરપ્રભુ વિચરી રહ્યા છે. ૮મી વિજયના પછી જગતિ તેમજ વન પ્રમુખ છે.

આ પ્રમાણે પૂર્વ મહાવિદેહના દક્ષિણાર્ધમાં નિષધ તેમજ સીતાનદીની વચ્ચે ૯ થી ૧૬ સુધીની ૮ વિજય, ૪ વક્ષસ્કાર તેમજ ૩ અન્તર્નદિઓ છે. ૯મી વિજયમાં યુગમંધર પરમાત્મા વિચરી રહ્યા છે.

આ પ્રમાણે પશ્ચિમ મહાવિદેહના દક્ષિણાર્ધમાં ૧૭ થી ૨૪ સુધીની વિજયની વચ્ચે ૪ વક્ષસ્કાર પર્વત તેમજ ૩ અન્તર્નદિઓ છે. એમાં ૨૪મી તેમજ ૨૫મી વિજયમાં બાહુ-સુબાહુ પરમાત્મા વિચરી રહ્યા છે.

આ પ્રમાણે કુલ મળીને ૩૨ વિજય, ૧૬ વક્ષસ્કાર તેમજ ૧૨ અંતર્નદિઓ થઈ. આ વિજયોના છ ખંડ ભરતક્ષેત્રની જેમ સમજવા જોઈએ. અંતર એટલું જ છે કે ૧ થી ૮ (પૂર્વ મહાવિદેહના ઉત્તરની આઠ વિજય) તેમજ ૧૭ તી ૨૪ (પશ્ચિમ મહાવિદેહની દક્ષિણની ૮ વિજય)માં ગંગા-સિંધુ નામની નદી વહે છે અને બાકી વિજય એટલે કે ૯ થી ૧૬ તેમજ ૨૫ થી ૩૨ સુધીની વિજયોમાં રક્તા-રક્તવતી નદીઓ વહે છે. તેમજ ભરતક્ષેત્રની જેમ આ નદીઓ પ્રત્યેક વિજયને ૬ ભાગમાં વહેંચે છે.

**મહાવિદેહની પ્રત્યેક વિજયનું સ્પષ્ટીકરણ :**





વિજયમાં વહેવાવાળી ગંગા-સિંધુ તેમજ રક્તા-રક્તવતી નદીઓ યથા યોગ્ય નિષધ અથવા નીલવંત પર્વતની તળેટીમાં રહેલા કુંડમાંથી નીકળે છે. તેમજ સીતા-સીતોદામાં મળે છે.

અહીં ચિત્રમાં ચારે તરફની એક-એક વિજયના ખંડ તેમજ નદીઓ બતાવવામાં આવી છે. આ પ્રમાણે અન્ય વિજયોને માટે સમજી લેવું. આગળ પણ ધાતકી ખંડ તેમજ પુષ્કરાર્ધની વિજયોને માટે આ પ્રમાણે સમજવું. અહીં ખાસ ધ્યાનમાં રાખવું જોઈએ કે મહાવિદેહની પ્રત્યેક વિજય ભરત ક્ષેત્રથી બહુ જ મોટી છે. લગભગ ૩૧ ગણી મોટી છે. કેમ કે ભરતક્ષેત્ર જેટલા ૬૪ ખંડ મહાવિદેહમાં છે. એમાંથી અડધા ખંડ એટલે કે ૩૨ ખંડ એક વિજયને મળે છે. તેમજ સીતા કે સીતોદા નદી માનો કે ૧ ખંડ રોકે તો પણ ભરતક્ષેત્ર જેટલા ૩૧ ખંડ એક વિજયમાં સમાઈ જાય છે.

તીર્થ : ભરતક્ષેત્રમાં ગંગા-સિંધુ બે નદીઓ છે. આ નદીઓના લવણ સમુદ્રની સાથે સંગમસ્થાનને તીર્થ કહે છે. ગંગાનું સંગમ સ્થાન માગધ તીર્થ તેમજ સિંધુનું સંગમસ્થાન પ્રભાસ તીર્થ છે. બંનેના વચ્ચે વરદામ નામનું તીર્થ છે. ભરતક્ષેત્રની જેમ ઐરાવત તેમજ બત્રીસ વિજયોમાં પણ ત્રણ-ત્રણ તીર્થ હોવાથી જંબુદ્વિપમાં કુલ ૩૪X૩ =૧૦૨ તીર્થ છે.


**છપ્પન અન્તર્દ્વીપનું સ્વરૂપ :**



લઘુ હિમવત તેમજ શિખરી પર્વતના પૂર્વ તેમજ પશ્ચિમ કિનારાથી ૨-૨ દાઢાઓ લવણ સમુદ્ર તરફ નીકળે છે. આ પ્રમાણે કુલ ૮ દાઢાઓ છે. ૧-૧ દાઢામાં ૭-૭ દ્વીપ હોવાથી ૮ X ૭ = ૫૬ અંતર્દ્વીપ કહેવાય છે. આ દ્વીપોમાં અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિક રહે છે. સમુદ્રની અંદર હોવાથી આ દ્વીપને અંતર્દ્વીપ કહેવાય છે.

**વિદ્યાધર રાજાઓના સ્થાન તથા આભિયોગિક દેવોના સ્થાન :**

ભરત-ઐરાવત તેમજ ૩૨ વિજયોના મળી કુલ ૩૪ દીર્ઘ વૈતાઢ્ય છે. આ પચાસ (૫૦) યોજન પહોળા તેમજ ૨૫ યોજન ઊંચા ચાંદીના બનેલા છે. નીચેથી ૧૦ યોજન ઉપર ગયા પછી બંને તરફ ૧૦-૧૦ યોજન સપાટ ભૂમિ છે. એમાં ઉત્તર શ્રેણી તેમજ દક્ષિણ શ્રેણીના નગરોમાં વિદ્યાધર રાજા રાજય કરે છે. હજી આગળ ૧૦ યોજન ગયા પછી ત્યાં પણ ૧૦-૧૦ યોજનની સપાટ ભૂમિ છે. આ બીજી મેખલા છે. અહીં આભિયોગિક દેવ રહે છે. એમની પણ ઉત્તર-દક્ષિણ દિશાઓમાં બે શ્રેણી છે.




આ પ્રમાણે પ્રત્યેક વૈતાઢ્ય ઉપર ૨ વિદ્યાધરની તેમજ ૨ આભિયોગિક દેવોની કુલ ૪ શ્રેણીઓ છે. માટે પૂરા જંબુદ્વીપમાં મહાવિદેહની ૩૨ તેમજ ભરત તથા ઐરાવત ક્ષેત્રની મળીને કુલ ૩૪X૪=૧૩૪ શ્રેણીઓ છે.

## વીણેલા મોતી

જે પોતાના પુણ્યથી પણ વધારે અપેક્ષા રાખે તેને અસમાધિ થયા વિના નથી રહેતી. જે પોતાના પુણ્યથી અધિક ન ઈચ્છે તેઓ સમાધિમાં જીવે છે અને જે પોતાનુ પુણ્ય જેટલું છે તેની પણ અપેક્ષા ન રાખે તેઓ પરમ સમાધિમાં મગ્ન રહે છે.

# જમ્બુદ્વીપના ૬૩૫ શાશ્વત જિન ચૈત્ય

**શાશ્વત ચૈત્યનું સ્વરૂપ :**

બધા શાશ્વત મંદિર રત્ન, સુવર્ણ તેમજ મણીઓના બનેલા છે. આ મંદિર ઓછામાં ઓછા ૪ કિ.મી. લાંબા છે. આ મંદિરોના પૂર્વ-ઉત્તર તેમજ દક્ષિણ આ ત્રણ દિશાઓમાં મોટા-મોટા ત્રણ દરવાજા હોય છે. મંદિરના મધ્યમાં પાંચસો ધનુષ વિસ્તૃત મણીમય પીઠિકા છે. એની ઉપર ૫૦૦ ધનુષ લાંબો પહોળો દેવછંદક છે. એની ઉપર ચારે દિશાઓમાં ૨૭-૨૭ પ્રતિમાજી મળીને ૧૦૮ પ્રતિમાજી છે. તથા ત્રણ દરવાજામાં ૧-૧ ચૌમુખજી હોવાથી ૩x૪=૧૨ પ્રતિમાજી છે. કુલ એક ચૈત્યમાં ૧૦૮+૧૨=૧૨૦ પ્રતિમાજી છે. આ બધી પ્રતિમાજી ઉત્સેધાંગુલથી ૫૦૦ ધનુષની છે.

**પ્રતિમાજીનું વર્ણન :**

આ મૂર્તિઓના નખ અંક (સફેદ રત્ન) તેમજ લાલ રત્નની છાંટવાળા છે. હાથ-પગના તળીયાં, નાભિ, શ્રી વત્સ, સ્તનાગ્ર તેમજ તાલુ તપ્ત (લાલ) સુવર્ણમય છે. દાઢી તેમજ મૂંછના વાળ રિષ્ટ (કાળા) રત્નોના છે. હોઠ વિદ્રુમ (લાલ) રત્નોના છે. તેમજ નાસિકા લાલ રત્નોથી યુક્ત સુવર્ણમય છે. ભગવાનના ચક્ષુ લાલ રત્નોની છાંટવાળા અંક રત્નોના છે. કીકી, આંખની પાંપણ, કેશ તેમજ ભ્રમર રિષ્ટરત્નમય છે. શીર્ષઘટિકા વજ્રમય તથા શેષ અંગ સુવર્ણમય છે.

પ્રત્યેક પ્રતિમાજીની પાછળ ૧-૧ છત્રધારિણી, બંને તરફ નજીકમાં બે-બે ચામરધારિણી તેમજ સન્મુખ વિનયથી ઝુકેલી ૨ યક્ષની પ્રતિમા, ચરણ સ્પર્શ કરતી ૨ ભૂતની પ્રતિમા તેમજ હાથ જોડેલી બે કુંડધારી પ્રતિમાઓ છે. પ્રત્યેક બિંબની સામે એક ઘંટ, એક ધુપધાની, ચંદનનો કળશ, ઝારી, દર્પણ, થાળી, છત્ર, ચામર તથા ધ્વજા વગેરે વસ્તુઓ રહે છે. આ પ્રમાણે આ શાશ્વત મંદિર અતિ અદ્ભુત છે.

## જમ્બુદ્વીપમાં ૬૩૫ શાશ્વત મંદિર આ પ્રમાણે છે.

**(૧) ભરતક્ષેત્ર** - એના મધ્યમાં વૈતાઢ્ય પર્વત છે. એના ૯(નવ) શિખર છે.

| | | | |
|---|---|---|---|
| પૂર્વ તરફ પ્રથમ શિખર ઉપર | - | ૧ | શા.ચૈ. |
| તથા ગંગા-સિંધુ આ નદીના પ્રપાત કુંડમાં | - | ૨ | શા.ચૈ. |
| કુલ | - | ૩ | શા.ચૈ. |

ભરતક્ષેત્રમાં કુલ - ૩ શા.ચૈ. X ૧૨૦ પ્રતિમા = ૩૬૦ પ્રતિમા

| | | | |
|---|---|---|---|
| **(૨) હિમવંત પર્વત** | - એના વચમાં પદ્મદ્રહમાં | - | ૧ શા.ચૈ. |
| | એની ઉપર ૧૧ કૂટ છે. પૂર્વ તરફથી પ્રથમ કૂટ ઉપર | - | ૧ શા.ચૈ. |
| | | કુલ - | ૨ શા.ચૈ. |

કુલ - ૨ શા.ચૈ. X ૧૨૦ પ્રતિમા = ૨૪૦ પ્રતિમા

| | | | |
|---|---|---|---|
| **(૩) હિમવંત ક્ષેત્ર** | - આ ક્ષેત્રના મધ્યમાં ૧ વૃત્ત વૈતાઢ્ય પર | - | ૧ શા.ચૈ. |
| | રોહિતા તેમજ રોહિતાંશા ૨ નદીઓના પ્રપાત કુણ્ડમાં | - | ૨ શા.ચૈ. |
| | | કુલ - | ૩ શા.ચૈ. |

કુલ - ૩ શા.ચૈ. X ૧૨૦ પ્રતિમા = ૩૬૦ પ્રતિમા

| | | | |
|---|---|---|---|
| **(૪) મહાહિમવંત પર્વત** | - વચ્ચે મહાપદ્મદ્રહમાં | - | ૧ શા.ચૈ. |
| | એમાં ૮ કૂટ છે. પૂર્વ તરફની પ્રથમ કૂટ ઉપર | - | ૧ શા.ચૈ. |
| | | કુલ - | ૨ શા.ચૈ. |

કુલ - ૨ શા.ચૈ. X ૧૨૦ પ્રતિમા = ૨૪૦ પ્રતિમા

| | | | |
|---|---|---|---|
| **(૫) હરિવર્ષ ક્ષેત્ર** | - આ ક્ષેત્રના વચ્ચે ૧ વૃત્ત વૈતાઢ્ય પર | - | ૧ શા.ચૈ. |
| | હરિકાંતા-હરિસલિલા નદીના બે પ્રપાત કુન્ડમાં | - | ૨ શા.ચૈ. |
| | | કુલ - | ૩ શા.ચૈ. |

કુલ - ૩ શા.ચૈ. X ૧૨૦ પ્રતિમા = ૩૬૦ પ્રતિમા

| | | | |
|---|---|---|---|
| **(૬) નિષધ પર્વત** | - મધ્યમાં તિગિચ્છિદ્રહમાં | - | ૧ શા.ચૈ. |
| | એના ૯ કૂટ છે. પૂર્વ તરફની પ્રથમ કૂટ ઉપર | - | ૧ શા.ચૈ. |
| | | કુલ - | ૨ શા.ચૈ. |

કુલ - ૨ શા.ચૈ. X ૧૨૦ પ્રતિમા = ૨૪૦ પ્રતિમા

**(૭) મહાવિદેહ ક્ષેત્ર** - આ ક્ષેત્રના પાંચ ભાગ છે. (૧) મેરુ પર્વત (૨) દેવકુરુ (૩) ઉત્તર કુરુ (૪) પૂર્વ મહાવિદેહ (૫) પશ્ચિમ મહાવિદેહ

| | | | |
|---|---|---|---|
| (૧) મેરુ પર્વત | - મેરુ પર્વતની તલેટીમાં ભદ્રશાલ વન છે. | | |
| | એની ચાર દિશામાં | - | ૪ શા.ચૈ. |
| | તલેટીમાં ૪ દિશા તેમજ ૪ વિદિશામાં ૮ કરિકૂટ પર | - | ૮ શા.ચૈ. |
| | નંદનવનની ચાર દિશામાં | - | ૪ શા.ચૈ. |

| | | | |
|---|---|---|---|
| | સોમનસ વનની ચાર દિશામાં | - ૪ | શા.ચૈ. |
| | પાણ્ડુક વનની ચાર દિશામાં | - ૪ | શા.ચૈ. |
| | પાણ્ડુક વનની ઉપર ચૂલિકામાં | - ૧ | શા.ચૈ. |
| | | કુલ - ૨૫ | શા.ચૈ. |

કુલ - ૨૫ શા.ચૈ. X ૧૨૦ પ્રતિમા = ૩૦૦૦ પ્રતિમા

| | | | |
|---|---|---|---|
| (૨) દેવકુરુ | - સીતોદા કુણ્ડમાં | - ૧ | શા.ચૈ. |
| | સીતોદા કુણ્ડના પશ્ચિમ ભાગમાં | - ૧ | શા.ચૈ. |
| | ૨ ગજદંતની ઉપર | - ૨ | શા.ચૈ. |
| | પાંચ મોટા દ્રહ (સરોવર)માં | - ૫ | શા.ચૈ. |
| | ૫ સરોવરના બંને કિનારે ૧૦૦ કંચનગિરિ ઉપર | - ૧૦૦ | શા.ચૈ. |
| | શાલ્મલી વૃક્ષ - એની પીઠિકા ઉપર-૧<br>એની ચારે બાજુ આઠ નાના વૃક્ષ ઉપર-૮<br>એની ચારે બાજુ ૧૦૮ નાના વૃક્ષ ઉપર-૧૦૮ | - ૧૧૭ | શા.ચૈ. |
| | બે ગજદંતની પાસે ચિત્ર તેમજ વિચિત્ર બે પર્વત ઉપર | - ૨ | શા.ચૈ. |
| | | કુલ - ૨૨૮ | શા.ચૈ. |

કુલ - ૨૨૮ શા.ચૈ. X ૧૨૦ પ્રતિમા = ૨૭૩૬૦ પ્રતિમા

| | | | |
|---|---|---|---|
| (૩) ઉત્તરકુરુ | - સીતા કુણ્ડમાં | - ૧ | શા.ચૈ. |
| | સીતા નદીના પશ્ચિમ ભાગમાં | - ૧ | શા.ચૈ. |
| | ૨ ગજદંતની ઉપર | - ૨ | શા.ચૈ. |
| | પાંચ મોટા દ્રહ (સરોવરમાં) | - ૫ | શા.ચૈ. |
| | ૫ સરોવરના કિનારે ૧૦૦ કંચનગિરિ ઉપર | - ૧૦૦ | શા.ચૈ. |
| | જમ્બુ વૃક્ષ - મૂલ પીઠિકા ઉપર-૧<br>એની ચારે બાજુ આઠ નાના વૃક્ષ ઉપર-૮<br>એની પણ ચારે બાજુ ૧૦૮ નાના વૃક્ષ ઉપર-૧૦૮ | - ૧૧૭ | શા.ચૈ. |
| | બે ગજદંતની પાસે યમક તેમજ સમક બે પર્વત ઉપર | - ૨ | શા.ચૈ. |
| | | કુલ - ૨૨૮ | શા.ચૈ. |

કુલ - ૨૨૮ શા.ચૈ. X ૧૨૦ પ્રતિમા = ૨૭૩૬૦ પ્રતિમા

(૪) પૂર્વ મહાવિદેહ - મેરુ પર્વતના પૂર્વમાં ૧૬ વિજય છે.
પ્રત્યેક વિજયમાં ૨ નદીના પ્રપાત કુણ્ડ તેમજ
વૈતાઢ્ય પર્વતની કૂટ ઉપર ૧-૧ શા.ચૈત્ય છે.

| | | |
|---|---|---|
| માટે ૧૬X૩ | - | ૪૮ શા.ચૈ. |
| ૮ વક્ષસ્કારના ૯ શિખર છે. એના પ્રથમ શિખરો ઉપર | - | ૮ શા.ચૈ. |
| ૬ અંતર્નદીમાં | - | ૬ શા.ચૈ. |
| | કુલ - | ૬૨ શા.ચૈ. |

કુલ - ૬૨ શા.ચૈ. X ૧૨૦ પ્રતિમા = ૭૪૪૦ પ્રતિમા

(૫) પશ્ચિમ મહાવિદેહ - પૂર્વવિદેહની જેમ પશ્ચિમ વિદેહમાં પણ કુલ - ૬૨ શા.ચૈ.

કુલ - ૬૨ શા.ચૈ. X ૧૨૦ પ્રતિમા = ૭૪૪૦ પ્રતિમા

**(૮) નીલવંત પર્વત**

| | | |
|---|---|---|
| - એના કેશરી દ્રહ ઉપર | - | ૧ શા.ચૈ. |
| તેમજ કૂટ ઉપર | - | ૧ શા.ચૈ. |
| | કુલ - | ૨ શા.ચૈ. |

કુલ - ૨ શા.ચૈ. X ૧૨૦ પ્રતિમા = ૨૪૦ પ્રતિમા

**(૯) રમ્યક્ ક્ષેત્ર**

| | | |
|---|---|---|
| - નરકાંતા નારીકાંતા બે નદીના પ્રપાત કુણ્ડમાં | - | ૨ શા.ચૈ. |
| વૃત્ત વૈતાઢ્ય ઉપર | - | ૧ શા.ચૈ. |
| | કુલ - | ૩ શા.ચૈ. |

કુલ - ૩ શા.ચૈ. X ૧૨૦ પ્રતિમા = ૩૬૦ પ્રતિમા

**(૧૦) રુકિમ પર્વત**

| | | |
|---|---|---|
| - એના મહાપુંડરીક દ્રહ ઉપર | - | ૧ શા.ચૈ. |
| કૂટ ઉપર | - | ૧ શા.ચૈ. |
| | કુલ - | ૨ શા.ચૈ. |

કુલ - ૨ શા.ચૈ. X ૧૨૦ પ્રતિમા = ૨૪૦ પ્રતિમા

**(૧૧) હૈરણ્યવંત ક્ષેત્ર**

| | | |
|---|---|---|
| - રુપ્યકુલા તેમજ સુવર્ણકુલા નદીના પ્રપાત કુણ્ડ ઉપર | - | ૨ શા.ચૈ. |
| વૃત્ત વૈતાઢ્ય ઉપર | - | ૧ શા.ચૈ. |
| | કુલ - | ૩ શા.ચૈ. |

કુલ - ૩ શા.ચૈ. X ૧૨૦ પ્રતિમા = ૩૬૦ પ્રતિમા

| | | | |
|---|---|---|---|
| **(૧૨) શિખરી પર્વત** | - એના પુંડરિક દ્રહ ઉપર | - | ૧ શા.ચૈ. |
| | તથા કૂટ ઉપર | - | ૧ શા.ચૈ. |
| | | કુલ - | ૨ શા.ચૈ. |

કુલ - ૨ શા.ચૈ. X ૧૨૦ પ્રતિમા = ૨૪૦ પ્રતિમા

| | | | |
|---|---|---|---|
| **(૧૩) ઐરાવત ક્ષેત્ર** | - એના રક્તા-રક્તવતી નદીના પ્રપાત કુણ્ડમાં | - | ૨ શા.ચૈ. |
| | વૈતાઢ્ય પર્વતના કૂટ ઉપર | - | ૧ શા.ચૈ. |
| | | કુલ - | ૩ શા.ચૈ. |

કુલ - ૩ શા.ચૈ. X ૧૨૦ પ્રતિમા = ૩૬૦ પ્રતિમા

| | | | |
|---|---|---|---|
| **સંક્ષેપમાં મહાવિદેહ સિવાય** | ૬ ક્ષેત્રોમાં ૩ શા.ચૈ. = ૬X૩ | - | ૧૮ શા.ચૈ. |
| | ૬ કુલગિરિ પર્વત ઉપર ૨ શા.ચૈ. = ૬X૨ | - | ૧૨ શા.ચૈ. |
| **મહાવિદેહ ક્ષેત્રમાં** | દેવકુરુમાં | - | ૨૨૮ શા.ચૈ. |
| | ઉત્તરકુરુમાં | - | ૨૨૮ શા.ચૈ. |
| | મેરુ પર્વતમાં | - | ૨૫ શા.ચૈ. |
| | પૂર્વ વિદેહમાં | - | ૬૨ શા.ચૈ. |
| | પશ્ચિમ વિદેહમાં | - | ૬૨ શા.ચૈ. |
| | | કુલ - | ૬૩૫ શા.ચૈ. |

કુલ - ૬૩૫ X ૧૨૦ = ૭૬૨૦૦ પ્રતિમાજી છે.

| | | |
|---|---|---|
| કર્મ ભૂમિમાં શા.ચૈ. | - | ૧૫૫ શા.ચૈ. |
| અકર્મ ભૂમિમાં શા.ચૈ. | - | ૪૬૮ શા.ચૈ. |
| ૬ પર્વત ઉપર | - | ૧૨ શા.ચૈ. |
| | કુલ - | ૬૩૫ શા.ચૈ. |

**પર્વતની ઉપર શાશ્વત ચૈત્ય**

| | | |
|---|---|---|
| ૩૪ દીર્ઘ વૈતાઢ્યના | - | ૩૪ |
| ૪ વૃત્ત વૈતાઢ્યના | - | ૪ |
| ૬ કુલધરના | - | ૬ |

**નદીના શાશ્વત ચૈત્ય**

| | | |
|---|---|---|
| મહાનદી કુન્ડના | - | ૯૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૬ વક્ષસ્કારના | - ૧૬ | **પર્વત તેમજ નદી સિવાયના શા.ચૈ.** | |
| ચિત્ર-વિચિત્ર | | શાલ્મલી વૃક્ષના | - ૧૧૭ |
| યમક-સમકના | - ૪ | જમ્બુ વૃક્ષના | - ૧૧૭ |
| ૨૦૦ કંચનગિરિના | - ૨૦૦ | સીતા-સીતોદા કુણ્ડની પાસે | - ૨ |
| મેરુના | - ૨૫ | કુરુક્ષેત્રના દ્રહના | - ૧૦ |
| દ્રહ | - ૬ | | |
| ગજદંતના | - ૪ | | |
| કુલ | - ૨૯૯ | કુલ | - ૨૪૬ |

| | |
|---|---|
| પર્વતની ઉપર કુલ શાશ્વત ચૈત્ય | - ૨૯૯ |
| મહાનદીના કુંડના શાશ્વત ચૈત્ય | - ૯૦ |
| પર્વત સિવાયના શાશ્વત ચૈત્ય | - ૨૪૬ |
| **કુલ શાશ્વત ચૈત્ય** | **- ૬૩૫** |

## ક્યારે શું બોલવું ?

**જિનમંદિરનું શિખર/ધ્વજા દેખાય ત્યારે** : નમો જિણાણં બોલવું જોઈએ.

**મંદિરમાં જેટલા પણ ભગવાન હોય તેમને** : નમો જિણાણં બોલવું જોઈએ.

**અન્ય જૈનેત્તર વ્યક્તિ (નોન જૈન) મળે ત્યારે** : જય જિનેન્દ્ર બોલવું જોઈએ.

**ગુરૂ મહારાજ મળે ત્યારે** : માથુ નમાવીને મત્થએણ વંદામિ બોલવું જોઈએ.

**રાત્રે ગુરૂ ભગવંતને** : ત્રિકાલ વંદન કહેવું જોઈએ.

**ઘરથી બહાર જતી વખતે** : ૩ નવકાર અવશ્ય ગણવા જોઈએ.

**પોતાનાથી કોઈ ભૂલ થઈ જાય ત્યારે** : મિચ્છામિ દુક્કડમ્ બોલવું જોઈએ.

**ગુરૂ ભગવંત જ્યારે આપણને આજ્ઞા આપે ત્યારે** : હાઁ જી અથવા તહત્તિ કહેવું જોઈએ.

**ગુરૂ ભગવંતથી વિદાય લેતી વખતે** : સુખ શાતા મેં રહેજો. બોલવું જોઈએ.

**કોઈ શાતા પૂછે ત્યારે** : દેવ-ગુરૂ પસાય. બોલવું જોઈએ.

# શાસ્ત્રાનુસાર અંગુલના ત્રણ પ્રકાર

**૧. પ્રમાણાંગુલ** : શ્રી ઋષભદેવ પ્રભુના અંગુલ (ખુદના અંગુલથી એમના દેહમાન ૧૨૦ અંગુલ હતા.)

**૨. ઉત્સેધાંગુલ** : શ્રી મહાવીર સ્વામીના અંગુલથી અડધા (વીર પ્રભુના દેહમાન પોતાના અંગુલથી ૮૪ અંગુલના હતા.)

**૩. આત્માંગુલ** : કોઈ પણ કાળમાં કોઈ પણ વ્યક્તિના પોતાના અંગુલના માપ.

શાસ્ત્રમાં પૃથ્વી આદિ શાશ્વત પદાર્થોમાં જે માપ આપ્યા છે, તે પ્રમાણાંગુલથી બતાવ્યા છે અને શરીર આદિની ઊંચાઈ ઉત્સેધાંગુલથી બતાવવામાં આવી છે. ઉત્સેધાંગુલ થી પ્રમાણાંગુલ ૪૦૦ ગણો વધારે મોટો છે.

**ઉત્સેધાંગુલથી ઋષભદેવ તથા વીર પ્રભુની કાયા :** ઋષભદેવ પ્રભુના ૧૨૦ અંગુલનો ઉત્સેધાંગુલ બનાવવા માટે ૪૦૦થી ગુણાકાર કરવો. ૧૨૦ x ૪૦૦=૪૮૦૦૦. તેને ધનુષ બનાવવા માટે ૯૬થી ભાંગી દેવાથી ૫૦૦ ધનુષની કાયા આવે છે.

**વર્તમાન કાલીન માપની સમજ :** વર્તમાન કાલીન અંગુલ લગભગ ઉત્સેધાંગુલ જેટલું છે. માટે શાશ્વત પદાર્થોના વર્તમાન કાલીન માપ નિકાળવા માટે ૪૦૦થી ગુણજો. જેનો ગુણાંક નિમ્નાનુસાર છે.

શાશ્વત પદાર્થોના ૧ યોજન = વર્તમાન કાલીન ૪૦૦ યોજન

શાશ્વત પદાર્થોના ૪ ગાઉ = વર્તમાન કાલીન ૧૬૦૦ ગાઉ

શાશ્વત પદાર્થોના ૧૨ કિ.મી. = વર્તમાન કાલીન ૪૮૦૦ કિ.મી.

॥ શ્રી મોહનખેડા તીર્થ મંડન આદિનાથાય નમઃ ॥
॥ શ્રી રાજેન્દ્ર-ધન-ભૂપેન્દ્ર-યતીન્દ્ર-વિદ્યાચન્દ્ર સૂરિ ગુરુભ્યો નમઃ ॥

# શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં

## ત્રિવર્ષીય જૈનિજમ કોર્સ ખંડ ૨

લેખિકા
સા.શ્રી મણિપ્રભાશ્રીજી મ.સા.

**ઓપન-બુક પરીક્ષા પત્ર** — **Total 120 Marks**

નોંધ : નામ, સરનામું આદિ ભરીને જવાબ લખવાનું પ્રારંભ કરો. ૨. બધા પ્રશ્નોના ઉત્તર, ઉત્તર પત્રમાં જ લખો. ૩. ઉત્તર સ્વયં પોતાની મેહનતથી પુસ્તકમાંથી શોધી કાઢો. ૪. પોતાના શ્રાવકપણાની રક્ષા માટે નકલ મારવાની ચોરીના પાપથી બચો. ૫. જવાબ ચોખ્ખા અક્ષરોથી લખો તથા પુસ્તકની ફાઈનલ પરીક્ષા સમયે ઉત્તર પત્રની સાથે સંલગ્ન કરી દો.

---

### પ્ર.A રિક્ત સ્થાનોની પૂર્તિ કરો. (Fill in the blanks) :- 12 Marks

૧. સંસ્કારોનાં જડ રૂપમાં ............... નું જ્ઞાન છે.
૨. પોતાની પત્ની સાથે.............. એ ૩૨ વર્ષની ભરયુવાનીમાં બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યું.
૩. ચંદ્રને જોઈને જેમ ચકોર હર્ષિત થાય છે, તેમ જ સુનંદાને જોઈને ........... પાગલ થઈ ગયો.
૪. પ્રભુ સમવસરણમાં .............. ને વંદન કરે છે.
૫. નવમાં દેવલોકના દેવોનું શરીર............... હાથ ઉંચુ હોય છે.
૬. જીવનરૂપી સિક્કાનું બીજુ પાસુ ............ છે.
૭. ૭૨૦૦૦ નગરના માલિક ............... હોય છે.
૮. પરમાધામી દેવ મરીને................ મનુષ્યના રુપમાં ઉત્પન્ન થાય છે.
૯. નેમિનાથ પ્રભુના છદ્મસ્થ કાલ ............ દિવસનો હતો.
૧૦. ભરત ક્ષેત્રના .............. ના મધ્ય ખંડમાં તીર્થંકરનો જન્મ થાય છે.
૧૧. સાંપાતિક જીવોની રક્ષા ................ ના ઉપયોગથી થાય છે.
૧૨. ઉર્ધ્વલોકમાં મેરુપર્વત................. યોજન છે.

### પ્ર.B સાચો જવાબ પસંદ કરીને લખો. (Choose the right Answer) :- 12 Marks

(૨૫½ દેશ, કરિકૂટ, અનંત, પ્રેમ, ભીમા, અસંખ્ય, ૬૩૦૦૦ કેવલજ્ઞાન, ૩૨૦૦૦ દેશ, જન્મ, કાગડા, ૮૪, સમ્યગ્દર્શન, વિચાર ભેદ, ૮૦, સ્વભાવ ભેદ, વેદિકા, ક્ષમા, હરણ, કર્મભૂમિ)

૧. સ્થૂલિભદ્રજીનું નામ ............ ચૌવીસી સુધી યાદ રહેશે.
૨. ........... ધર્મ કરવા માટે યોગ્ય ક્ષેત્ર છે.
૩. એકેન્દ્રિયની કાયસ્થિતિ ............ ઉત્સર્પિણી-અવસર્પિણી છે.
૪. ............... એ મંદિર નિર્માણના કાર્ય માટે સતત પૈસાનું દાન કર્યું.
૫. ક્રોધની આગળ ............. બતાવીને તમે દિલ જીતી શકો છો.
૬. ............... દેવ આગળ ૨૫-૨૫ યોજન જોતા-જોતા ભરતક્ષેત્ર સુધી આવી જાય છે.
૭. ભદ્રશાલ વનની ૮ દિશાઓમાં ............ છે.
૮. ............ ના પછી જ દેવતા સમવસરણની રચના કરે છે.

૯. વાજીંત્રોના મધુર અવાજમાં ........... એ રંગમાં ભંગ કર્યો.
૧૦. નવ ગ્રૈવેયકના એક વિમાનમાં................ ચૈત્ય છે.
૧૧. ........... હોવાને કારણે શબ્દોમાં મીઠાશ નથી આવતી.
૧૨. સોમનસ થી ભદ્રશાલ વન.................. યોજન નીચે છે.

**પ્ર.C મને ઓળખો. (Who am I) :-** **12 Marks**

૧. મારો અર્થ છે વાતાવરણની શુદ્ધિથી જીવ માત્રનું મંગલ થાઓ.
૨. મેં મારી પુત્રવધુને તેની માતાની યાદ અપાવી.
૩. સુખ માત્ર મારામાં જ છે.
૪. મારા મધ્ય ભાગમાં મહા-પદ્મદ્રહ છે.
૫. મેં આબુના દેરાસરના નિર્માણના વિઘ્ન નિવારવા માટે અક્રમ તપ કર્યું હતું.
૬. હું જીવોની હિંસા કરાવવાવાળો છું, જેને નેમિ પ્રભુએ પણ ધિક્કાર્યો છે.
૭. હું લાલ સોનાનો બનેલો છું.
૮. મારી પ્રેરણાથી જીવ મોક્ષની પ્રાપ્તિ માટે સમવસરણમાં પધારે છે.
૯. હું ગંગા નદી અને લવણ સમુદ્રનું સંગમ સ્થાન છું.
૧૦. મેં મારા દિયરને મારા જેઠની અંતિમ ઈચ્છા યાદ કરાવી.
૧૧. મારું વિમાન અડધી મોસંબીના આકાર જેવું છે.
૧૨. પિતાના મૃત્યુ પછી રાજાએ મને મંત્રી પદ આપ્યું.

**પ્ર.D સાચા જોડકા બનાવો. (Match the following) :-** **10 Marks**

| | |
|---|---|
| ૧. કેશરી દ્રહ | તીર્થંકર નામકર્મ |
| ૨. ચંદેસુ નિમ્મલયરા | ૯૨, ૫૯, ૨૫, ૯૨૫ |
| ૩. ગુરુકુલ | પ્રિયમતી |
| ૪. મેરુ પર્વત | ભૂમિનું સમીકરણ |
| ૫. અપરાજિત | ૨૫ શ્વાસોચ્છ્વાસ |
| ૬. બ્રહ્મલોક | કલ્પોપપન્ન |
| ૭. દણ્ડરત્ન | ૨૫ શાશ્વત ચૈત્ય |
| ૮. સામાયિક | રુપ |
| ૯ આરણ | કીર્તિ દેવી |
| ૧૦. અષ્ટાપદ | સંગીતકલા |

**પ્ર.E પ્રશ્નોનાં ઉત્તર લખો. (Write the answers of the follwing.) :-** **12 Marks**

૧. સામાયિકમાં શું-શું ના કરવું જોઈએ ?

૨. દેવલોકની પ્રતિમાજી શાશ્વત કેમ હોય છે. ?


૩. મોક્ષાએ પોતાની સાસુમાંનું દિલ જીતવા માટે શું-શું કર્યું ?

૪. જગડે પોતાના પાંચ રત્નોનો ઉપયોગ ક્યાં કર્યો ?

૫. અકર્મભૂમિ કોને કહેવાય છે ?

૬. સાતેય ભવમાં રૂપસેનની મૃત્યુ કેવી રીતે થઈ ?

**પ્ર.F અક્ષર અમારા ઉત્તર તમારા. (Complete the following table.) :-** **15 Marks**




૧. યક્ષદિન્નાના ભાઈનું નામ ...........

૨. જયણાના જમાઈના નાના ભાઈનું નામ ..........

૩. ચક્રવર્તીના એક રત્નનું નામ ............

૪. સંયુક્ત પરિવારમાં ......... સહન કરવા છતાં પણ આપણે સુરક્ષિત છીએ.

૫. ચક્રવર્તી દીક્ષા ન લે તો ........... બને છે.

૬. નંદ રાજા ........... ની દુર્બુદ્ધિ જાણતો નહોતો.

૭. નૃપદેવ સિંહના પિતાનું નામ...................

૮. ત્રીજા ભવમાં રાજીમતીનો જીવ ........... હતો.

૯. સમભૂતલા થી ૮૮૪ યોજન ઉપર ......... છે.

૧૦. સામાયિક મંડલમાં .......... ની સુંદર આરાધના કરાવવી જોઈએ.

૧૧. ચતુર્દશ પૂર્વધર મુનિનું નામ ............ છે.

૧૨. દક્ષિણ શ્રેણીના નગરોમાં ............ રાજા રાજ્ય કરે છે.

૧૩. નરકની એક વેદના.........................


૧૪. સંપ્રતિ મહારાજાએ ૩૬૦૦૦...................બંધાવ્યા.

૧૫. "તે ધર્મ ચક્રવર્તીને" આ શબ્દનો અર્થ ........... છે.

સૂત્ર, અર્થ તથા કાવ્ય વિભાગ :

પ્ર.H  ૧. ગાથા પૂર્ણ કરો.  **10 Marks**

૧)નીચે આપેલા M.P.S. શબ્દમાં એક ગાથાના અક્ષરો વિખરાયેલા છે. આ અક્ષરોને કાના માત્રા લગાવીને ગાથા તૈયાર કરો.




૨)  સિદ્ધે ભો .......... ગણ.

૩)  નિસ્સંકિય............. અટ્ઠ.

૪)  અ.......હો, કા.............વઇક્કંતો.

૫)  તિણ્હં ગુત્તીણં................દુક્કડં.

૨.  **અર્થ લખો. write the meaning of the following.**  **4 Marks**

૧. અઈયારો કઓ ૨. સવ્વસ્સ વિ દેવસિઅ ૩. કાય-દુક્કડાએ ૪. તેરહમેં અભ્યાખ્યાન.

પ્ર.G **બધાનો પ્રથમ અક્ષર મળવાથી એક ભગવાનનું નામ બને છે.**  **5 Marks**

૧.  ચક્રવર્તી................ કૂટ પર પોતાનું નામ લખે છે.

૨.  ચક્રવર્તી................ ખંડ જીતે છે.

૩.  ..................... થી મળ્યું તીર્થંકર પદ

૪.  ૮ માં દેવલોકના ઉપર.................નું ગમનાગમન થતું નથી.

૫.  સ્થાપનાચાર્યજીની પડિલેહનના ૧૩ બોલમાંથી એક બોલ....................

એક ભગવાનનું નામ.....................

ખંડ-૨ કાવ્ય વિભાગ :-

A  **પૂર્ણ કરો. Complete the following.**  **3 Marks**

૧.  પ્રભુ ............. વંદન કરું.

૨.  સવિ ............. રહું

B ચૈત્યવંદન પૂર્ણ કરો. Complete the following. 3 Marks

૧. સહુ .......... વંદન (કે) શરણે ......... ખાય.

૨. કુશલ ............ કુલભાણ (કે) પ્રભુ ........... દહીએ.

C સ્તુતિ પૂર્ણ કરો. Complete the following. 3 Marks

૧. સર્વજ્ઞ ............. સુખકારિતા (કે) પાસ ............ ભાવેજી.

૨. જશ ............ જાણે (કે) વિશ્વસેન ............. શુભંકર.

D સ્તવન પૂર્ણ કરો. Complete the following. 3 Marks

૧. અહિ ........... હરનારા (કે) તુ ............. ઝોલ-ઝોલ રે.

૨. નાથ ............ દુલારા (કે) દુઃખ ........... અમારી.

D ચૈત્યવંદનની વિધિ લખો.... 2 Marks

ખંડ-૩ કાવ્ય વિભાગ :-

A પૂર્ણ કરો. Complete the following. 3 Marks

૧. ક્યારે ........... બનું.     ૨. કોઈ................. હું બનું.

B ચૈત્યવંદન પૂર્ણ કરો. Complete the following. 3 Marks

૧. છ:રી ............ સેવે (કે) સિદ્ધારથ ......... ગાયો.

૨. બીજાપુરને ........... પીર (કે) દશ ........... રાજુલનાર.

C સ્તુતિ લખો. Write the following. 3 Marks

૧. શ્રી નેમિ ........... ઉજમાલ (કે) દાન ........... ભાવિજેજી.

૨. અંતિ ........... ભાસે (કે) કરુણારસ ........... ખાણી.

D સ્તવન પૂર્ણ કરો. Complete the following. 3 Marks

૧. પશુ .......... આણી (કે) મહાવીર .......... મારે.

૨. ઓગણીસ ......... સહકારી (કે) ઝરમર .......... અંગ.

E વિધિ લખો. Write the following. 2 Marks

૧. ત્રીજી વાર નમુત્થુણં આવે ત્યાંથી દેવવંદનની વિધિ પૂર્ણ કરો.

|| શ્રી મોહનખેડા તીર્થ મંડન આદિનાથાય નમઃ ||
|| શ્રી રાજેન્દ્ર-ધન-ભૂપેન્દ્ર-યતીન્દ્ર-વિદ્યાચન્દ્ર સૂરિ ગુરુભ્યો નમઃ ||

# શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં

**ત્રિવર્ષીય જૈનિજમ કોર્સ ખંડ ૨**

**લેખિકા**
**સા. શ્રી મણિપ્રભાશ્રીજી મ. સા.**

## ઓપન-બુક પરીક્ષા પત્ર

વિદ્યાર્થીનું નામ ______________________ ઉંમર ________ રોલ નં. __________

વિદ્યાર્થીનું સરનામું તથા ફોન નં. ______________________________

______________________________ મૂળ વતન ______________

સેંટરનું નામ તથા સરનામું ______________________________

**પ્ર.A :**

૧ ......................................
૨ ......................................
૩ ......................................
૪ ......................................
૫ ......................................
૬ ......................................
૭ ......................................
૮ ......................................
૯ ......................................
૧૦ ......................................
૧૧ ......................................
૧૨ ......................................

**પ્ર.B :**

૧ ......................................
૨ ......................................
૩ ......................................
૪ ......................................
૫ ......................................
૬ ......................................
૭ ......................................
૮ ......................................
૯ ......................................
૧૦ ......................................
૧૧ ......................................
૧૨ ......................................

**પ્ર.C :**

૧ ......................................
૨ ......................................
૩ ......................................
૪ ......................................
૫ ......................................
૬ ......................................
૭ ......................................
૮ ......................................
૯ ......................................
૧૦ ......................................
૧૧ ......................................
૧૨ ......................................

**પ્ર.D :**

૧ ......................................
૨ ......................................
૩ ......................................
૪ ......................................
૫ ......................................
૬ ......................................
૭ ......................................
૮ ......................................
૯ ......................................
૧૦ ......................................

પ્ર.E: ૧ ..........................................
..........................................
..........................................
..........................................
૨ ..........................................
..........................................
..........................................
..........................................
૩ ..........................................
..........................................
..........................................
..........................................
૪ ..........................................
..........................................
..........................................
..........................................
૫ ..........................................
..........................................
..........................................
..........................................
૬ ..........................................
..........................................
..........................................
..........................................

પ્ર. F: ૧ .................... ૨ .................... ૩ ....................
૪ .................... ૫ .................... ૬ ....................
૭ .................... ૮ .................... ૯ ....................
૧૦ .................... ૧૧ .................... ૧૨ ....................
૧૩ .................... ૧૪ .................... ૧૫ ....................

પ્ર.H-1 :

૧ ..........................................................................................

..........................................................................................

૨ ..........................................................................................

..........................................................................................

૩ ..........................................................................................

..........................................................................................

૪ ..........................................................................................

..........................................................................................

૫ ..........................................................................................

..........................................................................................

2 (૧) .................................... (૨) ....................................

(૩) .................................... (૪) ....................................

પ્ર.G : ૧ .............................. ૨ .............................. ૩ ..............................

૪ .............................. ૫ ..............................

ભગવાનનું નામ :-..............................................

ખંડ-૨ કાવ્ય વિભાગ :-

A ૧ ..........................................................................................

..........................................................................................

૨ ..........................................................................................

..........................................................................................

B ૧ ..........................................................................................

..........................................................................................

૨ ..........................................................................................

..........................................................................................

C ૧ ..........................................................................................

..........................................................................................

૨ ..........................................................................................

..........................................................................................

## TURNING DREAMS IN TO REALITY .... JAINISM IS WORKING ON FOUR LEVELS ...

**Physical Level** ના ડોક્ટર, ના મોંઘી દવાઓ, ના હોસ્પીટલ, ના ઝહરીલી
સુંદર અને સ્વસ્થ શરીર માટે અપનાવો **જૈનિજમ** કોર્સના સૂચન

**Mental Level** પ્રાપ્તમાં અસંતોષ અને અપ્રાપ્તની લાલચ માનવના બધાજ દુ:ખોનું કારણ છે. આ દુ:ખોને દૂર કરવાનો ઈલાજ છે **જૈનિજમ.**

**Social Level** **જૈનિજમ** કોર્સ પૂર્ણ કર્યા બાદ પ્રાપ્ત પ્રમાણપત્ર થી તમે સમાજમાં ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરી શકશો.

**Spiritual Level** **જૈનિજમ** કોર્સના શુભ કિરણો તમે તમારા આત્માની સાથે-સાથે બીજા અનેક આત્માઓને પણ પ્રકાશનો પ્રશસ્ત રસ્તો બતાવવામાં સમર્થ બનશો.

માટે વિદ્યાર્થી બનવાથી ના ડરો, ના ભાગો ફક્ત જાગો... જાગો જૈનો જાગો **જૈનિજમ** કોર્સ તરફ ભાગો...

# જૈનિજમ કોર્સની પરીક્ષા એક પરિચય

- ૧૫ થી ૪૫ વર્ષના શ્રાવક-શ્રાવિકા ભાગ લઈ શકશે.
- વિદ્યાર્થી બનવા ઈચ્છુક પુણ્યશાલી મુખ્ય કાર્યાલય થી સંપર્ક કરે અને નજીકના સેન્ટર થી પ્રવેશપત્ર પ્રાપ્ત કરી શકે છે.
- જૈનિજમ કોર્સના વિદ્યાર્થી બનવા માટે ૫૧/- રૂા. જમા કરાવીને પ્રવેશફોર્મ અને પ્રથમ વર્ષના કોર્સની ૨ પુસ્તકો મેળવી લેવા.
- સેમેસ્ટર સિસ્ટમના હિસાબથી એક વર્ષમાં અર્ધવાર્ષિક અને વાર્ષિક પરીક્ષા જાન્યુઆરીના પ્રથમ અથવા દ્વિતીય રવિવાર અને જુલાઈના પ્રથમ અથવા દ્વિતીય રવિવારે થશે.
- વાર્ષિક પરીક્ષા પછી નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.
- પરીક્ષા સમય પુસ્તકની સાથે આપેલ ઓપનબુક જવાબ પુસ્તિકાને ભરીને સાથે લાવવી અને મુખ્ય પરીક્ષાની જવાબ પુસ્તિકાની સાથે ભેગી કરીને સેન્ટર ઉપર જમા કરાવવી.
- કુલ ૧૦૦% માર્કસ માં ઓપનબુક પરીક્ષાના ૪૦% માર્કસ અને મુખ્ય પરીક્ષાના ૬૦% માર્કસ રહેશે.
- કોર્સ જોઈન્ટ કરવાવાળા વિદ્યાર્થીને પ્રતિવર્ષ પ્રમાણપત્ર અને પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવશે. આની વિસ્તૃત જાણકારી વિદ્યાર્થીના સિલેબસ બુકથી મેળવી લે.

### પ્રતિનિધિ કેવી રીતે બનશો ? કરણ-કરાવણને અનુમોદન સરખાં ફળ નિપજાયા...

જો આપ વિદ્યાર્થી બનીને પોતે કોર્સ ન કરી શકો તો આપના એરીયામાં જૈનિજમ કોર્સનો પ્રચાર કરીને જૈનિજમમાં વિદ્યાર્થી બનાવી એમનું પ્રતિનિધિત્વ સંભાળો... પ્રતિનિધિ બનવા ઈચ્છુક પુણ્યશાળી મુખ્ય કાર્યાલયથી પ્રતિનિધિ કેટલૉગ પ્રાપ્ત કરી પ્રતિનિધિના બધાંજ કર્તવ્યો સમજીને તદનુસાર વિદ્યાર્થી બનાવે અને વિદ્યાર્થી ફોર્મ-બુક આદિ પ્રવેશ સામગ્રી મુખ્ય કાર્યાલયથી પ્રાપ્ત કરવી.

### હજારો એવોર્ડ છે આ આકાશની નીચે, જરા એક નજર આ તરફ પણ કરો...

જે સેન્ટરમાં ૫૦ વિદ્યાર્થી પરીક્ષા આપે, તે સેન્ટરના પ્રતિનિધિને સિલ્વરમેડલ થી, જે સેન્ટરમાં ૧૦૦ વિદ્યાર્થી પરીક્ષા આપે, તે સેન્ટરના પ્રતિનિધિને ગોલ્ડમેડલ થી, જે સેન્ટરમાં ૧૫૦ વિદ્યાર્થી અથવા તેનાથી વધારે પરીક્ષા આપે, તે સેન્ટરના પ્રતિનિધિને ડાયમંડમેડલ થી, શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યારાજિતં દ્વારા સંચાલિત શિબિરોમાં વિશેષ અતિથિના રૂપમાં બોલાવીને મેડલો દ્વારા સન્માનિત કરવામાં આવશે.

પરીક્ષા સંબંધી બધીજ જાણકારી મુખ્ય કાર્યાલય : ૦૨૨ ૬૫૫૦૦૩૮૭ થી પ્રાપ્ત કરો.

# ટાઈટલ ગીત

(રાગ : અગર તુમ મિલ જાઓ...)

જૈનિજમ કોર્સ કો વિશ્વ-વ્યાપી બનાયેંગે,
પ્રભુ વીર કે સંદેશોં સે જિન શાસન મહકાયેંગે...

હમ હૈ મહાવીર કે અનુયાયી, ચાહે દિગમ્બર, શ્વેતામ્બર,
જિન શાસન પર કષ્ટ પડે તો, કર દેંગે જીવન ન્યૌછાવર,
ગચ્છ કે ભેદ ભલે હી હો, મન મેં હમ ભેદ ન લાયેંગે...
જૈનિજમ કોર્સ.... ॥૧॥

જૈન ધર્મ કે આચારોં કો, જૈનાચાર સે જાનેંગે,
વિધિ જયણા બહુમાન સે, પ્રભુ ભક્તિ કરેંગે,
દેવ-ગુરુ ધર્મ કો જાનકર, સમકિત કા દીપ પ્રગટાયેંગે...
જૈનિજમ કોર્સ.... ॥૨॥

વસ્ત્રો મેં હો શીલ મર્યાદા, યહીં નારી કી સુંદરતા,
લજ્જા વિનય સંસ્કાર બિના, જૂઠી હૈ સારી પવિત્રતા,
સીતા-મયણા કે આદર્શ સે Indian Culture અપનાયેંગે
જૈનિજમ કોર્સ.... ॥૩॥

પ્રભુ કી વાણી કે મર્મ કો, સૂત્ર અર્થોં સે જાનેંગે,
સ્તુતિ સ્તવન કે ગાન સે, પ્રભુ કી ભક્તિ કરેંગે,
પ્રભુ કી ક્ષાયિક પ્રીતિ સે, સિદ્ધ સ્વરુપ પ્રગટાયેંગે...
જૈનિજમ કોર્સ.... ॥૪॥

જિનકે રગ-રગ મેં પ્રભુ ભક્તિ કા, હૈ સિંધુ લહરાતા,
કષ્ટ આયે લાખોં ફિર ભી, જિન્હોંને ધર્મ ન છોડા અપના,
વસ્તુપાલ જૈસે મહાપુરુષોં કી, રાહ કો હમ અપનાયેંગે...
જૈનિજમ કોર્સ.... ॥૫॥

નરક કી વેદના કો જાન, પાપોં કો છોડ દેંગે હમ,
રાત્રી ભોજન, જમીનકંદ ઔર બાસી ન ખાયેંગે હમ,
ચૌદ રાજલોક કે જ્ઞાન સે, જીવોં કે પ્રતિ મૈત્રી લાયેંગે...
જૈનિજમ કોર્સ.... ॥૬॥

જૈનિજમ મેં મણિપ્રભાશ્રીજી, એસી ભાવના કરતે હૈ,
પદ્મનંદી સંગ સમર્પિત પરિવાર, પ્રભુ સે પ્રાર્થના કરતે હૈ,
અર્હમ્ મૈયા કી કૃપા પાકર, જ્ઞાન કી જ્યોતિ જલાયેંગે
જૈનિજમ કોર્સ કો વિશ્વ વ્યાપી બનાયેંગે... ॥૭॥

જૈનમ્ ગ્રાફીક્સ
અમદાવાદ. ☎ ૨૫૬૨૭૭૬૯, ૯૮૨૫૮ ૫૧૬૩૦